## પ્રસ્તાવના

"પૂ. આચાર્ય ભગવંત ! હવે આયુષ્યનો ભરોસો નથી. વિશિષ્ટ આત્મસાધના થાય તેવો સારો ગ્રંથ જણાવવાની કૃપા કરવા વિનંતી."

પરમોપકારી, સાધનાપ્રિય, પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય-જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ને મેં પ્રાર્થના કરી. પૂ.શ્રીએ ફરમાવ્યું, "ઉચ્ચ પ્રકાશના પંથે" ગ્રંથ ખૂબ સુંદર છે. શાંતિથી ચિંતનપૂર્વક વાંચો." શ્રદ્ધાથી વાંચવા માંડ્યો. અદ્‌ભુત આનંદ, આત્મપરિણતિની ખૂબ વિશુદ્ધિ વગેરે સ્વાનુભવ થયા. તેથી ફરીથી વાંચ્યો. અત્યારે ચોથીવાર વાંચી રહ્યો છું. ખરેખર, વિશુદ્ધભાવ, આત્મનિર્મળતા વગેરે ઘણા લાભ થાય છે. પૂ.શ્રીના વિહારમાં ફરી પાવનદર્શન થયા ત્યારે મેં આ ગ્રંથવાંચવાની કૃપા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો. તેમણે પણ ત્યારે મુદ્રા કરવાપૂર્વક જવાબ આપ્યો કે ખૂબ ઉત્તમ ગ્રંથ છે. પછી પણ વારંવાર કેટલાક ફકરા વાંચવાનું ચાલુ જ છે.

પંચસૂત્ર જેવા સુંદર ગ્રંથ ઉપર પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભુવન-ભાનુસૂરીશ્વરજી મ.સા.ની (ત્યારે પંન્યાસ શ્રી ભાનુવિજય ગણિવર્ય) વાચનાઓનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે.

હે વાચક ! વાચના, વ્યાખ્યાન, શિબિર, લેખન વગેરેથી જેમણે લાખો લોકોને ધર્મમાં, સંયમ, વ્રતો, શ્રદ્ધા વગેરેનું પ્રદાન કર્યું છે, તેવા આ પૂ.આ.ભ.નો પરિચય તમને ન હોય તો પણ એમના પુસ્તકો 'દિવ્યદર્શન'ના અગ્રલેખોના એન્સાઈકલોપીડિયા વગેરે વાંચતા તમારા આત્મવિકાસની બાબતો જ્યાં મળે તેના પર ચિંતન કરી તમારું આત્મહિત સાધો એ શુભેચ્છા.

મારા આ અનંત ઉપકારી, સંયમ-ત્યાગ, તપ આદિ અનેક ગુણોના ભંડાર, પ.પૂ.આ.ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પાવન ચરણકમળોમાં અનંતશઃ વંદનાવલિ.

**લિ. પં. ભદ્રેશ્વરવિજયજી મ.સા.**

## અનુક્રમણિકા


- ● જૈન ધર્મની પ્રાચીનતાના પુરાવા ૧
- ● જૈન ધર્મ અંગે પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોના અભિપ્રાયો ૮
- ● ચિત્ર પરિશિષ્ટ ૧૩

૧. જગતનું સર્જન અને સંચાલન ૨૯
૨. જીવનમાં ધર્મની જરૂર ૪૧
૩. ધર્મ પરીક્ષા ૪૪
૪. જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે ? ૪૭
૫. વિશ્વ શું છે ? ૪૯
૬. સ્વતંત્ર આત્મ દ્રવ્યમાં પ્રમાણ ૫૧
૭. આત્માના ષટ્‌સ્થાન ૫૫
૮. છ દ્રવ્ય : પંચાસ્તિકાય : વિશ્વ સંચાલન ૫૭
૯. જગત્કર્તા કોણ ? ઈશ્વર નહિ ૬૨
૧૦. દ્રવ્ય - ગુણ - પર્યાય ૬૪
૧૧. નવ તત્ત્વ ૬૯
૧૨. જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ ૭૪
૧૩. જીવના ભેદ ૭૭
૧૪. જીવોનો જન્મ અને જીવની વિશેષતાઓ ૮૧
૧૫. પુદ્‌ગલ ૮૬
૧૬. આશ્રવ ૯૧
૧૭. કર્મ બંધ ૧૦૧
૧૮. મોક્ષ - માર્ગ ૧૧૯
૧૯. માર્ગાનુસારી જીવન ૧૨૩
૨૦. સમ્યગ્દર્શન ૧૩૧
૨૧. દેશવિરતિ : બારવ્રત ૧૩૭
૨૨. અભક્ષ્ય એ કર્માદાન ૧૪૫
૨૩. ભાવશ્રાવક ૧૪૮
૨૪. શ્રાવકની દિનચર્યા અને પર્વકૃત્યો ૧૫૪
૨૫. નમસ્કાર (નવકાર) મંત્ર અને પંચપરમેષ્ઠી ૧૬૦
૨૬. વ્રત-નિયમા ૧૬૫
૨૭. જિનભક્તિ અને ગુરુવંદના ૧૭૩
૨૮. ચાતુર્માસિક-વાર્ષિક-જન્મકર્તવ્યો ૧૮૧
૨૯. પર્વો અને આરાધના ૧૮૬
૩૦. સાધુ ધર્મ (સાધ્વાચાર) ૧૯૧
૩૧. સંવર ૧૯૭
૩૨. નિર્જરા ૨૦૩
૩૩. ધ્યાન ૨૦૯
૩૪. મોક્ષ ૨૧૮
૩૫. આત્માનો વિકાસક્રમ : ૧૪ ગુણસ્થાનક ૨૨૫
૩૬. પ્રમાણો અને જૈન શાસ્ત્રો ૨૩૧
૩૭. નય અને નિક્ષેપ ૨૪૧
૩૮. અનેકાન્તવાદ (સ્યાદ્વાદ) સપ્તભંગી અનુયોગ ૨૪૭

# જૈન ધર્મની પ્રાચીનતાના પુરાવા

જૈન ધર્મ બીજા સર્વ ધર્મો કરતાં પ્રાચીન છે આ વાત વેદ-પુરાણ ઉપનિષદ અને ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યોથી સત્ય સાબિત થઈ ચુકી છે. **'જૈન ધર્મ અને તેની પ્રાચીનતા'** નામના પુસ્તકની પ્રસ્તાવનામાં **પં. શ્રી અંબાલાલ** લખે છે કે—

બૌદ્ધ ધર્મ તો દેખીતી રીતે અઢી હજાર વર્ષો પહેલાં જ પ્રગટ થયો છે; એટલું જ નહિ, પણ ભગવાન બુદ્ધે જૈન સિદ્ધાંતોનો અનુભવ કર્યો હતો. જૈન સિદ્ધાંતોમાં બતાવેલી તપસ્યાની પરાકાષ્ઠામાંથી કંટાળીને જ તેમણે મધ્યમ માર્ગ પ્રચલિત કર્યો, તે જ બૌદ્ધ ધર્મરૂપે પ્રચલિત થયો; એ હકીકત ઐતિહાસિક છે.

હિંદુ ધર્મના મુખ્ય એવા વેદ ગ્રંથોની ભાષા અને અર્થ હજીય ગૂઢ છે. ટીકાકારો ઘણી વખત પોતાને મનફાવતા અર્થો કરે છે; છતાં એમાં કેટલાંક સ્પષ્ટ નામો એવાં છે કે, જે જૈન ધર્મના તીર્થંકરોના નામનું સૂચન કરે છે. એ જ પરંપરા 'શ્રીમદ્ ભાગવત'માં સ્પષ્ટ રૂપે દેખા દે છે. શ્રીમદ્ ભાગવતકારે શ્રી ઋષભદેવનું ચરિત્ર ઘણું સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે અને એવા મહાપુરુષને હિંદુ ધર્મના ૨૪ અવતારોમાં પણ સ્થાન આપ્યું છે. આ ઉપરથી જૈન ધર્મની પ્રાચીન પરંપરાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

"ભગવાન મહાવીરના ૧૧ ગણધરો અને તે પછીના ધુરંધર જૈનાચાર્યો થયા છે તે મોટા ભાગે વૈદિક શાસ્ત્રોના વિદ્વાન બ્રાહ્મણો જ હતા, જેમણે પોતાના જ્ઞાનની અપૂર્ણતાથી અસંતુષ્ટ થઈને જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. આ હકીકત જૈન ધર્મ પ્રતિ ગમે તેની શ્રદ્ધા દૃઢ કરે એવી છે."

આ પુસ્તકમાં જૈન ધર્મની પ્રાચીનતા પુરવાર કરવાનો પ્રયત્ન કરાયો છે અને એ માટે પાશ્ચાત્ય તેમજ પૌરસ્ત્ય વિદ્વાનોના અભિપ્રાયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અભિપ્રાય આપનાર વિદ્વાનો સામાન્ય



કોટિના નથી. અનેક દર્શનોના તુલનાત્મક અધ્યયન કર્યા પછી જ આ અભિપ્રાયો ઉચ્ચારેલા હોય,એમ લાગ્યા વિના રહેતું નથી.

એ જ જૈન ધર્મ અને એની પ્રાચીનતા નામના પુસ્તકમાં તેના વિદ્વાન લેખક - સંપાદક **પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય (હાલ આ. શ્રી વિજયસુશીલસૂરિજી)** લખે છે કે :-

'જગતમાં અનેક ધર્મો પ્રચલિત છે; તેમાં જૈન ધર્મનું સ્થાન અનોખું છે. તેની પ્રાચીનતા-સનાતનતા અનાદિની છે. સંસાર જેમ અનાદિ અનંત છે, તેમ જૈન ધર્મ પણ અનાદિ અનંત છે.

જગતના વિવિધ ધર્મો તે તે મુખ્ય વ્યક્તિના નામથી જગજાહેર થયેલા છે. બૌદ્ધ ધર્મ ગૌતમબુદ્ધ નામની વ્યક્તિથી, ખ્રિસ્તી ધર્મ ઈસુખ્રિસ્ત નામની વ્યક્તિથી, શૈવ ધર્મ શિવ નામની વ્યક્તિથી, વૈષ્ણવ ધર્મ વિષ્ણુ નામની વ્યક્તિથી, મોમેડન ધર્મ મહંમદ પયગમ્બર નામની વ્યક્તિથી; એમ અનેક ધર્મો તે તે વિશિષ્ટ વ્યક્તિના નામથી પ્રસિદ્ધિને પામેલા છે; પરંતુ જૈન ધર્મ ઋષભ નામની વ્યક્તિ, પાર્શ્વ નામની વ્યક્તિ કે મહાવીર નામની વ્યક્તિથી ઋષભ ધર્મ કે મહાવીર ધર્મ તરીકે પ્રસિદ્ધિ પામ્યો નથી.

વસ્તુતઃ જૈન ધર્મ એ ગુણ નિષ્પન્ન નામ છે. રાગ-દ્વેષ વગેરે આભ્યંતર શત્રુઓને જીતે તે 'જિન' કહેવાય. જિન વડે કહેવાયેલો હોય તે જૈન કહેવાય અને જૈન એવો જે ધર્મ તે જૈન ધર્મ.....

આર્હત્ દર્શન કહો અથવા સ્યાદ્વાદ દર્શન કે અનેકાંત દર્શન કહો, વીતરાગ દર્શન કે જૈન દર્શન કહો, જૈનશાસન કે જૈનમત કહો - આ બધા જૈન ધર્મના પર્યાયવાચી શબ્દો છે.

અન્ય ધર્મો કરતાં જૈન ધર્મની વિશિષ્ટતા-સર્વોત્કૃષ્ટતા જગમશહૂર છે. સાગરમાં જેમ સર્વ સમાય, તેમ જૈન શાસનમાં સર્વ દર્શનોના સમવતાર થાય છે. જ્યારે અન્ય અન્ય દર્શન એકેક નયને આશ્રયીને પ્રવર્તેલ છે, ત્યારે જૈન દર્શન સાતે નયો વડે ગુંફિત છે.

'ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ** 'અધ્યાત્મસાર'માં લખે છે કે :

'બૌદ્ધોનું દર્શન' **'ઋજુસૂત્ર'** નયમાંથી નીકળ્યું છે. વેદાન્તીઓનો મત **'સંગ્રહ'** નયમાંથી નીકળ્યો છે, સાંખ્યોના મતની પણ એ જ પરિસ્થિતિ છે, નૈયાયિકો અને વૈશેષિકોનો મત પણ **'નૈગમ'** નયમાંથી નીકળેલો છે. મીમાંસકોનો મત **'શબ્દ'** નયમાંથી નીકળેલો છે. જૈન દર્શન તો સમગ્ર નયો વડે ગુંફિત છે.

જૈન દર્શનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મની પદ્ધતિ, સૂક્ષ્મતમ ફિલોસોફી, નવ તત્ત્વોનું સુંદર સ્વરૂપ, ચાર અનુયોગનું અનુપમ નિરૂપણ, ચાર નિક્ષેપાનું રમ્ય વર્ણન, સપ્તભંગી અને સપ્તનયનું સત્ય સ્વરૂપ, સ્યાદ્વાદ-અનેકાન્તવાદની વિશિષ્ટતા, અહિંસાની પરાકાષ્ઠા, તપની અલૌકિકતા, યોગની અજોડ સાધના અને વ્રતો-મહાવ્રતોનું સૂક્ષ્મ રીતે પરિપાલન વગેરેને પહોંચવાને અદ્યાવધિ કોઈપણ દર્શન સમર્થ થઈ શક્યું નથી; એટલું જ નહીં પણ હજારો વિજ્ઞાનવેત્તાઓ અને તત્ત્વજ્ઞાનીઓ પણ કરોડો-અબજો દ્રવ્યના ખરચે, છ જીવનિકાયની હિંસાના ભોગે, અનેક યંત્રાદિકની સહાયથી પણ તેને પહોંચી શક્યા નથી. આમ છતાં જેટલી શોધ થયેલી છે તે શોધના પરિણામો જૈન સિદ્ધાન્તની માન્યતાને અનુરૂપ જ બન્યા છે. અણુ સિદ્ધાંત એનું જીવતું-જાગતું ઉદાહરણ છે. આથી જ જગતના મોટા વિજ્ઞાનીઓ, તત્ત્વજ્ઞો, ધુરંધર પંડિતો અને દેશ દેશાન્તરના ઉચ્ચ અધિકારીઓ વગેરે પણ તેની મુક્ત કંઠે એકધારી પ્રશંસા કરી રહ્યા છે કે, 'જગતના ધર્મોમાં બધી રીતે પૂર્ણ કોઈપણ ધર્મ હોય તો તે જૈન ધર્મ જ છે, એટલું જ નહિ; ભયંકર યુદ્ધના માર્ગે જઈ રહેલા રાષ્ટ્રોને વિશ્વ શાંતિનો માર્ગ બતાવી શકે એવી ક્ષમતા રાખનારો કોઈ માર્ગ હોય તો તે જૈન ધર્મના સિદ્ધાંતોમાં જ છે.'

આ બાબતમાં કેટલાક પાશ્ચાત્ય વિદેશી વિદ્વાનોએ તથા અન્ય સાક્ષરોએ જૈન ધર્મને અન્ય ધર્મની શાખા-પ્રશાખા રૂપે માની



અખબારોમાં-દૈનિકપત્રોમાં અને પુસ્તકાદિમાં લાંબા લાંબા વિવેચનો કરેલાં છે, જે ભ્રમ હવે વિદ્વાનોમાંથી દૂર થયો છે, ત્યારે વર્તમાનમાં શાળા-કોલેજો વગેરેમાં ચાલતા ઈતિહાસોમાં એ અસત્યના પિષ્ટપેષણો હજી થયા કરે છે, જે કોઈ રીતે ઈષ્ટ નથી એ હવે સુધારવાં ઘટે છે.

**જૈન ધર્મની અતિ પ્રાચીનતાના પ્રમાણો** અને જૈન ધર્મ જૈનેતરોના પ્રાચીનતમ વેદો અને પુરાણો પૂર્વે પણ વિદ્યમાન હતો એના **પુરાવા** નીચે પ્રમાણે છે :

**"कैलासे पर्वते रम्ये, वृषभोऽयं जिनेश्वरः ।**
**चकार स्वावतारं यः सर्वज्ञः सर्वगः शिवः ॥" ॥१॥**

**– इति शिवपुराणे प्रोक्तम्.**

'(કેવળજ્ઞાન દ્વારા) સર્વવ્યાપી, કલ્યાણ સ્વરૂપ, સર્વજ્ઞ એવા આ ઋષભદેવ જિનેશ્વર મનોહર કૈલાસ પર્વત (અષ્ટાપદ પર્વત) પર ઉતર્યા'. ॥૧॥

**"नाभिस्तु जनयेत् पुत्रं, मरुदेव्या मनोहरम् ।**
**ऋषभं क्षत्रियं श्रेष्ठं सर्वक्षत्रियस्य पूर्वजम् ।" ॥२॥**

**"इह हि इक्ष्वाकुकुलवंशोद्भवेन नाभिसुतेन मरुदेवानंदनमहादेवेन ऋषभेण दशप्रकारो धर्मः स्वयमेवाचीर्णः केवलज्ञानलाभाच्च प्रवर्तितः ॥" ॥ ३ ॥**

**– इति ब्रह्माण्डपुराणे प्रोक्तम्.**

"નાભિ રાજાને મરુદેવી રાણીથી મનોહર, ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ અને સમસ્ત ક્ષત્રિય વંશના પૂર્વજ એવો ઋષભ નામે પુત્ર ઉત્પન્ન થયો." ॥૨॥

"આ આર્ય ભૂમિમાં જ ઈક્ષ્વાકુકુલ વંશમાં ઉત્પન્ન થયેલા નાભિ રાજા તથા મરુદેવીના પુત્ર મહાદેવ એવા ઋષભનાથે દશ પ્રકારનો ધર્મ સ્વયં આચર્યો અને કેવળજ્ઞાન પામીને તેનો પ્રચાર કર્યો." ॥૩॥

''रैवताद्रौ जिनो नेमिर्युगादिर्विमलाचले ।
ऋषीणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥'' ॥ ४ ॥

– इति प्रभासपुराणे प्रोक्तम्.

''રેવતગિરિ પર (ગિરનાર પર) નેમિનાથ અને વિમલાચલ પર (શત્રુંજય-સિદ્ધગિરિ પર) યુગાદિ આદિનાથ પધાર્યા. આ ગિરિવરો ઋષિઓના આશ્રમથી મુક્તિ માર્ગનું કારણ છે.'' ॥ ૪ ॥

''स्पृष्ट्वा शत्रुञ्जयं तीर्थं, नत्वा रैवतकाचलम् ।
स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥'' ॥ ५ ॥

''परमात्मानमात्मानं लसत्केवलनिर्मलम् ।
निरञ्जनं निराकारं ऋषभं तु महाऋषिम् ॥'' ॥ ६ ॥

– इति स्कन्दपुराणे प्रोक्तम्

''શત્રુંજય તીર્થનો સ્પર્શ કરવાથી, રૈવતકાચલને (ગિરનાર તીર્થને) નમસ્કાર કરવાથી અને ગજપદ કુંડમાં સ્નાન કરવાથી ફરીને જન્મ લેવો પડતો નથી.'' ॥ ૫ ॥

''ઉત્તમ સ્વરૂપવાળો જેમનો આત્મા, ઉલ્લાસ પામતા કેવળજ્ઞાનથી નિર્મળ, નિરંજન, નિરાકાર અને મહર્ષિ એવા ઋષભદેવ વિભુનું તો (બધા) ધ્યાન કરે જ.'' ॥ ૬ ॥

''अष्टषष्टिसु तीर्थेषु यात्रायां यत् फलं भवेत् ।
आदिनाथस्य देवस्य, स्मरणेनाऽपि तद् भवेत् ॥'' ॥ ७ ॥

– इति नागपुराणे प्रोक्तम्.

''૬૮ તીર્થોમાં યાત્રા કરવાથી જે ફળ થાય છે, તે ફળ આદિનાથ દેવનું સ્મરણ કરવાથી પણ થાય છે.'' ॥ ૭ ॥

(શ્રી ઋષભદેવ વિભુનું દ્વિતીય નામ 'આદિનાથ' પણ છે)



''अकारादि हकारान्तमूर्ध्वाधोरेफसंयुतम् ।
नादबिन्दुकलाक्रान्तं, चन्द्रमण्डलसन्निभम् ॥'' ॥ ८ ॥

''एतद्देवि । परं तत्त्वं, यो विजानाति तत्त्वतः ।
संसारबन्धनं छित्त्वा, स गच्छेत् परमां गतिम् ॥'' ॥ ९ ॥

– इति नागपुराणे कथितम्.

'અકાર છે (अ) આદિમાં જેને અને હકાર (ह) છે અંતમાં જેને, ઊંચે અને નીચે રેફે (र) કરીને સહિત નાદબિંદુ-કલાથી સંપન્ન અર્ધ ચન્દ્રાકાર (‿) અને બિન્દુ (•) એ કરીને યુક્ત ચંદ્રમંડળના સમાન એવો 'अर्हँ' શબ્દ - ॥ ૮ ॥

'હે દેવી' એ પરમ તત્ત્વ છે, એને જે જાણે તે સંસાર બંધનને છેદીને પરમ ગતિને (મોક્ષને) પામે છે.' ॥ ૯ ॥

''ऋषभो मरुदेव्याश्च, ऋषभाद् भरतोऽभवत् ।
भरताद् भारतं वर्षं; भरतात् सुमतिस्त्वभूत् ॥'' ॥ १० ॥

– इति अग्निपुराणे

– 'મરુદેવીથી ઋષભ થયા અને ઋષભથી ભરત થયા, ભરતથી ભારત વર્ષ ક્ષેત્ર થયું અને એ જ ભરતથી સુમતિ થયા.' ॥ ૧૦ ॥

''अर्हन्ता चित्पुरो दधेंऽशेव देवावर्वते'' ॥ ११ ॥

– अ. ४-४-३२-५ ऋग्वेदे

જેમ સૂર્ય કિરણોને ધારણ કરે છે તેમ અરિહંતો જ્ઞાનનો પૂર (સમૂહ) ધારણ કરે છે. ॥ ૧૧ ॥

''अर्हंतो ये सुदानवो नरो असामिशवसः प्रयज्ञं यज्ञियेभ्यो
दिवो अर्चाऋग्वेदे मरुदभ्यः ॥ अ०४ अ०३ वर्ग ८ ॥'' ॥१२॥

જે અરિહંત સુંદર દાનવાળા કર્મ કરવામાં અગ્રણી તથા અત્યંત પરાક્રમી છે, એવા યજ્ઞપાત્ર દેવોના દેવને યજ્ઞીય આહુતિ દો. ॥૧૨॥

मरुदेवी च नाभिश्च, भरते कुलसत्तमाः ।
अष्टमो मरुदेव्यां तु नाभेर्जात उरुक्रमः ॥ १३ ॥
दर्शयन् वर्त्म वीराणां, सुरासुरनमस्कृतः ।
नीतित्रयाणां कर्ता यो युगादौ प्रथमो जिनः ॥ १४ ॥

**– मनुस्मृतौ**

ભરત ક્ષેત્રમાં છઠ્ઠા કુલકર મરુદેવ અને સાતમા કુલકર નાભિ નામે થયા. વળી આઠમા કુલકર નાભિથી મરુદેવીને વિશે વિશાલ ચરણવાળા ઋષભ થયા. ॥ ૧૩ ॥

વીર પુરુષોને માર્ગ બતાવનારા, સુરાસુરથી નમસ્કાર કરાયેલા અને ત્રણ નીતિને નક્કી બતાવનારા જે છે તે યુગની આદિમાં પ્રથમ જિન થયા. ॥ ૧૪ ॥

''नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।
शान्तिमास्थातुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥'' ॥ १५॥

**– योगवाशिष्टे**

'હું રામ નથી, મને વાંછા નથી, જગતનાં પદાર્થોમાં મારું મન નથી. જેવી રીતે જિન પોતાના આત્મામાં શાન્તભાવે રહ્યા છે તેવી રીતે શાન્તભાવે રહેવાને હું ઈચ્છું છું.' ॥ ૧૫ ॥

**''દિવ્ય-દર્શન'' - ''વચનામૃત'' વર્ષ-૫,અંક-૧૩,તા.૧૫-૩-૧૯૫૭**

- શિષ્ય એટલે શાસન ઝીલવાની તૈયારીવાળો,.
- પોતાની પ્રશંસા બીજા કરે ત્યાં જો સાવધગીરી ન રહે તો ગુણનું છૂપા રૂપમાં લિલામ થાય.
- ગુણને સાચવવાનો ઉદ્યમ ગુણના પક્ષપાતથી થાય છે. જેમકે, ધનાદિને રક્ષવાનું તેના પક્ષ-મોહથી બને છે તો ગુણને સાચવવા-મેળવવા ગુણના ખૂબ પક્ષપાતી બનો.



## જૈન ધર્મ અંગે પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોના અભિપ્રાયો

''હું મારા દેશવાસીઓને બતાવીશ કે જૈન ધર્મ અને જૈનાચાર્યોમાં કેવા ઉત્તમ નિયમ અને ઊંચા વિચાર છે ! જેઓનું સાહિત્ય બૌદ્ધોના (સાહિત્ય)થી ઘણું ચડિયાતું છે અને જેમ જેમ હું જૈન ધર્મ અને તેના સાહિત્યને સમજતો જાઉં છું તેમ તેમ હું તેને વધુ પસંદ કરતો જાઉં છું....''

''જૈનોના મહાન સંસ્કૃત સાહિત્યને સમગ્ર સાહિત્યથી અલગ કરી દેવાય તો સંસ્કૃત કવિતાની શું દશા થાય ?...

**–ડૉ. જોન્સ હર્ટલ (જર્મની)**

''જૈન ધર્મ સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મ છે, આ ધર્મે બીજા કોઈપણ ધર્મનું અનુકરણ કે નકલ કર્યા નથી.'' **–ડૉ. હર્મન જેકોબી**

'મનુષ્યોના વિકાસ-પ્રગતિ માટે જૈન ધર્મનું ચારિત્ર ઘણું જ લાભકારી છે, આ ધર્મ ખૂબ જ અસલી, સ્વતંત્ર, સાદો, બહુ મૂલ્યવાન તેમજ બ્રાહ્મણોના મતોથી ભિન્ન છે અને તે બૌદ્ધોની જેમ નાસ્તિક નથી.'

**–ડૉ. એ. ગિરનાટ (પેરીસ)**

'જૈન ધર્મ હિન્દુ ધર્મથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર ધર્મ છે.'

**–પ્રો. મેકસમૂલર**

'જૈન ધર્મની સ્થાપના પ્રારંભ, જન્મ કયારથી થયો તે શોધી કાઢવું લગભગ અસંભવિત છે. હિન્દુસ્તાનના ધર્મોમાં જૈન ધર્મ સૌથી પ્રાચીન છે.'

**–જી. જે. આર. ફરલાંગ**

'ભારત વર્ષના પ્રાચીન ઈતિહાસમાં જૈન ધર્મે પોતાનું નામ અજર-અમર રાખ્યું છે.' **–કર્નલ ટોડ**

'ધર્મના વિષયમાં જૈન ધર્મ નિઃશંક પરમ પરાકાષ્ઠાવાન છે.'

**–ડૉ. પરડોલ્ટ**

'જૈન ધર્મ ખૂબ જ ઊંચી હરોળનો છે. તેના મુખ્ય તત્ત્વ વિજ્ઞાન સ્વરૂપના આધાર પર રચાયેલાં છે. જેમ જેમ પદાર્થ વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ તે જૈન ધર્મના સિદ્ધાંતોને સિદ્ધ કરી રહ્યું છે.'

**–ડૉ. એલ. પી. હેસીટોરી (ઇટાલી)**

'જૈન ધર્મના સિદ્ધાંત મને ખૂબ જ પ્રિય છે, મારી આ ઇચ્છા છે કે મૃત્યુ બાદ બીજા જન્મે હું જૈન કુળમાં જન્મ પ્રાપ્ત કરું.'

**–જ્યોર્જ બર્નાર્ડ શો (ઇંગ્લેન્ડના પ્રસિદ્ધ નાટ્યકાર)**

જૈન ધર્મ એક એવો અદ્વિતીય ધર્મ છે કે જે પ્રાણી માત્રની રક્ષા કરવા માટે સક્રિય પ્રેરણા આપે છે. આવો દયા ભાવ મેં કોઈપણ ધર્મમાં જોયો નથી.

**–ઓર્ડીકાર્જેરી (અમેરિકન વિદુષી)**

'જૈન ધર્મ બૌદ્ધ ધર્મની અપેક્ષાએ પ્રાચીન છે.'

**–ટી. ડબલ્યુ. રઈસ ડેવિડ**

'બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધ પહેલા જૈન ધર્મના બીજાં ૨૩ તીર્થંકર થઈ ગયા હતા.'

**–ઈમ્પિરીયલ ગેઝેટિયર ઓફ ઈન્ડિયા**

'બ્રાહ્મણ અને હિન્દુ ધર્મમાં માંસ ભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયા એ પણ જૈન ધર્મનો પ્રતાપ છે.'

**–લોકમાન્ય ટિળક**

'અહિંસા તત્ત્વના સૌથી વધુ મહાન પ્રચારક મહાવીર સ્વામી જ હતા.'

**–ગાંધીજી**

'જૈન કે બૌદ્ધો સંપૂર્ણ રીતે ભારતીય છે પરંતુ તેઓ હિન્દુ નથી.'

**–પંડિત જવાહરલાલ નહેરૂ**

'જો વિરોધી સજ્જન જૈન સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મપણે કરે તો તેમનો વિરોધ સમાપ્ત થઈ જશે.'

**–ડૉ. ગંગાનાથ ઝા.**



મહાવીરનો સત્ સંદેશ અમારા હૈયે વિશ્વબંધુત્વનો શંખનાદ કરે છે.

**–સર અકબર હૈદરી**

જૈન ધર્મનો પ્રથમ પ્રચાર શ્રી ઋષભદેવે કર્યો.

**–શ્રી વરદીકાન્તજી, એમ. એ.**

'સ્યાદ્વાદ જૈન ધર્મનો અભેદ્ય કિલ્લો છે. આ કિલ્લામાં વાદી અને પ્રતિવાદીના માયાવી ગોળા(તોપ)નો પ્રવેશ નથી થઈ શકતો. વેદાંત આદિ અન્ય શાસ્ત્રોની પહેલાં પણ જૈન ધર્મ અસ્તિત્વમાં હતો, એ અંગે મને જરા માત્ર પણ શંકા નથી.'

**–પં. રામમિશ્રજી આચાર્ય, રામાનુજ**

'દ્વેષને લીધે ધર્મ પ્રચારને રોકનારી આપદાઓ હોવા છતાં જૈન શાસન ક્યારેય પરાજિત ન બનતાં સર્વત્ર વિજયી જ રહ્યું છે. અર્હત્ દેવ સાક્ષાત્ પરમેશ્વર છે.

અર્હત્ પરમેશ્વરનું વર્ણન વેદોમાં પણ જોવા મળે છે.'

**–સ્વામી વિરુપાક્ષ, એમ. એ. (પ્રો. સંસ્કૃત કોલેજ, ઇન્દોર)**

'જૈન ધર્મ એક એવો પ્રાચીન ધર્મ છે કે જેની ઉત્પત્તિ તથા ઇતિહાસ શોધી કાઢવો તે ખૂબ જ દુર્લભ વાત છે.'

**–કન્નુલાલ જોધપુરી**

'એક જૈન શિષ્યના હાથમાં બે પુસ્તક જોયાં. એ લેખ મને એટલા સત્ય, નિષ્પક્ષપાતી જણાયા કે તે વાંચતા જાણે બીજા જગતમાં આવી ઊભો રહી ગયો. આબાલ્યકાળ સીત્તેર વર્ષથી જે કંઈ અધ્યયન કર્યું અને વૈદિક ધર્મનો ઝંડો લઈ ફર્યો તે બધું જ મિથ્યા જણાવા લાગ્યું. પ્રાચીન ધર્મ, પરમ ધર્મ, સત્ય ધર્મ રહ્યો હોય તો તે જૈન ધર્મ છે.'

**–યોગી જીવાનંદ પરમહંસ**

'અહિંસાની અનોખી ભેટ જૈન ધર્મના નિર્યામક તીર્થંકર પરમાત્માઓએ જ આપી છે.'

**–ડૉ. રાધા વિનોદપાલ**

'આધુનિક ઐતિહાસિક સંશોધનથી એ સાબિત થયું છે કે યથાર્થમાં બ્રાહ્મણ ધર્મ સદ્ભાવ અથવા હિન્દુ ધર્મ રૂપમાં પરિવર્તન થવા ઘણાં અગાઉ જૈન ધર્મ આ દેશમાં વિદ્યમાન હતો.'

**–ન્યાયમૂર્તિ રાંગલેકર (મુંબઈ વડી અદાલત)**

'મોહન-જો-ડેરો, પ્રાચીન શિલાલેખો, ગુફાઓ અને પ્રાચીન અનેક અવશેષો પ્રાપ્ત થવાથી પણ જૈન ધર્મની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથી જૈન ધર્મ પ્રચલિત થયો છે. વેદાન્ત દર્શનની અપેક્ષાએ પણ જૈન ધર્મ ઘણો પ્રાચીન છે.'

**–સ્વામી રામમિશ્રજી શાસ્ત્રી**

'સ્યાદ્વાદ એકીકરણનું દૃષ્ટિબિંદુ આપણી સામે ઉપસ્થિત કરે છે તે મૂળ રહસ્યની સાથે સંબંધિત નથી. વિવિધ દૃષ્ટિકોણથી નિરીક્ષણ કર્યા વિના કોઈપણ વસ્તુ સંપૂર્ણપણે સમજાતી નથી.

સ્યાદ્વાદ એ સંશયવાદ નથી પરંતુ વિશ્વનું કેવી રીતે અવલોકન કરવું જોઈએ તે આપણને શીખવે છે.'

**–પ્રો. આનંદશંકર ધ્રુવ**

'ઐતિહાસિક વિશ્વમાં તો જૈન સાહિત્ય જગત માટે વધુ ઉપયોગી વસ્તુ છે, જે ઇતિહાસ-લેખક અને પુરાતત્ત્વવિદો માટે અનુસંધાનની વિપુલ સામગ્રી આપે છે. જૈન સાધુ પૂર્ણપણે વ્રત-નિયમ અને ઇન્દ્રિય-સંયમનું પાલન કરતાં વિશ્વમાં આત્મસંયમનો એક જબરદસ્ત આદર્શ રજૂ કરે છે. એક ગૃહસ્થનું પણ જીવન કે જે જૈનત્વને સમર્પિત છે તે પણ એટલું બધું નિર્દોષ છે કે ભારત વર્ષે તેનું ગૌરવ લેવું જોઈએ.'

**–ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ, એમ. એ., પી. એચડી. (કલકત્તા)**

'મહાવીરે દુંદુભિનાદમાં હિન્દમાં સંદેશો ફેલાવ્યો કે ધર્મ વાસ્તવિક સત્ય છે. કહેતાં આશ્ચર્ય થાય છે કે આ સંદેશે-શિક્ષણે દેશને વશીભૂત કરી લીધો.....'

**–ડૉ. રવીન્દ્રનાથ ટાગોર**

'શ્રી મહાવીરજીએ બતાવેલા માર્ગ પર ચાલવાથી આપણે પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરી શકીશું. બીજા કોઈ ધર્મે અહિંસાની મર્યાદા એટલે સુધી નથી બતાવી.

જૈન ધર્મ પોતાના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વ ધર્મ થવા માટે સંપૂર્ણ યોગ્ય છે.'

**–ડૉ. રાજેન્દ્રપ્રસાદ**



'વેદાંત દર્શનના પહેલાં જ જૈન ધર્મ પ્રચારમાં હતો. સૃષ્ટિના આરંભ કાળથી જ જૈન ધર્મ પ્રચારમાં છે.'

**–ડૉ. સતીશચંદ્ર**

'પોતાની પૂર્વે થઈ ગયેલ ૨૩ મહર્ષિ અથવા તીર્થંકરો દ્વારા અપાયેલા ઉપદેશોની પરંપરા વર્ધમાને આગળ વધારી, ઈસ્વીસન પૂર્વે ઋષભદેવના અસંખ્ય ઉપાસક હતા. આ બાબતને સિદ્ધ કરવા માટે અનેક પ્રમાણ ઉપલબ્ધ છે.

યજુર્વેદમાં પણ તીર્થંકરોને માન્યતા આપવામાં આવી છે. અગણિત કાળ અથવા યુગાનુયુગથી જૈન ધર્મ ચાલ્યો આવે છે.

**–ડૉ. રાધાકૃષ્ણન**

'જૈન ધર્મ જાણવાની મારી હાર્દિક ઇચ્છા છે. કારણકે વ્યાવહારિક યોગાભ્યાસ માટે એ સાહિત્ય સૌથી પ્રાચીન છે, તેમાં હિન્દુ ધર્મ પહેલાંની આત્મિક સ્વતંત્રતા વિદ્યમાન છે, જેનો પરમ પુરુષોએ અનુભવ કર્યો છે.'

**–રાયબહાદુર પૂર્ણેન્દુરાયસિંહ, એમ.એ.**

'એ સુંદર રીતે પ્રમાણિત થઈ ચૂક્યું છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મની શાખા નથી. જૈન દર્શનમાં જીવ તત્ત્વની જેટલી વિસ્તૃત વિવેચના છે તેવા બીજા કોઈ દર્શનમાં નથી.'

**–અબ્જાક્ષ સરકાર, એમ. એ., બી. એ. એલ.**

'જૈન ધર્મમાં અહિંસાનું તત્ત્વ અત્યંત શ્રેષ્ઠ છે. યતિ ધર્મ અત્યંત ઉત્કૃષ્ટ છે.

સ્ત્રીઓને પણ યતિ દીક્ષા લઈ પરોપકારી કાર્યોમાં જીવન જીવવાની આજ્ઞા છે તે સર્વોત્કૃષ્ટ છે. આપણા હાથે જીવ હિંસા ન થઈ જાય, તે માટે જૈનો જેટલા ડરે છે તેટલા બૌદ્ધો ડરતા નથી.'

હું જૈન સિદ્ધાંતના સૂક્ષ્મ તત્ત્વોને ખૂબ જ ચાહું છું.'

**–મહમ્મદ હાફિઝ સય્યદ, બી. એ. એલ.**

'મને જૈન સિદ્ધાંતનો ખૂબ જ શોખ છે કારણકે તેમાં કર્મ સિદ્ધાંતનું સૂક્ષ્મતાથી વર્ણન કર્યું છે.' **–એમ. ડી. પાંડે**

## ચિત્ર પરિશિષ્ટ

જીવ, અજીવ, નવતત્ત્વ અને કર્મ અંગે આપણા જૈન ધર્મ શાસ્ત્રોમાં ખૂબ જ સૂક્ષ્મપણે અને સ્પષ્ટતાથી ચિંતન કરવામાં આવ્યું છે તે વધુ સરળતાથી સમજી શકાય તે માટે–

આત્મા અને કર્મ,

કર્મચક્ર,

જીવવિજ્ઞાન,

અજીવ તત્ત્વ,


નવતત્વના


પછીના પાનાઓ ઉપર ચિત્રો આપ્યા છે.

અને ચિત્ર પરિચય પણ.....



## એ-૧ : આત્મા અને કર્મ






## २ : कर्मचक






## ૩ : જીવ વિજ્ઞાન




## ૪ : અજીવ તત્વ






## ૫



૬


निर्जरा
मोक्ष
अजीव
पुण्य
पाप
आश्रव
संवर
बंध
१-जीव-२-अजीव-३-पुण्य-४-पाप
५-आश्रव-६-संवर-७-बंध-८-निर्जरा-९-मोक्ष



૭


जीव
मृत शरीर
जीव सहित शरीर

## ૧, ૨ : 'કર્મચક્ર'નો ચિત્ર પરિચય

જીવને સંસારની અનેક ઘટનાઓ ભોગવવાની આવે છે, તેની પાછળ કેવાં કેવાં કર્મો કામ કરે છે ? તે 'કર્મચક્ર'ના ચિત્ર દ્વારા સમજાવવામાં આવ્યું છે. અઢાર આંકા (ખાના)ના આ ચિત્રની સમજ 'જ્ઞાનાવરણીય' નામના પ્રથમ ખાનાથી આ પ્રમાણે છે.

**જ્ઞાનાવરણીય કર્મ :** (ખાના ૧લા માં) આ કર્મથી વિદ્યાર્થી ચોપડી લઈ ભણવા બેઠો; પરંતુ લમણે શોકનો હાથ દે છે. કેમ કે ભણતર ચડતું નથી. આની પાછળ જીવ પર ચોંટેલા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય કામ કરી રહ્યો છે. (ખાના ૨જા માં) એ જ જ્ઞાનાવરણ કર્મના ઉદયને લીધે કાગળ વાંચતા-સમજતા નથી આવડતો તેથી કમનસીબી માને છે. ત્યારે આ કર્મ જેને તૂટ્યાં છે એવો ઓફિસર ચોપડા પરથી ઝટ સાચું જૂઠું સમજી જાય છે.

**દર્શનાવરણીય કર્મ :** (ખાના ૩જા માં) ચક્ષુ દર્શનાવરણ કર્મના ઉદયથી માણસ અંધ બનેલો, દેખી ન શકવાથી સામે આવતી મોટર દેખી શકતો નથી. (ખાના ૪માંથી) દર્શનાવરણ કર્મના ઉદયથી માણસ નિદ્રાનો એવો ભોગ બને છે કે એમાં સાપ ડસવા આવે તો ય ખબર નથી પડતી.

**મોહનીય કર્મ :** (ખાના ૫મા માં) મોહનીય કર્મના ઉદયથી, સાધુ ઉપદેશે છે છતાં મિથ્યાત્વ મોહવશ માછીમારની જેમ હિંસાદિ પાપને કર્તવ્ય માને છે. પછી જે સમયે હિંસા નથી કરતો ત્યારે પણ પાપથી અવિરત હોઈ વૃક્ષની જેમ કર્મથી બંધાય છે. મોહ-કર્મ બંધક ન હોત તો વૃક્ષ ખરેખર પાપાચરણ ક્યાં કરે છે ? તેથી એનો મોક્ષ જ થઈ જાય. (ખાનું ૬, ૧લા કોલમમાં ઉપરથી નીચે) સાધુ સમજાવનાર છતાં માંસની આસક્તિ-મોહવશ કુયોગ-આશ્રવ સેવી મ્લેચ્છ બોકડાને મારે છે. મિથ્યાશાસ્ત્ર મોહવશ યજ્ઞમાં પશુની આહુતિ આપે



છે. (ખાના ૭માં) પાંચ ઈન્દ્રિયોના વિષયોના રાગ-મોહવશ જીવ વિવિધ સુખ-સાધનમાં લપટાય છે. (ખાનુ ૮, ઉપરથી નીચે અનુક્રમે) જીવ ક્રોધ કરે છે. જૈનેતરોથી મનાયેલ દશ મુખવાળા (અસલમાં ગળાના હારના મોટા નવ હીરામાં પ્રતિબિંબિત નવ મુખ અને એક મૂળ મુખ એમ દશાનન નામવાળા) રાવણની જેમ અભિમાન કરે છે, વિદ્યાર્થી પરીક્ષા પેપર બીજાનું જોઈને લખવામાં માયા કરે છે, ધનાંધ લક્ષ્મીનો ભારે લોભ કરે છે, કામવશ કૂકડો-કૂકડી પ્રેમ કરે છે.

**વેદનીય કર્મ :** (ખાના ૯મા માં) શાતાવેદનીય કર્મના પ્રભાવે ઋદ્ધિ સંપત્તિમાં માણસ શાતાસુખ અનુભવી રહ્યો છે. (ખાના ૧૦મા માં) અશાતા વેદનીય કર્મવશ પશુ તાડનાતર્જના રૂપી અશાતા-વેદના ભોગવી રહેલ છે. બીમાર માણસ રોગ વેઠી રહેલ છે.

**આયુષ્ય કર્મ :** (ખાના ૧૧-૧૨મા માં) આયુષ્ય કર્મથી જીવન મળે છે. જન્મ પામી મૃત્યુ સુધીનું જીવન ભોગવાય છે. ખાના ૧૧માં ગર્ભમાં જન્મ પામેલ બાળક બતાવાયું છે અને ખાના ૧૨માં મૃત્યુ પામેલ (આયુષ્ય ભોગવી લઈ શરીર છોડી ગયેલ) જીવનું શરીર દર્શાવ્યું છે.

**નામ કર્મ :** (ખાનું ૧૩મું ઉપરથી નીચે) નામ કર્મમાં ઉત્કૃષ્ટ કર્મ તીર્થંકર નામ કર્મના પ્રભાવે પ્રભુ સમવસરણના ત્રણ ગઢ પર બેસી દેશના આપે છે. સુ-સ્વર નામ કર્મથી માણસ સુંદર ગાય છે. (ખાના ૧૪માં ઉપરથી નીચે) યશનામ કર્મથી એનો બીજાઓ યશ ગાય છે, શરીર-અંગોપાંગ નામ કર્મની કચાશથી લંગડાપણું મળ્યું છે, શુભ વર્ણાદિ નામ કર્મથી સુરૂપપણું અને અશુભથી કુરૂપપણું મળ્યું છે.

**અંતરાય કર્મ :** (ખાનું ૧૪મું ઉપરથી નીચે) અંતરાય કર્મમાં લાભાંતરાય કર્મથી માંગનારની આજીજી છતાં સામો ના કહેવાથી એને લાભ થતો નથી. દાનાંતરાય કર્મથી સામે સારા સુકૃતનો લાભ છતાં

દેવાની ના પાડી દે છે. (ઉપરમાં) ભોગાંતરાય કેવું કામ કરે છે ! પકવાન જમવાનું તૈયાર છતાં બરાબર એ જ વખતે વહાલા પુત્ર આદિના મહારોગાદિનો તાર આવતાં એ જમણનો ઉપભોગ ભોગાંતરાય કર્મના ઉદયે સુકાઈ જાય છે. (ખાનું ૧૬ ઉપરથી નીચે) એક વેપારીને લાભાંતરાય તૂટેલો તેથી ઘરાકોની કતાર લાગે છે, બીજાને લાભાંતરાયના ઉદયે કોઈ ઘરાક નહિ તેથી લમણે હાથ દેવો પડે છે. એમ (નીચેના ચિત્રમાં) મજૂરને વીર્યાંતરાય તૂટેલો, તેથી મોટો થેલો સહેલાઈથી ઉપાડી જાય છે. જ્યારે શેઠને વીર્યાંતરાય ઉદયમાં તેથી થેલી ઉપાડતાં પણ એ ફેં ફેં ફેં થઈ જાય છે.

**ગોત્ર કર્મ :** (ખાના ૧૭-૧૮મા માં) ઉચ્ચ ગોત્ર કર્મના ઉદયથી ઊંચા ગોત્ર (કુળ)માં જન્મ મળી વૈભવ મળે છે. જ્યારે નીચ ગોત્રના ઉદયે નીચા કુળમાં જન્મ મળતાં શેરીનું ઝાડું કાઢવું પડે છે.

**વિસ્તૃત વિવેચન માટે વાંચો : પ્રકરણ ૧૭ મું.**

**"દિવ્ય-દર્શન" "અમૃત-બિંદુ" વર્ષ-૪,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૫૫**

જગતની વસ્તુ બગડે તેથી આપણે આપણા હીરા જેવા આત્માને શા માટે બગાડવો ? મનુષ્ય ભવમાં, જગતના અજ્ઞાન સ્નેહીઓ કે જડ પદાર્થોને લીધે આપણે કોઈ કષાય કે વિષયની લાગણી હૃદયમાં ઉંડી ઉતારવી, એ મહાભૂંડું છે. એ લાગણીને વૈરી તરીકે દેખવાને બદલે વહાલી કરવી, એ જીવનને ધૂળધાણી કરી કર્મ વૈરીને ઊભા કરવાનું કાર્ય છે. એક જ ધૂન જોઈએ, ઘર બગડે, કપડાં મેલા થાય, તિજોરી ઓછી થાય,-બધું બગડતું ચાલે, પણ મારા આત્માને નહિ બગડવા દઉં.



## ૩ : 'જીવ વિજ્ઞાન'નો ચિત્ર પરિચય

સંસારના જીવો એકેન્દ્રિય=માત્ર એક સ્પર્શનેન્દ્રિયવાળા, બેઈન્દ્રિય=સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિયવાળા, ત્રીન્દ્રિય=એ બે ઈન્દ્રિયો ઉપરાંત ઘ્રાણેન્દ્રિયવાળા, ચતુરિન્દ્રિય=એ ત્રણ ઈન્દ્રિયો ઉપરાંત ચક્ષુ ઈન્દ્રિયવાળા, પંચેન્દ્રિય=આ ચાર ઈન્દ્રિયો ઉપરાંત શ્રોત્રેન્દ્રિયવાળા. પાછળ ચિત્રમાં અંક પ્રમાણે નીચે લખેલ જીવો છે.

**એકેન્દ્રિય (કોલમ - ૧) :**

| | |
|---|---|
| ૧. વીજળી - તેજસકાય, | ૨. વાયરો - વાયુકાય, |
| ૩. પર્વત, પાષાણ - પૃથ્વીકાય | ૪. નદી, પાણી - અપ્કાય, |
| ૫. વૃક્ષ - પ્રત્યેક વનસ્પતિકાય, | ૬. જમીનકંદ - (ગાજર, મૂળા, |
| ૭. તુરતનો અંકુર, | સૂરણ, બટાટા, ડુંગળી, લસણ) |
| સાધારણ વનસ્પતિકાય | સાધારણ વનસ્પતિકાય. |

**દ્વીન્દ્રિય (કોલમ - ૨) :**

| | | |
|---|---|---|
| ૧. કોડા-કોડી, | ૨. આરિયા, | ૩. કાષ્ઠ (કીડો), |
| ૪. છીપ, | ૫. શંખ | ૬. અળસિયા, |
| ૭. મામણમૂંડા, | ૮. વાળા | ૯. કરમિયા (કૃમી). |

**ત્રીન્દ્રિય (કોલમ - ૩) :**

૧. મંકોડા, ૨. માંકડ ૩. ગીંગોડા ૪. કાળી જૂ, ૫. સફેદ જૂ, ૬. ઉધઈ, ૭. ઈયળ, ૮. ગોકળ ગાય, ૯. કાનખજૂરો, ૧૦. ધનેરા.

**ચતુરિન્દ્રિય (કોલમ - ૪) :**

૧. પતંગિઓ, ૨. વીંછી, ૩. વાંદો, ૪. બગાઈ,
૫. મચ્છર, ૬. ખડમાંકડી, ૭. કરોળિયો, ૮. માખી,
૯. તીડ. ૧૦. ભમરો.

**પંચેન્દ્રિય (કોલમ ૫ - સૌથી ઉપર) :**

૧. દેવ, ૨. મનુષ્ય, ૩. નારકી.

**પંચેન્દ્રિય - જલચર :**

૧. શીલ, ૨. મગર, ૩. વ્હેલ, ૪. દેડકો,
૫. કાચબો, ૬. કરચલો, ૭. માછલી, ૮. ઓક્ટોપોસ (આઠ પગો).

**પંચેન્દ્રિય - ખેચર :**

૧. ચામાચીડિયું, ૨. મોર, ૩. કાગડો,
૪. ચકલી, ૫. કૂકડો, ૬. બગલો-હંસ.

**પંચેન્દ્રિય - સ્થળચર :**

૧. અજગર, ૨. ગરોળી, ૩. સાપ, ૪. ઘો,
૫. ઘોડો, ૬. ગાય, ૭. કૂતરો, ૮. નોળિયો,
૯. વાંદરો, ૧૦. ઉંદર ૧૧. ગોરીલો, ૧૨. સિંહ,
૧૩. હાથી.

**વિસ્તૃત વિવેચન માટે વાંચો : પ્રકરણ ૧૨, ૧૩, ૧૪મું**



## ૪ : 'અજીવ તત્ત્વ'નો ચિત્ર પરિચય

**અજીવ તત્ત્વ પાંચ પ્રકારે છે :**

(કોલમ - ૧-૨) **પુદ્ગલાસ્તિકાય :** જીવે છોડી દીધેલાં શરીર-પુદ્ગલ.

દા. ત., ચિત્રમાં દર્શાવેલ કાષ્ઠ, પત્થર, રત્ન, માટી, ધાતુના ઓજાર, તૈયાર મકાન, મડદું-કપડું એ પુદ્ગલાસ્તિકાય અજીવ છે.

(કોલમ - ૩) **આકાશાસ્તિકાય :** ૧૪ રાજલોકવ્યાપી આકાશ એ લોકાકાશ છે અને લોકની બહાર વ્યાપ્ત છે તે અલોકાકાશ. આ આકાશાસ્તિકાય છે.

(કોલમ - ૪) **ધર્માસ્તિકાય :** દ્રવ્ય ૧૪ રાજલોકવ્યાપી છે ને જીવ પુદ્ગલને ગતિમાં સહાયક છે, જેમ માછલીને ગતિમાં સહાયક પાણી હોય છે.

(કોલમ - ૪) **અધર્માસ્તિકાય :** દ્રવ્ય એ પણ ૧૪ રાજલોકવ્યાપી અને જીવ પુદ્ગલને સ્થિતિ-સ્થિરતામાં સહાયક છે, જેમ બુઢ્ઢાને ઊભા રહેવામાં લાકડી સહાયક હોય છે.

(કોલમ - ૪) ઠેઠ મથાળે **કાળદ્રવ્ય :** સૂર્યની ગતિ પરથી મપાય છે. જીવને બાળ, યુવાન, વૃદ્ધ અને વસ્તુને નવી-જૂની વગેરે કરે છે.

**વિસ્તૃત વિવેચન માટે વાંચો : પ્રકરણ ૮ મું.**

## ૫, ૬, ૭ : 'નવ તત્ત્વ'નો ચિત્ર પરિચય

નવ તત્ત્વના ચિત્રમાં નવ તત્ત્વનો જીવ સાથે સંબંધ બતાવાયો છે તે આ પ્રમાણે છે :

૧. જીવ જાણે એક સરોવર છે, એ જીવ તત્ત્વ.

૨. એમાં કર્મકચરો ભરાયો છે તે જડપુદ્‌ગલ છે, એ અજીવ તત્ત્વ.

૩. એ કર્મમાં, શુભ કર્મ તે પુણ્ય તત્ત્વ અને

૪. અશુભ કર્મ તે પાપ તત્ત્વ.

૫. જીવ સરોવરમાં કર્મકચરો વહી આવવાની નીક (મિથ્યાત્વ, અવિરતિ આદિ) એ આશ્રવ તત્ત્વ.

૬. એ વહેણ બંધ કરવા ઢાંકણ (સમિતિ આદિ) તે સંવર તત્ત્વ.

૭. કર્મની પ્રકૃતિ-સ્થિતિ-કાળ-રસ વગેરે નક્કી થવું તે બંધ તત્ત્વ.

૮. કર્મનો તપરૂપી કતકચૂર્ણથી ક્ષય થતો આવવો તે નિર્જરા તત્ત્વ.

૯. સર્વ કર્મનો નાશ થઈ પ્રગટ થતું શુદ્ધ જીવ સ્વરૂપ તે મોક્ષ તત્ત્વ.

**વિસ્તૃત વિવેચન માટે વાંચો :**

**પ્રકરણ ૧૨ થી ૧૪, ૧૬ થી ૧૮, ૩૧ - ૩૨.**



## પ્રવેશ

**જગત્ એટલે શું ?**
**હું કોણ છું ?**
**મારું કર્તવ્ય શું છે ?**

આવા પ્રશ્નો સમજુ એવા અનેક મનુષ્યોના મગજમાં ઉઠતા હોય છે. જૈન દૃષ્ટિએ આ પ્રશ્નોનું સમાધાન પ્રસ્તુત પુસ્તકમાંથી મળી શકશે.

પ્રથમ પ્રશ્ન ઉપર વિચાર કરતાં જગતમાં દેખાઈ રહેલી નાની મોટી વૈવિધ્યપૂર્ણ અનેક વસ્તુઓ ઉપર આપણી દૃષ્ટિ જતાં તે બધાનાં મૂળ કારણભૂત તત્ત્વો (Fuandamental Reaps) ઉપર વિચાર કરવો જરૂરી બને છે.

બીજા પ્રશ્ન ઉપર વિચાર એ કરવાનો છે કે જગત એક મહાન વિષય ઉપર વિચાર કરનાર આ 'હું' એ કોણ છે અને એને ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન આ જગતના તમામ પદાર્થો સાથે કેવા કેવા શુભાશુભ સંબંધો છે ?

બીજા પ્રશ્નના વિચાર દ્વારા 'હું' તત્ત્વ અને જગતના અન્ય અનેક તત્ત્વના શુભાશુભ સંબંધો જાણ્યા પછી હાનિકારક તત્ત્વોને જાણવાપૂર્વક તેની અરુચિ અને ત્યાગ તથા લાભકારક તત્ત્વોને જાણવાપૂર્વક તેનો આદર અને પ્રયત્ન વગેરે રૂપ આત્મ કર્તવ્યોનો ત્રીજા પ્રશ્નમાં વિચાર કરવો જરૂરી બને છે.

આમ પ્રથમ પ્રશ્નના સમાધાન રૂપે જગતની વર્તમાન તમામ પ્રકારની વસ્તુઓ, તેના સર્જન-સંચાલન અને તેના પરસ્પર સંબંધો વગેરેનું તત્ત્વજ્ઞાન ફલિત થાય છે.

બીજા પ્રશ્નના સમાધાન રૂપે 'હું' એટલે કે પોતાના જીવનો અને અન્ય જીવો વગેરેમાં રહેલી વિચિત્રતા-વિલક્ષણતાનું પ્રતિપાદન કરનાર જીવ વિજ્ઞાન અને એ વિચિત્રતાના કારણભૂત કર્મરૂપી પદાર્થનું વિજ્ઞાન ફલિત થાય છે.

ત્રીજા પ્રશ્નના સમાધાનરૂપે જીવ માટે અંતિમ સાધ્યરૂપ ધ્યેય અને એ ધ્યેયને હાંસલ કરાવનાર ઉતરતા દરજ્જાથી માંડીને સર્વોચ્ચ કક્ષાના સદ્‌આચારોના પાલનરૂપ ધર્મ અને એના ધ્યેયને હાંસલ કરવામાં બાધક વિરોધી તત્ત્વોરૂપ દુરાચાર-અધર્મનું વિજ્ઞાન ફલિત થાય છે.

# ૧. જગતનું સર્જન અને સંચાલન

અહીં આપણે, 'પ્રવેશ'માં જણાવેલ વિષયોનો ટૂંકમાં વિચાર કરીએ.

**જગત એટલે શું ? :**

જગત એટલે એકલા જડ પદાર્થો નહિ. કારણ જડમાં કોઈ બુદ્ધિ, યોજનાશક્તિ કે ઉદ્યમ દેખાતા નથી. તેથી આપણી નજર સામે દેખાતું વ્યવસ્થિત સર્જન અને સંચાલન માત્ર જડ પદાર્થ કરી શકે નહિ. જડની સાથે જીવ તત્ત્વ (પદાર્થ) કામ કરે છે. જીવ તત્ત્વની બુદ્ધિ, યોજનાશક્તિ અને ઉદ્યમ તથા જડની સહાય દ્વારા વિશ્વમાં સર્જન થાય છે, સંચાલન થાય છે. ટૂંકમાં જડની સહાય અને જીવનો પુરુષાર્થ આ બેના સહયોગથી જગતની ઘટમાળ ચાલે છે.

જીવની જેવી જેવી બુદ્ધિ અને જેવો જેવો ઉદ્યમ તેવા તેવા પ્રમાણમાં અને તેવા તેવા પ્રકારની તેના પર જડ કર્મની રજ ચોંટે છે. આ કર્મ પાકી જાય છે ત્યારે તે જીવમાં અને જડમાં તે તે પ્રકારે ફેરફારો ઊભા કરે છે જેના યોગે નવાં નવાં સર્જનો થયા કરે છે, તેથી માનવાને કારણ મળે છે કે એની પાછળ જીવ અને જડ પુદ્‌ગલો તથા કર્મ કામ કરી રહ્યાં છે.

**જીવની કામગીરીનો દાખલો :**

દા. ત., માળીએ તો જમીનમાં માત્ર ખાતર અને બીજ નાંખી પાણી પાયું; પણ એની એ જ જમીન, ખાતર, બીજ અને પાણી પર છોડ, પાંદડા, ફૂલ અને ફળ જુદા જુદા રંગના, ઘાટના અને સ્વાદના કેવી રીતે વ્યવસ્થિત રૂપમાં તૈયાર થાય છે ? એ વિચારતાં યુક્તિ-પુરસ્સર સિદ્ધ થાય છે કે એ છોડ વગેરે બધા જડ પુદ્‌ગલનાં બનેલા



શરીરો છે, ને એ શરીરો તેવા તેવા જીવના છે, તેમજ એ શરીરો જીવના કર્મથી બનેલાં છે. એ કર્મ પણ એ જીવે પૂર્વભવે તેવી બુદ્ધિ, પુરુષાર્થ અને જડના સહારાથી સરજેલાં.....

આમ માનવું પડે કે એ પુદ્‌ગલો પાછળ જીવ અને કર્મ કામ કરી રહ્યાં છે. એ જ રીતે જમીનની અંદરની તેવી તેવી માટી, ધાતુઓ, પાષાણ તથા પાણી, અગ્નિ અને વાયુના સર્જન પાછળ જીવ અને એનાં કર્મ કામ કરી રહ્યાં છે. ત્યાં ઉત્પત્તિ સ્થાનમાં જીવો પોતપોતાના કર્મના હિસાબે દાખલ થાય છે અને ત્યાં પોતાને યોગ્ય ખોરાક મળવાથી એમાંથી જીવના કર્માનુસાર વિચિત્ર શરીર બને છે. એનું જ નામ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે છે.

**પ્રયોગ ઉત્પાદ :**

આ ઉપરથી સમજાશે કે આ જગતમાં થતાં સર્જનો પાછળ જીવ અને જડ એ બે તત્ત્વ કામ કરી રહ્યાં છે. જીવને પોતાના કર્મ ભોગવવાનું તેવા તેવા શરીર દ્વારા થાય છે. વળી એમાં પાછા જીવની મિથ્યા વાસના, તેવી તેવી લાગણીઓ (દા. ત., વનસ્પતિકાયમાં પણ ભય, લજ્જા, મોહની લાગણીઓ), મૂઢતા તેમજ કાયિક પ્રવૃત્તિ વગેરે દ્વારા નવા નવા કર્મની રજ ચોંટે છે. એ કર્મનો વિપાક થતાં વળી તેવા તેવા સર્જન થાય છે. જીવ એક શરીરમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં..... એમ પસાર થતો રહે છે. આમ સમસ્ત વિશ્વની આવી વિચિત્ર સર્જનની ઘટમાળ ચાલ્યા કરે છે. આને પ્રયોગ ઉત્પાદ કહે છે.

**વિસ્રસા ઉત્પાદ :**

જીવના સહારા વિના એકલા જડના પણ સર્જન થાય છે; જે વિસ્રસા ઉત્પાદ કહેવાય છે. દા. ત., સંધ્યાના રંગ, મેઘના ગર્જન શબ્દ, વરાળ, ધૂમાડો, છાયા, અંધકાર, અદૃશ્ય અણુમાંથી મોટા મોટા સ્કન્ધ ઇત્યાદિ, વિશ્વમાં આ બધું સર્જન-સંચાલન અનાદિ કાળથી ચાલ્યું આવે છે.

**કારણપૂર્વક જ કાર્ય : કારણ વિના કાર્ય નહિ :**

કોઈપણ કાર્ય કારણ-સામગ્રી વિના બની શકે જ નહિ. એટલે ક્યારેક પહેલાં આ વિશ્વમાં કશું જ નહોતું અને પછી જીવ અને જડ અચાનક ફૂટી નીકળ્યાં, અગર એકલો જડ પદાર્થ પહેલાં હતો અને પછી જીવ પદાર્થ નવો જ બની ગયો, અગર જીવ તદ્દન ચોખ્ખો હતો અને એકાએક શરીર ધારણ કરવા લાગ્યો..... આવું કાંઈ ઘટી શકે જ નહિ. કાર્ય બને એટલે પૂર્વે કારણો હોવાનું માનવું જ પડે. એ કારણોને પણ ઊભા થવામાં એના પણ કારણ માનવા જ પડે. આમ ક્યારેય તદ્દન પ્રાથમિક શરૂઆત નથી થઈ; પરંતુ પૂર્વપૂર્વ કારણ વિચારતાં અનાદિ કાળથી આ ઘટમાળ ચાલી આવનારી માનવી પડે.

**જીવનનું સ્વરૂપ : જીવયત્ન અને કર્મના સર્જન :**

હવે આપણે એ વિચારીએ કે આપણે કોણ છીએ ? પૂર્વે શું હતા ? અને આપણું અધઃપતન ઉન્નતિ શી રીતે ?

અગાઉ કહ્યું તેમ આપણું આ દેખાતું શરીર આપણા જીવનું શરીર છે. જીવના પોતાના પૂર્વ કર્મને અનુસાર તેનું નિર્માણ અને વર્ધન થયું છે. આયુષ્ય કર્મની પૂર્ણાહૂતિ સુધી આ શરીરમાં આપણા જીવને એકમેક થઈને રહેવું પડે છે. શરીરમાં જીવ છે અને જીવ પર એનાં કર્મ છે, માટે જ શરીર મનમાની રીતે હાલે છે, ચાલે છે, કામ કરે છે, આંખ જુએ છે, કાન સાંભળે છે, જીભ ચાખે છે, તેમજ એકલી રોટલી ખાવા છતાં એમાંથી લોહી, માંસ, હાડકાં, કેશ, નખ, રસ-ખળ-મળ-મૂત્ર આ બધા રૂપે વિચિત્ર પરિવર્તન થાય છે. જીવ અને કર્મની શક્તિ-સહકાર વિના એકલા શરીર અને રોટલીની તાકાત નથી કે આવું બધું વ્યવસ્થિત સર્જન બનાવી શકે. જ્યાં સુધી શરીરમાં જીવ બેઠો છે ત્યાં સુધી જ આ પ્રક્રિયા ચાલુ રહે છે. મડદામાં આમાંનું કશું જ નથી થતું, નહિતર શરીર તો એ પણ છે. આ સૂચવે છે કે શરીરમાં શરીરથી જુદો જીવ નામનો પદાર્થ છે ને એ પોતાના કર્મના



સહારે આહાર લે છે, ને એમાંથી આ સર્જનો કરે છે.

માતાના પેટની અંદર પણ, માતાનો ખાવા-પીવા સિવાય કોઈ પ્રયત્ન ન હોવા છતાંય, વ્યવસ્થિત રીતે બાળક તૈયાર થાય છે. એ બાળકના જીવ અને કર્મના લીધે જ થાય છે. માટે તો એક જ માતાના બે બાળકોના શરીર, વર્ણ, આકૃતિ, સ્વર તથા બીજી ખાસિયતોમાં ય ફરક પડે છે. આથી ફલિત થાય છે કે આપણે જીવ છીએ. જીવ અનાદિ [અનંત] કાળથી કર્મબંધ કરે છે, શરીરમાં પૂરાય છે, ત્યાં કર્મ કરે છે.

વળી આ જીવે અનંતાનંત કાળ સૂક્ષ્મ એકેન્દ્રિય વનસ્પતિકાયમાં કાઢ્યો. ત્યાં અનંતીવાર જન્મમરણ કર્યાં ! અગાઉ કહી ગયા તેમ સૂક્ષ્મ લાગણીઓ અને આહારગ્રહણ વગેરે કાયિક આદિ પ્રવૃત્તિ દ્વારા જીવ કર્મથી લેપાતો જ રહ્યો. જુના કર્મ ભોગવવાં, નવા ઊભા કરવાં એ કર્મથી નવા શરીર બનવા વગેરે ચાલ્યા કર્યું.

આ કર્મ સારા-નરસા (પુણ્ય-પાપ) એમ બે પ્રકારે હોય છે. ક્યારેક કંઈક પુણ્યશક્તિ વધતાં, વનસ્પતિકાયમાંથી બહાર નીકળી પૃથ્વીકાયાદિપણું પામ્યો. તેમાંય ઉપર નીચેની યોનિઓમાં જન્મ મળતાં બેઇન્દ્રિયપણું, ત્રીન્દ્રિયપણું [તેઇન્દ્રિયપણું], ચઉરિન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું વગેરેમાં ભટકવાનું થયું. વચમાં એકેન્દ્રિયપણું આદિ પણ પામતો ગયો. પાપ વધતાં નીચે પડવાનું અને પુણ્યાઈ વધતાં ઊંચે આવવાનું બન્યું. જીવની આવી રખડપટ્ટી અનંતાનંત કાળથી ચાલુ છે.

**પુણ્યાઈ ૨ રીતે વધે : અકામનિર્જરાથી અને ધર્મથી :**

**પ્રશ્ન : પુણ્યાઈ શી રીતે વધી ?**

**જવાબ :** એક તો કર્મનો બહુ માર ખાધા પછી (અકામનિર્જરાથી) કર્મલઘુતા થવાના કારણે સહજ શુભભાવથી પુણ્યાઈ વધે છે.

બીજું ધર્મ કરવાથી પુણ્યાઈ વધે છે. એમાં આગળ આગળ પુણ્યાઈ વધ્યે જ જાય એવો સહજભાવનો નિયમ નથી; કેમકે કારણ

મુજબ જ કાર્ય થાય. જીવ જેવો જેવો વર્તે તેવા તેવા પુણ્ય કે પાપ ઊભા થાય છે.

ત્યાં બહુ માર ખાધા પછી કે અશુદ્ધ ધર્મ સેવીને ઊભા કરેલા પુણ્યને ભોગવવાનું આવે છે ત્યારે મોહમૂઢ જીવ લગભગ પાપાચરણમાં પડી નવા પાપ વધારી નીચે ગબડે છે. પણ જો શુદ્ધ ધર્મ આચરે તો તેથી વધેલી પુણ્યાઈ ભોગવવાની આવે, ત્યારે ફરી ધર્મ સૂઝે છે, પુણ્ય વધે છે અને જીવ આગળ વધે છે. એમાં વળી જો મોહમૂઢ બની ભૂલે તો નીચે ગબડે છે.

**પ્રશ્ન : શુદ્ધ ધર્મ શું છે ?**

**જવાબ :** વીતરાગ સર્વજ્ઞ બનેલા તીર્થંકર ભગવંતે કહ્યો હોય તે શુદ્ધ ધર્મ છે, કેમ કે સર્વજ્ઞ હોવાથી તે ત્રણે કાળની પરિસ્થિતિ પ્રત્યક્ષ નીહાળે છે અને વીતરાગ હોવાથી જૂઠ બોલાવનારા કારણ રાગ દ્વેષ વગેરે એમને છે નહિ. તેથી જીવ, અજીવ વગેરે તત્ત્વો કયા કયા ? અને જીવની અવનતિ-ઉન્નતિ કેમ થાય છે? તથા ધર્મનું સ્વરૂપ શું છે ?..... ઈત્યાદિ બરાબર જોયા પ્રમાણે જ કહે છે.

**શુદ્ધ ધર્મથી જ સાચું સુખ ને સદ્ગતિ :**

એ એવો ધર્મ બતાવે છે કે જેના સેવનથી, જેની આરાધનાથી પ્રત્યક્ષમાં પણ દોષો, દુષ્કૃત્યો અને આર્તધ્યાન ઘટી આત્મામાં ક્રમસર વિકાસ થતો દેખાય છે, આંતરિક સાચી સુખશાંતિ વધે છે, તેમજ ભવાંતરે ય સદ્ગતિ તથા આરાધનાની સારી સામગ્રી પ્રાપ્ત થાય છે અને ત્યાં અધિક ધર્મ-આરાધના કરતો જીવ આગળ વધે છે.

આ શુદ્ધ ધર્મનો પ્રારંભ વૈરાગ્યથી થાય છે. વૈરાગ્ય એટલે સંસાર અને ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે નફરત, અરુચિ, કંટાળો, ભય, વ્યથા.

**વૈરાગ્યની ભાવના :**

મનને એમ થાય કે 'આ વારંવાર જનમવું-મરવું એ શું ? આ



શરીરરૂપી પુદ્ગલના લોચા મેળવવા ને એને વધારવાની જ વેઠ કરવી, પાછાં એ ખોવાઈ તો જવાના જ, તોય જીવનમાં અનેકાનેક પ્રકારની જડ વિષયોની ગુલામી કર્યા કરવી? અને એવી ગુલામી કરવાથી સરવાળે શું, તો કે અહીંથી ડિસમિસ થાઓ. મરીને ચાલ્યા જાવ. આ બધું શું ? શું વિટંબણા જ સંસાર ? કેવો આ સંસાર ? સંસારના શું આવા જ તકલાદી સુખ ? આમાંથી કેમ છૂટાય ?.....

—આમ સંસાર પર, સંસાર-ભ્રમણ પર નફરત જાગે, અરુચિ થાય, કંટાળો આવે અને એમાંથી છૂટવા દિલ તલસે; એનું નામ વૈરાગ્ય.

જડ પદાર્થોની ધાંધલથી ભર્યા સંસાર ઉપર નફરત ન થાય ત્યાં સુધી અંતરાત્મા પર અને અંતરાત્માને જડથી નિવૃત્ત કરવા પર દૃષ્ટિ જ જશે નહિ. દૃષ્ટિ જ ન જાય તો ધર્મ પણ શા માટે કરે ?

**ધર્મ સાથે સુખના સોદા ન કરાય :**

અલબત્ત અંતરાત્મા પર દૃષ્ટિ વિના પણ પૈસા-ટકા કે દુન્યવી સુખ-સન્માનના જ લક્ષવાળો જીવ એ પૈસાદિ માટે ધર્મ પણ કરતો દેખાય છે, કિન્તુ ધર્મ સાથે સુખના સોદા કરે છે ! પરંતુ એ કાંઈ ધર્મ નથી. ધર્મ સંસારના સુખ માટે કરવાનો નથી, ધર્મ તો સંસારરૂપી પાંજરામાંથી છૂટવા માટે કરવાનો છે. ધર્મથી સુખભરી સદ્ગતિ મળે એ પણ સંસારથી છૂટવાના માર્ગે લઈ જનારી સામગ્રી છે. એ માટે આત્માનું લક્ષ જોઈએ, એ લક્ષ તો જ આવે કે જો જડમાત્રના બંધન પર નફરત છૂટે. માટે જ શુદ્ધ ધર્મની શરુઆતમાં જડ બંધનમય સંસાર પર વૈરાગ્ય જોઈએ, વૈરાગ્ય આવે એટલે સાચી મોક્ષરુચિ આવે. એ આવે એટલે ધર્મ સાથે દુન્યવી સુખના સોદા ન થાય.

**શુદ્ધ ધર્મ ચરમાવર્તમાં જ મળે :**

**પ્રશ્ન : આવો શુદ્ધ ધર્મ કયારે મળે ?**

**જવાબ :** જીવનો આ સંસારમાંથી છૂટકારો (મોક્ષ) પામવા પૂર્વના એક પુદ્ગલ-પરાવર્ત કાળમાં જ ધર્મ મળે છે. એ છેલ્લો અર્થાત્ ચરમ પુદ્ગલ પરાવર્તકાળ યાને ચરમાવર્તકાળ કહેવાય છે. (અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમકાળ; ૧૦ કોટાકોટિ પલ્યોપમકાળ = ૧ સાગરોપમ; ૨૦ કોટાકોટિ સાગરોપમ = ૧ કાળચક્ર; અનંતા કાળચક્ર = ૧ પુદ્ગલ પરાવર્તકાળ.)

**ત્રસ-સ્થાવરપણામાં પર્યટન :**

ચરમાવર્તકાળ પૂર્વે અચરમાવર્ત કાળમાં શુદ્ધ ધર્મ મળતો જ નથી; કેમકે ત્યાં વૈરાગ્ય, આત્મદૃષ્ટિ કે મોક્ષદૃષ્ટિ આવતી જ નથી. ત્યાં તો માત્ર જડનો મોહ, ક્રોધાદિ કષાયો, મિથ્યામતિ, હિંસાદિ પાપો અને ભવાભિનંદિતા વગેરેમાં નિર્ભીકપણે ડૂબાડૂબ રહેવાનું અને નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ એ ચાર ગતિઓમાં રખડ્યા કરવાનું આ જ બને છે. એમાં પણ બેઇન્દ્રિયથી માંડી પંચેન્દ્રિયપણા સુધીની અવસ્થા જે ત્રસપણું કહેવાય, તેમાં વધુમાં વધુ ૨૦૦૦ સાગરોપમ સુધી જ ટકી શકે. એટલે એટલા કાળમાં જો મોક્ષ ન થયો, તો છેવટે એટલા કાળ પછી તો એકેન્દ્રિય સ્થાવરપણામાં ઊતરવું જ પડે. ત્યાં વળી વધુમાં વધુ કદાચ અનંતોકાલ અનંત કાળચક્ર પણ નીકળી જાય; તે પછી જીવ ઊંચે ત્રસપણામાં આવે ! એમાં ય ૨૦૦૦ સાગરોપમ સુધી મોક્ષ ન પામ્યો તો એટલા કાળના ત્રસપણામાંથી કે કદાચ એની પહેલાં પણ પાછું એકેન્દ્રિયપણામાં ઘસડાઈ જવાનું થાય. અનંતાનંત કાળમાં આવું અનંતવાર બને એમાં નવાઈ નથી.

વાત એ છે કે અચરમાવર્ત કાળમાં જીવને આના તરફ કોઈ દૃષ્ટિ જ નહિ. સંસાર પર વૈરાગ્ય નહિ, પાપનો ખરેખર ભય નહિ. આ બધું ચરમાવર્ત કાળમાં જ થાય. ત્યાં પણ શરૂઆતમાં ય થાય, પછીથી ય થાય, વચમાં ય થાય કે લગભગ છેડે પણ થાય.



**જીવમાં પાંચ કારણોની ઘટના :**

**પ્રશ્ન : આત્માની ઉન્નતિ અર્થાત્ ધર્મમાં આગળ પ્રગતિ અંગે જૈન દર્શન શું કહે છે ?**

**ઉત્તર :** અહીં એટલું સમજી લેવાનું છે કે પૂર્વે કહ્યું તેમ અનાદિકાળથી સૂક્ષ્મ વનસ્પતિકાયપણામાં જ જન્મ-મરણ કરતા જીવને (૧) ભવિતવ્યતાના યોગે બહાર નીકળવાનું થાય છે અને પૃથ્વીકાયાદિ યોનિઓમાં ફરવાનું થાય છે. (૨) સ્વભાવ-એમાં ૩ જાતના જીવ હોય. ભવ્ય, અભવ્ય, જાતિભવ્ય. 'ભવ્ય' એટલે કે મોક્ષ પામવાના સ્વભાવવાળા જીવ અને બીજા અભવ્ય એટલે કે મોક્ષ પામવાના સ્વભાવ વિનાના જીવ. તેથી અભવ્ય જીવનો કદી મોક્ષ થાય જ નહિ એટલે તેના માટે ક્યારેય ચરમાવર્તકાળ જ આવે નહિ. અલબત્ત એવા પણ ભવ્ય જીવો છે કે જેમને મોક્ષ પામવાનો સ્વભાવ હોવા છતાં કદી મોક્ષમાર્ગ આરાધવાની સામગ્રી જ મળતી નથી; તેથી એમને પણ ક્યારેય ચરમાવર્તકાળ આવતો નથી. આવા ભવ્ય જીવો **જાતિભવ્ય** કહેવાય છે. અભવ્યો વાંઝણી સ્ત્રી જેવા છે, ભવ્ય અવંધ્યા સધવા જેવા છે, જાતિભવ્યો ચોરીમાં રાંડેલી અવંધ્યા વિધવા જેવા છે.

બાકીના ભવ્યને ચરમાવર્તકાળ મળે; પણ મુખ્યતયા (૩) કાળના સહારાથી મળે; અર્થાત્ એટલો કાળ પસાર થયા પછી જ મળે. હવે કાળના સહારાથી ચરમાવર્તમાં આવ્યા પછી જીવને (૪) શુભાશુભ પુણ્યાઈનો સહારો મળે તો પંચેન્દ્રિયપણું વગેરે મળે અને ત્યાં (૫) પુરુષાર્થ કરે તો ધર્મ પામે..... યાવત્ મોક્ષે પહોંચે. આમ ભવિતવ્યતા કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ આ પાંચ કારણ કામ કરી રહ્યાં છે. એમાં સારો મનુષ્ય ભવ વગેરે અને દેવ-ગુરુ-ધર્મના- સંયોગ શુભ કર્મના યોગે મળ્યા પછી હવે ચરમાવર્તમાં જ ધર્મદૃષ્ટિ જાગે અને ધર્મ રૂપે ધર્મ થાય, તે જીવને જો પોતાને ધર્મદૃષ્ટિ જગાવવી હોય અને ધર્મપ્રવૃત્તિ કરવી હોય તો જ એ બને. એનો અર્થ એ કે જૈન અવતારે

પહેલાં ચાર કારણ તો અનુકૂળ થઈ ગયા છે, હવે પુરુષાર્થ કરવાનો બાકી રહે છે. પુરુષાર્થ કરે તો ધર્મદૃષ્ટિ-ધર્મપ્રવૃત્તિ ઊભા થાય અર્થાત્ આત્મા પોતાની પુરુષાર્થ-શક્તિથી ધર્મદૃષ્ટિ ઊભી કરે છે, ને એ જ શક્તિથી ધર્મપ્રવૃત્તિ કરે છે; પણ નહિ કે ભવિતવ્યતાદિથી ધર્મદૃષ્ટિ-ધર્મપ્રવૃત્તિ આવે.

પુરુષાર્થ કરનારો જીવ કઈ રીતે આગળ વધે છે ? એનો ક્રમ જુદી જુદી દૃષ્ટિએ વિચારીએ.

**(૧) ધર્મવૃક્ષ : ધર્મપ્રશંસા એ ધર્મવૃક્ષનું બીજ :**

ધર્મને એક વૃક્ષ કલ્પીએ તો ધર્મવૃક્ષની દૃષ્ટિએ ધર્મબીજ પહેલાં આત્મક્ષેત્રમાં વવાવું જોઈએ. આ ધર્મબીજ એટલે ધર્મપ્રશંસા, ધર્મ-આકર્ષણ.

બીજાને ધર્મ કરતા જોઈને (દા. ત., કોઈની તપસ્યા, કોઈનું મહાન દાન વગેરે.) "અહો ! કેવો સુંદર પ્રયત્ન ! કેવી ઉત્કટ આરાધના !" એવો જે જીવના દિલમાં અહોભાવ થાય, પ્રશંસા થાય તે ધર્મબીજ છે.

કેવળ રંગરાગ કે પૈસા ટકાના પૂજારીને તો એમ લાગશે કે 'આ શી મૂર્ખાઈ? તપથી રંગરાગ ગુમાવે છે ! અને પૈસા ફોગટ ફેંકી દે છે !'

**ધર્મબીજ પર અંકુર-નાળ-પત્ર વગેરે કેવી રીતે ? :**

ત્યારે જેને રંગરાગ અને પૈસા ટકાનો પક્ષપાત કંઈક ઘટ્યો હોય તેને જ બીજાના દાન, તપ વગેરે પર આકર્ષણ થાય, ધર્મપ્રશંસા થાય કે 'અહો ! કેવો સુંદર ધર્મ ! એ પ્રશંસા જ ધર્મબીજનું વાવેતર ગણાય. પછી પોતાને ધર્મ કરવાની તીવ્ર અભિલાષા થાય, રુચિ જાગે, એ અંકુર ફૂટ્યો કહેવાય. આગળ એ સાંભળવા સમજવાનું મળે, સમજે એ કંદ કહેવાય. એના પર શ્રદ્ધા થાય, આચરણ કરાય અને એ રીતે વિકાસ કરતાં કરતાં છેવટે ધર્મ આત્મસિદ્ધ થાય. એ બધું ડાળ,



પત્ર, પુષ્પ અને પાકા ફળ સુધી પહોંચ્યા ગણાય. ધર્મ આત્મસિદ્ધ થતાં વીતરાગદશા, એના પર કેવળજ્ઞાન ને એના પર મોક્ષ અવશ્ય સિદ્ધ થાય.

અહિંસા, ક્ષમા, સત્ય વગેરે કોઈપણ ધર્મ સિદ્ધ કરવા માટે પહેલું તે તે ધર્મનું 'બીજાધાન' - બીજ વાવેતર જરૂરી છે. એનું નામ ધર્મ બીજાધાન. પછી તે તે ધર્મની રુચિ-અભિલાષા રૂપી અંકુર તથા ધર્મશ્રવણ-શ્રદ્ધા-પ્રવૃત્તિ ચાલે, તે કંદ-નાળ વગેરે પ્રકટ કરી આગળ તે તે ધર્મવૃક્ષ વધારતાં તે ધર્મસિદ્ધિરૂપી ફળ આવે.

ધર્મપ્રશંસાની આ વસ્તુ તો અસર્વજ્ઞોના ધર્મોમાં રહેલાને પણ બને છે, પણ ત્યાં સાચી ધર્મશ્રદ્ધા નથી મળતી. એમાં કોઈક જન્મમાં પોતે મિથ્યા આગ્રહ વિનાનો બન્યો હોય અને એમાં એને સર્વજ્ઞે કહેલા સત્યધર્મનું શ્રવણ મળી જાય અને એ સાંભળી ચમત્કાર લાગે કે "અહો ! કેટલો સચોટ, સયુક્તિક-સપ્રમાણ અને એકાન્તે આત્મહિતકર ધર્મ ! આ જ સત્ય ધર્મ છે, સત્ય મોક્ષમાર્ગ છે. આના જ તત્ત્વ એ સત્ય તત્ત્વ છે." —એવી શ્રદ્ધા થાય તો એ મૂળ ધર્મ પ્રશંસારૂપી બીજ પર અંકુરો, કંદ, નાળ, ડાળ, પત્ર, પુષ્પ વગેરે થઈને સમ્યગદર્શન-ધર્મરૂપી યાને બોધિરૂપી ફળ આવ્યું કહેવાય. હવે આ સદ્ધર્મ-શ્રદ્ધા જેને સત્તત્ત્વ-શ્રદ્ધા કે જે સમ્યગ્દર્શન કહેવાય છે, એ મોક્ષનું બીજ બને છે. એના પર સમ્યક્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, સમ્યક્તપની સાધના થાય તો છેવટે મોક્ષ ફળ આવે છે.

**(૨) ધર્મ એ મોક્ષ માર્ગ :**

મોક્ષ માર્ગની દૃષ્ટિએ જોઈએ તો ધર્મ એટલે મોક્ષ પમાડનાર સમ્યગ્ દૃષ્ટિ અને સમ્યગ્ આચરણ. અગાઉ કહ્યું તેમ ચરમાવર્તમાં જ્યારે આત્મા તરફ કંઈક પણ દૃષ્ટિ જાય છે અને અત્યાર સુધી જડના રંગરાગની જ એક માત્ર જે લેશ્યા હતી તે મોળી પડે છે, ત્યારે જીવ ન્યાયસંપન્નતા, કૃતજ્ઞતા, દયા, પરોપકાર વગેરેનું સેવન કરતો થાય

છે. આ સેવન વાસ્તવિક મોક્ષમાર્ગ તરફ (યાને સમ્યગ્દર્શનાદિ તરફ) લઈ જનારો હોવાથી માર્ગાનુસારી જીવન કહેવાય છે અથવા સામાન્યથી ગૃહસ્થધર્મ કહેવાય છે. વિશેષથી ગૃહસ્થધર્મ સમ્યક્ત્વ અને ૧૨ વ્રતરૂપ છે.

**વિશેષથી ગૃહસ્થધર્મ :**

માર્ગાનુસારી ગૃહસ્થધર્મને સેવતાં સેવતાં સદ્‌ગુરુનો યોગ થાય તથા સર્વજ્ઞ-કથિત વાસ્તવિક તત્ત્વ અને મોક્ષમાર્ગ સાંભળવા-સમજવા મળે, ને એના પર શ્રદ્ધા થાય, ત્યાં વિશેષથી ગૃહસ્થધર્મરૂપે સમ્યગ્દર્શન થાય છે. એમાં પછી વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાનની પૂજાભક્તિ, સંસાર-ત્યાગી અહિંસાદિ મહાવ્રતધારી અને જિનાજ્ઞાપ્રતિબદ્ધ સાધુ મહાત્માની સેવા ભક્તિ તથા સર્વજ્ઞની વાણીનું શ્રવણ, તીર્થયાત્રા, અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ એ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાના મંત્રનું સ્મરણ, જાપ વગેરે સમ્યગ્દર્શનની કરણી કરે છે.

અને ત્યારબાદ આગળ વીર્યોલ્લાસ પ્રગટ કરી હિંસા જૂઠ વગેરે પાપના સ્થૂલ ત્યાગની પ્રતિજ્ઞાપૂર્વક પાંચ અણુવ્રત ગ્રહણ કરે છે અને એની સાથે ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એમ ૧૨ વ્રત તથા શ્રાવકપણાની બીજી કરણી કરતો જીવ ઊંચો આવે છે.

એમાં વૈરાગ્ય અને વીર્યોલ્લાસ વધતાં સાંસારિક સર્વ સંબંધોનો ત્યાગ કરી સૂક્ષ્મ કોટિની અહિંસા, સત્ય વગેરેના મહાવ્રતો સ્વીકારી મુનિ બને છે એમાં જ્ઞાનાચાર વગેરે પંચાચારનું પાલન કરી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે છે.

જીવને આ બધી આત્માની ઉન્નતિ કરતાં અનેક ભવ લાગે છે. નિશાળના ધોરણોની જેમ અનેક જન્મોમાં પ્રગતિ કરતાં કરતાં છેવટે કોઈ મનુષ્ય ભવમાં ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચવાનું બને છે. કોઈ ભવમાં ભૂલ કરી બેસે તો પાછો અવનતિ પણ પામે છે, ત્યાં પાછી ઉન્નતિની ફરીથી મહેનત કરવી પડે છે.



માટે બીજા નીચી કોટિના જીવ તરફ અરુચિ, દ્વેષ ન કરતાં તેમજ જાત માટે ખોટી ચિંતા, નિરાશા ન સેવતાં એક માત્ર ધર્મસાધના, યોગસાધના ને યોગ્યતા-સાધનામાં લક્ષ રાખી મન-વચન-કાયાથી પુરુષાર્થ કરવો.

હવે બીજા પ્રકરણમાં તત્ત્વ અને મોક્ષ માર્ગનો કંઈક વિસ્તારથી વિચાર કરીશું.

**• પ્રશ્નો •**

**૧. જગતનું સર્જન અને સંચાલન શી રીતે ચાલે છે ?**

**૨. જગતમાં પહેલું શું બન્યું, જડ કે જીવ ?**

**૩. ઝાડની ઉત્પત્તિ દ્વારા જીવન સાબિત કરો.**

**૪. જીવનનો ઈતિહાસ વર્ણવો.**

**૫. શુદ્ધ ધર્મ કયો અને શાથી ?**

**૬. ધર્મ એ વૃક્ષ કેવી રીતે ? ધર્મ એ મોક્ષ માર્ગ શાથી ?**

**"દિવ્ય-દર્શન" - "સુવાક્ય" વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭**

જમવું એ જિનાજ્ઞાનું પાલન નહીં, પરંતુ જમતા બોલવું નહિ એ જિનાજ્ઞાનું પાલન. પૈસા લાવવા એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ પૈસા નીતિથી લાવવામાં નીતિ જિનાજ્ઞાનું પાલન. સંસાર વ્યવહાર કરવો એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ જેમ બને તેમ સંસારને મર્યાદિત કરવો તે જિનાજ્ઞાનું પાલન !

ભગવાન શ્રી જિનેશ્વરદેવની એક પણ આજ્ઞાની કે એક પણ અક્ષરની અવગણના કરનારાઓ સ્વયંમેવ શાસનનો દ્રોહ કરનારા છે. આવાઓથી શાસન રક્ષાની આશા રાખવી એ આકાશકુસુમ જેવું છે.

## ૨. જીવનમાં ધર્મની જરૂર

જીવનમાં જેટલી સુખની જરૂર છે તેના કરતાં કંઈગુણી જરૂર ધર્મની છે કેમકે સુખ ધર્મથી જ મળે છે. **'સુખં ધર્માત્ દુઃખં પાપાત્'** ધર્મથી સુખ, પાપથી દુઃખ-આ સનાતન સત્ય છે. ધર્મ પરલોકને તો સારો કરે જ છે એટલું જ નહિ, પણ તે આ લોકમાં-જીવાતા જીવનમાં પણ સુખ આપે છે. તે આ રીતે-

**ધર્મથી પ્રત્યક્ષ સુખ :**

સુખ અંતરના અનુભવની વસ્તુ છે, બાહ્ય પદાર્થોમાં સુખ નથી. બાહ્ય સુખદાયક ચીજવસ્તુઓના ઢગલા હોય, પણ ચિત્ત જો કોઈ ચિંતાથી સળગતું હોય તો તેનાથી સુખનો અનુભવ નથી થતો. ટૂંકી બુદ્ધિવાળા માને છે કે સુખ ધનમાં છે, સુખ ખાન-પાનમાં છે, સુખ માનપાન અને સત્તા સાહ્યબીમાં છે; પણ જગતમાં જોવાથી દેખાય છે કે કેટલાકની પાસે ધન-સંપત્તિ ઓછા હોવા છતાં તેઓ સંતોષથી વધારે સુખી છે અને જેમની પાસે તે અઢળક કે પૂરતા છે તેમના જીવનમાં ચિંતા-સંતાપથી જરાય સુખ-શાંતિ જોવા નથી મળતા.

સુખ ધન-સંપત્તિનો ગુણ હોય તો જેટલા ધન-સંપત્તિ વધુ, તેટલો વધુ સુખનો અનુભવ થાય જ. એમ સુખ જો ખાન-પાનનો ગુણ હોય તો જેટલા ખાન-પાન વધુ થાય તેટલું વધુ સુખ લાગવું જોઈએ. પણ અનુભવ જુદો હોય છે; એક બે લાડુ ખાતાં સુખ થાય છે, પણ વધુ ખવાઈ જાય તો ઊલટી જેવું થાય છે. જીવને અ-સુખ દુઃખ લાગે છે. એક પત્ની કરીને જે સુખ લાગે છે તે સુખ બે-ત્રણ પત્ની કરવાથી સુખ વધવાને બદલે ઊલટું ઘટી જાય છે !

તો શું આ ધન-પરિવાર-મેવા મીઠાઇ વગેરેને સુખ કહેવાય ?



બીજી રીતે વિચારીએ. એક જ વસ્તુ એકવાર સુખરૂપ લાગે છે અને એ જ વસ્તુ ફરીવાર દુઃખરૂપ લાગે છે. તો શું કોઈપણ ચીજ વસ્તુમાં ચોક્કસપણે દુઃખ જ છે કે સુખ જ છે એમ કહેવાય ખરું ? ના, ન જ કહેવાય.

સુખ એ બાહ્ય વસ્તુનો ધર્મ નથી; એ તો આત્માની ચીજ છે. પરંતુ એ ત્યારે જ અનુભવાય છે કે જ્યારે હૈયે કોઈ ચિંતા ન હોય, મનમાં કોઈ ભય ન હોય, અંતરમાં ન કોઈ સંતાપ હોય, ન કોઈ અજંપો હોય, મન હૈયું-અંતર નિશ્ચિત, નિર્ભય, શાંત અને આત્મામાં મસ્ત હોય તો જ સુખનો—સાચા સુખનો અનુભવ થાય.

ધર્મ આવું સુખ આપે છે, ધર્મ એવી નિરાંતની સ્થિતિ ઊભી કરી આપે છે કે જેથી જેમ વનવગડામાં કકડીને ભૂખ લાગી હોય અને માત્ર સૂકો રોટલો જ ખાવા મળે તોય એ ખાવામાં મહા આનંદ આપે છે, તેવી રીતે ધર્માત્માને ધર્મ સમજથી દુન્યવી સામાન્ય સંજોગોમાં પણ મહાન આનંદ રહે છે; જેમ કે સાધુ-મહર્ષિને. ઉપરાંત ધર્મ એવા પુણ્યનો થોક આપે છે કે એ જીવને પરભવમાં સારી દેવ-મનુષ્યાદિ ગતિ, સારું ફળ, આરોગ્ય, રિદ્ધિ-સમૃદ્ધિ, દેવ-ગુરુ આદિ ધર્મ-સામગ્રી અને સદ્બુદ્ધિ આપે છે. આ લોક અને પરલોકમાં સુખ જોઈતું હોય તો ધર્મ આરાધવાની ખાસ જરૂર છે. કહ્યું છે કે—

**વ્યસનશતગતાનાં કલેશરોગાતુરાણાં, મરણભયહતાનાં દુઃખશોકાર્દિતાનામ્;**

**જગતિ બહુવિધાનાં વ્યાકુલાનાં જનાનાં, શરણમશરણાનાં નિત્યમેકો હિ ધર્મઃ ॥**

**ભાવાર્થ :** સેંકડો સંકટ પ્રાપ્ત થયેલાને, કલેશ અને રોગથી પીડાતાને, મરણના ભયથી વિહ્વળ બનેલાને, દુઃખ-શોકથી દુખિતને, અનેક પ્રકારે આકુળ-વ્યાકુળ લોકોને અને નિરાધારને, જગતમાં હંમેશા

ધર્મ જ એક માત્ર શરણભૂત છે. આવા સમયે ગમે તેવા માણસને પણ 'હે ભગવાન' સ્ફુરી આવે છે. એ સૂચવે છે કે ભગવાન ને ધર્મ એજ અંતે શરણભૂત છે.

જીવનમાં ધર્મની જરૂર એટલા માટે પણ છે કે જીવ પોતાના પ્રત્યે બીજાના તરફથી પાપવર્તાવ નહિ પણ ધર્મવર્તાવ જ ઇચ્છે છે. દા. ત., નાસ્તિક જેવો પણ ઇચ્છે છે કે 'કોઈ મારી હિંસા ન કરે, મારા તરફ દયા-સ્નેહ-ઉદારતાથી વર્તે, મારી આગળ જૂઠ ન બોલે, મારી વસ્તુની ચોરી ન કરે, મારી પત્ની તરફ ખરાબ નજરથી ન જુવે.....' વગેરે. તો એમાં શું ઇચ્છ્યું ? બીજાઓ તરફથી પોતાને હિંસાદિ પાપ નહિ, પણ અહિંસાદિ ધર્મ, તો પછી બીજાઓ પણ એવું જ ઇચ્છતા હોય છે. આથી વર્તાવ પાપનો નહિ, પણ ધર્મનો જ જરૂરી છે એ સિદ્ધ થાય છે, એટલે જીવનમાં ધર્મ જરૂરી છે.

**• પ્રશ્નો •**

**૧. સુખ બાહ્ય પદાર્થોમાં કેમ નહિ ?**

**૨. ધર્મથી સુખ કેવી રીતે ?**

**૩. જગત સાથેના આપણા સંબંધથી ધર્મ કેવી રીતે સાબિત થાય ?**

**૪. ધર્મનું જ શરણ શા માટે લેવું ?**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં" વર્ષ-૪, અંક-૯, તા.૫-૧૧-૧૯૫૫**

"સાધુ સુખીયા સર્વદા દુખીયા નહિ લવલેશ" આવું શા માટે કહેવાય છે ? જેમનો આત્મા પ્રતિ પળે હલકો અને ઉજળો થાય છે. એમાં દુઃખ હોય જ શાનું ? કર્મ જવાથી આત્મા હલકો થાય છે અને સમાધિમય જીવન હોવાથી આત્મા ઉજ્જ્વળ બને છે.

• • •

પ્ર. : અનીતિનું ધન ધર્મમાં વપરાય કે નહિ ? ઉત્સર્ગ (મૂળ) વિધિથી વપરાય નહિ. અનીતિના ધનની શુદ્ધિ શી રીતે થાય ? મનની શુદ્ધિથી થઈ શકે.



## ૩. ધર્મ પરીક્ષા

ધર્મ વાસ્તવિક કયો હોઈ શકે ! આવો એક પ્રશ્ન ઊઠે છે. આનો જવાબ એ છે કે જે ધર્મ સોનાની જેમ કષ, છેદ અને તાપની પરીક્ષામાંથી પાસ થાય તે જ ખરો ધર્મ છે, આવો જ ધર્મ આદરણીય છે. આ અંગે વિગતે વિચારીએ.

**પહેલી પરીક્ષા :** 'કષ' એટલે કસોટી પરીક્ષામાંથી પાસ. ધર્મ એ છે કે જે ધર્મમાં યોગ્ય વિધિનિષેધ કહ્યા હોય. અર્થાત્ કરવા યોગ્ય સારી પ્રવૃત્તિનું યોગ્ય વિધાન કર્યું હોય અને તજવા યોગ્ય ખરાબનો નિષેધ કર્યો હોય. (નિષેધ એટલે અમુકથી નિવૃત્ત થવાનું કહ્યું હોય.)

આમ **'કષ'** પરીક્ષામાં પાસ એ છે કે જેમાં યોગ્ય રીતે અમુકનો આદર કરવાનું અને અમુકનો ત્યાગ કરવાને ફરમાવ્યું હોય. દા. ત., 'ક્ષમા, સંતોષ, જ્ઞાન, ધ્યાન, તપ' વગેરે કરવા અને 'હિંસા, જૂઠ' વગેરે છોડવા..... આમાં જ્ઞાનાદિનું વિધાન છે અને હિંસાદિનો નિષેધ છે.

**બીજી પરીક્ષા :** વિધિ-નિષેધને અનુરૂપ અર્થાત્ પુષ્ટ કરનાર આચાર-અનુષ્ઠાન જે ધર્મમાં ફરમાવ્યા હોય તે ધર્મ **'છેદ'**-પરીક્ષામાં પાસ કહેવાય. દા. ત., પહેલાં નિષેધ તો કર્યો કે 'કોઈ જીવની હિંસા ન કરવી.' પછી અનુષ્ઠાન તરીકે કહ્યું કે 'પશુને મારીને યજ્ઞ કરવો.' તો આ કંઈ નિષેધને અનુરૂપ ન થયું. ઊલટું, હિંસાના નિષેધનો ભંગ કરનારું થયું ! જૈન ધર્મમાં આવું નથી; કેમકે જૈન ધર્મમાં ગૃહસ્થ કે સાધુ માટે જે આચાર-અનુષ્ઠાન બતાવ્યા છે, એ વિધિ અને નિષેધની સાથે સંગત છે, પોષક છે. કેમકે એમાં જીવરક્ષાની જયણા (યતના)ને મુખ્ય રાખીને આચાર અનુષ્ઠાન બતાવ્યા છે.

સાધુ માટે કહ્યું 'સમિતિ ગુપ્તિ પાળો અર્થાત્ જીવરક્ષા થાય;

વ્રતોની યતના થાય એ રીતે ચાલો, બોલો, બેસો, ઊઠો, ભિક્ષા લો.....' વગેરે. ગૃહસ્થ શ્રાવકને પણ સામાયિક, વ્રત, નિયમ, દેવગુરુ-ભક્તિ વગેરે અનુષ્ઠાનો એવા બતાવ્યાં છે કે જે વિધિ નિષેધથી સહેજ પણ વિરુદ્ધ તો જતાં નથી, ઉપરાંત વિધિ-નિષેધને અનુરૂપ છે.

**ત્રીજી પરીક્ષા : પૂર્વ બેને અનુરૂપ તત્ત્વો - સિદ્ધાંતો :** ધર્મની તાપ-પરીક્ષા એ છે કે વિધિ-નિષેધ અને આચાર-અનુષ્ઠાન સંગત બની શકે એવા તત્ત્વ અને સિદ્ધાન્ત માન્ય હોવા જોઈએ. દા. ત., તત્ત્વ માન્યું કે એક, શુદ્ધ, બુદ્ધ (આત્મા) એ જ તત્ત્વ છે. હવે જો એમ જ હોય તો વિધિ-નિષેધ કેમ ઘટે ? નિષેધ એ છે કે "કોઈપણ જીવને મારવો નહિ." જો આત્મા એક જ હોય, બીજો કોઈ આત્મા જ હોય નહિ, તો પછી હિંસા કોની ? કોણ કોને મારે ?

એવી જ રીતે બીજા કોઈએ તત્ત્વ માન્યું કે, 'આત્મા ક્ષણિક છે' અર્થાત્ ક્ષણમાં નાશ પામે છે. બીજી ક્ષણે નવો આત્મા પેદા થઈ એ પણ ક્ષણમાં નાશ પામે છે.' હવે વિચારો કે આત્મતત્ત્વ જો આવું ક્ષણિક હોય તો નિષિદ્ધ હિંસાના અનાચરણનું ફળ અને વિહિત તપ-ધ્યાનના આચરણનું ફળ કોને મળે ? કેમકે હિંસા કે તપ-ધ્યાન કરનાર આત્મા તો ક્ષણમાં નાશ પામ્યો. એટલે ક્ષણિકત્વ તત્ત્વ એવું માન્યું કે જેના મૂળ વિધિ-નિષેધ સંગત થતા નથી એમ, જીવ જો એકાંતે નિત્ય જ છે અર્થાત્ એનામાં કોઈપણ ફેરફાર થાય જ નહિ એવો સિદ્ધાંત હોય તો પછી ફળ-ભોગને માટે જરૂરી પરિવર્તનને અવકાશ જ ક્યાં રહેશે ? જો એ નહિ તો વિધિ-નિષેધ કોને લાગુ થાય ? નિત્ય જીવને નહિ માટે આ તત્ત્વ-સિદ્ધાંતની માન્યતામાં વિધિ-નિષેધ અને આચાર-અનુષ્ઠાન સંગત ન બન્યા.

જૈન ધર્મ કહે છે : 'આત્મા અનંતા છે, વળી એ નિત્યાનિત્ય છે' તેથી વિધિ-નિષેધ અને આચાર તત્ત્વ-સિદ્ધાંતની સાથે સંગત બની શકે છે. આત્મા અનંત છે તેથી એકબીજાની હિંસાનો પ્રસંગ હોઈ શકે



છે. નિત્યાનિત્ય છે, એટલે જીવ દ્રવ્ય તરીકે નિત્ય અને અવસ્થા (પર્યાય) તરીકે અનિત્ય છે, એટલે કે અવસ્થા બદલાય છે, તેથી ફળ ભોગવવા માટે બીજી અવસ્થા આવી શકે છે.

આમ જૈન ધર્મ ત્રણે કષ-છેદ અને તાપની પરીક્ષામાં પાસ થવાથી સો ટચના સોના જેવો શુદ્ધ છે. આ ઉપરથી ધર્મનું સ્વરૂપ શું હોઈ શકે તે સમજાશે.

**• પ્રશ્ન •**

**૧. જગતના બજારમાં ધર્મ કેવી રીતે તપાસશો ?**

**૨. ધર્મની કષ-છેદ-તાપ પરીક્ષા વર્ણવો.**

**૩. સિદ્ધાંતનું આચાર કરતાં મહત્ત્વ કેમ ?**

**"દિવ્ય-દર્શન" - "વચનામૃત" વર્ષ-૫,અંક-૨૦,તા.૧-૭-૧૯૫૭**

માર્ગાનુસારિ ગુણોની પ્રાપ્તિથી આત્મામાં યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે; કહો કે આત્મદ્રવ્યનો પલાળેલી મુલાયમ માટી કે કણેક જેવો યોગ્ય પિંડો તૈયાર થાય છે, જેના ઉપર પછી સમ્યગ્જ્ઞાન-ક્રિયાદિના સુંદર ઘાટ ઘડી શકાય છે.

- અસમાધિ એટલે રાગદ્વેષનો હિંચોળો.
- વિષય કષાયને છોડવાનું સાંભળે તે શ્રાવક અને છોડવાનું સાધે તે સાધુ.
- અફીણ વગેરેના વ્યસનો કરતાં ઘણું જ ભયાનક વ્યસન સરાગદૃષ્ટિનું છે.
- નવાઈ ચારિત્ર પામવામાં નથી, નવાઈ એથી દોષોને ટાળવામાં છે
- સંયમના યોગોની વિરાધના કરી, ભવદુ:ખની રાશીમાં પડવાનો અવસર આવશે, તે વખતે શાસ્ત્રો, શિષ્યો, ભક્તો કે ઉપધિ વગેરે બચાવવા નહિ આવે.

# ૪. જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે ?

શું જૈન ધર્મને વિશ્વ ધર્મ કહી શકાય ? હા કહી શકાય. કેમકે—

(૧) જૈન ધર્મમાં વિશ્વનું યથાસ્થિત સ્વરૂપ રજૂ થયું છે.

(૨) સમસ્ત વિશ્વને ગ્રાહ્ય એવા સર્વવ્યાપી નિયમો તેમાં ફરમાવ્યા છે.

(૩) એમાં ધર્મ પ્રણેતા તરીકે અને આરાધ્ય ઈષ્ટદેવ તરીકે કોઈ એક સ્થાપિત વ્યક્તિ નથી; પરંતુ આરાધ્ય અને પ્રણેતા તરીકે જે ચોક્કસ ગુણો અને વિશેષતા જોઈએ તે વીતરાગતા, સર્વજ્ઞતા, સત્યવાદિતા આદિ વિશેષ ગુણોવાળાને જ ઈષ્ટદેવ અને પ્રણેતા માનવામાં આવ્યા છે.

(૪) એમાં વિશ્વના પ્રાથમિક પ્રારંભિક યોગ્યતાવાળા જીવથી માંડીને ક્રમશઃ સર્વોચ્ચ કક્ષા સુધી પહોંચેલા જીવોનું હિત થાય એવી અને પાલનમાં ઉતારી શકે એવી વિવિધ કક્ષાવાળી સાધના બતાવી છે.

(૫) એમાં સમસ્ત વિશ્વના યુક્તિસિદ્ધ અને સદ્ભૂત અર્થાત્ ખરેખર વિદ્યમાન તત્ત્વો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

(૬) જૈન ધર્મમાં વિશ્વની દુઃખદ સમસ્યાનો ઉકેલ લાવી શકાય એવા અનેકાંતવાદાદિ સિદ્ધાંત અને અહિંસા-અપરિગ્રહાદિરૂપ આચાર-મર્યાદા જોવા મળે છે.

આથી જૈન ધર્મને વિશ્વ હિતકારી વિશ્વ ધર્મ જરૂર કહી શકાય.

ગાંધીજીના પુત્ર દેવીદાસે એક સમયે લંડનમાં સમર્થ નાટ્યકાર અને ચિંતક જ્યોર્જ બર્નાડ શોને પૂછ્યું, "જો પરલોક જેવી વસ્તુ હોય તો તમે આ જન્મ પછી ક્યાં જન્મ થાય તે ઈચ્છો છો ?"



બર્નાડ શોએ કહ્યું, "તો હું જૈન થવા માગું છું."

દેવીદાસે ફરી પૂછ્યું, "અરે પરલોક માનનાર અમારે ત્યાં ૩૦ કરોડ હિન્દુઓ છે એને મૂકી તમે કેમ નાની જૈન કોમમાં જન્મ લેવા માંગો છો ?"

બર્નાડ શોએ કહ્યું, "જૈન ધર્મમાં ઈશ્વર-પરમાત્મા બનવાનો ઈજારો-પરવાનો (Sole Agency) કોઈપણ એક વ્યક્તિને નથી અપાયો. પરંતુ વિશિષ્ટ યોગ્યતાવાળો કોઈપણ મનુષ્ય આત્માની ઉન્નતિ-ઉર્ધ્વીકરણ કરીને પરમાત્મા બની શકે છે. તો એમાં જ નંબર ન લગાવું ? તેમજ એ માટે જૈન ધર્મમાં આચરી શકાય એવો વ્યવસ્થિત ક્રમિક સાધના માર્ગ બતાવ્યો છે, જે વૈજ્ઞાનિક પણ છે. એવો વ્યવસ્થિત-સક્રિય ક્રમિક અને વૈજ્ઞાનિક સાધનામાર્ગ બીજે નથી."

ધર્મના મુખ્ય બે વિભાગ છે. એક વિભાગ પાલન કરવાના આચાર-વિચારનો અને બીજો વિભાગ છે જાણવાના અને માનવાના તત્ત્વોનો. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મે એ બતાવવું જોઈએ કે આ વિશ્વ શું છે ? વિશ્વ વ્યવસ્થા કેવી રીતે ચાલે છે ? એમાં જીવ સાથે કયા તત્ત્વો જોડાયા છે અને આચાર-વિચાર કયા કયા છે ? કે જે મોક્ષ તરફ પ્રયાણ શરૂ કરાવે અને એ પ્રયાણને અખંડ રાખે ! સફળ બનાવે !

**• પ્રશ્નો •**

**૧. 'વિશ્વ ધર્મ'માં 'વિશ્વ' પદને જુદી જુદી વિભક્તિ લગાડી તેના અર્થ કરો.**

**૨. આજની વિશ્વ સમસ્યાઓ કેમ ઉકલે ?**

**૩. બર્નાડ શોએ બીજા જન્મમાં જૈન થવાનું કેમ પસંદ કર્યું ?**

# ૫. વિશ્વ શું છે ?

વિશ્વ શું છે ? વિશ્વ ચેતન અને જડ દ્રવ્યનો સમૂહ છે. જડ દ્રવ્યોમાં (૧) પુદ્ગલ (Matter), (૨) ધર્માસ્તિકાય (Medium of motion), (૩) અધર્માસ્તિકાય (Medium of rest), (૪) આકાશ (Space) અને (૫) કાળ (Time), એ પાંચ દ્રવ્યની વિગતે વિચારણા પછીના પ્રકરણમાં કરશું.

**પ્રશ્ન : શું આ દ્રવ્યો સિવાય વિદ્યુત શક્તિ વગેરે વસ્તુઓ નથી ?**

**જવાબ :** છે; પણ એ જુદી વસ્તુઓ નથી. વિદ્યુત શક્તિ પણ પુદ્ગલ દ્રવ્યોનો એક ગુણધર્મ છે. શક્તિ-ગુણ-અવસ્થા વગેરેને કોઈ આધાર જોઈએ. દા. ત., પ્રકાશ શક્તિનો આધાર દીવો, રત્ન વગેરે છે ને એ પ્રકાશ શક્તિ દ્રવ્ય-મય છે. એટલે દ્રવ્ય સિવાય શક્તિ નામની કોઈ સ્વતંત્ર વસ્તુ નથી.

**પ્રશ્ન : તો ચૈતન્યને પણ જડ શરીરની જ એક શક્તિ ન મનાય ? કારણ ચૈતન્ય જડથી જુદું તો દેખાતું નથી. આ દૃષ્ટિએ વિશ્વ માત્ર જડદ્રવ્યમય જ રહ્યું, તો ચેતન આત્મા સ્વતંત્ર દ્રવ્ય કઈ રીતે મનાય ?**

**જવાબ :** ચૈતન્ય એ ચેતન દ્રવ્યની જ ખાસ શક્તિ છે, ને ચેતન દ્રવ્ય સ્વતંત્ર દ્રવ્ય જ છે.

**પ્રશ્ન : તો શરીરની જેમ ચેતન દ્રવ્ય કેમ દેખાતું નથી ?**

**જવાબ :** ચેતન દ્રવ્યમાં વર્ણ, સ્પર્શ વગેરે ગુણધર્મો નહિ હોવાથી આંખ વગેરે બાહ્ય ઇન્દ્રિયોથી તે દેખાતું નથી. અલબત આ ચેતન દ્રવ્ય શરીરમાં પ્રવિષ્ટ છે, ને શરીર નજરે દેખાય છે એટલે ચેતન દ્રવ્યના ખાસ ધર્મ ચૈતન્ય, જ્ઞાન, રાગ, ઇચ્છા, સુખ, દુઃખ વગેરે શરીરમાં જ હોવાનો ભાસ થાય છે. બાકી એ ચૈતન્યાદિ ધર્મ ખરેખર શરીરના ધર્મ નથી, પણ શરીરમાં પૂરાયેલાં ચેતન દ્રવ્યના-આત્મ દ્રવ્યના ધર્મ છે.



**પ્રશ્ન : ચૈતન્ય વગેરે ધર્મો શરીરના નથી એમ શા માટે ?**

**જવાબ :** એટલા માટે કે શરીર જડ છે, એટલે તેમાં માટી, લાકડું, પત્થર વગેરે જડની જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોઈ શકે છે; પરંતુ ચૈતન્ય, જ્ઞાન, સુખ-દુઃખ વગેરે ધર્મ નહિ. તેના કારણો એ છે કે-

૧. વર્ણ-ગંધાદિથી વિલક્ષણ જ્ઞાન-સુખ-દુઃખાદિ ગુણો સ્ફુરણ-સંવેદના રૂપે અનુભવાય છે, તેથી એ જડ-શરીરના ગુણ ન હોય.

૨. મરેલાના શરીરમાં (મૃતદેહમાં) એ ધર્મો બિલકુલ જણાતા નથી.

૩. શરીરના ઘટક મૂળ દ્રવ્યો, પાણી, માટી વગેરેમાં જ્ઞાનાદિ સહેજ પણ નથી. દારૂના ઘટક દ્રવ્યો આટો, પાણી, ગોળ વગેરેમાં અંશેય મદશક્તિ છે. એથી આ દ્રવ્યો ભેગા મળવાથી બનેલ દારૂમાં માદકશક્તિ જણાય છે.

૪. અહીં માટી યા અન્ન, પાણી વગેરેમાં અંશેય જ્ઞાન, સુખ-દુઃખ વગેરે ક્યાં છે ? તો એ અન્નપાણીથી બનેલા શરીરના એ ધર્મ કેવી રીતે ગણાય ? માટે કહેવું પડે કે એ શરીરમાં જે એક અદૃશ્ય ચેતન દ્રવ્ય છે, એનો એ ધર્મ છે. રાખમાં ભીનાશ, શીતળતા, ચીકાશ વગેરે ધર્મ નથી; છતાં ભીની રાખમાં એ દેખાય છે તો માનવું પડે કે એમાં પાણી ભળ્યું છે, ને એના એ ગુણધર્મ છે. એમ શરીરમાં ચેતન-આત્મા ભળેલો છે, એના એ જ્ઞાનાદિ ગુણધર્મ છે. માટે જ શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી એ મુદ્દલ દેખાતા નથી.

**• પ્રશ્ન •**

**૧. શક્તિ શી ચીજ છે ?**

**૨. ચૈતન્ય-જ્ઞાન વગેરે ધર્મો શરીરના કેમ નહિ ?**

**૩. આત્મા ભૌતિક પદાર્થોથી બનેલો કેમ ન મનાય ?**

## ૬. સ્વતંત્ર આત્મ દ્રવ્યમાં પ્રમાણ

**પ્રશ્ન : જગતમાં ચેતન-આત્મ દ્રવ્ય જડ કરતાં એક જુદું-સ્વતંત્ર જ દ્રવ્ય હોવાનું કોઈ પ્રમાણ છે ?**

**જવાબ :** હા, એક નહિ પણ અનેક પ્રમાણો છે. આગળ જણાવ્યું તેમ જ્ઞાન, ઈચ્છા, સુખ-દુઃખ, રાગદ્વેષ, ક્ષમા-નમ્રતા વગેરે ચેતનાવંત ધર્મો, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ કરતાં તદ્દન વિલક્ષણ છે. તેથી એ જ્ઞાનાદિના આધાર તરીકે જડ કરતાં વિલક્ષણ દ્રવ્ય હોવું જોઈએ. આ વિલક્ષણ દ્રવ્ય એ જ સ્વતંત્ર આત્મ દ્રવ્ય.

(૨) શરીરમાં આ સ્વતંત્ર આત્મ દ્રવ્ય છે ત્યાં સુધી જ ખાધેલા અન્નના રસ, રૂધિર, મેદ, કેશ, નખ વગેરે પરિણામ બને છે. મૃતદેહમાં આ આત્મ દ્રવ્ય નથી હોતું, તેથી તે ન તો ખાઈ શકે કે ન તો તે જીવંત દેહની જેમ પચાવવા વગેરે બીજી ક્રિયાઓ કરી શકે છે.

(૩) આપણે કહીએ છીએ કે "એનો જીવ ગયો, હવે આમાં જીવ નથી". આ 'જીવ' એ જ આત્મ દ્રવ્ય.

(૪) શરીર વધે છે; ઘટે છે. પણ આ શરીરના વધવા ઘટવાથી જ્ઞાન, ઈચ્છા, સુખ-દુઃખ, ક્ષમા-નમ્રતા વગેરે કશાની વધ-ઘટ થવાનો નિયમ નથી; આ જ પ્રમાણ છે કે જ્ઞાનાદિ શરીરના ધર્મ નથી પરંતુ આત્માના તે ધર્મો છે.

(૫) શરીર એક ઘર જેવું છે. ઘરમાં રસોડું, દીવાનખાનું, બાથરૂમ, ઓસરી વગેરે હોય છે, પણ તેમાં રહેનાર માલિક કે ભાડૂત પોતે કંઈ ઘર નથી. એ તો ઘરથી જુદાં જ છે. તેમ શરીરની પાંચ ઈન્દ્રિયો છે, પણ તે સ્વયં આત્મા નથી. આત્મા વિના આંખ જોઈ શકતી નથી, કાન સાંભળી શકતા નથી, જીભ કોઈ રસ ચાખી શકતી નથી. આ બધાને કાર્યરત આત્મા રાખે છે. શરીરમાંથી આત્મા ચાલ્યો



ગયો તો એનું બધું જ કામ બંધ. માળી ગયો એટલે બગીચો ઉજ્જડ !

(૬) શરીર એ કાપડની જેમ ભોગ્ય વસ્તુ છે. મેલું થયું હોય તો એને ધોઈ શકાય છે, એને વધુ ઉજળું પણ કરી શકાય છે. તેલ માલિશથી તેને સુંવાળું કરી શકાય છે. પફ-પાવડર વગેરે પ્રસાધનોથી તેને સુંદર અને સુશોભિત કરી શકાય છે, પણ આ બધું કરનાર કોણ ? શું શરીર પોતે ? ના. શરીરમાં રહેલો આત્મા જ આ બધું કરે છે. આત્મા નીકળી ગયા પછી મડદું શરીર એ કશું કરતું નથી.

(૭) શરીરની રચના એક ઘરની જેમ બનેલી છે. તેને આટલું વ્યવસ્થિત બનાવનાર કોણ ? કહો કે પૂર્વાપાર્જિત કર્મ સાથે પરલોકથી ચાલી આવેલો આત્મા.

(૮) ઈન્દ્રિયોમાં જ્ઞાન કરવાની સ્વતંત્ર શક્તિ નથી, કેમ કે મડદું થઈ ગયા પછી ઈન્દ્રિયો એની એ પડી જ હોવા છતાં તે કશું જ કરી શકતી નથી. વળી આંખ, કાન વગેરે એકબીજાથી તદ્દન જુદા હોઈ 'જે હું વાજિંત્ર જોઉં છું તે જ હું શબ્દ સાંભળું છું. આવું આવું અલગ અલગ અદૃશ્ય રૂપ અને શ્રવ્ય-શબ્દના જોનાર અને સાંભળનારનું એકીકરણ આંખ ન કરી શકે કે કાન ન કરી શકે, તો એ જ્ઞાન એકીકરણ વગેરે કરનાર કોઈ જુદું જ સ્વતંત્ર દ્રવ્ય હોવું જોઈએ. આવું એકીકરણ કરનાર જે દ્રવ્ય તે જ સ્વતંત્ર આત્મ દ્રવ્ય છે. શરીર કોઈ એક ચીજ નથી. એ તો હાથ, પગ, મોં, માથું, છાતી, પેટ વગેરેનો સમૂહ છે, એ કોઈ વ્યક્તિ નથી કે જે બધાનું એકીકરણ કરી શકે. માટે એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે આત્મ દ્રવ્ય માનવું પડશે.

(૯) કોઈ એક ઈન્દ્રિય નાશ પામ્યા પછી પણ એના દ્વારા થયેલ પૂર્વ અનુભવોનું સ્મરણ થાય છે. આ અનુભવ પછીના સ્મરણને કરનાર આત્મા જ હોઈ શકે; કેમ કે 'જેને અનુભવ તેને જ સ્મરણ' એવો નિયમ છે. ઇંદ્રિય પોતે જ અનુભવ કરનાર હોત તો ઈન્દ્રિય તો વિનષ્ટ છે, તો હવે સ્મરણ કોણે કર્યું ?

(૧૦) નવા નવા વિચારો, લાગણીઓ, ઈચ્છાઓ કરનાર,

વાણી બોલનાર, ઈન્દ્રિયોને પ્રવર્તાવનાર તેમજ હાથ-પગ વગેરે અવયવોના હલનચલન કરવાનો પ્રયત્ન કરનાર યાવત્ મનના વિચારો ફેરવનાર અલગ વ્યક્તિ આત્મા જ છે. તે પોતે ધારે ત્યારે ચાલુ કરે અને ધારે ત્યારે બંધ. આમ આ બધાનો સંચાલક અલગ આત્મ દ્રવ્ય સિદ્ધ થાય છે.

(૧૧) 'આત્મા નથી' એ બોલવા પરથી જ પુરવાર થાય છે કે આત્મા છે. વસ્તુ કયાંય પણ વિદ્યમાન હોય એનો જ નિષેધ થઈ શકે. જડને અજીવ કહેવાય છે. હવે જો જીવ જેવી વસ્તુ જ ન હોય તો અજીવ શું છે ? જગતમાં બ્રાહ્મણ છે, જૈન છે, તેથી જ અબ્રાહ્મણ, અજૈન વગેરે કહી શકાય.

(૧૨) શરીરને દેહ, કાયા, કલેવર પણ કહે છે. આ બધા તેના પર્યાય શબ્દ-સમાનાર્થક બીજા શબ્દ છે. તે જ પ્રમાણે જીવના પર્યાય શબ્દ આત્મા, ચેતન વગેરે છે. જુદા જુદા પર્યાય-શબ્દો, જુદી જુદી વસ્તુના જ હોય.

(૧૩) કોઈને પૂર્વભવનું સ્મરણ થાય છે અને એ બધું સ્મરણ તેને પોતાના અનુભવ જેવું જ લાગે છે. આ તો જ બની શકે કે જો આત્મા શરીરથી જુદો હોય, સ્વતંત્ર હોય અને તે જ પૂર્વ જન્મમાંથી આ જન્મમાં આવ્યો હોય. નહિતર પૂર્વના શરીર દ્વારા થયેલા અનુભવ પૂર્વ શરીર નાશ સાથે નષ્ટ થયા, તે આ શરીરમાં યાદ શી રીતે આવે? એવું તે કંઈ બને કે અનુભવ કોઈ કરે અને તેનું સ્મરણ-અનુભૂત સ્મરણ બીજો કરે ? પિતાએ પરદેશમાં અનુભવેલું પુત્ર યાદ કરી શકતો નથી.

(૧૪) પ્રિય પણ આરામ ધંધા માટે જતો કરાય છે અને પ્રિય પણ એક ધંધો મૂકી પૈસા માટે બીજો ધંધો કરાય છે. એ પ્રિય પણ પૈસા વધુ પ્રિય પુત્ર-પરિવાર માટે ખર્ચી નંખાય છે અને એ જ પ્રિય પુત્ર-પરિવારને પણ એવા અવસરે બળતા ઘરમાં છોડીને ઝટપટ પોતાનું શરીર બહાર કાઢી લેવાય છે. મતલબ કે પોતે બહાર નીકળી જાય છે.



આમ કેમ ? કહો વધુ પ્રિય ખાતર એનાથી ઓછું પ્રિય જતું કરાય છે માટે પુત્ર-પરિવાર પ્રિય છે પણ પોતાનું શરીર વધુ પ્રિય છે તેથી શરીરને અહીં બચાવી લેવા શરીર કરતાં ઓછા પ્રિય પુત્રાદિને જતા કરાય છે. હવે પ્રશ્ન થાય કે અવસરે અપમાનાદિ કારણે કોઈ આપઘાત કરી શરીર જતું કરે છે તે કઈ પ્રિય વસ્તુ માટે? એનો જવાબ એ છે કે આપઘાત કરી શરીર જતું કરનાર પોતાના વધુ પ્રિય આત્માને અપમાનાદિ દર્શનના મોટા દુઃખથી બચાલી લેવા. એ વિચારે છે કે 'મર્યા પછી મારે આ દેખવું નહિ ને દાઝવું નહિ.' આ 'મારે' કોણ ? કહેવું જ પડે 'મારે' એટલે આત્માએ.

આ જુએ છે અને સુખ-દુઃખ અનુભવે છે એ કોણ ? આત્મા. વહાલા એવા પોતાના જીવને આ શરીરથી જોવાતા દુઃખમાંથી મુક્ત કરવા આ શરીરનો ત્યાગ અર્થાત્ આપઘાત કરે છે. એ આત્મા જ વધુ પ્રિય હોવાનું સૂચવે છે.

(૧૫) જમનારો વધુ પીરસવા માગતાને કહે છે, 'રહેવા દો નાખવું, હવે હું વધુ ખાઉં તો **મારું શરીર** બગડે' એ 'મારું' કહેનારો આત્મા સાબિત થાય છે. જો શરીર જ કહેનારું હોત તો એમ કહેત કે 'હું વધું ખાઉં તો હું બગડું'. એમ ડૉકટરને ય એવું કહેવાય છે કે 'ડૉ. જુઓને રાતના મારું શરીર બગડ્યું છે.' પણ એમ નહિ કે 'રાતના હું બગડ્યો છું'.

આમ આત્મા-જીવ શ્રેષ્ઠ પ્રેમ પાત્ર રૂપે અને જડથી તદ્દન જુદો એક સ્વતંત્ર દ્રવ્ય તરીકે સિદ્ધ થાય છે.

**• પ્રશ્નો •**

**૧. ખોરાકમાંથી બનતાં લોહી માંસ વગેરે પરથી આત્મા શી રીતે સાબિત થાય ?**

**૨. શરીર એક ઘર કેવી રીતે ?**

**૩. ઈન્દ્રિયો પરથી આત્મા પુરવાર કરો.**

**૪. અતિ પ્રિયના ગણિત પર આત્મા કેમ સિદ્ધ થાય ?**

## ૭. આત્માના ષટ્સ્થાન

(૧) જગતમાં આવા સ્વતંત્ર આત્મ દ્રવ્યો અનંત છે. તેથી જ આ આત્મ દ્રવ્યો અને જડ દ્રવ્યોના પરસ્પરના સહકારથી આ વિશ્વની ઘટમાળ ચાલે છે. જીવ, જડ અન્ન ખાય છે તો શરીર પેદા થાય છે, ટકે છે અને વધે છે. શરીરને અવયવો તથા ઇન્દ્રિયો છે, તો જીવ એના દ્વારા ગમનાગમન કરે છે, જુએ છે, જ્ઞાન લે છે. આમ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે એ ષટ્સ્થાનમાં પહેલું સ્થાન.

(૨) આ આત્મ દ્રવ્યો કોઈએ બનાવ્યા નથી પણ અનાદિ કાળથી જ છે. તે મરે તો પણ છે જ. એ અનાદિ અનંત છે, સનાતન નિત્ય છે, એ બીજું સ્થાન. એ આત્માઓ એક શરીરમાંથી બીજા શરીરમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં, ને એક કર્મના ઉદય પરથી બીજા કર્મના ઉદય પર નિરાધાર અને પરાધીનપણે ભ્રમણ-સંસરણ કરે છે, એ સંસરણનું જ નામ 'સંસાર'. અનાદિથી જીવ સંસરણ કરે છે, માટે નિત્ય છે, એ બીજું સ્થાન.

(૩) આત્મા વિવિધ વૃત્તિ-પ્રવૃત્તિથી કર્મ (પુણ્ય-પાપનું) ઉપાર્જન કરે છે. આત્માએ વૃત્તિ કે પ્રવૃત્તિ કરી એટલે એને કર્મ ચોંટે જ છે. માટે આત્મા કર્મનો કર્તા છે. એ ત્રીજું સ્થાન.

(૪) આત્મા કર્મનો ભોક્તા છે. જેમ નોકરી કરનારને જ પગાર મળે છે, તેમ જે કર્મનો કર્તા છે એને જ પોતાના ઉપાર્જેલા કર્મના ફળ ભોગવવા પડે છે, બીજાને નહિ. એમ વધુ પડતું ખાઈ નાખનારને પેટનું દર્દ ભોગવવું જ પડે છે. એમ પોતે કરેલા કર્મ પોતાને અવશ્ય ભોગવવા પડે છે. એ કર્મનું પરિણામ વિવિધ શરીરોનું નિર્માણ, અજ્ઞાન-દશા, રોગ, જશ, અપજશ વગેરે આવે છે. આ ચોથું સ્થાન.



(૫) અનાદિથી કર્મથી બંધાતા રહેલા આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. મૂળથી જમીનમાં સુવર્ણ ભેગી ભળેલી માટીથી સુવર્ણ તદ્દન મુક્ત થતું દેખાય છે. કર્મ અને દેહાદિકનો આત્યંતિક વિયોગ થતાં આત્માનો મોક્ષ થયો કહેવાય. આ પાંચમું સ્થાન.

(૬) આ મોક્ષના ઉપાય પણ છે. જે કારણોએ કર્મસંયોગ, એનાથી વિપરીત કારણોએ કર્મ વિયોગ થાય એ સહજ છે. રાગ, દ્વેષ, અજ્ઞાન વગેરે કર્મબંધના કારણોને રોકી એનાથી વિપરીત કારણો વૈરાગ્ય, ત્યાગ, ઉપશમ, સમ્યગ્જ્ઞાનાદિ સેવાય તો સર્વ કર્મનો ક્ષય થઈ અંતે જરૂર મોક્ષ થાય. આ છઠ્ઠું સ્થાન.

૧. આત્મા છે,

૨. આત્મા નિત્ય છે,

૩. આત્મા કર્મનો કર્તા છે,

૪. આત્મા કર્મના ફળનો ભોક્તા છે,

૫. આત્માનો મોક્ષ છે,

૬. મોક્ષનો ઉપાય છે.

આત્મા સંબંધી આ છ મુદ્દાને ષટ્સ્થાન કહેવાય છે, આને સ્વીકારે તે આસ્તિક કહેવાય; એને ન માને તેને નાસ્તિક કહેવાય.

**"દિવ્ય-દર્શન" - "વચનામૃત" વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭**

- **વિષયોનો સાર સાર ખાનારા ચારિત્રના છોડા ચાખે છે.**
- **વિષયોના છોડા ખાનારા ચારિત્રના સારને આસ્વાદે છે.**
- **વિષયો જેને બાળે, તેને વિરતિ ઠારે. અનુકૂળ વિષયોમાં હૃદયને જો એની ઉની આંચ પણ લાગતી નથી, તો પછી વિરતિમાં ઠંડક ક્યાંથી અનુભવાશે ?**

# ૮. છ દ્રવ્ય : પંચાસ્તિકાય : વિશ્વ સંચાલન

વિશ્વ એ જીવો અને જડ દ્રવ્યોનો સમૂહ છે; તે આપણે આગળ જાણી ગયા. તે પ્રસંગે-

(૧) **જીવ દ્રવ્ય**ની થોડીક વાત કરી હતી. અહીં જીવ દ્રવ્ય વિશે થોડુંક વધુ વિચારીએ.

(૨) જે જડ દ્રવ્યોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એને **પુદ્ગલ દ્રવ્ય** કહેવાય છે. આમાંનો એક વિભાગ કર્મના પુદ્ગલોનો છે. જીવ સાથે કષાય (રાગદ્વેષાદિ) તથા યોગ (મન-વચન-કાયાની પ્રવૃત્તિ)ની ચિકાશને લીધે તેલિયા કપડાં પર ધૂળ ચોંટે તેમ કર્મ ચોંટે છે અને એ જીવ પર શરીર ઇંદ્રિયો વગેરે જુદા જુદા ભાવો સર્જે છે. જીવને કષાય થવાનું કારણ પણ જીવના પૂર્વ કર્મનો ઉદય છે, વિપાક છે. એ કર્મ પણ જીવે કષાયથી જ ભેગાં કરેલાં હોય છે. એ કષાયમાં પણ, કારણનો નિયમ વિચારતાં પૂર્વ પૂર્વના કર્મ અને કષાય જવાબદાર બને છે. આમ કર્મથી કષાય અને કષાયથી કર્મ..... એવું અનાદિ ચક્ર [Cycle] ચાલ્યું આવ્યું છે.

કારણ વિના કાર્ય બને જ નહિ. અનંતાકાળ પૂર્વે પણ શું હતું ? એ વિચારીએ તો જીવને શું કોઈ પૂર્વ કર્મના વિપાક વિના જ એકાએક કષાય થઈ ગયા ? અથવા શું કષાય વિના એકાએક કર્મ ચોંટી ગયા ? ના, એવું બની શકે જ નહિ. કષાય થયા તો પૂર્વના કર્મ હતા જ અને પૂર્વે કર્મ ચોંટ્યા તો એ ચોંટાડનાર કષાય પણ હતા જ. બેમાંથી કોઈની પણ ઉત્પત્તિ કારણ વિના નહોતી થઈ; એટલે જ બંનેની ધારા અનાદિકાળથી ચાલી આવે છે અને એનું નામ જ સંસાર, સંસરણ. જીવ આ કર્મ-કષાયમાં સંસરણ-પરિભ્રમણ કરે છે.

સંસાર અનાદિથી ચાલ્યો આવે છે. આ વસ્તુ પિતા-પુત્ર, વૃક્ષ-બીજ, મરઘી-ઇંડું વગેરે દૃષ્ટાંતોથી સમજી શકાય છે. પિતા પણ કોઈનો



પુત્ર છે. એ પણ એની પહેલાના કોઈ પિતાનો પુત્ર છે. મરઘી પણ કોઈ ઇંડામાંથી થઈ. એ ઇંડું પણ કોઈ મરઘીમાંથી થયેલું. આમ એક સરખી ધારા અનાદિકાળથી ચાલી આવે છે. 'વાંદરામાંથી માણસ બન્યો' આ ડાર્વિનની વાત તર્કશૂન્ય હોવાથી હાસ્યાસ્પદ છે.

જીવને ચોંટેલા કર્મ-પુદ્ગલ કષાયમાં પ્રેરે છે અને કર્મને કષાયવશ જીવે જ સર્જેલા છે. પરસ્પરના સહયોગથી નવાં નવાં શરીર, ઇન્દ્રિયો વગેરે બને છે. એ બનાવવા કર્મ સિવાય બીજા પુદ્ગલ પણ કામ લાગે છે. એ પુદ્ગલ શું છે અને એ પ્રક્રિયા કેવી રીતે થાય છે, એનો વિચાર આગળ કરીશું. પરંતુ મુખ્ય કાર્યવાહી જીવ અને જડ પુદ્ગલથી થાય છે, એ સમજી રાખવું. જીવ અને પુદ્ગલમાં નવી નવી અવસ્થાઓ-ફેરફારો થયા કરે, એનું જ નામ વિશ્વનું સંચાલન-working of the world.

(૩) **આકાશ દ્રવ્ય :** જીવ અને પુદ્ગલને રહેવા જગ્યા જોઈએ; તે આપનાર આકાશ દ્રવ્ય છે. તમને થશે કે આ આકાશ વળી શું ? આકાશ તો શૂન્ય છે. જગ્યા આપવાનું કાર્ય શૂન્યથી કેવી રીતે બને ? એને માટે તો કોઈ દ્રવ્ય જોઈએ. દ્રવ્ય તે કહેવાય કે જે કંઈ ને કંઈ કાર્ય કરે અને જેનામાં ગુણ પર્યાયો રહે. (પર્યાય=અવસ્થા) જરૂરી પણ મોટું કબાટ લાવવાની ઘણી ઇચ્છા છે પણ નથી લાવ્યા. કેમ ? ઘરમાં મૂકવાની જગ્યા નથી અર્થાત્ અવકાશ આપનાર ક્ષેત્ર ત્યાં અલ્પ છે.

આકાશ અવકાશ-દાનનું કાર્ય કરે છે અને એમાં એકત્વ સંખ્યા, મહાપરિમાણ વગેરે ગુણો છે; તથા ઘટાકાશ, મઠાકાશ વગેરે એના પર્યાયો છે. આકાશ ગુણ-પર્યાયને ધારણ કરે છે માટે આકાશ એ દ્રવ્ય છે.

આકાશ કેટલું મોટું ? તેનું કોઈ માપ નથી. તેનો કોઈ છેડો નથી. છેડો હોય તો પ્રશ્ન થાય કે છેડો પૂરો થયા પછી આગળ શું ? પણ તેને છેડો નથી. આકાશ અંતરહિત અનંત છે. આવા આકાશમાં

જીવ અને પુદ્ગલ સર્વત્ર ગમનાગમન કરી શકતા હોત તો આજે જે વ્યવસ્થિત વિશ્વ દેખાય છે એ દેખાત નહિ. બધું વેરવિખેર, ક્યાંનું ક્યાંય જઈ પડ્યું હોત ! પણ એવું નથી. આકાશના અમુક ભાગમાં જ જીવ અને જડ પુદ્ગલોનું ગમનાગમન થાય છે. આકાશના જેટલા ભાગમાં એ બને છે, એટલા ભાગને લોક (લોકાકાશ) કહેવાય છે. બાકીના ખાલી ભાગને અલોક (અલોકાકાશ) કહેવાય છે. આ અલોકાકાશમાં જીવ કે પુદ્ગલ નથી.

(૪) **ધર્માસ્તિકાય :** જીવ અને પુદ્ગલનું ગમનાગમન લોકાકાશમાં જ થાય, એનું નિયામક-એમાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય છે. અર્થાત્ જેમ તળાવના જેટલા ભાગમાં પાણી છે તેટલા જ ભાગમાં માછલી હરી-ફરી શકે છે, માટે પાણી માછલીની ગતિમાં સહાયક કહેવાય છે. પાણી કાંઈ માછલીને ધક્કો મારી ગતિ નથી કરાવતું, પરંતુ માછલીને સ્વેચ્છાએ ચાલવું હોય ત્યારે પાણી એમાં સહાયક બને છે. તેથી જ કિનારા પર પાણી નહિ એટલે માછલી ઈચ્છા છતાં ત્યાં ચાલી શકે નહિ. તેવી જ રીતે ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક છે. એ ધર્માસ્તિકાય લોકાકાશમાં જ વ્યાપ્ત છે, તેથી જીવ અને પુદ્ગલ એની સહાયથી માત્ર લોકમાં જ ગતિ કરી શકે છે. બહાર એ નહિ તેથી ત્યાં ગતિ કરી શકે નહિ. 'મોક્ષ સાધક આચરણા' - અર્થમાં વપરાતા 'ધર્મ' શબ્દથી આ ધર્મ શબ્દ જુદો જ છે; એ ખાસ ધ્યાન રાખવું.

(૫) **અધર્માસ્તિકાય :** ઊભા રહેવાનું શીખતા નાના બાળકને ઊભા રહેવા માટે કોઈના ટેકાની જરૂર પડે છે. બિમાર માણસને પણ ઊભા રહેવા માટે કોઈના હાથનો ટેકો જોઈએ છે. તેમ જીવ અને પુદ્ગલને ઊભા રહી શકવામાં, સ્થિર થઈ શકવામાં તે સહાયક દ્રવ્ય છે. ધર્માસ્તિકાયથી આ વિપરીત સ્વભાવવાળો હોવાથી આને 'અધર્માસ્તિકાય' સંજ્ઞા આપી છે.



આ દ્રવ્ય પણ લોકમાં જ વ્યાપ્ત છે. તેથી બહુ બહુ તો જીવ-પુદ્ગલ લોકના છેડા સુધી જઈ ત્યાં છેડે સ્થિર રહે છે. માટે જ અહીં કર્મમુક્ત થયેલો જીવ ઊંચે જઈને લોકના અંતે જ સ્થિતિ કરે છે, સ્થિર થાય છે.

(૬) **કાળ દ્રવ્ય :** આ પાંચ દ્રવ્યો ઉપરાંત જીવ અને પુદ્ગલમાં નવું-જુનું, બહુ જુનું, હાલનું, પૂર્વનું, બહુ પૂર્વનું..... એવા ભાવો કરનાર કાળ નામનું દ્રવ્ય છે. ચીજ એની એ છે, પણ હમણાં નવી કહેવાય છે અને કલાક પછી બીજી ચીજ ઉત્પન્ન થઈ એની અપેક્ષાએ પૂર્વની એ ચીજ જૂની કહેવાય છે. અથવા ઘડિયાળ દ્વારા જેને માપવામાં આવે છે તે જ કાળ છે. માટે જ આ નવાનું જૂનું કરનાર કાળ દ્રવ્યમાં સેકન્ડ, મિનિટ, કલાક, દિન, વર્ષ..... વગેરે અથવા સમય, ક્ષણ, ઘડી, પળ, દિવસ..... વગેરેના હિસાબ હોય છે.

આમ, ૧. જીવ, ૨. પુદ્ગલ, ૩. આકાશ, ૪. ધર્માસ્તિકાય, ૫. અધર્માસ્તિકાય, ૬. કાળ - છ દ્રવ્યો છે.

આ છ દ્રવ્યોનો સમૂહ એનું નામ જ વિશ્વ. આ જીવ, પુદ્ગલ વગેરે છએ દ્રવ્યો મૂળ રૂપે કાયમ રહે છે. પરંતુ એકબીજાના સહકારથી એમાં નવી નવી રીતભાત થાય, ને જૂની જૂની નષ્ટ થાય એ એના પર્યાયના ઉત્પત્તિ-વિનાશ ગણાય અર્થાત્ મુખ્ય જીવ અને કર્મના હિસાબે અથવા તો સ્વભાવથી એટલે કે કુદરતી રીતે નવી નવી ઉત્પત્તિ અને વિનાશ થાય છે.

મૂળ છ દ્રવ્ય અવિનાશી છે. એમાં અવસ્થાઓ બદલાયા કરે છે અર્થાત્ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની મહાસત્તાને અનુભવતા દ્રવ્યોમાં અવસ્થા-પર્યાયનું પરિવર્તન જે થયા કરે છે, એ જ વિશ્વનું સંચાલન છે.

**પ્રશ્ન : અહીં છ દ્રવ્યોમાં પૂર્વે ધર્માસ્તિકાય કહ્યો, એમાં અસ્તિકાય એટલે શું ? અને અસ્તિકાય કોણ કોણ છે ?**

**જવાબ :** અસ્તિ એટલે અંશ-પ્રદેશ (અવયવ). કાય એટલે સમૂહ.

જે દ્રવ્ય અનેક પ્રદેશોના સમૂહમય હોય તેનું નામ અસ્તિકાય. દા. ત., ધર્મ નામનું દ્રવ્ય લોકવ્યાપી એક દ્રવ્ય હોવા છતાં તે સમસ્ત નહિ, પરંતુ પોતાના અમુક અમુક અંશથી ત્યાં રહેલા જીવ કે પુદ્ગલને ગતિમાં સહાય કરે છે, એથી એમાં અંશ સાબિત થાય છે.

અસ્તિકાય પાંચ છે. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય. પુદ્ગલ દ્રવ્યમાં અંશો છૂટા પડી પણ શકે અને બાકીનામાં અંશો છૂટા ન પડી શકે; પરંતુ જેમાં અંશ-પ્રદેશ હોઈ શકે તેનું નામ અસ્તિકાય.

કાળ જ્યારે જુઓ ત્યારે માત્ર વર્તમાન એક સમય રૂપ જ મળે, સમૂહ ન મળે, તેથી કાળ એ અસ્તિકાય નથી. વળી એક અપેક્ષાએ કાળ એ જીવાદિ દ્રવ્યોનો જ પર્યાય છે, તેથી સ્વતંત્ર દ્રવ્ય રૂપ નથી મનાતો એટલે પાંચ અસ્તિકાય દ્રવ્યોનો સમૂહ એ જ વિશ્વ.

**• પ્રશ્નો •**

**૧. છ દ્રવ્ય સમજાવો.**
**૨. આકાશ એ દ્રવ્ય કેમ ?**
**૩. જલ-માછલી પરથી કયું દ્રવ્ય સાબિત થાય ?**
**૪. કાળ શું કરે છે ?**
**૫. અસ્તિકાય એટલે શું ?**
**૬. 'અસ્તિકાય' કયા કયા અને તે દરેકનું સ્વરૂપ શું છે ?**
**૭. વિશ્વ શું છે ? એનું સંચાલન શું છે ?**
**૮. કર્મમુક્ત બનેલો જીવ લોકાન્તે જઈ ઠરે છે. તેનું શું કારણ ?**
**૯. સંસાર અનાદિ કેમ ? તેનો અંત શાથી ?**
**૧૦. આકાશ તો કશું નથી ને છતાંય એ દ્રવ્ય શાથી ?**



## ૯. જગત્કર્તા કોણ ? ઈશ્વર નહિ

વિશ્વનું સર્જન સંચાલન કોઈ ઈશ્વર કે ઈશ્વરીય શક્તિ નથી કરતી. એનું સંચાલન તો જીવ અને કર્મ કરે છે. પુરુષાર્થ જીવનો હોય છે અને ટેકો હોય છે કર્મનો. આમ જો ન માનીએ અને ઈશ્વરને જગત્કર્તા માનીએ, તો અનેક પ્રશ્ન ઊભા થાય છે.

**ઈશ્વરને કર્તા માનવા સામે પ્રશ્નો :**

દા. ત., (૧) ઈશ્વરને કયું પ્રયોજન હોય કે તે માટે તે આ બધી ઘડભાંગ કરે ? (૨) એ અમુક જ જાતનું સર્જન કેમ કરે ? (૩) ઈશ્વરને તો દયાળુ ગણાવાયો છે (જેઓ ઈશ્વરને જગત્કર્તા માને છે તેઓ દ્વારા) તો દયાળુ ઈશ્વર જીવને દુઃખદાયી થાય એવા પદાર્થોનું સર્જન કરે ખરો ? (૪) ઈશ્વર કયા શરીરથી આ બધું કરે ? અને એ શામાંથી બન્યું ? શી રીતે બન્યું ? વગેરે વગેરે.....

આ પ્રશ્નોના જવાબ વિચારતાં ઈશ્વર વિશે કોઈ વિચિત્ર જ ચિત્ર ઉપસે છે. (૧) જેમ કે, ઈશ્વર કોઈ પ્રયોજન વિના જ સર્જન કે સંહાર કરે તો એ મૂર્ખ રમત કહેવાય. (૨) ક્રીડાથી કરે તો બાળક કહેવાય. (૩) દયાથી કરે તો બધાને સુખી કરે અને બધા માટે સુખના જ સાધન સર્જે. (૪) એમ કહે કે, 'ઈશ્વર તો ન્યાયાધીશ છે, તેથી જીવને ગુનાની સજા માટે દુઃખનું સાધન સર્જે છે. તો પ્રશ્ન એ થાય કે આટલું બધું કરી શકનાર ઈશ્વર તો સર્વશક્તિમાન ગણાય અને એને દયાળુ તો માનો જ છો, તો એ ઈશ્વર જીવને ગુનો જ શા માટે કરવા દે કે જેથી તેને પછીથી ગુનાની સજા કરવી પડે ? પોલિસ પોતાની સામે જ કોઈને બીજાનું ખૂન કરતો જોઈ રહે તો એ પોલિસ પણ ગુનેગાર ગણાય. તો શું ઈશ્વરને ગુનેગાર ગણીશું ? સર્વશક્તિમાન ઈશ્વરને ગુનો કરતો ન રોકવાની તાકાત વિનાનો ગણીશું ? કે નિર્દય ગણીશું ?

આ ઉપરાંત બીજા પણ પ્રશ્નો થાય છે કે (૧) ઈશ્વર વિશ્વનું સર્જન-સંચાલન કરે છે તો ક્યાં બેસીને તે બધું કરે છે ? (૨) ઈશ્વરનું શરીર હોય તો એના શરીરનો બનાવનાર કોણ ? (૩) ઈશ્વરને નિરાકાર માનો છો, તો નિરાકાર એ સાકારની રચના કેવી રીતે કરે ?

**સારાંશ એ કે, ઈશ્વર જગતનો કર્તા નથી.**

'જીવોના જેવા કર્મ તે પ્રમાણે ઈશ્વર તેનું સર્જન કરે છે આથી ઈશ્વર જગત્કર્તા છે.' એમ જો માનવું છે તો એવા માનવાથી સર્યું. કારણ એમાં તો કર્મ જ સર્જન કરનાર ઠર્યા. મોટા પર્વતો, નદીઓ વગેરેને કર્મ બનાવે છે. એ બધા સર્જન જીવોના શરીરના જૂથ છે. તે તે જીવોના તેવા તેવા કર્મના હિસાબે તેવા તેવા શરીર બને છે. એનું નામ પર્વત, વૃક્ષ, પૃથ્વી વગેરે છે.

એ કોઈ જીવના શરીર છે માટે જ કપાવા છેદાવા છતાં મનુષ્ય શરીરના ઘાની જેમ ફરીવાર પુરાઈ-રુઝાઈ જાય છે અને બરાબર અખંડ શરીર જેવાં થઈ જાય છે. જ્યારે જીવ નીકળી જતાં એવું નથી બનતું. માનવ શરીરમાંથી પણ જો જીવ નીકળી જાય છે તો ઘા પુરાતો-રુઝાતો નથી. એ જ બતાવે છે કે જીવ છે તો જ કર્મના સહારે નવા શરીરનું કે શરીરના અન્ય ભાગોનું સર્જન-સમારકામ થાય છે.

જમીન, ખાતર, બીજ, પાણી વગેરે વિદ્યમાન હોવા છતાં ત્યાં જીવો દાખલ થઈને જ બીજમાંથી લીલો અંકુર, કત્થાઈ થડ, લીલાં પાન, ગુલાબી ફુલ, મધુરું ફળ વગેરે રૂપે પોતપોતાના શરીર બનાવે છે.

**• પ્રશ્નો •**

**૧. ઈશ્વર જગત્કર્તા કેમ નહિ ?**

**૨. જગત્કર્તા આરોપી કેવી રીતે ?**

**૩. વૃક્ષમાં જીવ હોવાનું પ્રમાણ શું ?**

**૪. જગતનું સંચાલન કોણ કરે છે ?**



## ૧૦. દ્રવ્ય - ગુણ - પર્યાય

વિશ્વ છ દ્રવ્યનું બનેલું છે તે આપણે આઠમા પ્રકરણમાં જાણી ગયા, આ દ્રવ્યોમાં ગુણ અને પર્યાયોમાં પરિવર્તનનું કામકાજ ચાલે છે, આ કામકાજનું ચાલવું તે જ વિશ્વનું સંચાલન છે. આમાં દ્રવ્ય એટલે જેનામાં ગુણ હોય, અનેક પ્રકારની શક્તિ હોય અને જેને અનેક પર્યાય યાને અવસ્થા હોય તેને દ્રવ્ય કહેવાય છે. જગતમાં દ્રવ્ય જેવી વસ્તુ હોય તો જ એના આધારે ગુણ-પર્યાય અને શક્તિ રહી શકે.

ગુણ અને પર્યાયમાં ફરક છે.

**'સહભાવિનો ગુણાઃ'** - સાથે રહે તે ગુણ.

**'ક્રમભાવિનઃ પર્યાયાઃ'** - ક્રમસર બદલાયા કરે તે પર્યાય.

દા. ત., આપણે કહીએ છીએ કે સોનું પીળું છે, તે ચળકે છે, તે કઠણ છે. સોનાની આ પીળાશ, ચળકાટ અને કઠણતા-એ સોનાના ગુણ કહેવાય. આ જ સોનામાંથી કડુ બને છે, કંઠી બને છે, કંકણ બને છે તો આ જુદા જુદા રૂપો તે સોનાના પર્યાય કહેવાય.

એ જ પ્રમાણે આત્માના પણ ગુણ - પર્યાય છે, આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, વીર્ય શક્તિ છે, સુખ છે..... આ આત્માના ગુણો છે. દેહમાં રહેલા આત્માનો ક્રમિક ફેરફાર થાય છે, તે બાળકમાંથી કુમાર બને છે, વળી કુમારમાંથી તરુણ, તરુણમાંથી યુવાન, યુવાનમાંથી પ્રૌઢ, પ્રૌઢમાંથી વૃદ્ધ થાય છે. આ બાળપણ, કૌમાર્ય, તારુણ્ય, યૌવન, પ્રૌઢત્વ અને વૃદ્ધત્વ..... બધી અવસ્થાઓ એ પર્યાયો છે. તે ક્રમસર બદલાય છે.

અમુક અપેક્ષાએ ગુણ તે પણ પર્યાય છે. દા. ત., જ્ઞાન એ ગુણ છે; પરંતુ આ જ્ઞાન કેટલીક બાબતોમાં ક્રમસર થાય છે દા. ત., પહેલાં સૂર્યોદયનું જ્ઞાન થાય છે, પછી મધ્યાહ્નનું અને છેલ્લે સૂર્યાસ્તનું.

આમ ક્રમવર્તી હોવાથી તેને પર્યાય પણ કહેવાય. એટલે જ નય બે જ પ્રકારે કહ્યા. દ્રવ્યાર્થિક નય ને પર્યાયાર્થિક નય. પણ ગુણાર્થિક નય જુદો ન કહ્યો.

બાકી જીવ દ્રવ્યમાં ગુણ બે પ્રકારે છે. એક સ્વાભાવિક ગુણ, બીજા આગંતુક ગુણ. જ્ઞાન, દર્શન, ચરિત્ર, શક્તિ વીર્ય વગેરે જીવના સ્વાભાવિક ગુણ છે, જ્યારે મિથ્યાત્વ, રાગાદિ કષાય વગેરે આગંતુક ગુણો છે. ત્યારે અવસ્થા તરીકે જીવને સંસારીપણું, મુક્તપણું, સંસારીપણામાં મનુષ્યપણું, દેવપણું..... વગેરે... મનુષ્યપણામાં બાલ્યપણું, યુવાનપણું વગેરે અવસ્થા પ્રાપ્ત થાય છે આ પર્યાયો છે.

પુદ્ગલ દ્રવ્યમાં ગુણો - રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકૃતિ..... વગેરે છે અને પર્યાયો જુદી જુદી અવસ્થાઓ છે. દા. ત., સોનામાં પીળાશ, ભારેપણું, કઠોરતાદિ એ ગુણો છે અને લગડીપણું, પ્રવાહીપણું, કંઠીપણું વગેરે પર્યાયો છે. એમ દૂધપણું, દહીંપણું, માખણપણું વગેરે પર્યાયો છે. પૃથ્વી, જલ, અગ્નિ, કાષ્ઠ, પત્થર, પવન, ધાતુ, તિમિર, વીજળી, પ્રકાશ, શબ્દ, છાયા વગેરે બધાય પુદ્ગલના રૂપક છે.

આકાશ દ્રવ્યનો ગુણ અવગાહ છે. એથી વસ્તુને એ પોતાનામાં અવગાહે છે, વસ્તુને પોતે અવકાશ-દાન કરે છે અને એના પર્યાયો કુંભાકાશ, ગૃહાકાશ વગેરે છે. ઘડો પડ્યો છે, તો એ ઘડાએ રોકેલ આકાશનો ભાગ ઘટાકાશ કહેવાય. ઘડો ઘરમાં ફુટી ગયો, તો તે જ ઘટાકાશને હવે ગૃહાકાશ કહીશું.

ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિ સહાયકતા, એકત્વ વગેરે ગુણ છે અને જીવ- ધર્માસ્તિકાય, પુદ્ગલધર્માસ્તિકાય વગેરે પર્યાય છે; એમ અધર્માસ્તિકાય દ્રવ્યમાં સ્થિતિ સહાયકતા, એકત્વ વગેરે ગુણ છે. જીવઅધર્માસ્તિકાય, પુદ્ગલ- અધર્માસ્તિકાય પર્યાય છે.

કાળ દ્રવ્યમાં નવું-જૂનું કરવાની વર્તના એ ગુણ છે. વર્તમાનકાળ, ભૂતકાળ, સૂર્યોદયકાળ, મધ્યાહ્નકાળ, બાલ્યકાળ, તરુણકાળ વગેરે પર્યાય



છે. અન્ય મતે કાળ પર્યાય રૂપે જ છે.

પર્યાય બે જાતના હોય છે : (૧) વ્યંજન પર્યાય, (૨) અર્થ પર્યાય.

**વ્યંજન પર્યાય :** વસ્તુ જેનાથી વ્યક્ત થાય તે. દા. ત., ઘડાનો વ્યંજન પર્યાય - ઘડો, કુંભ, કળશ, ગાગર વગેરે. એમ જીવનો વ્યંજન પર્યાય : જીવ, આત્મા, ચેતન, પ્રાણી વગેરે.

**અર્થ પર્યાય :** એ પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે. દા. ત., ઘડા પર કુંભારની માલિકી, વેચાણ થયા પછી ખરીદનારની માલિકી અથવા ઘડામાં માટલીની અપેક્ષાએ નાનાપણું, લોટાની અપેક્ષાએ મોટાપણું - આ બધા ઘડાના અર્થ પર્યાયો કહેવાય છે.

બીજી રીતે પર્યાય બે જાતના : (૧) સ્વપર્યાય, (૨) પરપર્યાય.

**(૧) સ્વપર્યાય :** પોતાનામાં વળગીને રહેનારા. **(૨) પરપર્યાય :** પોતાનામાં નહિ રહેનારા. દા. ત., ઘડામાં માટીમયતા છે એ સ્વપર્યાય, સુતરમયતા નથી એ પરપર્યાય. ઘડામાં ગૃહવાસિતા છે એ સ્વપર્યાય, તળાવવાસિતા નથી એ પરપર્યાય.

**પ્રશ્ન : પરપર્યાય તો પરના થયા, પણ ઘડાના કેવી રીતે ?**

**જવાબ :** પરપર્યાય એ પરના તો સ્વપર્યાય છે; જ્યારે ઘડાના એ પરપર્યાય છે. તે ઘડાના પર્યાય એ રીતે કે જ્યારે સ્વપર્યાય ઘડા સાથે એકમેક-રૂપતાથી સંબંધિત છે, ત્યારે પરપર્યાય પણ અલગ-રૂપતાથી એ જ ઘડાના સંબંધી છે. ઘડો જેમ માટીમય કહેવાય છે, એમ એ જ ઘડો 'સુતરમય નથી કે સુવર્ણમય નથી' તેમ કહેવાય છે. માટીમય કોણ ? તો કે ઘડો. સુવર્ણમય કોણ નહિ ? તો કે એ જ ઘડો. માત્ર ઘડાની સાથે માટીમયતા અસ્તિત્વ (અનુવૃત્તિ) સંબંધથી સંબંધિત છે. સુવર્ણમયતા નાસ્તિત્વ (વ્યાવૃત્તિ) સંબંધથી સંબંધિત છે. ઓરમાન પુત્ર કોનો ? સાવકી માનો. ખરેખર તો એનો પુત્ર નથી. છતાં ઓરમાયા સંબંધથી એનો જ કહેવાય છે. એમ પરપર્યાય ઘડાનો

જ કહેવાય.

આ સ્વપર્યાય ચાર રીતે હોઈ શકે, (૧) દ્રવ્યપર્યાય, (૨) ક્ષેત્રપર્યાય, (૩) કાલપર્યાય અને (૪) ભાવપર્યાય.

(૧) દ્રવ્યપર્યાય એટલે વસ્તુના મુખ્યદલ (ઉત્પાદન)ની અપેક્ષાએ પર્યાય. (૨-૩) વસ્તુને રહેવાના ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ ક્ષેત્રપર્યાય, કાલપર્યાય. (૪) વસ્તુના ગુણધર્મ એ ભાવપર્યાય.

દા. ત., કપડામાં સુતર એ દ્રવ્યપર્યાય. કપડું કબાટમાં રહેલું એ ક્ષેત્રપર્યાય; નવું યા અમુક માસનું એ કાલપર્યાય. સફેદ, ચીકણું, કિંમતી, કોટરૂપે, અમુક વ્યક્તિની માલિકીનું..... વગેરે વગેરે એ ભાવપર્યાય.

આ દ્રવ્યાદિ પણ બે રીતે (૧) સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ પર્યાય અને (૨) પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, પરભાવ પર્યાય.

દા. ત., ઉપર કહ્યા તે વસ્ત્રના સુતરાઉપણું, કબાટમાં રહેલાપણું વગેરે એ સ્વદ્રવ્યાદિ પર્યાય છે અને એ જ વસ્ત્રના રેશમીપણું, શરીર પર રહેલાપણું, લાલાશ, ફોરાપણું-સસ્તાપણું, ખમીસપણું, અમુકની માલિકી વગેરે એના પરદ્રવ્યાદિ પર્યાય છે.

આથી એક વાત સ્પષ્ટ થાય છે કે અવસ્થા એકલી નથી રહેતી, પણ કોઈ આધાર દ્રવ્યને લઈને રહે છે. દ્રવ્ય છે તો એમાં અવસ્થાઓ આવે છે ને જાય છે, એટલે જ વિદ્યુત શક્તિ, લોહચુંબકની આકર્ષણ શક્તિ વગેરે પણ પુદ્ગલ દ્રવ્યને લઈને જ છે. એટલે દ્રવ્ય ત્રિકાળવર્તી છે; ગુણ-પર્યાય એના પલટાતા ધર્મો છે.

જેવી રીતે પુદ્ગલ દ્રવ્યની શક્તિઓ છે, એવી રીતે આત્મ દ્રવ્યની પણ સ્વતંત્ર શક્તિઓ છે. માત્ર આપણે આત્મા તરફ દૃષ્ટિવાળા ન હોઈએ તો ન સમજાય; બાકી મહાવિદ્વત્તા, અખૂટ અતુલ બલ, મહાયોગીપણું, અદ્ભુત તપ, ક્ષમા વગેરે શું છે ? આત્મ શક્તિઓ છે. આગળ વધીને મંત્ર શક્તિ, વિદ્યા શક્તિ, ગગન ગામિની આદિ



લબ્ધિઓ યાવત્ કેવળજ્ઞાન અને મોક્ષલબ્ધિ એ બધી અચિંત્ય-અનુપમ શક્તિઓ આત્માની જ છે.

**છ દ્રવ્યના ગુણ પર્યાયની સરળ સમજૂતી**

| દ્રવ્ય | ગુણ | પર્યાય |
|---|---|---|
| જીવ | **સ્વાભાવિક ગુણ :** જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્યાદિ. **વૈભાવિક ગુણ :** મિથ્યાત્વ, કામ-ક્રોધાદિ, રાગ-દ્વેષાદિ. | મનુષ્યપણું, દેવપણું, બાલ્યપણું, યુવાનપણું વગેરે. |
| પુદ્ગલ | રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકૃતિ, ગુરુતા, લઘુતા. | અમુક જાત-ભાત-માલિકી-સંબંધ, કાળ સંબંધ, સ્થાન. |
| આકાશ | અવગાહ (અવકાશ દાન) | ઘટાકાશ, ગૃહાકાશ. |
| ધર્માસ્તિકાય | ગતિ સહાયકતા | જીવ-ધર્માસ્તિકાય. પુદ્ગલ ધર્માસ્તિકાય. |
| અધર્માસ્તિકાય | સ્થિતિ સહાયકતા | જીવ-અધર્માસ્તિકાય. પુદ્ગલ અધર્માસ્તિકાય. |
| કાળ | નવું-જૂનું કરવાની વર્તના | વર્તમાનકાળ, ભૂત, બાલ્ય, તરુણાદિ. |

**• પ્રશ્નો •**

**૧. ગુણ અને પર્યાયમાં શો ફરક ? ગુણ એ પર્યાય કેમ ?**

**૨. છ દ્રવ્યોના ગુણ-પર્યાય બતાવો.**

**૩. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા એટલે ? વૈરાગ્યમાં પ્રેરક કેવી રીતે ?**

**૪. સ્વપર્યાયની જેમ પરપર્યાય વસ્તુના પોતાના કેવી રીતે ?**

**૫. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સ્વ-પર પર્યાય સમજાવો.**

# ૧૧. નવ તત્ત્વ

પૂર્વે જોયું કે વિશ્વ એ જીવ અને અજીવ (જડ) દ્રવ્યોનો સમૂહ છે. એટલે મુખ્ય તત્ત્વ બે – જીવ અને અજીવ. પરંતુ આટલું જ જાણવાથી બધું કાર્ય સરતું નથી. ઉચ્ચ માનવ જીવનમાં શું કરવું ? શું શું કરવાથી શું શું ફળ મળે ? આપત્તિની ઇચ્છા ન હોવા છતાં અને એને બહુ રોકવાના પ્રયત્ન કરવા છતાં, આપત્તિ અને પ્રતિકૂળ વસ્તુનું આક્રમણ કેમ થાય છે ? ક્યારેક અલ્પ પ્રયત્ન છતાં મોટી સગવડ કેમ સારી મળે છે ?..... વગેરે જિજ્ઞાસાઓ ઊભી રહે છે. આ જિજ્ઞાસા સંતોષવા અને જીવની ઉન્નતિ સાધવા નવ તત્ત્વની વ્યવસ્થા સમજવી જરૂરી છે.

આ નવ તત્ત્વને આપણે એક દૃષ્ટાન્તની મદદથી સમજીએ. એક સરોવર છે. તેમાં નિર્મળ પાણી છે. પરંતુ આ સરોવરમાં નીકો દ્વારા બહારનો કચરો ઠલવાયે જાય છે, આ કચરો બે જાતનો છે. એક છે સહેજ સારા રંગવાળો કચરો, બીજો છે સાવ ખરાબ રંગવાળો કચરો.

હવે જો સરોવરના નિર્મળ પાણીને કચરાથી ગંદુ થતાં અટકાવવું હોય તો કચરો આવવાના માર્ગોને બંધ કરી દેવા જોઈએ અર્થાત્ નીકો પૂરી દેવી જોઈએ. અને અત્યાર સુધી કચરાથી ગંદા થયેલા પાણીને રાસાયણિક દ્રવ્યોની મદદથી શુદ્ધ કરવું જોઈએ. આમ, બહારથી કચરો આવવાનો બંધ થાય અને અંદરના કચરાને સતત શુદ્ધ કરતા રહેવાય તો સરોવરનું પાણી સદાય નિર્મળ રહે.

**જીવ તત્ત્વ :** આપણો જીવ છે તે પણ આ સરોવર જેવો છે. સરોવરના નિર્મળ પાણીની જેમ જીવમાં પણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખરૂપ નિર્મળ પાણી છે, પરંતુ રાગ, દ્વેષ, કષાય, વિષય, મિથ્યાત્વ આદિ નીકો દ્વારા જીવ સરોવરમાં



કર્મરૂપી કચરો ઠલવાયા કરે છે, તેથી એ અનંત- જ્ઞાનાદિ આવરાઈ ગયા છે.

**અજીવ તત્ત્વ :** આ કર્મરૂપી કચરો છે તે જડ છે, અજીવ છે. આ કર્મરૂપી કચરો પણ બે જાતનો છે, સહેજ સારા રંગવાળો કર્મ કચરો અને સાવ ખરાબ રંગવાળો. (અજીવ તત્ત્વમાં આ કર્મ દ્રવ્ય સિવાય પણ બીજાં અનેક દ્રવ્ય છે.)

**પુણ્ય તત્ત્વ :** એટલે સહેજ સારા રંગવાળો કર્મ કચરો.

**પાપ તત્ત્વ :** એટલે સાવ ખરાબ રંગવાળો કર્મ કચરો.

**આશ્રવ તત્ત્વ :** આ બંને પ્રકારના કર્મ કચરા જે માર્ગે આવે તેને આશ્રવ કહે છે. આશ્રવ એટલે વહી આવવાનું દ્વાર. જેના દ્વારા જીવ સરોવરમાં કર્મ ઠલવાય તે. કહો આશ્રવ = કર્મબંધ હેતુ.

**સંવર તત્ત્વ :** સંવર એટલે રોકાવું. જે ઉપાયોથી કર્મ કચરો આવતો રોકાય તે સંવર. આશ્રવ માર્ગોને બંધ કરી દેવાય, ઢાંકણ લગાવાય એ ઢાંકણ તે સંવર.

**બંધ તત્ત્વ :** જીવ સરોવરમાં વિવિધ માર્ગોથી ઠલવાયેલા કર્મો નિર્મળ પાણી ભર્યા જીવ-આત્મા સાથે એકમેક થઈ જાય છે. કર્મનું આત્મા સાથે એકમેક થવું તે બંધ તત્ત્વ કહેવાય. તેમાં પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ (કાળ), રસ અને પ્રદેશ નક્કી થાય છે, તેને પ્રકૃતિબંધ..... વગેરે કહે છે.

**નિર્જરા તત્ત્વ :** નિર્જરા એટલે ક્ષય કરવો. કચરાને સાફ કરવો. રાસાયણિક દ્રવ્યોથી સરોવરના કચરાને સાફ કરાય છે, તેમ બાર પ્રકારના તપરૂપી રસાયણોથી કર્મ કચરો બળે છે અને જેમ જેમ જે પ્રમાણમાં કર્મ કચરો બળતો જાય છે, તેમ તેમ તેટલા પ્રમાણમાં જીવનું જ્ઞાનાદિરૂપ પાણી નિર્મળ થતું જાય છે.

**મોક્ષ તત્ત્વ :** કચરાને આવવાના બધા જ માર્ગો બંધ કરી દેવાય અને દૂષિત થયેલા પાણીને સંપૂર્ણ શુદ્ધ કરાય તો જ નિર્મળ પાણી રહે. એ જ પ્રમાણે સરોવરમાં ઠલવાયેલ કર્મ રૂપી કચરો સંપૂર્ણપણે સાફ થાય, સકલ કર્મનો ક્ષય થાય તો જ જીવના અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ આદિ સંપૂર્ણ નિર્મળ ગુણો પ્રગટ થાય. કર્મના બધા જ બંધનો છૂટે અને તૂટે ત્યારે જીવ પોતાનું સહજ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. કર્મ-શરીર-ઇંદ્રિયો આદિના બંધનથી સર્વથા મુકત જીવનું સહજ સ્વાભાવિક શુદ્ધ બુદ્ધ સ્વરૂપ એટલે જ મોક્ષ તત્ત્વ.

આ નવ તત્ત્વના પ્રકરણને બરાબર જાણવાથી શું જાણવા જેવું છે, શું કરવા જેવું છે અને શું છોડવા જેવું છે, તેની સ્પષ્ટ સમજ પડે છે. આત્મ વિકાસની ચોક્કસ દિશા મળે છે. આ નવ તત્ત્વોમાં-

૧. જીવ અને અજીવ તત્ત્વ જાણવા યોગ્ય **(જ્ઞેય)** છે.

૨. પાપ, અશુભ આશ્રવ અને બંધ-આ ત્રણ તત્ત્વો છોડવા યોગ્ય **(હેય)** છે.

૩. પુણ્ય (પુણ્યાનુબંધી પુણ્ય યાને શુભ-આશ્રવ), સંવર, નિર્જરા અને મોક્ષ- આ તત્ત્વો જીવનમાં ઉતારવા યોગ્ય **(ઉપાદેય)** છે.

સમ્યગ્દર્શન માટે આની તેવી તેવી શ્રદ્ધા કરવાની હોય છે, એટલે કે તત્ત્વ જેવા સ્વરૂપનું, એના પ્રત્યે મનનું વલણ એને અનુરૂપ જોઈએ અર્થાત્ જીવ-અજીવ બે તત્ત્વો 'જ્ઞેય' છે. તો એને બરાબર જાણીને એ પ્રત્યે રાગ-દ્વેષ ન રાખતાં ઉદાસીનભાવ રાખવા યોગ્ય છે. પાપ આદિ ત્રણ તત્ત્વો 'હેય' છે, એ તત્ત્વો ત્યાજ્ય છે માટે તેમાં રસ, રુચિ ન રાખવા અને પુણ્યાદિ ચાર તત્ત્વો ઉપાદેય છે. એમાં મોક્ષ તત્ત્વ અંતિમ સાધ્ય છે અને બીજા ત્રણ તેના (કર્મ ક્ષયના) સાધન-સહાયક છે માટે તે જીવનમાં આદરણીય છે, તે પ્રત્યે રસ, રુચિ અને હોંશ રાખવા. તેમાં પોતાની શક્તિનો ઉપયોગ કરવો.



આ નવ તત્ત્વનું નિરૂપણ શ્રી જિનરાજ (રાગ-દ્વેષને જીતનાર વીતરાગ) સર્વજ્ઞ ભગવંતે કહેલું છે, આથી તેને જૈન-તત્ત્વ કહેવાય છે. વીતરાગ એટલે જેને કોઈ પ્રત્યે કશો રાગ નથી તેવા. રાગ હોય તો દ્વેષ પણ આવે. આવા રાગ-દ્વેષના વિજેતા તે વીતરાગ. વીતરાગ ભગવંત સર્વજ્ઞ છે. સર્વજ્ઞ એટલે ત્રણેય કાળના વિશ્વના તમામ ભાવોને પ્રત્યક્ષ જોનાર. વીતરાગ-સર્વજ્ઞને અસત્ય બોલવાનું કોઈ કારણ નથી. અસત્ય રાગથી, દ્વેષથી, ભયથી, હાસ્યથી, અજ્ઞાનથી, મોહથી બોલાય છે. વીતરાગ-સર્વજ્ઞ તો આ બધાથી પર છે. તે બધા દોષો પર તેમણે વિજય મેળવ્યો છે, આથી વીતરાગ-સર્વજ્ઞ પ્રભુએ કહેલું તે બધું સાચું જ છે. 'આ નવ તત્ત્વ પણ તેમણે કહ્યા હોવાથી તે પૂરેપૂરાં સત્ય છે.' - આવી શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે, સમ્યગ્દર્શન છે.

**નવ તત્ત્વની સરળ સમજૂતી :**

**૧. જીવ** - ચેતના લક્ષણવાળું, જ્ઞાનાદિ ગુણવાળું દ્રવ્ય વગેરે.

**૨. અજીવ** - ચૈતન્ય રહિત, (પુદ્ગલ, આકાશ, દ્રવ્ય વગેરે.)

**૩. પુણ્ય** - શુભ કર્મ પુદ્ગલ, જેનાથી જીવને મનગમતું મળે. દા. ત., શાતા વેદનીય, યશનામ કર્મ વગેરે.

**૪. પાપ** - અશુભ કર્મ પુદ્ગલ, જેનાથી જીવને અણગમતું મળે. દા. ત., અશાતા, અપયશ વગેરે.

**૫. આશ્રવ** - જેનાથી આત્મામાં કર્મ શ્રવી આવે, વહી આવે. કર્મને આવવાના રસ્તા. દા. ત., મિથ્યાત્વ, ઇન્દ્રિયો, અવિરતિ, કષાય અને યોગ.

**૬. સંવર** - કર્મને આવતાં અટકાવનાર. દા. ત., સમ્યક્ત્વ, ક્ષમાદિ, પરિસહ, શુભ ભાવના, વ્રત-નિયમ, સામાયિક, ચારિત્ર વગેરે.

**૭. બંધ** - આત્મા સાથે કર્મનો દૂધ-પાણીની જેમ એકમેક થતો સંબંધ. કર્મમાં નક્કી થતી પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિકાલ, ઉગ્ર-મંદ રસ અને દળ-પ્રમાણ પ્રદેશ; એ પ્રકૃતિબંધ આદિ.

**૮. નિર્જરા** - કર્મનો હ્રાસ કરનાર બાહ્ય-અભ્યંતર તપ. દા. ત., ઉપવાસ, રસત્યાગ, કાયક્લેશ વગેરે એ બાહ્ય. પ્રાયશ્ચિત્ત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર.

**૯. મોક્ષ** - જીવનો કર્મ સંબંધથી સર્વથા છૂટકારો અને જીવનું અનંત જ્ઞાન-અનંત સુખ ઈત્યાદિ સ્વરૂપ પ્રગટ થવું તે.

**• પ્રશ્નો •**

**૧. નવ તત્ત્વોનો ઉપયોગ શો ? દરેક તત્ત્વ સમજાવો.**

**૨. જીવને સરોવરની ઉપમા આપી નવ તત્ત્વ ઘટાવો.**

**૩. જ્ઞેય, હેય અને ઉપાદેય એટલે શું ?**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં" વર્ષ-૩,અંક-૧૭,તા.૧-૧-૧૯૫૫**

- જગતમાં સંબંધ તો ઘણા જોડે છે, સ્નેહની ગાંઠ પણ ઘણા બાંધે છે. પરંતુ જગતનો મોટો ભાગ સ્નેહગાંઠ બાંધીને દુર્ગતિમાં જાય છે. ત્યારે આ ઋષભકુળની સ્નેહગાંઠ સુગતિમાં સાથે લઈ જનારી બને છે. પૂર્વે ચારિત્રની સાધનામાં વજ્રનાભચક્રી બાહુ-સુબાહુ-પીઠ-મહાપીઠ બધાં જ સાથે, ત્યાંથી અનુત્તર દેવલોકમાં સાથે, ત્યાંથી ચરમભવમાં પણ સાથે, અને મોક્ષમાં પણ બધાં જ સાથે ! તમેય કોઈ સાથે સ્નેહગાંઠ બાંધીને આનંદ માનો છો ને ? શાના આનંદ માનો છો ? દુર્ગતિના સંબંધના કે સુગતિના ?
- જિનાજ્ઞાને વફાદારી એક એવી વસ્તુ છે કે એ સાંગોપાંગ સંપૂર્ણ જોઈએ, એમાં જરાય ખામી ન ચલાવી લેવાય. બ્રાહ્મી-સુંદરી અનુત્તર દેવલોકમાં ગયા હશે તે કેવું ચારિત્ર પાળીને ? જિનાજ્ઞા પાલનવાળું જ ! છતાં સહેજ આજ્ઞાપાલન ચૂક્યા તો સ્ત્રીવેદ ! સ્ત્રીવેદ એટલે ? દીક્ષાર્થી છતાં ભરતના તાબેદાર.



## ૧૨. જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ

જીવ અને જડ એક સરખા સ્વભાવના છે એવું તો કહેવાય નહિ; નહિતર જીવ પોતે જડરૂપ કે જડ પોતે જીવરૂપ કેમ ન બને ? કહેવું જોઈએ કે બંનેના સ્વભાવ જુદા છે. જીવના મૂળ સ્વરૂપમાં અનંત જ્ઞાન છે. એનો જ્ઞાન-સ્વભાવ જ એને જડ દ્રવ્યથી જુદો પાડે છે. આ જ્ઞાન જો એનો સ્વભાવ ન હોય તો કોઈપણ બહારના તત્ત્વની તાકાત નથી કે એનામાં જ્ઞાન પ્રગટ કરી શકે.

હવે જ્યારે જ્ઞાન એ જીવનો સ્વભાવ છે, ત્યારે વિચારવાનું એ છે કે શું એ જ્ઞાન ગુણ મર્યાદિત હોય અર્થાત્ અમુક જ જ્ઞેય-હેયાદિ વિષયને જાણે ? કે સમસ્ત જ્ઞેય-હેયાદિ વિષય જાણે ? જ્ઞાન ગુણને મર્યાદિત ન કહી શકાય; કેમ કે મર્યાદાનું માપ કોણ નક્કી કરે કે આટલું જ માપ હોય ? વધારે કે ઓછું નહિ ? જેમ દર્પણ, તેની સામે જેટલું આવે એટલા બધાનું પ્રતિબિંબ ઝીલે છે; એમ જ્ઞાન વિશ્વમાં જે કોઈ જ્ઞેય વસ્તુ છે એને જાણી શકે. પરંતુ જેમ છાબડા નીચે ઢંકાયેલ દીવાનો પ્રકાશ, કાણામાંથી જેટલો બહાર આવે, એટલો જ બહારના પદાર્થોને પ્રકાશિત કરે છે; એવી રીતે કર્મથી છવાઈ ગયેલ આત્માનો જ્ઞાન પ્રકાશ જેટલા કર્મ-આવરણ ખસવાથી ખુલ્લો થાય, એટલા જ પ્રમાણમાં જ્ઞેય વસ્તુનો પ્રકાશ થાય ને એટલા જ વિષયને જાણી શકે. સમસ્ત આવરણ દૂર થતાં સમસ્ત જ્ઞેયનું જ્ઞાન ખુલ્લું થાય. એ જ્ઞેયમાં ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણેય કાળના સમસ્ત જીવ-જડના સર્વ ભાવ જણાય.

બાકી, જીવના મૂળ સ્વરૂપમાં જેમ (૧) અનંત જ્ઞાન છે એમ (૨) અનંત દર્શન, (૩) અનંત સુખ છે, (૪) ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર યાને વીતરાગતા છે, (૫) અક્ષય-અજર-અમર સ્થિતિ છે, (૬)

અરૂપિપણું છે, (૭) અગુરુ લઘુ સ્થિતિ છે, (૮) અનંત વીર્ય વગેરે શક્તિ છે.

એક મહારત્ન કે સૂર્યની જેમ જીવમાં આ આઠ મૂળ તેજસ્વી સ્વરૂપ છે પરંતુ વાદળથી છવાઈ ગયેલા સૂર્યની જેમ અથવા માટીથી લેપાયેલા ખાણના રત્નની જેમ જીવ આઠ જાતના કર્મ પુદ્ગલથી છવાઈ ગયેલો છે, ઢંકાઈ ગયેલ છે; તેથી તેનું મૂળ સ્વરૂપ પ્રગટ નથી, ઊલટું એકેક કર્મ-આવરણને લીધે એમાં વિકૃત સ્વરૂપ પ્રગટે છે ! દા. ત., જ્ઞાનાવરણ કર્મના લીધે અજ્ઞાન સ્વરૂપ બહાર પડ્યું છે, દર્શનાવરણ કર્મના લીધે દર્શન શક્તિ હણાઈ ગઈ હોવાથી અંધાપો, અશ્રવણ વગેરે તથા નિદ્રાઓ બહાર પડી છે; આઠે કર્મથી જુદી જુદી વિકૃતિ, ખરાબી ઊભી થઈ છે. આને સૂર્ય પર વાદળના ચિત્રથી સમજી શકાશે.

અહીં ધ્યાન રાખવાનું કે ચિત્રની સરળતા ખાતર સૂર્ય કે રત્નના માત્ર એકેક ભાગમાં જ એકેક પ્રકાશ, કર્મ અને અસર બતાવાય. બાકી આત્મામાં તો દરેકે દરેક પ્રકાશ વગેરે વિશેષતા આત્માના સર્વ ભાગમાં વ્યાપેલી છે. એમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મનું સ્વરૂપ ઉપર જોયું. હવે વેદનીય કર્મથી જોઈએ. વેદનીય કર્મથી આત્માનું મૂળ સ્વાધીન અને સહજ સુખ દબાઈ જઈને કૃત્રિમ, પરાધીન, અસ્થિર શાતા-અશાતા ઊભી થઈ છે. મોહનીય કર્મના આવરણથી મિથ્યાત્વ, રાગદ્વેષ, અવ્રત, હાસ્યાદિ ને કામક્રોધાદિ પ્રગટ થયા કરે છે. આયુષ્ય કર્મથી જન્મ-જીવન-મરણના અનુભવ કરવા પડે છે. નામ કર્મના લીધે શરીર મળવાથી જીવ અરૂપી છતાં રૂપી જેવો થઈ ગયો છે. આમાં ઇન્દ્રિયો, ગતિ, જશ-અપજશ, સૌભાગ્ય, દૌર્ભાગ્ય, ત્રસપણું - સ્થાવરપણું વગેરે ભાવો પ્રગટે છે. ગોત્ર કર્મના લીધે ઊંચું નીચું કુળ મળે છે અને અંતરાય કર્મને લીધે કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા અને દુર્બળતા ઊભી થઈ છે.



એમ જીવનું મૂળ સ્વરૂપ ભવ્ય, શુદ્ધ અને અચિંત્ય અનુપમ હોવા છતાં, કર્મની જકડામણને લીધે જીવ તુચ્છ, મલિન વિકૃત સ્વરૂપવાળો બની ગયો છે. પૂર્વે કહી આવ્યા તેમ આ વિકૃતિ કોઈ અમુક વખતે શરૂ નથી થઈ, કિન્તુ કાર્ય કારણ ભાવના નિયમ મુજબ અનાદિ અનંત કાળથી ચાલી આવે છે. જૂના જૂના કર્મ પાકતાં જાય છે તેમ તેમ એ આ વિકારોને પ્રગટ કર્યે જાય છે અને એ કર્મ પોતે આત્મા ઉપરથી ખરી જાય છે. પણ એની પછીના કર્મ પાછા પાકી પાકીને ફળ દેખાડ્યે જાય છે. તેથી વિકારોની સતત ધારા ચાલુ રહે છે. બીજી બાજુ નવા નવા કર્મ ઊભા થતાં જાય છે અને એ પાછા સ્થિતિકાળ પાક્યે વિકારો દેખાડ્યે જાય છે.... આમ સંસારધારા અનાદિકાળથી ચાલુ જ છે. જો કર્મને ખેંચી લાવનારા આશ્રવો બંધ કરાય અને સંવર સેવાય, તો નવા કર્મ આવતાં અટકે અને જૂનાનો નિર્જરા તપથી નિકાલ આવે. એમ એક દિ' જીવ સર્વ કર્મથી રહિત બનતાં મોક્ષ પામે. પોતાના અનંત જ્ઞાનાદિનું મૂળ સ્વરૂપ પ્રગટ થઈ જાય પછી કોઈ જ આશ્રવ ન રહેવાથી ક્યારેય પણ કર્મ લાગતા નથી અને સંસાર (જન્મ-મરણ) થતો નથી. શાશ્વતકાલીન મોક્ષ થાય છે.

**• પ્રશ્નો •**

**૧. સર્વજ્ઞે કહ્યાં તે જ તત્ત્વ સાચાં કેમ ?**

**૨. જ્ઞાન એ આગન્તુક ગુણ કેમ નહિ ?**

**૩. જ્ઞાનનું માપ કેટલું ? સર્વજ્ઞતા કેમ સંભવિત ?**

**૪. જીવના મૌલિક-વિકૃત સ્વરૂપનું સૂર્ય-વાદળની ઉપમાથી ચિત્ર દોરો.**

**૫. મોક્ષના જીવોને યશ-અપયશ, માનપાન, ભૂખ-તરસ કેમ નહિ ?**

**૬. યશ-અપયશ વગેરે કયા કયા કારણોથી થાય ?**

# ૧૩. જીવના ભેદ

વિશ્વમાં જીવો બે પ્રકારના છે. (૧) મુક્ત અને (૨) સંસારી. 'મુક્ત' એટલે આઠે પ્રકારના કર્મથી રહિત. 'સંસારી' એટલે કર્મ બંધનથી જુદી જુદી ગતિઓ, શરીરો, પુદ્ગલો અને ભાવોમાં સંસરણ કરનારા-ભટકનારા.

સંસારી જીવો એક ઈન્દ્રિયથી માંડી પાંચ ઈન્દ્રિયોવાળા હોય છે. એમાં એક જ સ્પર્શનેન્દ્રિયવાળા એકેન્દ્રિય જીવો **સ્થાવર** કહેવાય છે અને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય વગેરે ધરાવનારા જીવો **ત્રસ** કહેવાય છે.

ઈન્દ્રિયોની ગણતરી આપણા મુખ પર દાઢીથી કાન સુધીનો જે ક્રમ છે તે હિસાબે સમજવી. દા. ત., એકેન્દ્રિય જીવોને એકલી સ્પર્શનેન્દ્રિય, દ્વીન્દ્રિય જીવોને સ્પર્શન અને રસના ઈન્દ્રિય, ત્રીન્દ્રિય જીવોને એ બે ઉપરાંત ઘ્રાણેન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોને તે ઉપરાંત ચક્ષુ વધારે અને પંચેન્દ્રિય જીવોને એ ચાર ઉપરાંત શ્રોત્રેન્દ્રિય. આમ, સંસારી જીવો પાંચ પ્રકારે - એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય છે. આમાં એકેન્દ્રિય એ સ્થાવર જીવ છે. એ ગમે તેવા ઉપદ્રવ આવે તો પણ સ્વેચ્છાથી હાલી-ચાલી ન શકે, કંપી ન શકે. એવા જીવોને એકલી સ્પર્શનેન્દ્રિય એટલે કે એકલું શરીર જ હોય, બીજી રસનેન્દ્રિય વગેરે કે હાથ-પગ વગેરે હોય નહિ. આ શરીર પૃથ્વી રૂપ હોય, પાણી રૂપ હોય, અગ્નિ રૂપ, વાયુ રૂપ કે વનસ્પતિ-સ્વરૂપ હોય.



પૃથ્વી રૂપી કાયાને ધરનાર તે **પૃથ્વીકાય જીવ.**

પાણી (અપ્) રૂપી કાયાને ધરનાર તે **અપ્કાય જીવ.**

અગ્નિ રૂપી કાયાને ધરનાર તે **તેજસકાય જીવ.**

વાયુ રૂપી કાયાને ધરનાર તે **વાયુકાય જીવ.**

વનસ્પતિ રૂપી કાયાને ધરનાર તે **વનસ્પતિકાય જીવ.**

આમ સ્થાવર જીવના પૃથ્વીકાયાદિ રૂપે પાંચ પ્રકાર છે. (ધ્યાનમાં રહે કે પાણીમાં પોરા વગેરે જીવ તો પાણીથી જુદું શરીર ધારણ કરનાર જીવ જુદા છે, પણ ખુદ પાણી એ ય કોઈ જીવનું શરીર છે. એ પાણીને જ શરીર તરીકે ધારણ કરીને રહેલ તે અપ્કાય જીવ. બહુ જ સૂક્ષ્મ ઝીણામાં ઝીણા બિંદુથી પણ અસંખ્યાતમા ભાગનું શરીર પાણીના એકેક જીવનું હોય છે અને તે શરીર અસંખ્ય ભેગા થાય ત્યારે એક બિંદુ રૂપે આપણી નજરે ચઢે છે. એવું જ પૃથ્વીકાય, તેજસકાય, વાયુકાય અને ઝીણા નિગોદ વનસ્પતિકાય માટે સમજવાનું.

**નિગોદ** એટલે એવું શરીર કે જે એકને ધારણ કરીને અનંત જીવ રહેલા હોય. અનંત જીવોનું એક શરીર. માટે આ જીવને સાધારણ વનસ્પતિકાય અથવા અનંતકાય જીવ કહેવાય છે.

**આ પાંચે સ્થાવર જીવોમાં કોણ કોણ ગણાય, તેનો કોઠો નીચે પ્રમાણે આપ્યો છે :**

| પૃથ્વીકાય | અપકાય | તેઉકાય | વાયુ કાય | વનસ્પતિકાય પ્રત્યેક | વનસ્પતિકાય સાધારણ |
|---|---|---|---|---|---|
| માટી, ખડી, લુણ, | કૂવા, નદી, | અગ્નિ, | વાયુ | વૃક્ષ | જમીનકંદ |
| ખાર, પાષાણ, લોહ, | તળાવ, ઝરણાં | જ્વાળા, | પવન | ધાન્ય | કાંદા, લસણ, |
| કનક વગેરે ધાતુઓ | ને વરસાદના | દીવો | હવા | બીજ | સુરણ, આદુ, |
| પારો, પરવાળાં, | પાણી, બરફ, | વીજળી | વંટોળ | પત્ર | લીલી-હળદર, |
| રત્નો, સ્ફટિક, અભ્રક, | ધુમસ, ઝાકળ, | ઉજેહી | ઘુમરી | પુષ્પ | બટાટા, |
| મણસીલ, | ઓસ | તણખા | | ફળ | શક્કરિયાં,ગાજર, |
| ફટકડી, સુરમો | | કણગ | | છાલ | લીલ, ફૂગ. |

આમાં પ્રત્યેક=એક શરીરમાં એક જીવ, સાધારણ =એક શરીરમાં અનંત જીવ.

હવે દ્વીન્દ્રિય (બેઇન્દ્રિય) વગેરે જીવોનો કોઠો

| દ્વીન્દ્રિય | ત્રીન્દ્રિય | ચતુરિન્દ્રિય | પંચેન્દ્રિય |
|---|---|---|---|
| જળો, પોરા, | કીડા, કીડી, ઇયળ, | માખી, ભમરા, | નારક |
| અળસીયા, પેટના | મકોડા, માંકણ, | ડાંસ, મચ્છર, તીડ, | તિર્યંચ |
| કૃમિ, અક્ષ, શંખ, | ધનેરા, ઉધેઈ, જુ, | વીંછી, બગાઈ, | મનુષ્ય |
| કોડા, લાકડાના | લીખ, કંથવા, | કંસારી, કરોળીયા, | દેવ |
| કીડા (ઘુણ) વગેરે. | કાનખજૂરા, ચાંચડ | વગેરે. | |



આમાં એકેન્દ્રિયથી ઠેઠ ચતુરિન્દ્રિય જીવો બધા જ તિર્યંચ ગતિમાં ગણાય છે.
ચારે પ્રકારના પંચેન્દ્રિય જીવ આ પ્રમાણે છે.

| નારકી | તિર્યંચ ૧ | તિર્યંચ ૨ | તિર્યંચ ૩ | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|---|
| નીચે નીચે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા, મહાતમ:પ્રભા આ ૭ પૃથ્વીમાં નરકના જીવો છે. | **જલચર**માં સુંસુમાર, માછલી, મગર વગેરે | **સ્થલચર**માં ૧. ભુજપરિસર્પ, ગરોળી, નોળિયો. ૨. ઉરપરિસર્પ, સાપ, અજગર. ૩. ચોપગામાં- જંગલી, શહેરી પશુ. | **ખેચર**માં ચકલી, કાગડો, પોપટ વગેરે પક્ષી તથા ચામાચિડિયા, વાગોળ. | કર્મભૂમિના અકર્મભૂમિના અંતરદ્વીપના | ૧. ભવનપતિ ૨. વ્યંતર ૩. જ્યોતિષ્ક ૪. વૈમાનિક આમાં પહેલા **ભવનપતિ** નીચે અધોલોકમાં છે. **વ્યંતર** નીચે, ને **જ્યોતિષી,** સૂર્ય-ચંદ્ર વગેરે ઉપર, આ મધ્ય લોકમાં છે. **વૈમાનિકના** ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન ઊર્ધ્વલોકમાં છે. |

૧૪ રાજલોકની બરાબર વચ્ચેનો ભાગ કે જેની ઉપર ૭ રાજલોક છે અને નીચે ૭ રાજલોક છે એને 'સમભૂતલા' કહેવાય છે. એની ઉપર ૯૦૦ જોજન અને નીચે ૯૦૦ જોજનની વચ્ચેના ભાગને 'મધ્યલોક' કહેવાય છે. મધ્યલોકથી ઉપરના ૭ રાજલોક એ 'ઊર્ધ્વલોક' અને નીચેના ૭ રાજલોક એ 'અધોલોક' છે.

# ૧૪. જીવોનો જન્મ અને જીવની વિશેષતાઓ

જીવમાં પર્યાપ્તિ, પ્રાણ, સ્થિતિ અવગાહના કાયસ્થિતિ, યોગ, ઉપયોગ, લેશ્યા વગેરે વિશેષતાઓ છે, જડ (અજીવ)માં આવી કોઈ જ વિશેષતા નથી.

● **પર્યાપ્તિ એટલે શક્તિ :** પર્યાપ્તિ છ છે. ૧. આહાર, ૨. શરીર, ૩. ઇન્દ્રિય, ૪. શ્વાસોશ્વાસ, ૫. ભાષા અને ૬. મન.

જીવનું એક ભવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે ત્યાંના શરીરથી એ છૂટી પૂર્વે બાંધી મૂકેલા આયુષ્ય અને ગતિ પ્રમાણે બીજો ભવ પામે છે. ત્યાં આવતાવેંત આહારના પુદ્ગલ આહાર રૂપે લે છે, એથી આહાર પર્યાપ્તિ ઊભી થાય છે. જુઓ **જન્મતાં પહેલું કામ ખાવાનું !** આહારની કેવી લત ! પૂર્વ જન્મથી કર્મના થોક (કાર્મણશરીર)ની જેમ બીજું એક તૈજસ શરીર પણ સાથે લાવે છે, તેના બળે અહીં આહારને પચાવી રસ-રૂધિર રૂપે શરીર બનાવે છે અને એમાંના તેજસ્વી પુદ્ગલોથી ઇન્દ્રિયો બનાવે છે, એથી ક્રમશઃ શરીર પર્યાપ્તિ-ઇન્દ્રિય પર્યાપ્તિ ઊભી થાય છે. પ્રતિ સમય આહાર લેવાનું, શરીર વધારવાનું અને ઇન્દ્રિય બનાવી દૃઢ કરવાનું કામ ચાલુ રહે છે. અંતર્મુહૂર્ત (બે ઘડીની અંદરનો કાળ) થતાં શરીર, ઇન્દ્રિયો તૈયાર થઈ જાય છે. ત્યાં શ્વાસના પુદ્ગલ લઈ શ્વાસોશ્વાસની શક્તિ (પર્યાપ્તિ) મેળવે છે.

એકેન્દ્રિય જીવોને આટલું જ થાય; એટલે કે એને ચાર જ શક્તિ-ચાર જ પર્યાપ્તિ હોય. ત્યારે દ્વીન્દ્રિય જીવોને રસના (જીભ) મળે છે, તેથી એ ભાષાના પુદ્ગલ લઈ ભાષા રૂપે બનાવવાની શક્તિ-પર્યાપ્તિ ઊભી કરે છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનના પુદ્ગલ લઈ મન રૂપે બનાવવાની શક્તિ ઊભી કરે છે, આ શક્તિ એ પર્યાપ્તિ. આમ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એમ છ શક્તિ-છ



પર્યાપ્તિ પુદ્ગલના સહારા પર ઊભી થાય છે. એમાં પોતાના પર્યાપ્તિ નામ કર્મના બળે પોતાને યોગ્ય સર્વ પર્યાપ્તિઓ ઊભી કરે તે પર્યાપ્ત જીવ કહેવાય. અપર્યાપ્ત નામ કર્મના લીધે એ પૂરી ઊભી કર્યા પહેલાં કાળ (મરણ) કરી જાય છે એવા જીવ અપર્યાપ્ત કહેવાય. જે પર્યાપ્ત જીવો છે એ પછી જીવનભર આ પર્યાપ્તિ બળ પર આહાર ગ્રહણ-પરિણમન કરી પોષણ વગેરે કરે છે.

● **પ્રાણ = જીવન શક્તિ :**

જીવમાં દસ પ્રકારની પ્રાણ શક્તિ હોય છે. તે આ પ્રમાણે : પાંચ ઇન્દ્રિય, ત્રણ યોગ (મનોયોગ, વચનયોગ અને કાયયોગ), શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

કુલ દસ પ્રાણ; પરંતુ દરેક જીવને દસે દસ પ્રાણ નથી હોતા. એકેન્દ્રિય જીવને ચાર જ પ્રાણ હોય છે. ૧ સ્પર્શનેન્દ્રિય, ૧ કાયયોગ, ૧ ઉચ્છ્વાસ અને એક આયુષ્ય - એમ ચાર પ્રાણ.

બેઇન્દ્રિય જીવને છ પ્રાણ હોય છે. તેમને ઉપરોક્ત ૪ ઉપરાંત એક રસના ઇન્દ્રિય અને વચનયોગ વધારે હોય છે.

ત્રીન્દ્રિય જીવને સાત, ચતુરિન્દ્રિયને આઠ અને પંચેન્દ્રિય જીવને નવ કે દસ પ્રાણ હોય છે. બેઇન્દ્રિય જીવથી એક એક ઇન્દ્રિય અને વચનયોગ તેમને વધુ હોય તથા સંજ્ઞી પંચેન્દ્રિયમાં મનયોગ હોય.

પંચેન્દ્રિય જીવમાં જેને મન નથી હોતું તેને અસંજ્ઞી જીવ કહેવાય છે. જેમને મન હોય છે તેવા પંચેન્દ્રિય જીવને સંજ્ઞી જીવ કહેવાય છે. નવ પ્રાણ ઉપરાંત તેમને મન પણ હોય છે. આમ સંજ્ઞી જીવને દસ પ્રાણ હોય છે.

● **સંજ્ઞી** એટલે સંજ્ઞાવાળા. સંજ્ઞા એટલે આગળ-પાછળ કાર્યકારણો વિચારવાની શક્તિ.

દેવનારકને મનઃ પર્યાપ્તિ પ્રાપ્ત થતાં એ સંજ્ઞી જીવ બને જ, જ્યારે મનુષ્ય-તિર્યંચ ગતિમાં એવા પણ જીવો છે જેમને મન હોય જ નહિ. આથી તેના સંજ્ઞી અને **અસંજ્ઞી** એવા પ્રકાર બતાવ્યા.

● જીવોને જન્મવા માટે **૮૪ લાખ યોનિ** છે. યોનિ એટલે જીવને ઉત્પન્ન થવાનું સ્થાન. સમાન રૂપ, ગંધ, સ્પર્શવાળા પુદ્‍ગલોનું હોય તે એક જ યોનિ ગણાય. પૃથ્વીકાયાદિ જીવને આવી નીચે મુજબ યોનિઓ હોય છે :

| | |
|---|---|
| પૃથ્વીકાય | જીવની ૭ લાખ યોનિ |
| અપ્‌કાય | જીવની ૭ લાખ યોનિ |
| તેઉકાય | જીવની ૭ લાખ યોનિ |
| વાઉકાય | જીવની ૭ લાખ યોનિ |
| પ્રત્યેક વનસ્પતિકાય | જીવની ૧૦ લાખ યોનિ |
| સાધારણ વનસ્પતિકાય | જીવની ૧૪ લાખ યોનિ |
| બેઇન્દ્રિય | જીવની ૨ લાખ યોનિ |
| તેઇન્દ્રિય | જીવની ૨ લાખ યોનિ |
| ચતુરિન્દ્રિય | જીવની ૨ લાખ યોનિ |
| પંચેન્દ્રિય તિર્યંચ | જીવની ૪ લાખ યોનિ |
| દેવ | જીવની ૪ લાખ યોનિ |
| નારક | જીવની ૪ લાખ યોનિ |
| મનુષ્ય | જીવની ૧૪ લાખ યોનિ |
| | **કુલ ૮૪ લાખ યોનિ** |



● **સ્થિતિ :** જીવોના આયુષ્યકાળને સ્થિતિ કહે છે.

● **અવગાહના :** શરીરના પ્રમાણને અવગાહના કહે છે.

આ બંને વિષયોનું **જીવ વિચાર** અને **બૃહત્સંગ્રહણી** શાસ્ત્રોમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે.

● **કાયસ્થિતિ :** જીવ વારંવાર મરીને સતત એવી ને એવી કાયામાં વધુ કેટલી વાર ફરી ફરી જન્મી શકે અર્થાત્ તે તે કાયસ્થિતિ કેટલી લાંબી હોય ? એના ઉત્તરમાં સ્થાવર અનંતકાયની ઉત્કૃષ્ટ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ છે, અન્ય સ્થાવરકાયની અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ, દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિયમાં સંખ્યાતા વર્ષ; મનુષ્ય અને તિર્યંચની ૭-૮ ભવ. દેવ-નારક ચ્યવીને તરત જ બીજા ભવમાં દેવ કે નારક ન થઈ શકે; માટે કાયસ્થિતિ એક જ ભવની, એક જ ભવના આયુષ્યકાળની.

● **યોગ-ઉપયોગ :** જીવને યોગ તથા ઉપયોગ હોય છે. **યોગ** = આત્મવીર્યની સહાયથી મન, વચન કે કાયાનું કરાતું પ્રવર્તન, એની પ્રવૃત્તિ. **ઉપયોગ** = જ્ઞાન દર્શનનું સ્ફુરણ. આ બંનેનું વિવેચન આગળ કરાશે.

● **લેશ્યા :** જીવને છ લેશ્યા હોય છે. લેશ્યા એ કર્મ કે યોગની અંતર્ગત તે તે રંગના જે પુદ્‍ગલો, એની સહાયથી ઉત્પન્ન થતો આત્માનો એક પરિણામ છે. ચિત્ર-કળામાં ગુંદર વગેરે ચીકણી વસ્તુ જેમ રંગનો ટકાવ મજબૂત બનાવે છે, તેમ લેશ્યા કર્મ બંધની અવસ્થાને મજબૂત કરે છે, દીર્ઘ કરે છે. અશુભ લેશ્યા દુઃખ-બહુલ કરે છે અને શુભ લેશ્યા સુખ-બહુલ કરે છે. લેશ્યાના છ ભેદો સમજવા એક દૃષ્ટાંત છે.

છ મનુષ્યો માર્ગમાં ભૂલા પડવાથી મોટી અટવીમાં જઈ ચડ્યા અને ત્યાં છએ ભૂખ્યા થયા. ત્યાં એક જાંબુનું વૃક્ષ તેમની નજરે પડ્યું.

તે જોઈને છ મનુષ્યોએ પોતપોતાના વિચારો રજૂ કર્યા.

| પહેલો બોલ્યો | બીજો બોલ્યો | ત્રીજો બોલ્યો |
|---|---|---|
| ઝાડને મૂળમાંથી ઉખેડીને નીચે પાડીએ અને સુખેથી ખાઈએ | મૂળથી તોડવાની શી જરૂર છે ? મોટી ડાળીઓ તોડીને ફળ ખાઈએ. | જાંબુવાળી હોય તેવી જ ડાળીઓ તોડીને ફળો ખાઈએ. |
| **કૃષ્ણ લેશ્યા** | **નીલ લેશ્યા** | **કાપોત લેશ્યા** |
| **ચોથો બોલ્યો** | **પાંચમો બોલ્યો** | **છઠ્ઠો બોલ્યો** |
| જાંબુના માત્ર ગુચ્છા (લુમખા) હોય તે જ તોડો અને ફળો ખાઓ. | માત્ર જાંબુઓ તોડીને જ ખાઓ. | નીચે પડેલા જાંબુ હોય તે જ વીણીને ખાઈએ. |
| **તેજો લેશ્યા** | **પદ્મ લેશ્યા** | **શુક્લ લેશ્યા** |

આ વાતચીત ઉપરથી એમની ચડઉતર લેશ્યાઓ વ્યકત થાય છે.

પ્રથમની ત્રણ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓ અશુભ છે અને બાકીની ત્રણ તેજો, પદ્મ અને શુકલ લેશ્યાઓ શુભ છે.

**"દિવ્ય-દર્શન" "વચનામૃત"** **વર્ષ-૪,અંક-૧,તા.૩-૯-૧૯૫૫**

● કાદવમાં ન છૂટકે ચાલવું પડે એ જુદું, અને હોંશથી લોટવું તે જુદું; તેમ સંસારમાં ન છૂટકે રહેવું પડે તે જુદું, અને હોંશથી રમવું તે જુદું; પાપ નભાવવું પડે તે જુદું, અને પાપને મહાલાવવું તે જુદું, મોક્ષપ્રેમી આત્મા સંસારમાં રમતો નથી; પાપને મહલાવતો નથી.



## ૧૫. પુદ્ગલ

જીવમાં મિથ્યાત્વ હોય, અવિ.રતિ (વ્રત-રહિતપણું) હોય, ક્રોધાદિ કષાય હોય અને મન-વચન-કાયાના યોગ (પ્રવૃત્તિ) હોય, એ આશ્રવ છે. જીવને આશ્રવથી કર્મ ચોંટે છે. તે કર્મ જડ પુદ્ગલ છે. પુદ્ગલના મુખ્ય આઠ પ્રકાર યાને આઠ વર્ગણા ઉપયોગી છે. એમાંની આઠમી કાર્મણ વર્ગણામાંથી કર્મ બને છે. તે આઠ પ્રકારની સમજ આ પ્રમાણે છે.

પૂર્વે જોયું કે પૃથ્વી (માટી પાષાણાદિ), પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે પુદ્ગલ તે તે જીવોએ ગ્રહણ કરેલા શરીર રૂપ છે. જીવ મરી જાય એટલે તે શરીર રૂપી પુદ્ગલને છોડી જાય છે. એથી એ શરીર-પુદ્ગલ નિર્જીવ, અચેતન, અચિત્ત બની જાય છે. વળી એ પુદ્ગલને ચાહે તેવા રૂપમાં અથવા ભાંગ્યાતૂટ્યાં કે પરિવર્તન પામેલા રૂપમાં જીવ ગ્રહણ કરે તો તે પાછા સજીવ, સચિત્ત સચેતન બની જાય છે. વળી જીવ એને છોડી જાય છે ત્યારે પાછા અચિત્ત નિર્જીવ બને છે. એમ અનાદિકાળથી આ પ્રક્રિયા ચાલ્યા કરે છે. જીવ પુદ્ગલને ગ્રહણ કરી શરીર રૂપે ધારણ કરે છે, પાછો એને છોડી બીજા ભવમાં બીજા પુદ્ગલથી શરીર બનાવે છે.

**પરમાણુ :** આ પુદ્ગલ દ્રવ્યના ઝીણામાં ઝીણા અંશને અણુ પરમાણુ કહે છે. બે પરમાણુ ભેગા થાય તો દ્વ્યણુક-દ્વિપ્રદેશિક સ્કંધ, ત્રણ ભેગા મળે તો ત્ર્યણુક-ત્રિપ્રદેશિક સ્કંધ, ચાર મળે તો ચતુરણુક-ચતુઃપ્રદેશિક..... એમ સંખ્યાત મળે તો સંખ્યાત-પ્રદેશિક, અસંખ્યાતા મળે તો અસંખ્યાત-પ્રદેશિક અને અનંતા મળે તો અનંત-પ્રદેશિક સ્કંધ બને છે. સર્વજ્ઞની દૃષ્ટિએ દૃશ્ય એવા નૈશ્ચયિક સૂક્ષ્મ-અનંત અણુના બનેલા સ્કંધને વ્યાવહારિક પરમાણુ કહેવાય છે. આજના વિજ્ઞાનની ગણતરીના અણુમાં પણ વિભાજન થઈ શકે છે એ આ વસ્તુના સત્યને પુરવાર કરે છે. નહિતર ખરો અણુ એટલે બસ છેલ્લું માપ. પછી એના

ભાગ ન પડી શકે. માટે આજનો અણુ કદાચ વ્યાવહારિક અણુ માનો; એના વિશ્લેષણથી પ્રાપ્ત ઇલેક્ટ્રોન, ન્યુટ્રોન વગેરે પણ વ્યાવહારિક અણુ, બાકી અણુ તો ચર્મચક્ષુએ અદૃશ્ય જ હોય એટલે આજના અણુને સ્કંધ કહેવો ઠીક લાગે છે.

**૮ વર્ગણાઓ :** વ્યાવહારિક અનંતા પરમાણુના બનેલા સ્કંધ (જથ્થા) જીવના ઉપયોગમાં આવી શકે. જીવના ઉપયોગમાં આવે એવા આઠ જાતના સ્કંધ હોય છે. તેના નામ – ૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ, ૫. ભાષા, ૬. શ્વાસોચ્છ્‌વાસ, ૭. માનસ અને ૮. કાર્મણ. આ સ્કંધો વર્ગણા તરીકે ઓળખાય છે. ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, યાવત્ કાર્મણ વર્ગણા સુધી. આ વર્ગણાઓ ઉત્તરોત્તર અધિકાધિક અણુઓના પ્રમાણવાળી હોવા છતાં તે મશીનમાં દબાયેલા રૂની ગાંસડીની જેમ કદમાં વધુ ને વધુ સૂક્ષ્મ હોય છે. દા. ત., ઔદારિક સ્કંધ કરતાં વૈક્રિય સ્કંધ સૂક્ષ્મ, વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ..... યાવત્ આઠમા કાર્મણ સ્કંધો સૌથી સૂક્ષ્મ છે. એમ હોવામાં પુદ્‌ગલનો તથાસ્વભાવ કારણભૂત છે. આ વર્ગણાઓના કાર્ય આ પ્રમાણે છે :

(૧) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય તિર્યંચ જીવો અને મનુષ્યોના શરીર ઔદારિક વર્ગણામાંથી બને છે.

(૨) દેવ અને નારકના શરીર વૈક્રિય વર્ગણાના બને છે.

(૩) લબ્ધિ (વિશિષ્ટ શક્તિ)ના બળે ચૌદ 'પૂર્વ' નામના સાગરસમા વિશાળ શાસ્ત્રના જાણકાર મહામુનિ કોઈક પ્રસંગે પોતાની શંકાના સમાધાન માટે યા વિચરતા તીર્થંકર પ્રભુની સમવસરણાદિ સમૃદ્ધિ જોવા માટે સૂક્ષ્મ આહારક વર્ગણામાંથી એક હાથનું શરીર બનાવીને મોકલે તે આહારક શરીર કહેવાય છે.

(૪) અનાદિકાળથી જીવની સાથે કર્મના જથ્થાની જેમ બીજું એક તૈજસ શરીર પણ ચોંટેલું રહે છે. એ શરીર તૈજસ વર્ગણાનું બનેલું હોય



છે; એમાંથી તૈજસ પુદ્‌ગલના સ્કંધો વિખરાય છે, નવા તૈજસ પુદ્‌ગલ ભરાય છે, પણ અમુક પ્રમાણમાં જથ્થો કાયમ સાથે ને સાથે રહે છે જ. આ તૈજસ શરીરથી શરીરમાં ગરમી રહે અને જીવ જે આહાર ગ્રહણ કરે છે તેનું પાચન થાય છે.

(૫) ભાષા વર્ગણાના પુદ્‌ગલમાંથી ભાષા-શબ્દ રચના બને છે.

(૬) શ્વાસોચ્છ્‌વાસ વર્ગણામાંથી જીવ શ્વાસોચ્છ્‌વાસ રૂપે પુદ્‌ગલો ગ્રહણ કરે છે. એ પુદ્‌ગલો શબ્દ કરતાં પણ સૂક્ષ્મ છે. માટે જ હવારહિત (Vaccum) ઇલેકટ્રીક ગોળામાં અગ્નિકાયના જીવો તે ગ્રહીને જીવે છે. ધ્યાનમાં રાખવું કે હવા એ તો વાયુકાય જીવના ઔદારિક શરીર-પુદ્‌ગલ છે. શ્વાસોચ્છ્‌વાસના પુદ્‌ગલ તો એના કરતાં ઘણાં ઘણાં સૂક્ષ્મ છે. અલબત્ત આપણા માટે ખોરાક-પાણીની જેમ બાહ્ય ચાલુ વાયુની પણ જરૂર પડે છે. પરંતુ બધા જીવને એની જરૂર પડે જ એવું નહિ. દા.ત., માછલા, મગરને.

(૭) જેમ આપણને બોલવા માટે ભાષા વર્ગણાના પુદ્‌ગલ કામ લાગે છે, તેમ વિચાર કરવા માટે મનો વર્ગણાના પુદ્‌ગલ કામ લાગે છે. નવા નવા શબ્દોચ્ચાર માટે ભાષા વર્ગણાની જેમ નવા નવા વિચાર કરવા માટે નવા નવા મનો વર્ગણાના પુદ્‌ગલ લેવામાં આવે છે અને એને મન રૂપે બનાવી જ્યારે છોડવામાં આવે ત્યાં વિચાર સ્ફૂરે છે.

(૮) આઠમા નંબરના કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ છે. જીવ મિથ્યાત્વાદિ એક યા અનેક આશ્રવ સેવે છે, ત્યારે આ કાર્મણ પુદ્‌ગલો જીવ સાથે ચોંટીને કર્મ રૂપ બને છે.

આ આઠ વર્ગણા ઉપરાંત પણ બીજી એથીય સૂક્ષ્મ સૂક્ષ્મ વર્ગણાઓ છે. દા. ત., પ્રત્યેક વર્ગણા, બાદર વર્ગણા વગેરે યાવત્ અચિત્ત મહાસ્કંધ વર્ગણાના પુદ્‌ગલ છે. પરંતુ જીવને એ નિરુપયોગી છે.

એટલે કે આહારાદિ રૂપે લઈ શકાય એવા નથી. ઉપયોગી વર્ગણા માત્ર આઠ છે.

પ્રકાશ, પ્રભા, અંધકાર, છાયા એ બધાં ઔદારિક પુદ્ગલ છે. એમાં પરિવર્તન થયા કરે છે; દા. ત., પ્રકાશના પુદ્ગલ અંધકાર રૂપ બની જાય છે, છાયા પુદ્ગલો દરેક સ્થૂલ શરીરમાંથી તેવા તેવા રંગના બહાર નીકળ્યા કરે છે. દૂરબીનના કાચની આરપાર થઈને સફેદ કાગળ કે કપડા પર તેવા રંગમાં પડેલી છાયા રૂપે તડકે દેખાય છે. ફોટોગ્રાફની પ્લેટ પર એ છાયા પુદ્ગલ પકડાય છે; તથા પ્લેટ પર ફોટો દેખાય છે.

જમીનમાં વાવેલા સચિત્ત બીજમાં જીવ પોતાના કર્માનુસાર તેવા તેવા પુદ્ગલો આકાશ ને જમીનમાંથી આહાર રૂપે ગ્રહણ કરે છે, એમાંથી અંકુર, ડાંડી, પત્ર, પુષ્પ, ફળ વગેરે બને છે. આ બધા પદાર્થ જમીન, ખાતર અને પાણી કરતાં તદ્દન વિલક્ષણ વર્ણ-રસ-ગંધ-સ્પર્શવાળા દેખાય છે, એ જ બતાવે છે કે સ્વતંત્ર જીવ-દ્રવ્ય અને કર્મની શક્તિ વિના આ વ્યવસ્થિત અને વિલક્ષણ સર્જન થઈ શકે નહિ. અહીં ધ્યાનમાં રહે કે ઝાડમાં એક મુખ્ય જીવ હોવા સાથે પાંદડે પાંદડે ફૂલે-ફૂલે વગેરેમાં જુદા જુદા જીવ હોય છે.

**● પ્રકરણ ૧૩, ૧૪ અને ૧૫ના પ્રશ્નો ●**

**૧. 'સંસારી' એટલે શું ? સંસારી જીવોના ભેદો બતાવો.**

**૨. 'અપ્કાય' અને 'નિગોદ' એટલે શું ? ત્યાં જીવોની સંખ્યા કેટલી ?**

**૩. આ જીવો કેટલી કઈ ઈન્દ્રિયવાળા ? ઓસ, રત્ન, માકણ, તીડ, અળસિયા, વીંછી, ગરોળી એ કઈ ગતિના જીવ કહેવાય ?**

**૪. ત્રણ લોકનું માપ લખો ?**

**૫. પંચેન્દ્રિય તિર્યંચના જુદા જુદા પ્રકાર બતાવો.**

● ● ●



**૧. પ્રાણ અને પર્યાપ્તિઓ કેટલી ? કઈ કઈ ?**

**૨. પર્યાપ્તિની પ્રક્રિયા બતાવો.**

**૩. યોનિ, અવગાહના, કાયસ્થિતિ, યોગ, ઉપયોગ સમજાવો.**

**૪. છ લેશ્યાને જાંબૂ વૃક્ષના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરો.**

● ● ●

**૧. વર્ગણા એટલે શું ? ૮ વર્ગણાના નામ અને ઉત્પત્તિ ક્રમ સમજાવો.**

**૨. પ્રકાશ અને અંધકાર શી ચીજ છે ?**

**૩. વાયુ અને શ્વાસોચ્છ્વાસ વચ્ચે શો તફાવત ?**

**૪. બીજમાંથી અંકુરાદિ થાય એના પર 'જીવ' તત્ત્વ સાબિત કરો.**

**૫. ભાષા અને વિચાર પર જીવનું વર્ચસ્વ શી રીતે ?**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં" વર્ષ-૪,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૫૫**

- સમજી રાખજો કે આત્મદ્રવ્ય એકવાર સર્વાંગ સુંદર થયા પછી એને અસુંદર બનાવનાર જગતમાં કોઈ સત્તા નથી, ત્યારે જે જગતને સુંદર બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છો તે જગત કદી સુંદર બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ.
- નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શું થાય ? એ પ્રશ્નનો ઉત્તર નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શું ન થાય ? એ પ્રશ્નમાં સમાયેલો છે.
- પવિત્ર તીર્થ ધામમાં પરમાત્માની યાત્રા, એ ભાવ યાત્રા ક્યારે બને ? જો (૧) અનાદિની વિષમ તૃષ્ણા, (૨) કષાયોનો તાપ અને (૩) કર્મના મેળને કાપવાનું મન થાય તો.
- જગતમાં મિથ્યાદૃષ્ટિ આત્માઓ પ્રવૃત્તિ કરતાં મનોરથો દ્વારા ઘણા પાપો બાંધનારા હોય છે. ત્યારે સમકિતદૃષ્ટિ આત્માઓ પ્રવૃત્તિમાં તો ધર્મ યોગને આરાધે છે. પરંતુ મનોરથ માત્રથી પણ અનેક ધર્મ યોગોને સાધનારાં બને છે.

## ૧૬. આશ્રવ

જીવને પ્રાણ એટલે કે ઈન્દ્રિયો તથા મન-વચન-કાયાનું બળ મળ્યું છે, આયુષ્ય છે, શ્વાસોચ્છ્વાસ છે, પરંતુ એના દુરુપયોગથી જીવ કર્મ-બંધનથી બંધાય છે. એ દુરુપયોગને આશ્રવ-સેવન કહેવાય છે. કર્મ બંધાવનારા આશ્રવ કયા કયા છે, એનો હવે વિચાર કરીએ.

ઈન્દ્રિયો, અવ્રત, કષાય, યોગ અને ક્રિયા એ પાંચ આશ્રવ છે.

અથવા હિંસા, જૂઠ, અદત્તાદાન (ચોરી), મૈથુન, પરિગ્રહ, ક્રોધાદિ ૪ કષાય, રાગ, દ્વેષ, કલહ, આળ ચઢાવવું, ચાડીચુગલી, હર્ષ, ઉદ્વેગ, નિંદા, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય-એ ૧૮ પાપસ્થાનક પણ આશ્રવ છે.

અથવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ એ પાંચ આશ્રવ છે. આમાં ઉપરોક્ત ઈન્દ્રિય-અવ્રત વગેરેનો સમાવેશ થઈ શકે છે, કેમ કે ઈન્દ્રિયો અને અવ્રત એ અવિરતિમાં સમાઈ જાય છે. ક્રિયાઓમાંથી કોઈકનો મિથ્યાત્વમાં, કોઈકનો કષાયમાં, કોઈકનો યોગમાં તો કોઈકનો પ્રમાદમાં સમાવેશ થઈ શકે છે. માટે અહીં આપણે આ મિથ્યાત્વાદિ પાંચનો વિચાર કરીશું.

**(૧) મિથ્યાત્વ :** મિથ્યાત્વ એટલે મિથ્યા ભાવ, મિથ્યા રુચિ, અસત્ વલણ. પૂર્વે કહ્યું તેમ જિનોક્ત યાને વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલા જીવ-અજીવાદિ તત્ત્વ અને અનેકાંતવાદાદિ સિદ્ધાન્ત પર અરુચિ એ મિથ્યાત્વ. એમ જિને કહેલા સાચા મોક્ષમાર્ગ ઉપર રુચિ નહિ, પરંતુ અજ્ઞાનીએ કહેલા કલ્પિત મોક્ષમાર્ગ ઉપર રુચિ એ મિથ્યાત્વ અથવા સુદેવ, સુગુરુ અને સુધર્મ પર રુચિ ન રાખતાં કુદેવ-કુગુરુ-કુધર્મ ઉપર રુચિ રાખવી એ મિથ્યાત્વ છે.

**કુદેવ :** એટલે જેમનામાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, હાસ્ય,



મશ્કરી, ભય, અજ્ઞાન વગેરે દોષ છે.

**કુગુરુ :** એટલે જેમનામાં અહિંસાદિ મહાવ્રત નથી, કંચન કામિની રાખે-રખાવે-અનુમોદે છે, કાચા પાણી, અગ્નિ અને વનસ્પતિનો સંબંધ રાખે-કરે છે, તથા રાંધે, રંધાવે કે રાંધણને અનુમોદે છે તે, તેમજ જિનવચનથી વિરુદ્ધ બોલે છે તે.

**કુધર્મ :** એટલે જે ધર્મમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર નથી, જીવ-અજીવ વગેરેનું યથાસ્થિત સ્વરૂપ કહેલું નથી, વિષય-સેવન, કષાય વગેરે પાપોને ધર્મ કહ્યા છે, કર્તવ્ય કહ્યા છે તે.

એવા કુદેવ-કુગુરુ-કુધર્મ પર આસ્થા, શ્રદ્ધા, પક્ષપાત, રુચિ હોય એ મિથ્યાત્વ છે.

● **મિથ્યાત્વના પાંચ પ્રકાર છે.**

**૧. અનાભોગિક મિથ્યાત્વ** એટલે એવી મૂઢતા કે જ્યાં તત્ત્વ, અતત્ત્વ કશાનો આભોગ અર્થાત્ ગમ નથી, આવી મૂઢતા અનાભોગિક મિથ્યાત્વ છે. એ મન વિનાના બધા જીવોને હોય છે. (એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને મન નથી હોતું.)

**૨. આભિગ્રહિક મિથ્યાત્વ** એટલે કે મિથ્યાધર્મ ઉપર દુરાગ્રહભરી આસ્થા. ભલે, માનેલા અસર્વજ્ઞના ધર્મ માટે યુક્તિ ન જડે, તેમ ભલે સરાગી દેવનો ધર્મ લીધો હોય, પરંતુ 'એ જ સાચો ધર્મ છે, બાકી બધા ધર્મ ખોટા છે.' એવો કદાગ્રહ તે આભિગ્રહિક મિથ્યાત્વ.

**૩. અનભિગ્રહિક મિથ્યાત્વ** એટલે કે મિથ્યાધર્મમાં જો કે ફસાયેલો હોય, પરંતુ એનો અભિગ્રહ અર્થાત્ હઠાગ્રહ ન હોય, સમજતો હોય કે 'શાસ્ત્ર ઘણાં મતિ થોડલી' સાચું શું છે એ ચોક્કસ થઈ શકતું નથી, માટે આગ્રહ રાખ્યા વિના દેવ-ગુરુ અને ધર્મની સેવા-ઉપાસનામાં રહેવા દે. આ મિથ્યાત્વ ભદ્રક-મધ્યસ્થ મિથ્યાદર્શની જીવોને હોય છે.

**૪. આભિનિવેશિક મિથ્યાત્વ** એટલે વીતરાગ સર્વજ્ઞનો ધર્મ પામ્યો

છતાં એમાંની કોક વાત ન માનતાં એનાથી ઊલટી વાતનો અભિનિવેશ દુરાગ્રહ રાખે તે.

**૫. સાંશયિક મિથ્યાત્વ** એટલે સર્વજ્ઞ પ્રભુએ કહેલ તત્ત્વ પર શંકા-કુશંકા.

મિથ્યાત્વ એ આત્માનો મોટામાં મોટો શત્રુ છે; કેમ કે જો મૂળમાં તત્ત્વ, મોક્ષમાર્ગ અને દેવ-ગુરુ-ધર્મ પર આસ્થા જ ન હોય તો હિંસાદિ પાપમાં અને ઇન્દ્રિયોના વિષયોમાં તીવ્ર આસક્તિ રહે છે; એથી સદ્ધર્મથી દૂર રહેવાનું થાય છે. પાપો અને વિષયોનો આવેશ રાખીને અનંતવાર ત્યાગ-તપસ્યાદિ જીવે કર્યા છતાં એ નિષ્ફળ ગયા. માટે એ આવેશના કારણભૂત મિથ્યાત્વને દૂર કરવા જેવું છે.

**(૨) અવિરતિ :** પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરવો, પાપથી વિરામ ન પામવો એ 'અવિરતિ' કહેવાય. કોઈપણ પાપની ક્રિયા કે કર્મ અત્યારે આપણે કરતા નથી પરંતુ એ પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હોય, તો એ વિરતિ છે, ને પ્રતિજ્ઞા ન લીધી હોય તો એ અવિરતિ છે. પાપ ન કરવા છતાં પણ આ અવિરતિથી આત્માને કર્મ-બંધન થાય. આ પ્રકારનું પાપ પ્રત્યેની સાપેક્ષતાનું બંધન એટલે અવિરતિ.

**પ્રશ્ન : પાપ ન કરે છતાં ય કર્મ બંધાય ? એ કેવી રીતે બને ?**

**જવાબ :** ધર્મ અને પાપ ત્રણ રીતે થાય છે, ધર્મ જાતે કરવો, ધર્મ બીજા પાસે કરાવવો અને ધર્મ કરતો હોય તેનું અનુમોદન (પ્રશંસા-અનુમતિ-સહાય) કરવું. આમ ધર્મ કરવા, કરાવવા અને અનુમોદવાથી કર્મનો નાશ થાય છે. તે જ પ્રમાણે પાપ જાતે કરવું કે પાપ બીજા પાસે કરાવવું કે પાપ કરતો હોય તેની અનુમોદના (પ્રશંસા-અપેક્ષાભાવ-સહાય) કરવાથી કર્મ બંધ થાય છે. પાપ ત્યાગની પ્રતિજ્ઞા નથી એ સૂચવે છે કે પાપની અપેક્ષા રાખી છે, ને એથી પણ કર્મ બંધ થાય છે.

માણસ પાપ કરવાની પ્રતિજ્ઞા કેમ નથી લેતો ? જે પાપ પોતે કરવા ઇચ્છતો નથી, છતાંય એ પાપના ત્યાગની પ્રતિજ્ઞા લેતાં શું કામ



ખચકામણ થાય છે ? પ્રતિજ્ઞા નહિ લેવાના માનસની સૂક્ષ્મતયા તપાસ કરશો તો જણાશે કે મનમાં ઊંડે ઊંડે પણ પાપની અપેક્ષા છે, મન વિચારે છે, - 'જો કે આમ તો એ પાપ હું નહિ જ કરું, પણ પ્રસંગ આવે તો કરવું પણ પડે, કદાચ એ પાપ કરું પણ ખરો તેથી જો પાપ ત્યાગની પ્રતિજ્ઞા લીધી હોય તો મુશ્કેલી થાય. માટે રહેવા દે, બાધા-બાધા કંઈ લેવી નથી.'

આમ મનમાં એક છાના ખૂણે હજી પાપ પ્રત્યે ઝોક છે. "જીવનમાં પાપ જોઈએ જ નહિ" એવી દૃઢ પ્રતિજ્ઞા-દૃઢ સંકલ્પ થયો નથી. ત્યાં સુધી પાપની અપેક્ષા છે. પાપની અપેક્ષા પણ પાપ છે, પાપ ન કરવા છતાં પણ પાપ છે. એવા હિસાબ વિનાના પાપોની અવિરતિથી અઢળક કર્મ સતત બંધાય છે. આવા કર્મ બંધ તો જ અટકે કે જો નિર્ધારપૂર્વક પાપને તિલાંજલિ અપાય, પ્રતિજ્ઞા કરી પાપને વોસિરાવાય-ત્યાગ કરાય.

દા. ત., શિકાર, લૂંટ, માંસાહાર વગેરે કરવાની ભલેને જીવનમાં કોઈ સંભાવના નથી છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા કરાય, તો જ એ અવિરતિ સંબંધના કર્મ બંધાતા અટકે છે. એમ જનમ જનમમાં આપણે મૂકેલા શરીર અને પાપ સાધનો નિર્ધારપૂર્વક મનથી પ્રતિજ્ઞા રૂપે વોસિરાવીએ. અર્થાત્ 'જાણકારીમાં હવે એની સાથે મારે કોઈ જ સંબંધ નથી.' એવું નક્કી કરીયે તો જ એ અંગેના કર્મ બંધાતા અટકે.

**પ્રશ્ન : માણસ, હિંસા, માંસાહાર આદિ જન્મથી કરતો નથી, એને એનું પાપ શી રીતે લાગે ? 'કરે તે ભરે' એવું કહેવાય છે ને ?**

**જવાબ :** એ લોકોક્તિ છે. જૈન ધર્મ આગળ વધી કહે છે, 'વરે તે ભરે' અર્થાત્ 'વિના પ્રતિજ્ઞાએ હૈયાની અપેક્ષાએ પાપને વર્યો હોય એ પણ ભરે = કર્મથી બંધાય.' વ્યવહારમાં દેખાય છે કે વ્યાપારમાં ભાગીદારી ચાલુ હોય અને પોતે છ મહિના હવા ખાવા ગયો, દુકાન-વેપારમાં કોઈ કામ ન કર્યું, છતાં જે ખોટ આવે એનો ભાર પોતાના

માથે ચડે જ છે. હવા ખાવા જતા પહેલાં ભાગ બંધ કર્યો હોય તો ખોટનો ભાર માથે ન આવે. એમ બાર મહિના બહારગામ રહ્યા, દેશના ઘરમાં નળ-ગટર કાંઈ ન વાપર્યા છતાં નળ-ગટરનો મ્યુનિસિપલ ટેક્ષ ભરવો જ પડે છે. પહેલેથી નોટીસ આપી છૂટા થયા હોય, તો ભાર નહિ. એમ પાપ- ત્યાગની જો પ્રતિજ્ઞા નથી, તો કર્મનો ભાર ચડે જ છે; પ્રતિજ્ઞા કરે તો ભાર નહિ. માટે જ આવી સૂક્ષ્મતા બતાવનાર જિનશાસન સાથે મળેલા આ ઉત્તમ જીવનમાં આ એક મહાન સાધના છે કે ભલે પાંચ જ મિનિટ યા અમુક પ્રસંગથી માંડીને દિવસ, રાત્રિ, સપ્તાહ, પક્ષ, માસ, વર્ષ યાવત્ જીવનભરને માટે વિવિધ વ્રત, નિયમ, પ્રતિજ્ઞામાં રહેવું. નહિતર અવ્રત અવિરતિથી ફોગટ અથાગ કર્મનો ભાર વધતો રહે છે. એટલે પહેલું તો જે પાપો આપણે કરતા નથી. દા. ત., શિકાર, જુગાર, માંસાહાર વગેરે એના ત્યાગની પ્રતિજ્ઞા કરી લેવી; પછી જે પાપો કરાતા હોય એમાં ય મર્યાદા બાંધી, તે ઉપરના પાપ પ્રતિજ્ઞાથી બંધ કરવા.

**અવિરતિ સ્થૂલ રૂપે ૧૨ પ્રકારની હોય છે :** (૧) પાંચ ઈન્દ્રિય અને મન સંબંધી વિષયોના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી અર્થાત્ એની આસક્તિ હોવી એ ૬ તથા (૨) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રિ-ભોજનના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી એ ૬, એમ કુલ ૧૨. આમાંથી અમુક પ્રમાણમાં પ્રતિજ્ઞા કરાય તો તે દેશવિરતિ કરી કહેવાય અને જો સંપૂર્ણ પ્રતિજ્ઞા - 'પાપ ન કરું, ન કરાવું કે ન અનુમોદું એમ ત્રણ રીતે અને એ કરણાદિ દરેક વળી ન કાયાથી, ન વાણીથી અને ન મનથી.' એમ કુલ નવ પ્રકારે કરાય, તો તે સર્વવિરતિ કરી કહેવાય. આને નવકોટિ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) પણ કહે છે. આમાં જેટલી કોટિ ઓછી એટલી અવિરતિ ઊભી રહી ગણાય.

● (૩) **કષાય :** કષ = સંસાર, આય = લાભ. કષાય એટલે જીવને જે સંસારનો લાભ કરાવે છે તે. ક્રોધ, માન-અભિમાન, માયા-



કપટ અને લોભ એ સંસારનો લાભ કરાવે છે, માટે એને કષાય કહેવાય છે. એ ક્રોધાદિના અનેક રૂપક છે. દા. ત., રાગ-દ્વેષ-ઈર્ષ્યા-વેર-ઝેર, મદ-પોલિસી-ચાલાકી-પ્રપંચ, તૃષ્ણા-મમતા-આસક્તિ વગેરે. હવે હાસ્ય, શોક, હર્ષ, ઉદ્વેગ, ભય, દુગંછા (ઘૃણા=જુગુપ્સા) અને કામવાસના એ નો કષાય છે. અહીં આશ્રવમાં માત્ર કષાયનો ઉલ્લેખ છે, પણ તેથી કાંઈ નો કષાય એમાંથી બાદ નથી. નો કષાયનો સમાવેશ કષાયમાં જ સમજવાનો છે, એ પણ આશ્રવ છે. કેમકે એથી પણ કર્મ બંધાય છે.

કષાય મુખ્ય ચાર છે. ક્રોધ-માન-માયા-લોભ. આ ચાર કષાયની ચોકડીમાં દરેક કષાય પાછા ચાર જાતના હોય છે. અતિઉગ્ર, ઉગ્ર, મધ્યમ અને મંદ. એના શાસ્ત્રીય નામ ક્રમશઃ આ પ્રમાણે છે. અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનીય કષાય, પ્રત્યાખ્યાનાવરણ કષાય અને સંજ્વલન કષાય. આ ચારના દરેકમાં ક્રોધાદિ ૪ આવે.

**૧. અનંતાનુબંધી કષાય** એ અનંતનો એટલે કે અનંત સંસારનો અનુબંધ કરનારા છે, બંધન પર બંધન લાદનારા યાને સંસારની પરંપરા ચલાવનારા છે. એ કષાય સામાન્ય રીતે મિથ્યાત્વની સાથે હોય છે અને એમાં અતિ ઉગ્રપણું એ છે કે એમાં જીવ તદ્દન ભાનભૂલો બને છે. હિંસાદિ પાપ અને ઈષ્ટ-અનિષ્ટ શબ્દાદિ વિષયો પાછળ એવા ઉગ્ર રાગદ્વેષથી એ વર્તે છે કે એમાં એને કશું ખોટું લાગતું નથી, ભય લાગતો નથી; એ પાપ અને વિષયોના સેવન અકર્તવ્ય લાગતા નથી ! એને કર્તવ્ય માની રાચીમાચીને કરે છે. એ અતિઉગ્ર હોવાથી એ સમ્યક્ત્વના ઘાતક છે.

સમ્યક્ત્વ એટલે તત્ત્વશ્રદ્ધા. એમાં પાપને પાપ માનવું ને અકાર્યને અકર્તવ્ય માનવું જરૂરી છે. પણ આ અતિઉગ્ર જાતના અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એવી માન્યતાના પ્રતિબંધક છે. પહેલા કષાય દબાઈને આ તત્ત્વ શ્રદ્ધા થઈ હોય તો ય, આ અનંતાનુબંધી કષાયના

ભાવો જાગતાં તેને તોડી નાખે છે, સમ્યક્ત્વથી નીચે પાડી ઠેઠ પહેલાં મિથ્યાત્વ ગુણઠાણા સુધી લઈ આવે છે.

**૨. અપ્રત્યાખ્યાનીય કષાય** એટલે 'હિંસાદિ પાપો અકર્તવ્ય છે' એવું સમજાતું ય હોવા છતાં, વીર્યના અભાવે પ્રત્યાખ્યાનને ન આવવા દે અર્થાત્ પચ્ચક્ખાણનો એટલે કે પાપ ત્યાગની પ્રતિજ્ઞાનો ભાવ જ ન થવા દે. ને પ્રતિજ્ઞાનો ભાવ પૂર્વે આવ્યો હોય ને પછી આ અપ્રત્યાખ્યાનીય કષાય જાગે તો એ પ્રતિજ્ઞાના ભાવને નષ્ટ કરી દે, એવા એ ઉગ્ર કોટિના કષાય હોય છે. એથી જ અવિરતિ ઊભી રહે છે, દેશવિરતિપણું અટકે છે. જીવ જાણતો હોવા છતાં એવો ગળિયો રહે છે કે 'લાવ આટલાપ્રમાણમાં તો પાપ-ત્યાગની મારે પ્રતિજ્ઞા' એવું નથી કરી શકતો.

**૩. પ્રત્યાખ્યાનાવરણ કષાય** એટલે જે સર્વથા પચ્ચક્ખાણ રોકનાર નહિ, પરંતુ એના પર અમુક આવરણ ઊભું રાખે અર્થાત્ પહેલી અને બીજી કક્ષાના કષાય દબાઈ જવાથી ભલે શ્રદ્ધા અને થોડું પચ્ચક્ખાણ આવે, પરંતુ આ ત્રીજી કક્ષાના કષાયની હાજરી બાકીની વિરતિનું રોકાણ કરે છે. દા. ત., પહેલી કષાય-ચોકડી જવાથી હિંસાને પાપરૂપ માની અકર્તવ્ય માની અને બીજી કષાય-ચોકડી જવાથી ત્રસ જીવોની જાણી જોઈને હિંસા કરવાનું પ્રતિજ્ઞાપૂર્વક રોક્યું, પરંતુ હજી એ (ત્રસ)ની અજાણે હિંસા થાય તે, તેમજ જાણતાં કે અજાણતાં સ્થાવર જીવોની હિંસા થાય તે બંધ નથી કરી. એ આ પ્રત્યાખ્યાનાવરણ કષાયને લીધે છે એટલે કે આ કષાય સર્વવિરતિને યાને સર્વથા પાપત્યાગની પ્રતિજ્ઞાને અટકાવે છે, ચારિત્રને રોકે છે. એક યા બીજા કારણે ઘરવાસની આસક્તિ આ સર્વપાપ-ત્યાગમાં નથી જવા દેતી.

**૪. સંજ્વલન કષાય** એટલે સહેજ ભભૂકતા કષાય. અનંતાનુબંધી વગેરે પૂર્વની ત્રણ કષાય-ચોકડી છોડવાથી સર્વ પાપના ત્યાગ સુધી આત્મા આવી ગયો અને સાધુ બની ગયો, પરંતુ હજી કંઈક કંઈક



ક્રોધાદિ ઊઠે છે, યા સંયમ આદિ પર રાગ અને દોષો પર દ્વેષ છે, એ આ સંજ્વલન કષાયનું કામ છે. આ કષાય જીવના વીતરાગતાના ગુણને અટકાવે છે.

**(૪) યોગ :** આત્માના પુરુષાર્થથી મન-વચન-કાયાની થતી પ્રવૃત્તિને યોગ કહે છે. અર્થાત્ જીવના વિચાર-વાણી-વર્તાવ એ યોગ છે. એ સારા હોય તો શુભ કર્મ બંધાવે અને ખરાબ હોય તો અશુભ કર્મ બંધાવે છે. એમાં મનના ચાર યોગ છે :

(૧) સત્ય મનોયોગ એટલે કે વસ્તુ યા વસ્તુસ્થિતિ જેવી હોય તેવી વિચારણા ચાલે તે. દા. ત., 'જ્ઞાન સાથે ક્રિયાથી જ મોક્ષ થાય' - આ વિચારણા સત્ય મનોયોગ છે.

(૨) અસત્ય મનોયોગ એટલે કે વસ્તુ યા વસ્તુ સ્થિતિથી વિપરીત વિચારણા, જુદી વિચારણા ચાલે તે. દા. ત., 'મોક્ષ માટે ક્રિયા નકામી છે' એ વિચારણા એ અસત્ય મનોયોગ.

(૩) સત્યાસત્ય (મિશ્ર) મનોયોગ એટલે અંશે સાચી, અંશે જૂઠી વિચારણા. દા. ત., વિચારે કે 'મોક્ષ પ્રત્યે જ્ઞાન જ કારણ છે.'

(૪) વ્યવહાર મનોયોગ એટલે જેમાં સાચા-જૂઠા જેવું કાંઈ નથી, કોઈ વ્યવહારુ કામકાજની વિચારણા છે. દા. ત., 'સવારે વહેલા ઊઠવું', 'પેલાને ન જવાનું કહું' વગેરે વિચારણા.

**વચનયોગ**ના પણ આ જ રીતે 'સત્ય વચનયોગ' વગેરે ચાર પ્રકાર છે. વસ્તુ કે વસ્તુસ્થિતિ હોય તેવું બોલવું એ સત્ય વચનયોગ. જૂઠું બોલવું એ અસત્ય વચનયોગ. અંશે સાચુ અને અંશે જૂઠું બોલાય તે મિશ્ર વચનયોગ. 'તું જા, તમે આવો' વગેરે બોલાય એ વ્યવહાર વચનયોગ.

**કાયયોગ** ૭ પ્રકારે છે : મનુષ્ય-તિર્યંચના શરીર તે ઔદારિક શરીર, દેવ-નારકના શરીર તે વૈક્રિય શરીર ને લબ્ધિધર ચૌદપૂર્વી

મહામુનિ કાર્ય પ્રસંગે બનાવે તે આહારક શરીર. આ દરેકની આખા શરીરથી યા એના કોઈ અંગોપાંગથી યા કોઈ ઈન્દ્રિયોથી કે શરીરની અંદરના હૃદય વગેરેથી થતી પ્રવૃત્તિ એ કાયયોગ. એમ ૩ કાયયોગ થયા-ઔદારિક કાયયોગ, વૈક્રિય કાયયોગ, આહારક કાયયોગ.

જીવનો પરલોકમાં જન્મ થતાં જ પહેલા સમયે કાંઈ નવું શરીર તૈયાર નથી થઈ જતું. એ વખતે તો કર્મના જથ્થારૂપી કાર્મણ શરીરની સહાયથી ઔદારિક પુદ્ગલનું શરીર બનતું ચાલે છે. માટે તે વખતે ઔદારિક મિશ્ર કાયયોગ ચાલતો કહેવાય. શરીર પૂર્ણ બની ગયા પછી શુદ્ધ ઔદારિક કાયયોગ ચાલતો કહેવાય. એમ વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર ગણાતાં કુલ ૩ મિશ્રકાયયોગ થયા. હવે જીવને ભવાંતરે જતાં માર્ગમાં જો પહેલા સીધા અને પછી બે વાર ફંટાઈને જવાનું હોય, તો એ બેમાં પહેલીવાર ફંટાય ત્યાં નથી તો પૂર્વે મૂકેલાં શરીર સાથે સંબંધ, કે નથી હવે પછી નવા ઊભા થનાર શરીર સાથે સંબંધ. તેથી માત્ર કાર્મણ શરીરની પ્રવૃત્તિ છે. કાર્મણ શરીર એટલે આત્મા પર લાગેલ કર્મનો જથ્થો; એની પ્રવૃત્તિ એ કાર્મણ કાયયોગ કહેવાય. ત્યાં કોઈ આહારના પુદ્ગલનું ગ્રહણ નથી તેથી અણાહારી અવસ્થા છે. આમ ઔદારિક, વૈક્રિય અને આહારક ત્રણેયના શુદ્ધ અને મિશ્ર એમ છ તથા એક કાર્મણ કાયયોગ એમ કુલ સાત કાયયોગ છે.

એકંદરે મન, વચન, કાયાના પંદર યોગ છે. એમાં શુભ-અશુભ બે પ્રકાર છે. સત્ય મનોયોગ, સત્ય વચનયોગ તથા ધર્મ સંબંધી વ્યવહાર મન-વચન યોગ એ શુભ છે. તેમજ ધર્મ સંબંધી શરીર-ગાત્ર-ઈન્દ્રિયની પ્રવૃત્તિરૂપ કાયયોગ એ પણ શુભ છે. બાકી અશુભ છે. શુભયોગથી પુણ્યનો લાભ મળે છે, અશુભથી પાપનો.

**(૫) પ્રમાદ :** પ્રમાદ એટલે આત્માને પોતાના સ્વરૂપમાં રમણતા કરવામાંથી જે ચૂકાવે તે. આ પ્રમાદના મુખ્ય પાંચ પ્રકાર છે. ૧. મદ્ય, ૨. વિષય, ૩. કષાય, ૪. નિદ્રા અને ૫. વિકથા એ પાંચ



પ્રમાદ છે. એવી રીતે રાગ, દ્વેષ, અજ્ઞાન, સંશય, ભ્રમ, વિસ્મરણ, મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન (અસત્યપ્રયોગ) ને ધર્મમાં અનાદર-અનુત્સાહ, - આ પણ આઠ પ્રમાદ છે.

સર્વ પાપોનો ત્યાગ કરી ચારિત્ર લીધું. છતાં જ્યાં સુધી સહેજ પણ પ્રમાદ નડી જાય છે, ત્યાં સુધી એ પ્રમત્ત મુનિ છે. પ્રમાદ ટાળે તો અપ્રમત્ત મહામુનિ બને. અલબત્ત પછી પણ અપ્રમત્ત મુનિને હજી કષાય ઊભા છે, પરંતુ તે બહુ સૂક્ષ્મ છે અને હવે તો અંતર્મુહૂર્ત કાળમાં નાશ પામી શકે અગર દબાઈ જાય એવા છે ત્યાં જીવની જબરદસ્ત જાગૃતિ અર્થાત્ ઉજાગર દશા છે. તેથી તે અત્યલ્પ કષાયને પ્રમાદ નથી કહેવાતો. એમાંથી ઊજાગર દશાએ ચડતાં વીતરાગ બનાય છે.

આ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ એ પાંચ આશ્રવ પોતાની કક્ષા મુજબ સતત કર્મબંધ કરાવે છે. કક્ષા મુજબ એટલે કે મિથ્યાત્વ અને કષાયાદિ જેવા જોરદાર તેવો કર્મબંધ જોરદાર.

**• પ્રશ્નો •**

**૧. આશ્રવ એટલે શું ? એના બે રીતે પ્રકારો કયા કયા ?**

**૨. 'મિથ્યાત્વ એટલે મિથ્યા વલણ' એમાં 'વલણ' સમજાવો.**

**૩. અનભિગ્રહિક અને અનાભોગિક વચ્ચે શો તફાવત છે તે સમજાવો.**

**૪. પાપ લાગવામાં ઈતર ધર્મો કરતાં જૈનધર્મે બતાવેલ વિશેષતા કઈ ? અને શાથી ?**

**૫. 'કષ' એટલે શું ? ૪ પ્રકારની કષાય ચોકડી શું શું કામ કરે છે ? શાથી ?**

**૬. 'યોગથી કર્મ તૂટે' એ વાકય ખોટું શી રીતે ?**

**૭. યોગના ૧૫ પ્રકાર સમજાવો.**

**૮. જુદી જુદી રીતે પ્રમાદના પ્રકાર કેટલા ?**

# ૧૭. કર્મ બંધ

કપડાં પર તેલનો ડાઘો વાતાવરણમાંથી ધૂળ ખેંચે છે અને એ ધૂળને તેલિયા ભાગ પર એકમેક ચોંટાડે છે. એવી રીતે મિથ્યાત્વ, અવિરતિ, ઈન્દ્રિયો, કષાય, યોગ વગેરે આશ્રવો બહારની કર્મ વર્ગણાને ખેંચી જીવ સાથે એકમેક ચોંટાડે છે. જો પ્રતિ સમય મિથ્યાત્વાદિ ચાલુ છે, તો કર્મ સંબંધ પણ પ્રતિ સમય ચાલુ છે.

કર્મ ચોંટવા સાથે જ એમાં જુદા જુદા સ્વભાવ (પ્રકૃતિ), ટકવાનો કાળ (સ્થિતિ), ફળની તીવ્ર-મન્દતા (રસ) અને દળ પ્રમાણ (પ્રદેશ) નક્કી થઈ જાય છે. આનું નામ ક્રમશઃ પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, રસ બંધ ને પ્રદેશ બંધ છે. આમાં એક સમયે લાગેલા કર્મના જથ્થામાંના અમુક વિભાગની અમુક પ્રકૃતિ, બીજાની બીજી પ્રકૃતિ તથા અમુકની અમુક સ્થિતિ, બીજાની બીજી. એમ અમુકનો અમુક રસ, બીજાનો બીજો એમ નક્કી થાય છે.

દા. ત., અમુક કર્મ વિભાગની પ્રકૃતિ જ્ઞાનને આવરવાની નક્કી થઈ તે પ્રકૃતિ બંધ. હવે તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય. એનો સ્થિતિ-કાળ અમુક સાગરોપમ જેટલો નક્કી થયો એ સ્થિતિ બંધ. એનો ચતુઃસ્થાનિક દ્વિસ્થાનિક (ચઉઠાણિયો બેઠાણિયો) વગેરે તીવ્ર યા મંદ રસ નક્કી થયો તે રસ બંધ. એમાં પુદ્ગલ જથ્થો અમુક આવ્યો તે પ્રદેશ બંધ. આમાં સ્થિતિકાળ પાકે ત્યારે તે કર્મ ઉદયમાં આવે છે અને પોતાની પ્રકૃતિ મુજબ જ્ઞાનાદિને રોકે છે. એમાંય રસબંધના અનુસારે તે તીવ્ર હોય તો જ્ઞાનને ગાઢપણે રોકે છે. જેથી ભણવા-સમજવાની સખ્ત મહેનત કરવા છતાં થોડુંય જ્ઞાન પ્રગટતું નથી. જો મંદ રસ હોય તો જ્ઞાન એના પ્રમાણમાં સારું પ્રગટે છે.

**કર્મની મૂળ ૮ પ્રકૃતિ : વાદળની ઉપમા**

'જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ' વાળા ૧૨ માં પ્રકરણમાં



સમજાવ્યું છે તે પ્રમાણે જીવ જાણે એક સૂર્ય છે; તેમાં ૮ જાતના ગુણરૂપી પ્રકાશ છે; તેના પર ૮ જાતના કર્મરૂપી વાદળ છે; તેથી વિકૃતિ રૂપી અંધકાર બહાર પડે છે. તેને કોઠાથી સમજી શકાશે.

| જીવના ૮ ગુણ (પ્રકાશ) | ૮ કર્મ (વાદળ) | વિકૃતિ |
|---|---|---|
| ૧. અનંત જ્ઞાન | જ્ઞાનાવરણ | અજ્ઞાન |
| ૨. અનંત દર્શન | દર્શનાવરણ | અંધાપો, નિદ્રા વગેરે. |
| ૩. વીતરાગતા | મોહનીય | મિથ્યાત્વ, રાગ, દ્વેષ, કષાયો, હાસ્યાદિ, કામ. |
| ૪. અનંતવીર્યાદિ | અંતરાય | કૃપણતા - પરાધીનતા, દરિદ્રતા, દુર્બળતા |
| ૫. અનંતસુખ | વેદનીય | શાતા, અશાતા. |
| ૬. અજરામરતા | આયુષ્ય | જન્મ-મૃત્યુ. |
| ૭. અરૂપિપણું | નામકર્મ | શરીર, ઈન્દ્રિયો, વર્ણાદિ, ચાલ, ત્રસ-સ્થાવરપણું, યશ-અપયશ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય વગેરે. |
| ૮. અગુરુ-લઘુપણું | ગોત્રકર્મ | ઉચ્ચ કુળ, નીચ કુળ. |

આમાંના પહેલા ચાર એ આત્માના ખાસ ગુણ, આત્માની શુદ્ધ આત્મદશા-પરમાત્મદશાના ગુણ છે અર્થાત્ મલિનતા સર્વથા નષ્ટ થઈને પ્રગટ થતી અત્યન્ત નિર્મળતાના એ ગુણ છે. એને રોકનારા જ્ઞાનાવરણ આદિ પહેલા ૪ કર્મને ઘાતી કર્મ કહે છે અને બાકીના ૪ કર્મને અઘાતી કર્મ કહે છે. ઘાતી એટલે પરમાત્મ- દશાનો ઘાત કરનાર. ('ઘાતી એટલે આત્માના ગુણનો ઘાત કરનાર.' એ વ્યાખ્યા બરાબર નથી; કેમ કે સુખ એ આત્માનો ગુણ છે, પરંતુ એનો ઘાત કરનાર વેદનીય કર્મ ઘાતી કર્મ નથી કહેવાતું.)

આ આઠેય કર્મના અવાંતર ભેદ આગળ પર જોઈશું.

**કરણ :** જૈન શાસ્ત્રો કહે છે કે કર્મ જે બંધાય, તે બધા તેવા જ રૂપે અને તે રીતે જ ઉદયમાં આવે એવું નથી બનતું અર્થાત્ એની પ્રકૃતિ, સ્થિતિ અને રસમાં ફરક પણ પડી જાય છે. આનું કારણ જીવ જેમ કર્મનું બંધન કરે છે, તેમ સંક્રમણ વગેરે પણ કરે છે. આ બંધન-સંક્રમણ વગેરેના આત્મવીર્ય-યોગને 'કરણ' કહે છે.

કરણ આઠ છે : બંધન કરણ, સંક્રમણ કરણ, ઉદ્વર્તના કરણ, અપવર્તના કરણ, ઉદીરણા કરણ, ઉપશમના કરણ, નિધત્તિ કરણ અને નિકાચના કરણ.

(૧) **બંધન કરણ**માં તેવા તેવા આશ્રવના યોગે થતા કર્મ બંધની પ્રક્રિયા આવે.

(૨) **સંક્રમણ કરણ**માં એક જાતના કર્મ પુદ્ગલનું તે જ જાતના બીજા રૂપના કર્મ પુદ્ગલમાં સંક્રમણ થવાની પ્રક્રિયા આવે. સંક્રમણ એટલે વર્તમાનમાં બંધાતા કર્મ પુદ્ગલમાં પૂર્વના સિલકમાં રહેલા સજાતીય કર્મમાંથી કેટલાકનું ભળી તે રૂપે બની જવું તે. દા. ત., અત્યારે શુભ ભાવનાને લીધે શાતા વેદનીય કર્મ બંધાતુ હોય, તો તેમાં પૂર્વના સંચિત કેટલાંક અશાતા કર્મ ભળી શાતા રૂપ બની જાય, તે અશાતા વેદનીયનું સંક્રમણ થયું ગણાય. એથી ઊલટું, અશુભ ભાવને લીધે બંધાતા અશાતા વેદનીય કર્મમાં કેટલાક પૂર્વના શાતા વેદનીય કર્મનું સંક્રમણ થવાથી તે શાતા કર્મ અશાતા કર્મ બની જાય.

(૩-૪) **ઉદ્વર્તના-અપવર્તના કરણ**માં કર્મની સ્થિતિ-રસમાં વધારો થાય તે ઉદ્વર્તના અને ઘટાડો થાય તે અપવર્તના. **દા. ત.,** જીવ શુભ ભાવમાં વર્તતો હોય તો સિલકમાં પડેલ શુભ કર્મના રસને વધારે છે અને અશુભ કર્મના રસને ઘટાડે છે. અશુભ ભાવ હોય તો એથી વિપરીત બને છે.



(૫) **ઉપશમના કરણ**માં વિશિષ્ટ પ્રકારના શુભ ભાવોલ્લાસથી મોહનીય કર્મના ઉદયને અંતર્મુહૂર્ત સુધી તદ્દન અટકાવી દેવાય, શાંત કરાય તેને ઉપશમના કહે છે. એમાં તે ઉદય નિરોધના અંતર્મુહૂર્ત કાળમાં જે જે કર્મની સ્થિતિ પાકવાનું નક્કી હતું એવા કર્મ પુદ્ગલો શુભ અધ્યવસાયના બળે પૂર્વ-ઉત્તર સ્થિતિમાં જાય છે અર્થાત્ એની તેવી સ્થિતિવાળા કરી દેવાય છે. એથી અહીં ઉદય રોકાઈ ઉપશમના થઈ.

(૬) **ઉદીરણા કરણ**માં મોડા ઉદયમાં આવે એવા કેટલાક કર્મ પુદ્ગલોને ભાવબળે વહેલા ઉદયમાં ખેંચી લેવાય છે.

(૭) **નિધત્તિ કરણ**માં કેટલાંક કર્મ પુદ્ગલોને એવા કરી મૂકવામાં આવે છે કે હવે એના પર ઉદ્વર્તના-અપવર્તના સિવાય બીજા કોઈ કરણ લાગી શકે નહિ, એ બીજા કરણોને અયોગ્ય થઈ જાય એ નિધત્તિ થઈ.

(૮) **નિકાચના કરણ**માં તે કર્મ પુદ્ગલોને સકલ કરણને અયોગ્ય કરી દેવામાં આવે છે. એના પર સંક્રમણ વગેરે કોઈ કરણ ન લાગી શકે. એટલે એ હવે નિકાચિત કર્મ કહેવાય છે. તીવ્ર શુભ ભાવથી પુણ્ય કર્મ અને તીવ્ર અશુભ ભાવથી પાપ કર્મ નિકાચિત થાય છે.

આ ઉપરથી સમજાશે કે કર્મ બંધાયા પછી બધા એવાં ને એવાં જ રહે છે એવું નથી; પરંતુ કેટલાક કર્મનું બીજે સંક્રમણ; સ્થિતિ-રસમાં ઉદ્વર્તનાદિ, ઉદીરણા વગેરે ફેરફાર થાય છે. આત્મા જો નિરંતર વૈરાગ્ય, જિનવચન રુચિ, દયા-દાનાદિ, દેવ ગુરુ સેવા, ક્ષમાદિ વિરતિભાવ..... વગેરેમાં રહે તો નવું પુણ્ય તો અવશ્ય બંધાય, પરંતુ ઉપરાંતમાં કેટલાંક જૂના અશુભ કર્મનું શુભ પુણ્ય કર્મમાં સંક્રમણ થાય, અશુભના રસમાં અપવર્તના થાય, શુભના રસમાં ઉદ્વર્તના થાય વગેરે વગેરે સારાં પરિવર્તનો થાય છે. એ લાભ ઉપરાંત એ વખતે અશુભ ભાવથી અશુભ ફળો ઊભા થાત એનાથી બચી શકાય છે.

એથી ઊલટું અશુભ ભાવમાં એનાથી વિપરીત વસ્તુ બને છે. આવા અનુપમ લાભ હોવાથી, હૈયાના ભાવ સદા પવિત્ર અને ઉચ્ચ કોટિના શુભ રાખવા, તેમજ શક્ય એટલી શુભ કરણી, સદ્વાણી અને શુભ વિચારણામાં રહેવું હિતાવહ છે.

**૮ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૨૦ :** પહેલાં જ્ઞાનાવરણ આદિ ૮ કર્મ કહી આવ્યા. એના પેટા ભેદ આ પ્રમાણે :

**(૧) જ્ઞાનાવરણ ૫ :** વસ્તુ **વિશેષ રૂપે** જણાય-દેખાય એ 'જ્ઞાન' છે. **દા. ત.,** 'આ માણસ છે. (ઢોર નહિ)'ને **સામાન્ય રૂપે** દેખાય એ 'દર્શન' છે. **દા. ત.,** 'આ ય માણસ છે.' મતિ જ્ઞાનાવરણ, શ્રુત જ્ઞાનાવરણ, અવધિ જ્ઞાનાવરણ, મનઃપર્યાય જ્ઞાનાવરણ અને કેવળ જ્ઞાનાવરણ - આ પાંચ આવરણ આત્માના મતિ વગેરે જ્ઞાનને અટકાવે છે.

**મતિ જ્ઞાન** = ઇન્દ્રિય કે મનથી થતું જ્ઞાન. **શ્રુત જ્ઞાન** = કથન કે શાસ્ત્ર વગેરેથી થતું શબ્દાનુસારી જ્ઞાન. **અવધિ જ્ઞાન** = ઇન્દ્રિય કે શાસ્ત્ર આદિની સહાય વિના સીધું આત્માને થતું રૂપી દ્રવ્યોનું પ્રત્યક્ષ જ્ઞાન. **મનઃપર્યાય જ્ઞાન** = અઢી દ્વીપમાંના સંજ્ઞી પંચેન્દ્રિયના મનના પર્યાયનું, મનનું પ્રત્યક્ષ જ્ઞાન. આ જ્ઞાન અપ્રમત્ત મુનિને જ થાય. **કેવળ જ્ઞાન** = સર્વ કાળના સર્વ પર્યાય સહિત સર્વ દ્રવ્યોનું આત્માને થતું સાક્ષાત્ જ્ઞાન.

અહીં મતિ જ્ઞાનમાં ચાર અવસ્થા છે : અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા. **અવગ્રહ** = પ્રાથમિક સામાન્ય ખ્યાલ, **ઈહા** = ઉહાપોહ; **અપાય** = નિર્ણય; **ધારણા** = અવિસ્મરણ. **દા. ત.,** અસ્પષ્ટ 'કંઈક' એવો ભાસ એ અવગ્રહ. 'પેલું ઠુંઠુ કે માણસ ? એવો ઊહાપોહ એ ઈહા. નજીક જતાં માણસ યા ઠુંઠાનો નિર્ણય થાય એ અપાય. એને મનમાં ધારી રખાય એ ધારણા.



**(૨) દર્શનાવરણ ૯ :** દર્શનાવરણ = દર્શનને અર્થાત્ સામાન્ય જ્ઞાનને રોકનાર કર્મ. ૧. ચક્ષુ દર્શનાવરણ કર્મ (જેના લીધે ચક્ષુથી દેખી ન શકાય), ૨. અચક્ષુ દર્શનાવરણ કર્મ (જેના લીધે અન્ય ઈન્દ્રિય કે મનથી અદર્શન, ૩. અવધિ દર્શનાવરણ કર્મ, ૪. કેવળ દર્શનાવરણ કર્મ.

આ ૪ દર્શનાવરણ કર્મ + ૫ નિદ્રા કર્મ = નવ દર્શનાવરણ કર્મ પ્રકૃતિ.

પાંચ નિદ્રામાં ૧. નિદ્રા = અલ્પ નિદ્રા, જેમાં સુખેથી જગાય તે. ૨. નિદ્રાનિદ્રા = ગાઢ નિદ્રા, જેમાં કષ્ટે જગાય તે. ૩. પ્રચલા = બેઠા કે ઊભા નિદ્રા આવે તે. ૪. પ્રચલા-પ્રચલા = ચાલતા નિદ્રા આવે તે. ૫. સ્ત્યાનર્દ્ધિ = જેમાં જાગ્રતની જેમ નિદ્રામાં દિવસે ચિંતવેલ કઠોર કાર્ય કરી આવે. પહેલાં ચાર દર્શનાવરણ દર્શન શક્તિને ન જાગવા દે; અને પાંચ નિદ્રા એ જાગેલાં દર્શનનો સમૂળગો નાશ કરે છે. એ હિસાબે એ નવે ય દર્શનાવરણમાં ગણાય છે.

**(૩) મોહનીય ૨૬ પ્રકારે :** એમાં મુખ્ય બે વિભાગ છે : ૧. દર્શન મોહનીય, ૨. ચારિત્ર મોહનીય. કે જે ૨૫ પ્રકારે છે.

**દર્શન મોહનીય** = મિથ્યાત્વ મોહનીય કે જેના ઉદયે અતત્ત્વ પર રુચિ અને સર્વજ્ઞોક્ત તત્ત્વ પર અરુચિ થાય. આ કર્મ બંધાવામાં એક જ છે, પણ પછી એના ૩ પુંજ થયેથી ઉદયમાં મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય ને સમ્યક્ત્વ મોહનીય એમ ૩ પ્રકારે છે. (૧) સમ્યક્ત્વ મોહનીયમાં સમ્યક્ત્વથી તત્ત્વ શ્રદ્ધા ખરી, પણ અતિચાર લગાડે, (૨) મિશ્ર મોહનીયથી અતત્ત્વ ઉપર રુચિ-અરુચિ નહિ, તેમજ સર્વજ્ઞ પ્રભુએ કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા ય નહિ અને અશ્રદ્ધા ય ન થાય. (૩) મિથ્યાત્વ મોહનીયથી અતત્ત્વ રુચિ ને તત્ત્વઅરુચિ.

**ચારિત્ર મોહનીય**ની ૨૫ પ્રકૃતિ (૧૬ કષાય મોહનીય + ૯ નો

કષાય મોહનીય) કષ = સંસારનો, આય = લાભ જેથી થાય અર્થાત્ સંસારને વધારે તે કષાય. તે ક્રોધ-માન-માયા-લોભ. રાગ-દ્વેષ આમાં સમાવિષ્ટ છે. ક્રોધ-માન એ દ્વેષ છે. માયા-લોભ એ રાગ. ક્રોધાદિ ચારના દરેકના પૂર્વોક્ત અનંતાનુબંધી વગેરે ૪-૪ પ્રકાર હોઈ, ૧૬ કષાય થાય, **નો કષાય** = કષાયથી પ્રેરિત કે કષાયના પ્રેરક હાસ્યાદિ ૯ : હાસ્ય, શોક, રતિ (ઇષ્ટમાં રાજીપો), અરતિ (અનિષ્ટમાં ઉદ્વેગ, નારાજી), ભય (સ્વસંકલ્પથી બીક), જુગુપ્સા (દુગંછા), પુરુષવેદ (સળેખમ થયે ખાટું ખાવાની ઈચ્છાની જેમ જેના ઉદયે સ્ત્રીભોગની અભિલાષા થાય તે), સ્ત્રીવેદ (પુરુષભોગની અભિલાષા), નપુંસકવેદ (ઉભય અભિલાષા).

(૪) **અંતરાય કર્મ ૫ પ્રકારે છે :** ૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય અને ૫. વીર્યાંતરાય કર્મ. આ ક્રમસર (૧) દાન કરવામાં, (૨) લાભ થવામાં, (૩) એક જ વાર ભોગ્ય અન્નાદિ ભોગવવામાં, (૪) વારંવાર ભોગ્ય વસ્ત્રાલંકારાદિ ભોગવવામાં અને (૫) આત્મવીર્ય પ્રગટ થવામાં વિઘ્નભૂત છે.

આ જ્ઞાનાવરણાદિ ચાર કર્મ ઘાતી કર્મ છે. હવે બાકીના ચાર અઘાતી કર્મમાં-

**(૫) વેદનીય-૨ :** ૧. શાતા ૨. અશાતા. જેના ઉદયે આરોગ્ય, વિષયોપભોગ વગેરેથી સુખનો અનુભવ થાય તે શાતા. એથી ઊલટું અશાતા.

(૬) **આયુષ્ય-૪ :** નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ. તે તે નરકાદિ ભવમાં જીવને તેટલો તેટલો કાળ જકડી રાખનારું કર્મ તે આયુષ્ય કર્મ. એ જીવને તે તે ભવમાં જીવતો રાખે.

(૭) **ગોત્ર-૨ :** ૧. ઉચ્ચ ગોત્ર અને ૨. નીચ ગોત્ર. જેના ઉદયે ઐશ્વર્ય, સત્કાર, સન્માન વગેરેના સ્થાનભૂત ઉત્તમ જાતિ-કુળ મળે તે



ઉચ્ચ ગોત્ર. તેથી વિપરીત તે નીચ ગોત્ર.

(૮) **નામ કર્મ ૬૭ ભેદે :** ગતિ ૪ + જાતિ ૫ + શરીર ૫ + અંગોપાંગ ૩ + સંઘયણ ૬ + સંસ્થાન ૬ + વર્ણાદિ ૪ + આનુપૂર્વી ૪ + વિહાયોગતિ ૨ = **૩૯ પિંડ પ્રકૃતિ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ત્રસ દશક અને સ્થાવર દશકની ૨૦** = ૬૭.

(પિંડ પ્રકૃતિ એટલે કે પેટાભેદના સમૂહવાળી પ્રકૃતિ. પ્રત્યેક પ્રકૃતિ = વ્યક્તિગત પેટાભેદ વિનાની ૧-૧ પ્રકૃતિ.)

આ ૬૭ પ્રકૃતિ આ પ્રમાણે છે :

**● ૧૪ પિંડ પ્રકૃતિ :**

(૧) **૪ ગતિ નામ કર્મ :** નારકાદિ પર્યાય જે કર્મથી પ્રાપ્ત થાય તે ગતિ નામ કર્મ કહેવાય. એ ૪ પ્રકારે. નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ અને દેવ ગતિ.

(૨) **૫ જાતિ-નામ કર્મ :** એકેન્દ્રિય જાતિથી માંડી પંચેન્દ્રિય જાતિ સુધીની કોઈ જાતિ દેવાવાળું કર્મ, તે જાતિ-નામ કર્મ. એ હીનાધિક ચૈતન્યનું વ્યવસ્થાપક છે.

(૩) **૫ શરીર-નામ કર્મ :** 'शीर्यते इति शरीरम्' શીર્ણ-વિશીર્ણ થાય તે શરીર. એ (૧) ઔદારિક : ઉદાર સ્થૂલ પુદ્ગલોનું બનેલું. દા. ત., મનુષ્ય - તિર્યંચનું શરીર. (૨) વૈક્રિય = વિવિધ ક્રિયા (અણુ-મહાન, એક-અનેક) કરી શકવાને યોગ્ય શરીર. દા. ત., દેવ-નારકનું. (૩) આહારક = શ્રી તીર્થંકર દેવની ઋદ્ધિ જોવા, કે સંશય પૂછવા ચૌદ પૂર્વી એક હાથનું શરીર બનાવે તે. (૪) તૈજસ = આહારનું પચન વગેરે કરનાર તૈજસ પુદ્ગલનો જથ્થો. (૫) કાર્મણ = જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો.

આવાં શરીર આપનાર કર્મ તે શરીર-નામ કર્મ.

**(૪) ૩ અંગોપાંગ નામ કર્મ :** જેના ઉદયે ઔદારિક, વૈક્રિય, આહારક શરીરને માથું, છાતી, પેટ, પીઠ, બે હાથ, બે પગ - એ ૮ અંગ, આંગળીઓ વગેરે ઉપાંગ ને પર્વરેખાદિ અંગોપાંગ મળે તે અંગોપાંગ-નામ કર્મ. એકેન્દ્રિય જીવને અંગોપાંગ નામ કર્મનો ઉદય ન હોવાથી શરીરમાં અંગોપાંગ નથી હોતા. શાખા-પત્ર વગેરે છે તે તો જુદાં જુદાં જીવના શરીર હોવાથી એ કોઈ એક જીવ શરીરના અવયવ નથી. અહીં 'શરીર નામ કર્મ'ની અંતર્ગત 'બંધન નામ કર્મ' અને 'સંઘાતન નામ કર્મ' છે.

**(૫) ૫ બંધન નામ કર્મ :** જેના ઉદયથી નવા લેવાતાં ઔદારિકાદિ પુદ્ગલો શરીરના જૂના પુદ્ગલની સાથે લાખની જેમ એકમેક ચોંટે છે તે ચોંટાડનારું કર્મ એ બંધન નામ કર્મ. એથી અંગોપાંગ વધે તેમાં સાંધો ન દેખાય.

**(૬) ૧૫ સંઘાતન નામ કર્મ :** નિયત પ્રમાણવાળા અને ગાત્રોની વ્યવસ્થાવાળા શરીરને રચતા પુદ્ગલના ભાગોને તે તે સ્થાનમાં દંતાવળીની જેમ સંચિત કરનારું કર્મ. દા. ત., આહારમાંથી જ દાંતના, જીભના, હાડકાના..... વગેરે વગેરે પુદ્ગલો બને, પરંતુ તે-તેને ત્યાં-ત્યાં જ ગોઠવનારું આ કર્મ છે.

**(૭) ૬ સંઘયણ નામ કર્મ :** (હાડકાના દૃઢ કે દુર્બળ સાંધા દેનારાં કર્મ) (૧) વજ્ર ઋષભ નારાચ-સંઘયણ = હાડકાનો પરસ્પર સંબંધ-એક બીજાને આંટી મારીને ઉપર પાટા અને વચમાં ખીલી સાથે થયેલો હોય તે. (આમાં નારાચ = મર્કટબંધ, એના પર ઋષભ = હાડકાનો પાટો વીંટળાયો હોય અને વચમાં ઠેઠ ઉપરથી નીચે આરપાર વજ્ર = હાડકાની ખીલી હોય તેવું સંઘયણ). (૨) ઋષભ નારાચ સંઘયણ = માત્ર વજ્ર નહિ, બાકી પહેલા મુજબ મર્કટબંધ અને ઉપર પાટાવાળી હાડસંધિ. (૩) નારાચ સંઘયણ = માત્ર મર્કટબંધ હોય. (૪) અર્ધ નારાચ સંઘયણ = સાંધાની એક જ બાજુ



હાડકાની આંટી હોય ને બીજી બાજુએ ખીલી બંધ હોય. (૫) કીલિકા સંઘયણ = હાડકાં પરસ્પર આંટીથી જોડાયા વિના ફક્ત ખીલીથી સંધાયેલ હોય. (૬) છેવટ્ઠું સંઘ (છેદસ્પૃષ્ટ સેવાર્ત સંઘયણ) = બે હાડકાં માત્ર છેડે અડીને રહ્યા હોય. તેલ માલીશ વગેરે સેવાની અપેક્ષા રાખે તે.

**(૮) ૬ સંસ્થાન નામ કર્મ :** (શરીર-ગાત્રની આકૃતિ દેનારું કર્મ.) (૧) સમચતુરસ્ર સંસ્થાન (અસ્ર = ખૂણો) પર્યંકાસને બેઠેલાના જમણા ઢીંચણથી ડાબા ખભાનું અંતર, જમણા ખભાથી ડાબા ઢીંચણનું અંતર, બે ઢીંચણનું અંતર અને બે ઢીંચણના મધ્યભાગથી લલાટ પ્રદેશ સુધીનું અંતર-આ ચારે સરખા હોય તે સમચતુરસ્ર સંસ્થાન અથવા જેમાં ચારે બાજુના ઉપરથી નીચેના અવયવ 'સમાન' યાને સામુદ્રિક શાસ્ત્રને અનુસારે લક્ષણ અને પ્રમાણવાળા હોય તે સમચતુરસ્ર સંસ્થાન. (૨) ન્યગ્રોધ સંસ્થાન = વડ સરખું, નાભિથી ઉપરનું શરીર લક્ષણવાળું ને નીચેનું લક્ષણહીન. (૩) સાદિ સંસ્થાન = ઉપરથી ઊલટું. (૪) વામન સંસ્થાન = માથું, ગળું, હાથ, પગ એ ચારે લક્ષણ-પ્રમાણવાળા ને છાતી-પેટ વગેરે લક્ષણહીન હોય. (૫) કુબ્જ સંસ્થાન = માથું, ગળું વગેરે કદરૂપા અને એ સિવાયના છાતી-પેટ વગેરે સારાં હોય. (૬) હુંડક સંસ્થાન = સર્વ અવયવ પ્રમાણ-લક્ષણ વિનાના હોય.

**(૯-૧૨) ૪ વર્ણાદિ નામ કર્મ :** જેના ઉદયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સારા-નરસા મળે. શુભ વર્ણ નામ કર્મથી સારા મળે અને અશુભથી ખરાબ મળે. વર્ણ આદિ દરેકમાં અવાંતર પ્રકારો છે, તેથી એ દરેકને જુદી જુદી પિંડ પ્રકૃતિ કહી.

**(૧૩) ૪ આનુપૂર્વી નામ કર્મ :** નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી ને દેવાનુપૂર્વી. વિગ્રહ-ગતિથી (વચમાં ફંટાઈને) ભવાંતરે જતા જીવને વાંકા ફંટાતાં આકાશ પ્રદેશની શ્રેણિના અનુસારે વક્ર ગમન-ક્રમ કરાવે અને ખેંચીને તે ગતિમાં લઈ જાય તે આનુપૂર્વી નામ કર્મ.

(૧૪) **૨ વિહાયોગતિ નામ કર્મ :** (= ચાલ) ૧. શુભ ચાલ : હંસ, હાથી વૃષભની સમાન. ૨. અશુભ : ઊંટ, ગધેડાની ચાલ.

● **૮ પ્રત્યેક પ્રકૃતિ :** (૧) અગુરુલઘુ નામ કર્મ - એના ઉદયથી શરીર એટલું ભારે કે હલકું નહિ, પણ અગુરુલઘુ મળે. (૨) ઉપઘાત નામ કર્મ - આ કર્મથી પોતાના અવયવથી પોતે જ હણાય એવા અવયવ મળે. દા. ત., પડજીભી (જીભની પાછળ નાની જીભ) ચોર દાંત (દાંત ઉપર દાંત), છઠ્ઠી આંગળી. (૩) પરાઘાત નામ કર્મ - આના ઉદયે જીવ બીજાને ઓજસથી આંજી દે એવી મુખમુદ્રા મળે. (૪) શ્વાસોચ્છ્વાસ નામ કર્મ - આથી શ્વાસોચ્છ્વાસની શક્તિ મળે. (૫) આતપ નામ કર્મ - પોતે શીતલ છતાં બીજાને ગરમ પ્રકાશ કરે તેવું શરીર મળે; જેમ કે સૂર્ય વિમાનના રત્નોનું શરીર. (અગ્નિમાં ગરમી તો ઉષ્ણ સ્પર્શના ઉદયથી અને પ્રકાશ ઉત્કટ લાલ વર્ણના ઉદયથી છે.) (૬) ઉદ્યોત નામ કર્મ - જેના ઉદયે જીવનું શરીર ઠંડો ચળકાટ પ્રકાશ આપે. દા. ત., ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્રાદિના રત્નો, ઔષધિ વગેરે. (૭) નિર્માણ નામ કર્મ - સુથારની જેમ અંગોપાંગને શરીરમાં ચોક્કસ સ્થાને રચે તે. (૮) જિન (તીર્થંકર) નામ કર્મ - જેના ઉદયથી અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ અતિશયોથી અલંકૃત દશામાં ધર્મશાસનની સ્થાપના કરવાનું મળે તે.

**૧૦-૧૦ પ્રકૃતિ ત્રસ-સ્થાવર દશકની :** એના ઉદયે નીચે જણાવ્યા મુજબ જીવને પ્રાપ્ત થાય (૧) ત્રસ નામ કર્મ - તડકા વગેરેમાંથી સ્વેચ્છાએ ખસી શકે, દુઃખમાં કંપી શકે, ગમનાગમન કરી શકે તેવું શરીર જેનાથી મળે તે કર્મ. જ્યારે સ્વેચ્છાએ ન હાલી શકે તેવું શરીર જેનાથી મળે તે સ્થાવરનામકર્મ (૨) બાદર નામકર્મ = જેથી આંખે દેખી શકાય તેવું શરીર મળે. સૂક્ષ્મ નામ૦ = ઘણા શરીર ભેગાં થાય તો ય ન જોઈ શકાય. (૩) પર્યાપ્ત નામ૦ = જેથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ હોય. એથી ઊલટું અપર્યાપ્ત. (૪) પ્રત્યેક૦ = -



જીવ દીઠ જુદું શરીર આપે તે કર્મ. સાધારણ = અનંત જીવનું એક શરીર દે તે. (૫) સ્થિર નામકર્મ = જેનાથી મસ્તક, હાડકાં, દાંત વગેરે સ્થિર મળે તે કર્મ. અસ્થિર=અંગોપાંગ અસ્થિર દેનાર કર્મ. (૬) **શુભ** = નાભિની ઉપરના અવયવો શુભ દેનારું કર્મ. **અશુભ**=નીચેના **અશુભ** દેનારું કર્મ (કોઈને માથેથી અડવામાં એ ખુશ થાય છે, પણ એને પગ લગાડવામાં ગુસ્સે થાય છે. બાકી પત્નીનો પગ અડવાથી રાજી થાય તે તો પોતાના મોહને લઈને.) (૭) **સૌભાગ્ય**= જેથી જીવ વગર ઉપકારે પણ સૌને ગમે તે કર્મ. **દૌર્ભાગ્ય** = જેથી જીવ વગર ઉપકાર કરનારો પણ લોકોને અરુચિકર બને તે કર્મ. (૮) **સુસ્વર** = જેથી સારો સ્વર મળે તે કર્મ, વિપરીત **દુઃસ્વર...** (૯) **આદેય** = જેથી વચન યુક્તિ કે આડંબર વિનાનું છતાં બીજાને ગ્રાહ્ય બને તે કર્મ. જેને જોતાવેંત બીજા આદરમાન આપે તેવું કર્મ. જે કર્મના ઉદયથી વચન બીજાને અગ્રાહ્ય બને યા અનાદેય થાય તે **અનાદેય નામકર્મ.** (૧૦) **યશ-કીર્તિ.**=જેથી જીવ લોકમાં પ્રશંસા પામે તે કર્મ. એથી વિપરીત **અપયશ.**

**૪૨ પુણ્ય પ્રકૃતિ :** સામાન્ય રીતે શુભ પરિણામે બંધાય અને શુભ રસે ભોગવાય તે કર્મ પુણ્યકર્મ કહેવાય. મૂળ ચાર અઘાતી કર્મોમાંથી જ ૪૨ પુણ્ય પ્રકૃતિઓ છે. ૧ શાતા વેદનીય + ૩ આયુષ્ય (નરક વિનાના) + ૧ ઉચ્ચ ગોત્ર+૩૭ નામકર્મની = ૪૨ પુણ્ય પ્રકૃતિઓ છે.

(તિર્યંચને પણ સ્વઆયુષ્ય મળ્યા પછી રાખવું ગમે છે, મરવું નથી ગમતું, માટે એને પુણ્યમાં ગણ્યું : પણ એને તિર્યંચગતિ નથી ગમતી, માટે એ પાપ-પ્રકૃતિ છે. નારકને મરવું ગમે છે, સ્વઆયુ-નરકાયુ ટકે એ નથી ગમતું; તેથી પુણ્યમાં નરકાયુ ન લીધું.)

**નામકર્મની ૩૭ પુણ્ય-પ્રકૃતિમાં,**- ૪ દેવ અને મનુષ્યની ગતિ તથા આનુપુર્વી + ૧ પંચેન્દ્રિય જાતિ + ૫ શરીર + ૩ અંગોપાંગ

+ ૨ પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન + ૪ શુભ વર્ણાદિ + ૧ શુભ વિહાયોગતિ + ૭ ઉપઘાત સિવાયની પ્રત્યેક પ્રકૃતિઓ + ૧૦ ત્રસ દશક આવે.

**૮૨ પાપ પ્રકૃતિ :** સંક્લિષ્ટ અધ્યવસાયે બંધાય અને અશુભ રસે ભોગવાય તે પાપકર્મ કહેવાય. મૂળ ચારે ઘાતી કર્મો પાપ પ્રકૃતિ છે, તેથી ૫ જ્ઞાના૦ + ૯ દર્શના૦ +૨૬ મોહનીય+૫ અંતરાય = ૪૫ ઘાતી; તેમજ અઘાતીમાંથી ૧ અશાતા વેદનીય + ૧ નરકાયુ + નીચ ગોત્ર + ૩૪ નામકર્મની, એમ ૩૭ અઘાતી એટલે ૪૫ + ૩૭ = કુલ ૮૨ પાપ પ્રકૃતિ થાય છે.

**નામકર્મની ૩૪ પાપ પ્રકૃતિમાં,** - ૪ નરક તિર્યંચની ગતિ-આનુપૂર્વી + ૪ એકેન્દ્રિય-વિકલેન્દ્રિય જાતિ + ૧૦ પ્રથમ સિવાયના સંઘયણ - સંસ્થાન + ૪ અશુભ વર્ણાદિ + ૧ અશુભ વિહાયોગતિ, એમ કુલ ૨૩ પિંડ પ્રકૃતિ + ૧ ઉપઘાત + ૧૦ સ્થાવર દશક = ૩૪.

પુણ્યની ૪૨ + પાપની ૮૨ = ૧૨૪ પ્રકૃતિ. આમાં વર્ણાદિ નામકર્મ ૪ શુભ અને અશુભ એમ બે વાર ગણાયા, તેથી ૧૨૪-૪=૧૨૦ કુલ કર્મ-પ્રકૃતિ બંધાય, (બંધમાં આવે.) આમાં મિથ્યાત્વ મોહનીયની સાથે મિશ્ર-મોહનીય ને સમ્યક્ત્વ-મોહનીય બંધાતી નથી (બંધમાં નથી આવતી.) તેથી એને બંધમાં ન ગણી, પરંતુ ઉદયમાં આવે છે, કેમકે બંધાયેલ મિથ્યાત્વનું એ અર્ધ શુદ્ધ-શુદ્ધ થયેલું સ્વરૂપ છે. તેથી એ બે ને **ઉદયમાં** ગણતાં, કુલ **૧૨૨** કર્મપ્રકૃતિ ઉદયમાં ગણાય. એમાં ૫ શરીર સાથે ૫ બંધન અને ૧૫ સંઘાતના ઉમેરતાં ૨૦ વધે, તથા વર્ણાદિ ૪ ને બદલે વર્ણ - ૫, રસ-૫, ગંધ-૨, અને સ્પર્શ ૮, એમ ૨૦ ગણતાં ૧૬ વધે; એટલે કુલ ૩૬ વધવાથી ૧૨૨ + ૩૬ = ૧૫૮ કર્મ-પ્રકૃતિ સત્તામાં ગણાય.

● **ઘાતી-અઘાતી કર્મ :** જ્ઞાનાવરણાદિ આઠ કર્મમાં બે જાત છે;



એક ઘાતી અને બીજી અઘાતી. **ઘાતી** એટલે આત્માની નિર્મળતા યાને પરમાત્મભાવના ગુણ જ્ઞાન, દર્શન, વીતરાગતારૂપ ચારિત્ર અને વીર્યાદિનો ઘાત કરનાર; અને **અઘાતી** એટલે એનો ઘાત નહિ કરનાર. મોક્ષસુખ આત્મગુણ છતાં એનું રોધક વેદનીયકર્મ એ પરમાત્મમપણાના ગુણોનું ઘાતક નહિ, માટે એ ઘાતીકર્મ નહિ.

**ઘાતી :** ઘાતી કર્મ ચાર છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય, બાકીના વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ એ ચાર **અઘાતીકર્મ** છે.

જ્ઞાનાવરણનો ઉદય થયો એટલે જ્ઞાન રોકાવાનું જ. મિથ્યાત્વનો ઉદય થયો એટલે સમકૃત્વ ગુણ રોકાવાનો જ. તેથી તે ઘાતી છે. પરંતુ અઘાતી દા.ત અશાતા વેદનીય કે અપયશ નામકર્મનો ઉદય થયો, એટલે જ્ઞાન, સમ્યકૃત્વ વગેરે ગુણો રોકાય જ એવો નિયમ નહિ. હા., દા.ત. જાણ્યા છતાં અપયશનો ઉદય થયા પછી મૂઢ બની એની અસર લઈને ભણેલું ભૂલે, તેથી જ્ઞાન ઢંકાઈ જાય એમ બને; પણ તે તો અપયશથી નહિ કિન્તુ જ્ઞાનાવરણ-કર્મના ઉદયથી ઢંકાઈ ગયું કહેવાય. એવું મોહનીય માટે સમજવાનું. દા.ત. અશાતા, દૌર્ભાગ્ય, અપયશ આવવા પર મૂઢ બની કષાય મોહનીયના ઉદયને જાગવા દઈએ અર્થાત્ કષાય કરીએ તો જ ક્ષમાદિ ગુણ આવરાય; અને ન જાગવા દઈએ તો એકલી અશાતા કે દૌર્ભાગ્યાદિમાત્રથી ક્ષમાદિ આત્મગુણ આવરાય એવું નહિ; માટે એ ઘાતી નહિ. આનો અર્થ એ છે કે અઘાતી કર્મના ઉદય ચાલુ છે, અગર નવા ઉદયમાં આવ્યા છે, છતાં આપણે સાવધાન રહીએ તો જ્ઞાન આદિ ગુણ કાંઈ આને લીધે ઘવાય નહિ.

**પરાવર્તમાન-અપરાવર્તમાન :** કેટલાંક કર્મ એવાં છે કે જે પરસ્પર વિરુદ્ધ હોવાથી એક સાથે બંધાતાં કે ભોગવાતાં નથી; કિંતુ વારાફરતી બંધાય કે ઉદય પામે છે, તેથી એને પરાવર્તમાન કહે છે. દા.ત. શાતા

વેદનીય બંધાતું હોય ત્યારે અશાતા ન બંધાય; શાતાવેદનીય ઉદયમાં હોય તો અશાતા ઉદયમાં ન આવે. એમ અશાતા બંધાતું હોય તો શાતાવેદનીય ન બંધાય. ત્રસદશક બંધાતું હોય તો સ્થાવર દશક નહિ બંધાય. માટે આને શાતા-અશાતાને, ત્રસ-સ્થાવર દશકને પરાવર્તમાન કહેવાય. બાકી જેના પ્રતિપક્ષી ન હોય તે અપરાવર્તમાન ગણાય; દા.ત. પાંચ જ્ઞાનાવરણ કર્મ.

**બંધમાં પરાવર્તમાન ૭૦ પ્રકૃતિ છે. એમાં ૫૫ નામકર્મની** (૩૩ પિંડપ્રકૃતિ તે ૪ વર્ણાદિ ને ૨ તેજસ કાર્મણ વિના + ૨ આતપ ઊદ્યોત + ૨૦ બે દશક) + ૭ મોહનીય (રતિ-અરતિ-હાસ્ય-શોક-૩ વેદ) + ૨ વેદનીય + ૨ ગોત્ર + ૪ આયુષ્ય = ૭૦ આમાં તે તે જોડકામાંથી એક બંધાય ત્યારે બીજી ન બંધાય. એટલે કે જોડકામાંથી વારાફરતી એકેક જ બંધાય, તેથી એને બંધમાં પરાવર્તમાન કહી. બાકી ૫ જ્ઞાનાવ૰ + ૯ દર્શના૰ + ૫ અંતરાય, એ ૧૯ + ૧૯ મોહની + ૧૨ નામકર્મ = ૫૦ અપરાવર્તમાન છે એટલે એક સાથે બંધાય છે.

**ઉદયમાં પરાવર્તમાન** - ૮૭ પ્રકૃતિમાં ઉપરોક્ત ૭૦ માંથી સ્થિરાસ્થિર, શુભાશુભ એ ૪ બાદ કરતાં ૬૬ + ૫ નિદ્રા + ૧૬ કષાય = ૮૭. એમાં તે તે જોડકામાંથી એક ઉદયમાં હોય ત્યારે બીજી ઉદયમાં ન હોય; અર્થાત્ વારાફરતી એકેક જ ઉદયમાં આવે; તેથી એ ઉદયમાં પરાવર્તમાન કહેવાય. બાકી ૩૩ **અપરાવર્તમાન** છે, અહીં ઉદયમાં નિદ્રાદિ પાંચમાંથી અને ક્રોધાદિ ચારમાંથી એક સમયે એક જ ઉદયમાં હોય. ક્રોધ ઉદયમાં હોય ત્યારે માન નહિ... વગેરે માટે એને ઉદયમાં પરાવર્તમાન કહ્યા. જ્યારે એ જ ૪ કષાય બંધમાં અપરાવર્તમાન હોવાથી ક્રોધાદિ ચારે ય એક સાથે બંધાય છે. એકલો ક્રોધ કરો કે એકલું અભિમાન કરો, પણ ત્યાં બંધાવાના ક્રોધ માન વગેરે ચારેય કષાયમોહનીય કર્મ !

**કર્મબંધનો નિયમ-પુણ્યપાપની ચતુર્ભંગી :** આ સાથે એ સમજવાનું



છે કે જીવ જ્યારે શુભ ભાવમાં વર્તતો હોય, દા.ત. સમ્યક્ત્વ, દયા, ક્ષમા, નમ્રતા, દેવ-ગુરુભક્તિ, વ્રત, સંયમ વગેરેના ભાવવાળો હોય, ત્યારે શુભ કર્મ બાંધે છે. એથી ઊલટું હિંસાદિ પાપ, વિષયાસક્તિ, ક્રોધાદિ કષાય, મિથ્યાત્વ વગેરેના અશુભ ભાવમાં વર્તતો હોય ત્યારે અશુભ કર્મ બાંધે છે. ધાર્મિક ક્રિયા અને આચારોનો આ પ્રભાવ છે કે જીવને તે શુભ ભાવમાં રાખે છે; તેથી એ જીવ શુભ કર્મ બાંધનાર બને છે. અલબત્ત ત્યાં ય જો કોઈ ધનની લાલસા કે કોઈના પર ગુસ્સો વગેરે કરે, તો એ અશુભ ભાવ થવાથી અશુભ કર્મ બાંધે છે. છતાં બહુધા એવું બને કે આરંભ-સમારંભ, વિષય, પરિગ્રહ વગેરેની સાંસારિક ક્રિયાઓ સામાન્ય રીતે અશુભ ભાવની પ્રેરક છે માટે એ અશુભ ક્રિયા છે; ત્યારે ધાર્મિક ક્રિયા શુભ ભાવની પ્રેરક છે માટે એ શુભ ક્રિયા છે; એટલે એ શુભ કર્મની કમાઈ કરાવે છે. શુભ ભાવ જગાડવા-વધારવા હોય તો શુભ ક્રિયા જ ઉપયોગી કહેવાય, અશુભ નહિ. તેથી જ જીવન ધાર્મિક ક્રિયા અને ધાર્મિક આચારોથી ભર્યું ભર્યું રાખવું જોઈએ.

**પ્રશ્ન : શુભકર્મનો પણ લોભ શા માટે કરવો ? અસલ તો એ કર્મ પણ એક બેડી જ છે, ભલે સોનાની બેડી પણ બેડીઓ તો તોડવાની જ છે, બેડીઓ તૂટે તો જ મોક્ષ થાય છે ને ? પછી શુભકર્મ-પુણ્યનો લોભ શા માટે ?**

**જવાબ :** શુભ કર્મ હોય તો સારો મનુષ્યભવ, આરોગ્ય, આર્ય દેશ, આર્યકુળ, તથા દેવ-ગુરુ-ધર્મની સામગ્રી મળે છે; અને તે મળવાથી જ ઊંચી ધર્મ-આરાધના થઇ શકે છે. કૂતરું ઘણુંય નવરું છે, પણ જ્ઞાનોપાર્જન, ધર્મશ્રવણ, જિનભક્તિ, વ્રતનિયમ વગેરે કેમ નથી કરી શકતું ? કહો, મનુષ્યપણાનું પુણ્ય ઉદયમાં નથી ને ધર્મસામગ્રી એની પાસે નથી, તેથી કહો, કર્મ તોડનારી ધર્મ-આરાધના માટે જરૂરી સામગ્રી મેળવી આપનાર શુભ કર્મ છે, તેથી એની પણ જરૂર છે.

અહીં આયુષ્યનું શુભ કર્મ ખૂટી જાય છે, તો ધર્મસાધના અટકી પડે છે, આ દેખાય છે.

**પ્રશ્ન : એમ તો એ પણ દેખાય છે ને કે આરોગ્ય, શ્રીમંતાઈ, યશ વગેરે પુણ્ય ઉદયમાં હોય તે જ વધારે પાપ પણ કરે છે ?**

**જવાબ :** એનું કારણ એ છે કે એનું પુણ્ય કલંકિત છે, પાપાનુબંધી પુણ્ય છે. પાપ અને પુણ્ય બબ્બે જાતના છે.

**પુણ્યાનુબંધી પુણ્ય** એટલે ઉદયમાં પુણ્ય હોય, અને એ એવા પુણ્યાનુબંધવાળું શુભ સંસ્કારવાળું કે એ પુણ્યોદયની સાથે સદ્બુદ્ધિ-ધર્મસાધના હોઈ નવું પુણ્યબંધાતું હોય.

**પાપાનુબંધી પુણ્ય** એટલે ઉદયમાં હોય કે ઉદયમાં લાવવું હોય, પણ વિષય-કષાય, અર્થ-કામ, હિંસા, જૂઠ વગેરે સેવી રહ્યો હોય, માટે નવાં પાપકર્મ બાંધે. એટલે એ પુણ્ય પાપાનુબંધવાળું કહેવાય.

અશાતાદિ પાપના ઉદયમાં પણ ધર્મસાધના કરે છે, તો પુણ્ય બાંધે (ઉપાર્જે) છે તેથી એ **પાપ પુણ્યાનુબંધી** કહેવાય.

એથી ઊલટું અશાતાદિ પાપોદય છતાં હિંસાદિ પાપો કરે છે, તો પાપકર્મબાંધે, તેથી એ **પાપાનુંબંધી પાપ** કહેવાય. આ સ્થિતિ હોઈને જ સાવધાન રહેવાનું છે કે શુભ કર્મ કલંકિત યાને પાપાનુબંધી નહીં ઉપાર્જવું. એ માટે આ સાવધાની રાખવાની કે બધા કર્મ કેવળ આત્મકલ્યાણ, જિનાજ્ઞાપાલન, કર્મક્ષય, ભવનિસ્તાર અને આત્મશુદ્ધિ માટે જ કરવા.

**ધ્રુવબંધી :** જ્ઞાનાવરણ આદિ કેટલાંક પાપ કર્મ મહાયોગીપણા સુધી પહોંચવા છતાં અર્થાત્ શુભ ભાવમાં રહ્યા હોય તો પણ બંધાતા જ રહે છે, તેથી એને **ધ્રુવબંધી** કહે છે. તો પછી અહીં શુભ ભાવનો પ્રભાવ શો ? પ્રભાવ એ છે કે શુભભાવના લીધે એ પાપકર્મોની



સ્થિતિ તથા રસ બહુ મંદ બંધાય છે. એથી ઊલટું અશુભ ભાવ વર્તતો હોય ત્યારે ધ્રુવબંધી શુભ કર્મ બંધાવાનું તો ખરું જ, પરંતુ એનો રસ બહુ મંદ બંધાવાનો, અને અશુભ ભાવ વર્તતો હોય ત્યારે ધ્રુવબંધી અશુભ કર્મના સ્થિતિ-રસ વધુ તીવ્ર બંધાય છે. ધ્રુવબંધી એટલે એને યોગ્ય ગુણસ્થાનક સુધી સતત બંધાયા જ કરે. ધ્રુવબંધી કર્મ આ ૪૭ છે, ૫-જ્ઞાનાવરણ, ૯-દર્શનાવરણ, ૫-અંતરાય, મિથ્યાત્વ, ૧૬ કષાય, ભય, જુગુપ્સા, વર્ણચતુષ્ક, તેજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત.

## • પ્રશ્નો •

**૧. કર્મબંધની પ્રક્રિયા અને ૪ પ્રકારે બંધ સમજાવો.**

**૨. ૮ પ્રકારના કર્મ આત્મા પર શી શી અસર કરે છે ?**

**૩. 'કરણ' એટલે શું ? સંક્રમણથી શું થાય ? 'અપવર્તના શું ?**

**૪. શુભ ભાવમાં રહેવાના કેટલા લાભ ? ધ્રુવબંધી પર શી અસર ?**

**૫. સમજાવો : ઈહા, અપાય, નિદ્રાનિદ્રા, સ્ત્યાનર્દ્ધિ, દર્શનમોહ, નોકષાય, આહારકશરીર, વજ્રઋષભનારાચ, ન્યગ્રોધ, આનુપૂર્વીનામકર્મ, વિહાયોગતિ, પરાઘાત, પાપાનુબંધી.**

**૬. નામકર્મમાં પુણ્ય પ્રકૃતિઓ અને પાપ પ્રકૃતિઓ કઈ કઈ ?**

**૭. ઘાતી-અઘાતી એટલે ? 'પરાવર્તમાન' એટલે ? એ કેટલી ?**

**૮. પુણ્ય તો બેડી છે એની શી જરૂર ?**

# ૧૮. મોક્ષ - માર્ગ

આપણે જોઈ આવ્યા કે આત્મા મિથ્યાત્વ આદિ કારણોને લીધે કર્મ બાંધે છે અને કર્મથી સંસારમાં રખડે છે. પરંતુ જો એનાથી વિરુદ્ધ માર્ગે ચાલે તો કર્મ અને સંસારથી છૂટી મોક્ષે પહોંચી શકે. એ વિરુદ્ધ માર્ગ એટલે મિથ્યાત્વાદિથી વિરુદ્ધ સમ્યગ્દર્શનાદિનો માર્ગ; એટલે કે જેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ સંસારનો માર્ગ છે, તેમ सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः અહીં ચારિત્રમાં તપનો સમાવેશ છે- તેથી કહેવાય કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ મોક્ષનો માર્ગ છે.

**મોક્ષ માર્ગ ક્યારે મળે ?**

જીવ અનાદિ કાળથી આ સંસારમાં સ્વાત્માનું અજ્ઞાન ને વિષય-કષાયના આવેશ વગેરે કારણે પહેલાં તો માત્ર સૂક્ષ્મ અનંતકાય નિગોદ વનસ્પતિમાં જ જન્મ-મરણ કરતો હોય છે. ત્યારે બીજા કોઈ બાદર વનસ્પતિકાય કે પૃથ્વીકાય કે પૃથ્વીકાયાદિ યા બેઈન્દ્રિયાદિ તરીકેની ઓળખમાં અર્થાત્ વ્યવહારમાં આવતો ન હોઈ, એ અવ્યવહાર રાશિનો જીવ કહેવાય છે. એ તો જ્યારે કોઈ એક જીવ સંસારમાંથી મોક્ષ પામે ત્યારે જેની ભવિતવ્યતા બળવાન હોય તે જીવ આ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે, અર્થાત્ બાદર વનસ્પતિકાય, પૃથ્વીકાય... વગેરેનો જન્મ પામી એવી ઓળખમાં આવે છે, ત્યારે એ વ્યવહાર રાશિમાં આવ્યો ગણાય છે.

અહીંથી જીવ સીધો ઉપર જ ચડે એવો નિયમ નથી. પૃથ્વીકાયાદિ કે બેઇન્દ્રિયાદિ વગેરેમાંથી પાછો ઠેઠ નીચે સૂક્ષ્મ વનસ્પતિ સુધી પણ એને પડવાનું થાય છે. ત્યાં કાળના કાળ પણ વીતી જાય એવું ય બને છે. પાછો ઉપર ચઢે છે... વળી પડે છે... આમ કરતાં કરતાં



પંચેન્દ્રિયપણામાં આવી જાય છે. પરંતુ અહીં સુધી તો એ જીવને કોઈ ધર્મ તરફ દૃષ્ટિ જ નથી ગઈ. તિર્યંચ પશુપંખીના અવતાર પણ ફોક જાય છે, એ તો ઠેઠ મનુષ્યભવ સુધી પણ આવી જાય, તો ય ધર્મ-પ્રાપ્તિ સુલભ નથી. કેમકે જ્યાં સુધી જીવને આ સંસારમાં હજી એક પુદ્‌ગલ-પરાવર્ત કાળથી વધુ ભમવાનું હોય ત્યાં સુધી ધર્મ-પ્રાપ્તિ થતી નથી.

એમ તો ધર્મના રૂડાં ફળ, દેવપણું વગેરે જોઈને એ લેવા માટે અચરમાવર્તકાળમાં ચારિત્ર યાને સાધુ-દીક્ષા પણ સ્વીકારી લે છે, અને પાળે પણ છે, પરંતુ તે તો માત્ર દુનિયાના સુખ માટે, તેથી વાસ્તવિક ધર્મ એના હૈયે સ્પર્શતો નથી. એ તો જ્યારે છેલ્લા પુદ્‌ગલ પરાવર્તકાળ (ચરમાવર્તકાળ)માં આવે ત્યારે જ જીવની પોતાના આત્મા અને ધર્મ તરફ દૃષ્ટિ જાય છે, સંસાર પર ઉદ્વેગ જન્મે છે, અને મોક્ષની અભિલાષા (રુચિ) થાય છે. મુદતિયા તાવની જેમ એટલી મુદત પાકે ત્યારે જ પ્રબળ રાગનો તાવ મોળો પડે, પછી જ ધર્મરુચિ થાય.

**ભવ્ય-અભવ્ય :** આ મોક્ષ-દૃષ્ટિ પણ ભવ્ય જીવને જ જાગે છે, અભવ્યને નહિ. ભવ્ય એટલે મોક્ષ પામવાની લાયકાતવાળો, અભવ્ય એટલે મોક્ષની લાયકાત વિનાનો, ક્યારેય પણ એને મોક્ષની શ્રદ્ધા જ નહિ થવાની. એ કદી મોક્ષતત્ત્વ નહિ માને; એને કદી શંકા ય નહિ થાય કે 'મારો મોક્ષ થશે કે નહિ ? શું મારે સદા સંસારમાં ભટક્યા જ કરવાનું ?' કારણ એને કદી મોક્ષની શ્રદ્ધા જ નહિ થવાની, સંસારનો પક્ષપાત જ નહિ છૂટવાનો. એટલે એ આવ્યું કે જેને એટલું પણ થાય કે 'શું ત્યારે મારે જન્મ-મરણ કર્યા જ કરવાના ? મારો મોક્ષ નહિ થાય ? હું ભવ્ય હોઈશ કે અભવ્ય ?' આવી શંકા પણ પડે, એ જીવ ચોક્કસ ભવ્ય હોય છે અને તે પણ ચરમાવર્તમાં આવેલો હોય છે. કેમકે ચરમાવર્તકાળમાં જ અંતરમાં ઊંડે ઊંડે મોક્ષ તરફ સહેજ પણ રુચિ થાય, ને એ થઈ હોય તો જ આવો સંસારભ્રમણનો ભય ઊભો

થાય છે, ને આવી શંકા પડે છે.

છેલ્લા પુદ્ગલપરાવર્તકાળ પહેલાં એટલે કે અચરમાવર્તકાળમાં મોક્ષની રુચિ નહિ થવાનું કારણ દેહદૃષ્ટિ અને જડ સુખનો આવેશ વગેરેને પોષનાર સહજમળ છે. સહજમળ નિબિડ (અંધ) રાગ-દ્વેષરૂપ છે. એનો ઠીક હ્રાસ થાય ત્યારે જ મોક્ષ અને ધર્મ ઉપર દૃષ્ટિ જાય. એ વસ્તુ જીવ ચરમાવર્તમાં આવે ત્યારે જ બની શકે છે. જેમ બીમારને રોગ પાક્યો ન હોય ત્યાં સુધી અન્નની રુચિ નથી થતી; એવી રીતે અરમાવર્તકાળમાં ધર્મરુચિ નથી થતી. ચરમાવર્તમાં કાળ પાક્યો એટલે ધર્મરુચિ થઈ શકે છે.

ચરમાવર્તમાં પણ પ્રવેશ થતાં તરત જ બધાને મોક્ષ અને તે માટે ધર્મની રુચિ થાય એવું ય નથી હોતું; વહેલા મોડા પણ થાય છે. એ થયાના લક્ષણ ત્રણ છે,-

(૧) દુઃખી ઉપર દયા,

(૨) ગુણવાન ઉપર દ્વેષ નહિ, અને

(૩) ઔચિત્ય.

આ ત્રણ કોઈ દુન્યવી લાભ આંચકી લેવા માટે નહિ, પણ નિઃસ્વાર્થભાવે થાય, હૃદયની તેવી કુણાશના લીધે પ્રગટે; તો માની શકાય કે નિબિડ રાગ-દ્વેષરૂપી સહજમળ ઘસારે પડ્યો છે. સહજમળનો હ્રાસ થાય ત્યારે જ વિષયકષાયનો આંધળો આવેશ મંદ પડે છે, આત્મતત્ત્વ તથા મોક્ષ લક્ષમાં આવે છે, અને ધર્મ તરફ દૃષ્ટિ જાય છે.

ધર્મ પણ બધાને પહેલ વહેલો સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ અર્થાત્ સમ્યગ્-દર્શન-જ્ઞાનચારિત્ર સાચો મોક્ષમાર્ગ મળી જ જાય છે એવું પ્રાયઃ નથી બનતું, છતાં આ મોક્ષમાર્ગ તરફ લઈ જાય એવા ગુણો મળે છે. એ ગુણોના જીવનને માર્ગાનુસારી જીવન કહે છે. અશુદ્ધ ધર્મ પામ્યો હોય અર્થાત્ અસર્વજ્ઞે કહેલ મિથ્યા ધર્મ મળ્યો હોય, છતાં જો



એ આત્મવાદી ધર્મ હોય, અને એમાં મોક્ષવસ્તુ માનેલી હોય, તો ચરમાવર્ત અને સહજમળ-હ્રાસના કારણે આત્મા અને મોક્ષ ઉપર રુચિ તથા ધર્મશ્રદ્ધા થવાની. માત્ર એ ધર્મ અસર્વજ્ઞકથિત હોઈને, એમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક-સ્યાદ્વાદ-સિદ્ધાન્તાનુસાર આત્માદિ દ્રવ્યનું જે 'પરિણામી નિત્ય' યથાર્થ સ્વરૂપ, તે કહેલું નહિ મળે, તેમ મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ નહિ મળે છતાં સંસારથી છૂટવા રૂપી મોક્ષની વાત મળે, એના પર શ્રદ્ધા થાય, એટલે માર્ગાનુસારી જીવનના ગુણો આચરણમાં આવે.

### • પ્રશ્નો •

**૧. જીવ અનાદિથી આ સંસારમાં કેમ ભટકે છે ?**

**૨. અવ્યવહાર-વ્યવહાર રાશિ એટલે શું ?**

**૩. અમુક જ જીવ અનાદિ નિગોદમાંથી બહાર કેમ આવે ?**

**૪. અચરમાવર્તમાં ચારિત્ર કેમ ન તારે ?**

**૫. અભવ્યની ખાસિયત શું ? સ્વ-ભવ્યત્વ કેમ જણાય ?**

**૬. સહજમળ શું ? એ શું કરાવે ? એ ક્યારે પાકે ?**

**૭. મિથ્યાધર્મી ચરમાવર્તમાં હોય ? ક્યા લક્ષણે ?**

"દિવ્ય-દર્શન" **"વચનામૃત"** વર્ષ-૩,અંક-૨૪,તા.૧૯-૨-૧૯૫૫

- જે આ શરીર ધર્મના યોગે મળ્યું છે, તે શરીર જ ધર્મને ભૂલાવી રહ્યું છે ! એ ક્યાં ખ્યાલ છે ? ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ સાચવવાવાળો આપત્તિમાં પણ શરીરને ભૂલી ધર્મને જ રક્ષે.

## ૧૯. માર્ગાનુસારી જીવન

સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ત્વથી સભર સાધના એટલે મોક્ષનો માર્ગ. આ માર્ગ પ્રત્યે દોરી જાય, તે માર્ગે અનુસરણ (આકર્ષણ) કરાવે, તે માર્ગે જીવવામાં સહાયરૂપ થાય તે માર્ગાનુસારી જીવન.

શાસ્ત્રોમાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ કહ્યા છે. આ ગુણોને સરળતાથી યાદ રાખવા માટે અહીં આપણે તેને ચાર વિભાગમાં વહેંચીએ છીએ.

(૧) જીવનમાં કરવા યોગ્ય ૧૧ કર્તવ્ય, (૨) જીવનમાં ત્યાગ કરવા યોગ્ય ૮ દોષ, (૩) જીવનમાં ઉતારવા યોગ્ય ૮ ગુણ, અને (૪) જીવનમાં સાધવા યોગ્ય ૮ સાધના.

**આ ચાર વિભાગ પ્રમાણે માર્ગાનુસારીના ૩૫ ગુણોનો કોઠો.**

| ૧૧ કર્તવ્ય | ૮ દોષત્યાગ | ૮ ગુણ-ગ્રહણ | ૮ સાધના |
|---|---|---|---|
| ૧ ન્યાયસંપન્નતા | ૧ નિંદા-ત્યાગ | ૧ પાપ-ભય | ૧ કૃતજ્ઞતા |
| ૨ ઉચિત વ્યય | ૨ નિંદ્ય પ્રવત્તિ ત્યાગ | ૨ લજ્જા | ૨ પરોપકાર |
| ૩ ઉચિત વેશ | ૩ ઈન્દ્રિય-ગુલામી ત્યાગ | ૩ સૌમ્યતા | ૩ દયા |
| ૪ ઉચિત વિવાહ | ૪ આંતરશત્રુજય | ૪ લોકપ્રિયતા | ૪ સત્સંગ |
| ૫ ઉચિત ઘર | ૫ અભિનિવેશત્યાગ | ૫ દીર્ઘદૃષ્ટિ | ૫ ધર્મશ્રવણ |
| ૬ અજીર્ણ ભોજનત્યાગ | ૬ ત્રિવર્ગઅબાધા | ૬ બલાબલ-વિચારણા | ૬ બુદ્ધિના ૮ ગુણ |
| ૭ કાળે સાત્મ્યવાળું ભોજન | ૭ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ | ૭ વિશેષજ્ઞતા | ૭ પ્રસિદ્ધદેશાચાર પાલન |
| ૮ માતાપિતાની પૂજા | ૮ અકાલચર્યા ત્યાગ | ૮ ગુણપક્ષપાત | ૮ શિષ્ટાચાર પ્રશંસા |
| ૯ પોષ્ય-પોષણ | | | |
| ૧૦ અતિથિ-સાધુ-દીનની સરભરા | | | |
| ૧૧ જ્ઞાનવૃદ્ધ અને ચારિત્ર પાત્રની સેવા | | | |



### ૧૧ કર્તવ્ય

(૧) ગૃહસ્થ જીવન છે એટલે આજીવિકા કમાયા વિના ચાલવાનું નથી. તો તે ન્યાયથી ઉપાર્જવી એ ન્યાયસંપન્ન વિભવ અને બીજી બાબતોમાં ય **ન્યાયસંપન્નતા** નામનું પહેલું કર્તવ્ય.

(૨) ખર્ચ પણ લાવેલા પૈસાને અનુસાર રાખવો, પણ વધારે પડતો કે ધર્મને ભૂલીને નહિ, એ **ઉચિતખર્ચ** (આયોચિત વ્યય) નામનું બીજું કર્તવ્ય.

(૩) પૈસાથી ઉદ્ભટ (છાકટો) વેશ નહિ પહેરવો, પણ છાજતો વેશ (સાથે છાજતો બીજી વસ્તુનો ઉપયોગ) રાખવો, એ **ઉચિત વેશ,** અનુદ્ભટવેશ નામનું ત્રીજું કર્તવ્ય.

(૪) રહેવા માટે ઘર એવું નહિ કે ચોર-લુચ્ચાને ફાવટ આવી જાય યા ઘરમાં પાપો પેસી જાય. અર્થાત્ બહુ દ્વારવાળું નહિ, બહુ ઊંડાણમાં કે જાહેર નહિ, તેમજ સારા પાડોશવાળું જોઈએ. એ ચોથું કર્તવ્ય **ઉચિત ઘર.**

(૫) ઘર ચલાવવા માટે વિવાહ કરે, તે ભિન્ન ગોત્રવાળા અને સમાન કુળ તથા આચારવાળા સાથે જ કરાય, એ **ઉચિત વિવાહ.**

(૬) ઘરમાં ભોજન કરશે તે પૂર્વનું ખાધેલું પચ્યું ન હોય ત્યાં સુધી નહિ કરવાનું, એ **અજીર્ણે ભોજન ત્યાગ,** છઠ્ઠું કર્તવ્ય.

(૭) ભૂખ હોય છતાં ભોજન પણ લગભગ નિયત કાળે અને પોતાની પ્રકૃતિને માફક જ કરવું તે **'કાળે સાત્મ્યતઃ ભોજન'** નામનું સાતમું કર્તવ્ય. નિયમિતતા એટલા માટે કે ઉદરમાં પાચક રસો નિયમિત જાગે છે. વહેલા-મોડામાં એમાં ફેરફાર થાય છે. પ્રકૃતિ વાયુની હોય અને વાલ-વટાણા વગેરે વાપરે તો વાયુ વધીને તબિયત બગડે.

(૮) ભોજન પણ પોતાનું પછી, ને માતાપિયાનું પહેલાં. એમાંય

માતાપિતાને ભોજન, વસ્ત્ર, શય્યા વગેરે શક્તિ અનુસાર પોતાના કરતાં સવાયાં આપીને ભક્તિ કરવાની. એ આઠમું કર્તવ્ય **માતાપિતાની પૂજા.**

(૯) સાથે સાથે પોતાની જવાબદારીવાળા **પોષ્યવર્ગનું કુટુંબાદિનું પોષણ.** ઉપરાંત -

(૧૦) 'અતિથિ' એટલે કે જેમને ધર્મ કોઈ તિથિએ નહિ પણ સદાય છે એવા મુનિ, તથા 'સાધુ અર્થાત્ સજ્જન, એ, અને 'દીન-હીન-દુઃખી' માણસ ઘરે આવી ચઢે તે, તેમની યથાયોગ્ય સરભરા એ અતિથિસાધુદીનની યથાયોગ્ય પ્રતિપત્તિ. તથા,-

(૧૧) જ્ઞાતિમાં **જ્ઞાનવૃદ્ધ ને ચારિત્રપાત્ર** હોય તેની **સેવા** એ અગિયારમું કર્તવ્ય.

- **આઠ દોષનો ત્યાગ**

(૧) **નિંદાત્યાગ :** બીજાની નિંદા કરવી કે સાંભળવી નહિ, નિંદા એ મહાન દોષ છે. એથી હૃદયમાં કાળાશ, પ્રેમભંગ, નીચગોત્રકર્મનો બંધ વગેરે નુકસાન નીપજે છે.

(૨) **નિંદ્યપ્રવૃત્તિનો ત્યાગ :** જેમ મોઢે નિંદા નહિ તેમ કાયા કે ઈન્દ્રિયોથી બીજાનો વિશ્વાસઘાત, જુગાર આદિ નિંદ્ય પ્રવૃત્તિ કરવી નહિ. નહિતર નિંદા થાય, પાપ લાગે.

(૩) **ઈન્દ્રિયગુલામી ત્યાગ :** ઈન્દ્રિયોને અયોગ્ય સ્થાને જતી અટકાવવા એના પર અંકુશ રાખવો.

(૪) **આંતરશત્રુજય :** હૃદયમાં તીવ્ર કામ-ક્રોધ-લોભ-માન (હઠાગ્રહાદિ)-મદ-હર્ષ એ છ આંતર શત્રુઓ પર વિજય મેળવવો. નહિતર એની ગુલામીમાં ધન, પૂર્વનું પુણ્ય, ને ધર્મ વગેરે ગુમાવવાનું થાય.



(૫) **અભિનિવેશત્યાગ :** એમ મનમાં અભિનિવેશ-દુરાગ્રહ નહિ રાખવો, નહિતર અપકીર્તિ વગેરે થાય. માટે જ-

(૬) **ત્રિવર્ગ-બાધાત્યાગ :** ખોટા આવેશથી ધર્મ-અર્થ-કામને પરસ્પર બાધા પહોંચે એવું ન કરવું. અર્થાત્ એ ત્રણમાંથી એક પર એવા તૂટી ન પડવું, કે જેથી બીજો સીદાય અને અપયશ, ધર્મલઘુતા, ધર્મહાનિ, વગેરે અનર્થ નીપજે.

(૭) **ઉપદ્રવયુક્ત સ્થાન ત્યાગ :** બળવો, પ્લેગ વગેરે ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો.

(૮) **અયોગ્ય દેશકાળ ત્યાગ :** તેમ અયોગ્ય દેશકાળમાં ફરવું નહિ. દા.ત. વેશ્યા કે ચોર લુચ્ચાની શેરીમાંથી જવું નહિ. એમ બહુ મોડી રાતે ફરવું નહિ, નહિતર કલંક આવે કે લૂંટાવું પડે.

- **આઠ ગુણોનો આદર**

(૧) **પાપનો ભય :** હંમેશાં પાપનો ભય રાખવો,- 'રખે ! મારાથી પાપ થઈ જાય તો !' આ ગુણથી પાપનો પ્રસંગ હોય ત્યાં 'આથી મારું આત્મિક દૃષ્ટિએ શું થાય ?' એવો ભય રહે. આત્મોત્થાનનો આ પાયો છે.

(૨) **લજ્જા :** અકાર્ય કરતાં લજ્જા આવે તો બનતા લગી એ કરે જ નહિ. તેમ વડીલોની લજ્જા, દાક્ષિણ્ય હોય, તો ખોટે રસ્તે જતાં અટકે. એમ ઈચ્છા ન હોય તો પણ લજ્જાથી સારું કાર્ય કરવા પ્રેરાય, તેમજ બીજાની પ્રાર્થનાનો ભંગ ન કરે.

(૩) **સૌમ્યતા :** સ્વભાવ, હૃદય, વાણી અને આકૃતિ સૌમ્ય રાખવી, ઉગ્ર નહિ પણ મુલાયમ શીતલ રાખવી, તો સૌનો સદ્ભાવ, સહાનુભૂતિ મળે.

(૪) **લોકપ્રિયતા :** ઉપરોક્ત ગુણો અને સદ્આચારોથી લોકનો

પ્રેમ સંપાદન કરવો.

(૫) **દીર્ઘદૃષ્ટિ :** દરેક કાર્યમાં પગલું માંડતા પહેલાં ઠેઠ પરિણામ સુધી નજર પહોંચાડવી, કે જેથી પછી પસ્તાવું ન પડે.

(૬) **બલાબલ-વિચારણા :** કાર્ય પરિણામે લાભદાયી પણ હોય છતાં કાર્ય અને પરિણામ માટે પોતાનું ગજું કેટલું છે એ વિચારી લેવું. બિનગજામાં આઘા જઈને વધુ પાછા પડવાનું થાય.

(૭) **વિશેષજ્ઞતા :** (વિશેષ=વિવેક) હંમેશા સાર-અસાર, કાર્ય-અકાર્ય,, વાચ્ય-અવાચ્ય, લાભ-નુકસાન, વગેરેનો વિવેક કરવો. તેમજ વિશેષ નવું નવું આત્મહિતકર જ્ઞાન મેળવતા રહેવું.

(૮) **ગુણપક્ષપાત :** સ્વ-જીવનમાં શું કે બીજામાં શું, સર્વત્ર ગુણ તરફ રુચિ ધરાવી, દોષ તરફ નહિ; દોષના બદલે ગુણના પક્ષપાતી બનવું.

- **આઠ સાધના**

(૧) **કૃતજ્ઞતા :** દેવ-ગુરુ-માતાપિતાદિ કોઈના પણ થોડા ય ઉપકારને ભૂલવો નહિ, કિંતુ યાદ રાખી યથાશક્તિ બદલો વાળવા તત્પર રહેવું.

(૨) **પરોપકાર :** સામાએ ઉપકાર ન પણ કર્યો કે ન કરવાનો હોય, છતાં આપણે નિઃસ્વાર્થ ઉપકાર કરતા રહેવું.

(૩) **દયા :** હૈયું કૂણું-કોમળ-દયાળુ રાખી, શક્ય તન-મન-ધનથી દયા કરતા રહેવું. નિર્દયતા કદી ન રાખવી.

(૪) **સત્સંગ :** સંસારમાં સંગમાત્ર રોગ છે, દુઃખકારક છે, પરંતુ સત્સંગ એ રોગ કાઢવાનું ઔષધ છે. માટે સત્પુરુષોનો સંગ બહુ સાધવો.



(૫) **ધર્મશ્રવણ :** સત્સંગ સાધી ધર્મનું શ્રવણ કરતા રહેવું તેથી પ્રકાશ અને પ્રેરણા મળ્યા કરવાથી જીવન સુધારવા તક મળે છે.

(૬) **બુદ્ધિના આઠ ગુણ :** ધર્મશ્રવણ કરવા માટે તેમજ વ્યવહારમાં કોઈની ખોટી દેખાતી બોલચાલ પર ઉતાવળિયા ન થવા માટે બુદ્ધિના આઠ પગથિયા પર ચઢવું તે આ,-

**શુશ્રૂષા શ્રવણં ચૈવ ગ્રહણં ધારણં તથા ।**
**ऊहापोहोर्थविज्ञानं तत्त्वज्ञानश्च धीगुणाः ॥'**

૧. સાંભળવાની પહેલી ઇચ્છા ઊભી કરવી તે શુશ્રૂષા. પછી ૨. આડાઅવળાં ડાફોડિયાં ન મારતાં કે ચિત્તશૂન્ય યા ચિત્તને અન્યત્ર લાગેલું ન કરતાં બરાબર સાંભળવું તે શ્રવણ. ૩. સાંભળતાં સમજતાં જવું તે ગ્રહણ. ૪. સમજેલું મનમાં બરાબર ધારી રાખવું તે ધારણા. પછી ૫. સાંભળેલ તત્ત્વ પર અનુકૂળ તર્ક દૃષ્ટાંત વિચારવા તે ઊહા. ને ૬. પ્રતિપક્ષમાં ‘એ નથી ?’ તે જોવું, અગર પ્રસ્તુતમાં બાધક અંશ નથી એ નક્કી કરવું તે અપોહ. ૭. ઊહાપોહથી પદાર્થ નક્કી કરવો તે અર્થવિજ્ઞાન. ૮. પદાર્થ-નિર્ણય પર સિદ્ધાંત-નિર્ણય, સાર-રહસ્ય-તાત્પર્ય-નિર્ણય કે તત્ત્વનિર્ણય કરવો તે તત્ત્વજ્ઞાન.

(૭) **પ્રસિદ્ધ દેશાચારપાલન :** બુદ્ધિના ૮ ગુણ સાથે ધર્મશ્રવણ કરે એટલે એ લોકને જે સંકલેશ કરાવે, ધર્મનિંદા કરાવે, એવું પ્રસિદ્ધ દેશાચારનું ઉલ્લંઘન ન કરે;

(૮) **શિષ્ટાચાર પ્રશંસા :** શિષ્ટપુરુષોના આચારો આ છે-લોકનિંદાનો ભય, દીન-દુઃખિયાનો ઉદ્ધાર, કૃતજ્ઞતા, અન્યની પ્રાર્થનાનો ભંગ ન કરવાનું દાક્ષિણ્ય, નિંદાત્યાગ, ગુણપ્રશંસા, આપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં નમ્રતા, અવસરોચિત હિત-મિત-પ્રિયવચન, વચન-બદ્ધતા, વિઘ્નજય, આયોચિત વ્યય, સત્કાર્યનો આગ્રહ, અકાર્યનો ત્યાગ, અતિનિદ્રા-વિષય-કષાય-વિકથાદિ પ્રમાદનો ત્યાગ, ઔચિત્ય... વગેરે આચારોની

પ્રશંસા કરતા રહેવું. જેથી એનો પક્ષપાત રહે, ને મનમાં એના સંસ્કાર ઊભા થાય.

માર્ગાનુસારીના ૩૫ ગુણોથી જીવન મઘમઘતું બને એ બહુ જરૂરી છે, કેમકે આગળ ઠેઠ સંસાર ત્યજીને સાધુપણા સુધી પહોંચેલા પણ જો આમાંના કોઈ ગુણનો ભંગ કરી નાખે છે, તો તે ઊંચા ધર્મસ્થાનથી પતન પામવા સુધી પણ પહોંચી જાય છે. દા.ત. નંદીષેણ મુનિ અયોગ્ય દેશચર્યા તથા આંતરશત્રુ મદને વશ થઈને વેશ્યાને સમજાવવા રહ્યા તો પડ્યા.

**માર્ગાનુસારી ગુણોથી આત્મખેતર ખેડાઈને મુલાયમ બને છે, અને અપુનર્બંધક અવસ્થાથી રસાળ બને છે.**

**અપુનર્બંધક અવસ્થા :**

અપુનર્બંધક અવસ્થા એટલે આત્માની એવી ગુણમય અવસ્થા કે હવે જેમાં કદી દર્શનમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦ કોડાકોડી સાગરોપમની) નહિ બાંધે. આ અવસ્થા પામવા માટે મૂળમાં ત્રણ ગુણ જરૂરી છે.

(૧) તીવ્ર ભાવે પાપ નહિ આચરવું, અર્થાત્ પાપ ન છૂટતા હોય એમાં હૃદય પાપભીરું અને પાપના ઉદ્વેગવાળું તથા કૂણું રાખવું.

(૨) ઘોર સંસાર પર બહુમાન ન ધરવું. સંસાર એટલે ચારગતિમાં ભ્રમણ, સંસાર એટલે અર્થકામ તથા વિષય-કષાય. સંસાર એટલે કર્મબંધન. આ સંસાર ભયંકર છે એવો ખ્યાલ રાખી સંસારનો પક્ષપાત, એના પર આસ્થા કે એમાં સારાપણાની બુદ્ધિ ન રાખવી.

(૩) ઉચિત સ્થિતિનું પાલન કરવું. પોતાની સ્થિતિને અનુચિત નહિ વર્તવું.

હવે રસાળ ભૂમિમાં સમ્યગ્દર્શનાદિનું સુંદર વાવેતર થાય છે.



## • પ્રશ્નો •

**૧. મોક્ષમાર્ગને માર્ગાનુસારી જીવન સાથે શો સંબંધ ? માર્ગાનુસારી ગુણો ન હોય તો શો વાંધો ?**

**૨. ૩૫ ગુણોના ચાર વિભાગ પાડીને લખો.**

**૩. ન્યાયસંપન્ન વિભવ સ્ત્રીઓ ને વિદ્યાર્થીને શી રીતે લાગુ પડે ?**

**૪. દેવ-ગુરુભક્તિમાં કૃતજ્ઞતા ગુણ શી રીતે પ્રેરી શકે ?**

**૫. 'ઉચિત ઘર'ના લક્ષણો સમજાવો.**

**૬. 'અજીર્ણે ભોજનત્યાગ'ને મોક્ષમાર્ગ સાથે શો સંબંધ ?**

**૭. માતા-પિતાની પૂજાના પ્રકાર લખો.**

**૮. ૬ આંતરશત્રુ વર્ણવો.**

**૯. અભિનિવેશ, પ્રતિપત્તિ, વિશેષજ્ઞતા, સૌમ્યતા, ત્રિવર્ગબાધા, ઊહ-અપોહને સમજાવો.**

**૧૦. 'અપુનર્બંધક અવસ્થા' શું અને કેમ જરૂરી ?**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં" વર્ષ-૪,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૫૫**

- સંસાર કૂપમાં પડેલા જીવોને માટે સંસારના આલંબનો ઘાસના છુંછા જેવા છે. ઘડીભર માને કે ઊંચે આવી ગયો, પણ તે આલંબનો તો તરત તૂટી જવાના. કૂવાની બહાર રહેલા વીતરાગ દેવ જિનવાણી રૂપી દોરડું નાંખે છે. એને જે મજબૂત પકડે તે જ બહાર આવી શકે.
- નષ્ટ થયેલી વસ્તુ ઉપરનો રાગ પણ છોડવો મુશ્કેલ છે તો આંખ સામે આવતા ઢગલાબંધ વિષયોનો રાગ કેવી રીતે છૂટશે ?

## ૨૦. સમ્યગ્દર્શન

માર્ગાનુસારી અને અપુનર્બંધક અવસ્થા જૈનેતરમાં પણ હોઈ શકે છે. રાજા ભર્તૃહરિ જેવા વૈરાગ્ય પામી સંસાર છોડી અવધૂત સંન્યાસી બનેલા, તે એ દશાની સુંદર સ્થિતિએ પહોંચેલા. પરંતુ એમને વીતરાગ સર્વજ્ઞના કહેલા તત્ત્વ નહિ મળેલાં. તેથી સમ્યગ્દર્શનની ભૂમિકા પર નહિ આવેલા અને ઊંચા ગુણસ્થાનકે નહિ ચઢેલા. માટે સમ્યગ્દર્શનનો પાયો માંડવાની ખાસ જરૂર છે.

સમ્યગ્દર્શન એટલે જિનોક્ત તત્ત્વ પર રુચિ, વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વભૂત પદાર્થની હાર્દિક અનન્ય શ્રદ્ધા. તત્ત્વ એટલે વસ્તુસ્વરૂપ, એ અનેકાંતમય છે, એકાંતરૂપ નથી. આને કહેનારા વીતરાગ સર્વજ્ઞ છે. એમને અસત્ય બોલવાને રાગ-દ્વેષ વગેરે કોઈ કારણ નથી. તેમજ એ સર્વજ્ઞતાથી ત્રણે ય કાળનું બધું જ પ્રત્યક્ષ જુએ છે, અને વિશ્વનું જેવું સ્વરૂપ છે તેવું જ એ કહે છે. તેથી એ તત્ત્વ પર જ સંપૂર્ણ શ્રદ્ધા કરવી જોઈએ. તત્ત્વ જીવ-અજીવ વગેરે પૂર્વે બતાવ્યા છે. એમાં જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વ પ્રત્યે તેને અનુરૂપ વલણ રાખવું જોઈએ. દા.ત. આશ્રવો હેય હોવાથી એના પ્રત્યે અરુચિનું-નફરતનું-ગ્લાનિનું-ભયનું વલણ રાખવું.

આ સમ્યગ્દર્શન ગુણ એ નિશ્ચય-દૃષ્ટિએ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કર્મના ક્ષયોપશમથી આત્મામાં પ્રગટ થતો એક શુદ્ધ પરિણામ (અવસ્થા) છે. વ્યવહારદૃષ્ટિથી તે સદ્‌ગુણો લિંગ, લક્ષણ આદિ સ્વરૂપે છે.

**સમ્યક્ત્વના પાંચ લક્ષણ છે :**

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય.

(૧) **શમ** અર્થાત્ પ્રશમ એટલે કે અનંતાનુબંધી કષાયના ઉદયથી થતી રાગદ્વેષાદિ કષાયોના આવેશની શાંતિ.



(૨) **સંવેગ** એટલે દેવતાઈ સુખ પણ દુઃખરૂપ સમજી એની ઝંખના છોડી એકમાત્ર મોક્ષ અને મોક્ષસાધનભૂત ધર્મ માટે તીવ્ર તાલાવેલી, તીવ્ર અભિલાષા થાય તે. એમ સુદેવ-સુગુરુ-સુધર્મ પર તીવ્ર અનુરાગ થાય તેને પણ સંવેગ કહેવાય.

(૩) **નિર્વેદ** એટલે સંસાર દુઃખભર્યો માટે નરકાગારરૂપ, અને પાપની પરાધીનતાભર્યો માટે કારાગારરૂપ લાગે અને એના પ્રત્યે ઉદ્વેગ થાય.

(૪) **અનુકંપા** શક્યતાનુસાર દુઃખીના દુઃખ ટાળવાની દયા, અને બાકી પ્રત્યે પણ દિલમાં આર્દ્રતા. દુઃખી બે જાતના, (૧) દ્રવ્યથી દુઃખી એટલે ભૂખ-તરસ, રોગ, માર, અપમાન વગેરેથી પીડાતા, ને (૨) ભાવથી દુઃખી એટલે પાપ, દોષ, ભૂલ, અધર્મ, કષાય... વગેરેથી પીડિત, એ બંને પર દયા એ અનુકંપા.

(૫) **આસ્તિક્ય** એટલે એવી અટલ શ્રદ્ધા કે ''तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं'' ''જિનેશ્વર દેવોએ જે કહ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું''- એવી દૃઢ શ્રદ્ધા હોય. હૈયાને જિનવચનનો દૃઢ રંગ લાગ્યો હોય, એમ જિનવચને કહેલ સાધુધર્મ-નિર્ગ્રન્થધર્મ માટે 'एसेव अट्ठे परमट्ठे, सेसे सव्वं खलु अणिट्ठे (अणट्ठे) આ જ અર્થ છે, યાને ઈષ્ટ છે, પરમ ઈષ્ટ છે, બાકી બધું જ અનિષ્ટ છે, અનર્થરૂપ છે. એવું હૈયે હાડોહાડ બેઠું હોય.

**સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર :**

સમ્યગ્દર્શન એ મોક્ષનો અનિવાર્ય પહેલો ઉપાય છે. એ જેમ જેમ વધુને વધુ નિર્મળ થાય તેમ તેમ ઉપરના ઉપાય જોરદાર બનતા જાય છે. આ નિર્મળતા માટે સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર પાળવાના છે. એને સરળતાથી યાદ રાખવા માટે આ પદ યાદ રાખવું- **'સદ શુલિ દુ ભૂલ આજભાક્ષ પ્રભા વિ.'** આમાં તે તે અક્ષર એકેક વિભાગ સૂચવે છે, તે આ પ્રમાણે-

૪ સદ્દહણા, ૩ શુદ્ધિ, ૩ લિંગ, ૫ દૂષણ, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ આગાર, ૬ જયણા, ૬ ભાવના, ૬ ઠાણ (સ્થાન), ૮ પ્રભાવક, ૧૦ વિનય,- એમ કુલ ૬૭ સમ્યક્ત્વ-વ્યવહાર.

**૪. સદ્દહણા :** ૧. પરમાર્થ-સંસ્તવ=જીવ અજીવ વગેરે તત્ત્વો (પરમ અર્થ)નો પરિચય, યાને હાર્દિક શ્રદ્ધાવાળો અભ્યાસ ૨. પરમાર્થના જ્ઞાતા સાધુજનોની સેવા ૩. વ્યાપન્નવર્જન=સમ્યગ્દર્શન ગુમાવી બેઠેલા કુગુરુનો ત્યાગ. ને ૪. મિથ્યાદૃષ્ટિ કુગુરુના સંગનો ત્યાગ.

**૩. શુદ્ધિ :** મન ને વચન આ જ કહે કે- 'જિન શરણ જ સાર' 'જિન-જિનભક્તિ જ સમર્થ,' તથા કાયા જિનશ્રદ્ધામાંથી લેશ ન ડગે, ભલેને દેવોનો ય ઉપદ્રવ આવે. 'જગતમાં જિનેશ્વર દેવ, જિનમત અને જિનમતમાં રહેલ સંઘ એ ત્રણ જ સાર, બાકી સંસાર અસાર,' એવું હૈયાને સચોટ લાગી ગયું હોય.

**૩. લિંગ :** (૧) યુવાન સુખીને દિવ્યસંગીત-શ્રવણ પર થાય તેવો ધર્મશાસ્ત્રશ્રવણનો તીવ્ર રાગ. (૨) અટવી ઊતર્યા ભૂખ્યાડાંસ બ્રાહ્મણોને ઘેબરની જેમ ચારિત્ર-ધર્મની તીવ્ર અભિલાષા, (૩) વિદ્યાસાધકની જેમ અરિહંત અને સાધુની વિવિધ સેવાનો નિયમ.

**૫. દૂષણનો ત્યાગ :** ૧. જિનવચનમાં શંકા, ૨. અન્ય ધર્મની કાંક્ષા (આકર્ષણ), ૩. ધર્મક્રિયાના ફલમાં સંદેહ, ૪. મિથ્યાદૃષ્ટિ પ્રશંસા, ને ૫. કુલિંગી (મિથ્યાદૃષ્ટિ કુગુરુ)નો પરિચય, સંસ્તવ,- આ પાંચ ન કરવા.

**૫. ભૂષણ :** ૧. જૈન શાસનમાં કુશળતા (ઉત્સર્ગઅપવાદવચન, વિધિવચન, ભયવચન વગેરેનો વિવેક), ૨. શાસન પ્રભાવના, ૩. સ્થાવર તીર્થ શત્રુંજયાદિની અને જંગમતીર્થ શ્રમણસંઘની વિવિધ સેવા, ૪. સ્વપરને જૈનધર્મમાં સ્થિર કરવા, ને ૫. પ્રવચન-સંઘની ભક્તિ વિનય-વૈયાવચ્ચ.

**૫. લક્ષણ :** શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિક્ય (આની સમજ શરૂમાં જ આપી છે.)



**૬. આગાર :** આગાર એટલે અપવાદ; ૧. રાજા, ૨. જનસમૂહ, ૩. બળવાન ચોર વગેરે, ૪. કુલદેવી આદિ, ને ૫. માતાપિતાદિ ગુરુવર્ગ આ પાંચનો તેવો બળાત્કાર થાય તથા છઠ્ઠો આગાર જંગલ આદિમાં આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય, ત્યાં મિથ્યા દેવ-ગુરુને હૈયાના ભાવ વિના વંદન કરી લેવાનો અપવાદ.

**૬. જયણા :** જયણા એટલે કાળજી. મિથ્યાદૃષ્ટિ સન્યાસી વગેરે કુગુરુ, અને મહાદેવ વગેરે કુદેવ, તથા મિથ્યાત્વીએ પોતાના દેવ તરીકે ગ્રહણ કરેલ જિનપ્રતિમા,- આ ત્રણને વંદન-નમન, આલાપ-સંલાપ, કે દાન-પ્રદાન, એ છ વાનાં ન કરવા. આથી સમકિતની જતના-રક્ષા થાય છે. (વંદન=હાથ જોડવા, નમન=સ્તુતિ આદિથી પ્રણામ, આલાપ=વગર બોલાવ્યા સન્માનથી બોલાવવું, સલાપ=વારંવાર વાર્તાલાપ, દાન=પૂજ્ય તરીકે સત્કાર બહુમાનથી અન્નાદિ દેવા, પ્રદાન=ચંદન-પુષ્પાદિ પૂજા-સામગ્રી ધરવી, યાત્રા-સ્નાન-વિનય-વૈયાવચ્ચાદિ કરવા)

**૬. ભાવના :** સમ્યક્ત્વને ટકાવવા માટે એને 'મૂલં-દાર-પઈટ્ઠાણં, આહારો-ભાયણં--નિહી,'- એ છ ભાવના ભાવવી જોઈએ. દા.ત. સમ્યક્ત્વ એ બારવ્રતરૂપી શ્રાવક ધર્મનું મૂળ છે, દ્વાર છે, પાયો છે, આધાર છે, ભાજન (પાત્ર) છે, ભંડાર (તિજોરી) છે. સમ્યક્ત્વ-મૂળ સલામત વિના ધર્મવૃક્ષ સુકાઈ જાય. સમ્યક્ત્વરૂપી દરવાજા વિના દાનાદિ ધર્મનગરમાં પ્રવેશ ન થઈ શકે. સમ્યક્ત્વના સાર પાયા વિના વ્રતાદિ ધર્મઈમારત ન ટકે કે ન ઊંચી કરાય. સમકિતરૂપી પૃથ્વી-આધાર ઉપર જ ધર્મ-જગત ઊભું રહે છે. સિંહણનું દૂધ જેમ સુવર્ણપાત્રમાં જ ટકે, તેમ વ્રત-અનુષ્ઠાન-દાનાદિ આંતરિક ધર્મઅંગ એ સમ્યગ્દર્શન-રૂપી પાત્રમાં જ ટકે છે. મણિ-માણેક-મોતી જેમ ભંડારમાં સુરક્ષિત રહે છે, તેમ દાનાદિધર્મ સમકિતરૂપી તિજોરીમાં જ સુરક્ષિત રહે છે, એ પ્રમાણે વ્રતધર્મ માટે સમ્યક્ત્વ પહેલું જરૂરી છે. એ ભાવવું.

**૬. સ્થાન :** સમ્યક્ત્વને રહેવા માટે છ સ્થાન છે. તેને વિચારીને

મનમાં એ સ્થાન નક્કી રાખ્યા હોય, તો જ સમ્યક્ત્વ રહી શકે. (૧) આત્મા દેહથી ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય છે. (૨) એ નિત્ય છે, સતાનત છે, કોઈએ બનાવ્યો નથી, ને ક્યારેય પણ નાશ પામતો નથી. (૩) આત્મા કર્મનો કર્તા છે. મિથ્યાત્વાદિ કારણે કર્મ ઉપાર્જે છે. (૪) વળી એ સ્વોપાર્જિત કર્મનો ભોક્તા છે, પોતાને પોતાના કર્મ ભોગવવા પડે છે. (૫) આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. 'સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવે છે માટે એનો અંત ન જ થાય, અને મોક્ષ ન જ નીપજે'- એવું નથી (૬) મોક્ષના સાચા ઉપાય પણ છે,- દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ.

**૮ પ્રભાવના :** જનતામાં જૈનશાસનની પ્રભાવના કરે એવી પ્રાવચનિકતા, ધર્મકથકતા વગેરે આઠમાંની એકેક વિશેષતાથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે, માટે એને ય અહીં ૬૭ વ્યવહારમાં ગણેલ છે. એવી વિશેષતાવાળા આઠ છે. (આઠ પ્રથમાક્ષરમાં-**'પ્રાકકવિ નૈવાસિત')** (૧) પ્રાવચનિક (પ્રવચન=દ્વાદશાંગી) = તે તે કાળમાં ઉપલબ્ધ સર્વ આગમોના પ્રખર અભ્યાસી, (૨) ધર્મકથા=આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેજની અને નિર્વેદકારિણી ધર્મકથામાં કુશળ, (૩) કવિ=ચમત્કારિક વિશિષ્ટ ઉત્પ્રેક્ષાદિ-ભર્યા કાવ્ય શીઘ્ર રચી શકે તે, (૪) વિદ્યાવાન=પ્રજ્ઞપ્તિ, આકાશગામિની વગેરે વિદ્યા જેને સિદ્ધ છે તે, (૫) નૈમિત્તિક=ભૂત-ભવિષ્ય જાણી શકે એવા નિમિત્તશાસ્ત્રમાં નિષ્ણાત, (૬) વાદી=પરમતખંડન-સ્વમતસ્થાપનકારી વાદની લબ્ધિવાળા. (૭) સિદ્ધ=ચમત્કારિક પાદલેપ, અંજનગુટિકા વગેરેના જાણકાર અને (૮) તપસ્વી=વિશિષ્ટ તપસ્યાવાળો.

**૧૦. વિનય** : સમકિતી આત્મા પંચપરમેષ્ઠી અને ચૈત્ય-શ્રુત-ધર્મ-પ્રવચન-દર્શન એ દશનો વિનય કરે. (ચૈત્ય=જિનમૂર્તિ,મંદિર, શ્રુત=આગમ, ધર્મ=ક્ષમાદિ યતિધર્મ, પ્રવચન=જૈનશાસન-સંઘ, દર્શન=સમકિત, સમકિતી.) એ વિનય પાંચ રીતે ૧. બહુમાનપૂર્વક વિનય ભક્તિ, ૨. વસ્તુ-અર્પણથી પૂજા, ૩. ગુણ-પ્રશંસા, ૪. નિંદાનો ત્યાગ અને ૫. આશાતનાનો ત્યાગ. એમ દસેના વિનયના ૫૦ પ્રકાર થાય.



આ ૬૭ પ્રકારનો વ્યવહાર પાળવાથી સમ્યક્ત્વનો આત્મપરિણામ પ્રાપ્ત ન હોય તો પ્રાપ્ત થાય છે અને પ્રાપ્ત હોય તો વધુને વધુ નિર્મળ બને છે.

સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયું હોય તો ટકાવવા માટે આ કરણી પણ આચરવાની છે.

**સમ્યક્ત્વની કરણી :**

પ્રતિદિન જિનદર્શન-જિનભક્તિ-પૂજા. પૂજામાં રોજ પોતાના પૂજન-દ્રવ્યનું અવશ્ય યથાશક્તિ સમર્પણ. સાધુસેવા, જિનવાણીનું નિત્ય શ્રવણ, ૧૦૮ નમસ્કાર-મહામંત્રનું રોજ સ્મરણ, અરિહંત-સિદ્ધ-સાધુ-જિનધર્મના ત્રિકાળ શરણનો સ્વીકાર, પોતાના દુષ્કૃત્યોની આત્મનિંદા, અરિહંતાદિના સુકૃતોની અનુમોદના, તીર્થયાત્રા, સાધર્મિક ભક્તિ, સાધર્મિક મળ્યે પ્રણામ, સાધર્મિક ઉદ્ધાર, સાધર્મિક માવજત, સાતવ્યસન (શિકાર-જુગાર-માંસાહાર-દારૂ-ચોરી-પરસ્ત્રી-વેશ્યા)નો સર્વથા ત્યાગ, રાત્રિભોજન-ત્યાગ વગેરે વ્રત નિયમ, દયા-દાનાદિકની પ્રવૃત્તિ, સામાયિકાદિ ક્રિયા, તીર્થંકર પરમાત્મા વગેરે મહાપુરુષોના ચરિત્રગંથો અને ઉપદેશમાળા, ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ, અધ્યાત્મકલ્પદ્રુમ, ઉપમિતિ-ભવપ્રપંચકથા, વગેરે ગ્રંથોનું શ્રવણ-વાંચન-મનન આદિ.

**• પ્રશ્નો •**

**૧. નિશ્ચય-વ્યવહારથી સમ્યક્ત્વ એટલે ?**

**૨. 'સદ્-શુ-લિ...'થી ૬૭ વ્યવહાર સમજાવો.**

**૩. સમજાવો-પરમાર્થ સંસ્તવ, વ્યાપન્ન-વર્જન, મનઃશુદ્ધિ, કાંક્ષા, શાસન-કુશળતા, સંવેગ, વંદન-નમન, આલાપ, દાન-પ્રદાન, 'મૂલં દારં પઈટ્ઠાણં, આહારો ભાયણં નીહિ' ષટ્સ્થાન, પ્રાકકવિનૈવાસિત,' ૧૦ વિનય**

**૪. કઈ કઈ કરણીથી સમકિત મળે ને ટકે ?**

**૫. 'શમ સંવેગાદિ ૫ લક્ષણની ઉત્પત્તિ ઊલટા ક્રમથી છે.' એ ઘટાવો.**

## ૨૧. દેશવિરતિ : બારવ્રત

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એટલે હવે ભવનિર્વેદથી આત્માને સંસાર અને આરંભ-પરિગ્રહ-વિષય વગેરે ઝેર જેવા લાગે છે. તેથી રોજ ઝંખના રહે કે- 'ક્યારે આ પાપભર્યા ઘરવાસને છોડી નિષ્પાપ સાધુ-દીક્ષા (ચારિત્ર પ્રવ્રજ્યા) લઉં અને અણગાર બની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપનું જ એક માત્ર જીવન જીવું.' એનાથી સંસાર એકદમ ન છૂટે એ બને, પરંતુ એનું દિલ આવું બન્યું રહેવું જોઈએ. હવે જ્યારે સર્વપાપ-ત્યાગની સાચી ઝંખના છે, તો પછી એ માર્ગે લઈ જાય એવો શક્ય પાપત્યાગના માર્ગનો અભ્યાસ જોઈએ. એ માટે દેશવિરતિ (=અંશે વિરતિ) ધર્મનું પાલન કરવાનું છે, એમાં સમ્યક્ત્વવ્રત પૂર્વક સ્થૂલપણે હિંસાદિ પાપોના ત્યાગની તથા સામાયિકાદિ ધર્મ-સાધનાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. દેશવિરતિ ધર્મમાં આ રીતે બાર વ્રતો આવે છે.

**૫ અણુવ્રત + ૩ ગુણવ્રત + ૪ શિક્ષાવ્રત = ૧૨ વ્રત.**

૫ અણુવ્રત : સ્થૂલપણે હિંસા-અસત્યાદિ પાપનો ત્યાગ. અહિંસા, સત્ય, નીતિ, સદાચાર અને અલ્પ પરિગ્રહ.

૩ ગુણવ્રત : દિશા-પરિમાણ, ભોગોપભોગ-પરિમાણ અને અનર્થદંડ - વિરમણ.

૪ શિક્ષાવ્રત : સામાયિક, દેશાવકાશિક, પોષધ અને અતિથિ-સંવિભાગ.

**૧ લું અણુવ્રત : સ્થૂલ અહિંસા :**

(સ્થૂલ પ્રાણાતિપાત - વિરમણ) - 'હાલતા - ચાલતા નિરપરાધી ત્રસ જીવને જાણી જોઈને નિરપેક્ષપણે મારું નહિ,' એવી પ્રતિજ્ઞા.



આના વિશુદ્ધ પાલનમાં બને ત્યાં સુધી જીવને પ્રહાર, અંગછેદ, ગાઢ બંધન, ડામ, અતિભારારોપણ, ભાત-પાણીમાં વિલંબ-વિચ્છેદ વગેરે કરવા નહિ. પ્રતિજ્ઞામાં કદાચ રોગ, વ્રણ આદિમાં જુલાબ આદિ લેવા પડે અને એમાં જીવ મરે તેની જયણા. (બળતા દિલે અપવાદ).

**૨ જું અણુવ્રત : સ્થૂલ સત્ય :** (સ્થૂલ મૃષાવાદ-વિરમણ)-'૧. કન્યા વગેરે મનુષ્ય અંગે, ૨. ઢોર અંગે, ૩. જમીન-મકાન અંગે, માલ અંગે જૂઠ બોલું નહિ ૪. બીજાની થાપણનો ઈન્કાર ન કરું, ઓળવું નહિ, તથા જૂઠી સાક્ષી ભરું નહિ' (દાક્ષિણ્યમાં જયણા) એવી પ્રતિજ્ઞા. આના વિશુદ્ધ પાલન માટે સહસા (વગર વિચાર્યું) ન બોલવું, પત્ની-મિત્ર વગેરેની ગુપ્ત વાત કોઈને ન કહેવી, બીજાને જૂઠ બોલવાની સલાહ ન આપવી, ખોટા ચોપડા-દસ્તાવેજ ન લખવા, આ સાવધાની બરાબર જાળવવી જોઈએ.

**૩ જું અણુવ્રત : સ્થૂલ ચોરી ત્યાગ :** (સ્થૂલ અદત્તાદાન-વિરમણ) 'રાજ્ય દંડે, લોક ભાંડે (નિંદે) એવી ચોરી હું કરું નહિ,' આ પ્રતિજ્ઞા. એમાં ચોરી લૂંટફાટ, ખાતર પાડવું, ખીસ્સા કાપવા, ગઠડી ઉપાડવી, દાણચોરી, ટિકિટ-ચોરી વગેરેનો ત્યાગ કરવાનો. આ વ્રતના વિશુદ્ધ પાલન માટે પાંચ અતિચાર ટાળવાના. ચોરને ટેકો ન આપવો, ચોરીનો માલ ન સંઘરવો, ભળતો યા ભેળસેળવાળો માલ ન વેચવો, રાજ્યવિરુદ્ધ કાર્ય ન કરવું, ખોટા માપ વગેરે ન રાખવાં. આ સાવધાની જાળવવી જોઈએ.

**૪ થું અણુવ્રત : સ્વસ્ત્રીસંતોષ-પરસ્ત્રી ત્યાગ :** સદાચાર (સ્થૂલ મૈથુન-વિરમણ) પરસ્ત્રી, વેશ્યા, વિધવા અને કુમારિકાના ભોગનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં સંતોષની પ્રતિજ્ઞા. એના શુદ્ધ પાલન માટે અનંગ (કામના અંગ સિવાયના અંગની) ક્રીડા, તીવ્ર વિષયાસક્તિ અને પરના વિવાહકરણ ન કરવાની સાવધાની રાખવી.

**૫ મું અણુવ્રત : પરિગ્રહ-પરિમાણ :** (સ્થૂલ પરિગ્રહણવિરમણ) ૧ ધન, ૨ ધાન્ય, ૩ જમીન-ખેતર, ૪ મકાન-દુકાન-વાડી, ૫ સોનું-રૂપું વગેરે, ૬ હીરા-મોતી વગેરે ઝવેરાત, ૭ વાસણ-કુસણ-ફરનિચર, ૮ ઢોર, ૯ દાસદાસી-એવા નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ નક્કી કરવું કે- 'આટલાથી વધુ રાખું નહિ' અથવા 'બધાની કુલ, મૂળ યા બજાર-ભાવની કિંમતે....રૂપિયાથી વધુ કિંમતનો પરિગ્રહ રાખું નહિ. વધુ આવી જાય તો તરત ધર્મમાર્ગે ખર્ચી નાખું.' આ પ્રતિજ્ઞા કરતી વખતે વધતી કારમી મોંઘવારીનો વિચાર રાખવો. એ માટે લાખ બે લાખ રૂા. એમ રકમ ન ધારતાં આટલા તોલા સોનાની ચાલુ બજાર ભાવની કિંમત કરતાં અધિક પરિગ્રહ નહિ રાખું એમ ધારી શકાય. વ્રતના પાલન માટે પરિગ્રહના પરિમાણનું વિસ્મરણ ન થવા દેવું. અધિક પરિગ્રહને સ્ત્રી-પુત્રાદિના નામે રાખી એના પર પોતાની હકુમત ન રાખવી. પ્રતિજ્ઞાની કલ્પના ન ફેરવવી વગેરે સાવધાની જાળવવી.

**૬ ઠું વ્રત : દિશાપરિમાણ :** ઉપર નીચે ૦ાા-૧ માઈલ, ને ચારે દિશામાં આટલા આટલા માઈલની અથવા ભારતની બહાર જાઉં નહિ,- આ પ્રતિજ્ઞા. આના પાલનમાં પરિમાણ ભૂલવું નહિ, એક દિશામાં સંક્ષેપી બીજી દિશામાં જરૂરી તેટલો વધારો ન કરવો વગેરે સાવધાની રાખવી જોઈએ.

**૭ મું વ્રત : ભોગોપભોગ પરિમાણ :** ભોગ એટલે એક જ વાર ઉપયોગમાં આવે તે-અન્ન-પાન, તંબોલ-વિલેપન, ફૂલ વગેરે. ઉપભોગ એટલે વારંવાર ઉપયોગમાં આવે તે-ઘર, ઘરેણા, પલંગ, ખુરસી, પથારી, વાહન, પશુ વગેરે. સાતમાં વ્રતમાં આનું પોતાની શક્તિ મુજબ પાલન થાય એવું પ્રમાણ નક્કી કરી બાકીનાના ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

અન્ન-પાનમાં શ્રાવકે બનતાં લગી સચિત્ત (સજીવ) નો ત્યાગ રાખવો, દા.ત. કાચું પાણી, કાચાં શાક, સચિત્ત ફળ કે તરત કાઢેલ રસ, કાચું મીઠું વગેરે, એ સચિત્ત કહેવાય.



**પ્રશ્ન : સચિત્ત ત્યાગ રાખવામાં સચિત્તને અચિત્ત કરવા જતાં અગ્નિકાય વગેરે ઘણા જીવો મરે છે, તો એના કરતાં સચિત્ત જ ખાઈ લેવું શું ખોટું ? પેલા અગ્નિકાયાદિ જીવોની હિંસા તો ન કરવી પડે.**

**ઉત્તર :** અલબત્ત સચિત્તને અચિત્ત કરવામાં જીવ નાશ થાય છે, પરંતુ સચિત્ત વાપરવામાં જીવતા જીવોને સીધા પોતાના મુખથી ચાવી કે ગળે ઉતારી જવાનું થાય એ વધુ નિર્દયતા છે, વધુ ક્રૂર પરિણામ છે. ધર્મ આત્માના કોમળ પરિણામમાં છે. તેમજ અચિત્ત કરતાં સચિત્ત વધુ વિકારક છે. માટે સચિત્તનો ત્યાગ જરૂરી છે.

અચિત્ત શું શું ? - ઉકાળેલું પાણી, રંધાઈને બરાબર ચઢેલાં શાક, કાપ્યા અને બીજ જુદું પાડ્યાની બે ઘડી પછીના પાકા ફળ કે રસ, (પાકા કેળામાં બીજ નથી તેથી તે વગર કાપ્યાં પણ અચિત્ત છે), લાલછાંટ વિનાનું સફેદ સિંધવ, બલવણ યાને ભઠ્ઠીમાં પકવેલું મીઠું, ફૂલાવેલી ફટકડી વગેરે અચિત્ત છે. છેવટે અમુક સચિત્ત મોકળા રાખી બાકીનાનો ત્યાગ, તથા પર્વતિથિ-ચોમાસા વગેરેમાં સર્વથા સચિત્ત ત્યાગ કરવો.

આ વ્રતમાં ૨૨ અભક્ષ્ય-૩૨ અનંતકાયનો ત્યાગ કરવાનો છે, એમ ૧૫ કર્માદાન ત્યજવાના છે. (આની સમજ પછીના પ્રકરણમાં વિચારીશું).

સાતમા વ્રતમાં ધાન્યો, શાકભાજીઓ, ફળો, મેવા મસાલા વગેરેના જરૂરી નામ નોંધી લઈ જીવનભર માટે તે સિવાયનું નહિ વાપરવાનો નિયમ કરાય છે. એમ આગળ **'વ્રત નિયમ'**ના પ્રકરણમાં બતાવાશે તે ચૌદ નિયમોનું જીવનભર માટે પ્રમાણ નક્કી કરવામાં આવે છે. દા.ત. આજીવન રોજ ૨૦ દ્રવ્યથી અધિક નહિ વાપરું.' પછી રોજ એટલા યા એથી ઓછાં ધરાય.

**૮ મું વ્રત : અનર્થદંડ વિરમણ વ્રત :** જીવન જીવવામાં બિનજરૂરી વસ્તુનો ત્યાગ કરવો; નહિતર એથી અનર્થ=નિષ્પ્રયોજન દંડ લાગે.

અનર્થ તરીકે ચાર વસ્તુ - ૧. દુર્ધ્યાન, ૨. અધિકરણ (પાપના સાધન)નું પ્રદાન, ૩ પાપોપદેશ અને ૪. પ્રમાદાચરણ. આમાં પહેલા ત્રણને તો બરાબર જાગૃતિ રાખીને અર્થાત્ ભૂલ થાય તો દંડ ભરવાનું રાખીને અને ચોથાને પ્રતિજ્ઞા રાખીને આચરવા નહિ. દા.ત.

**(૧) દુર્ધ્યાનમાં :** (૧) મનગમતી વાત કે ચીજ મળી કે મળો, એના પર બહુ હર્ષ ઉન્માદનું ચિંતન કર્યું; અથવા એ ટકો, ન જાઓ એવું ચિંતન, (૨) અણગમતી આવી એ ટળો યા ન આવો એના પર બહુ ઉદ્વેગનું ચિંતન કર્યું, (૩) રોગમાં હાયવોય કરી કે દુઃખની પીડાથી રોગનાશ, વૈદ્ય, દવા-અનુપાનાદિની ચિંતા કરી, (૪) પૌદ્ગલિક પદાર્થોની ભારે આશંસા કરી, તો એ આર્તધ્યાન થયું. તેમજ હિંસા, જૂઠ, ચોરી અને સંરક્ષણનું ઘોર ધ્યાન એ રૌદ્રધ્યાન. એ દુર્ધ્યાન ન સેવવા.

**(૨) અધિકરણ :** એટલે ઘંટી, અગ્નિ, હળ, ચાકુ, ધોકા, સ્ટવ, ફ્રેન વગેરે જીવઘાતક શસ્ત્ર, કે ખાંડણી, પરાળ, મુશળ, લાકડી, સાબુ, કેરોસીન વગેરે પાપના સાધન એમ વિષય સાધન, એ બીજાને દેવાં નહિ.

**(૩) પાપોપદેશ :** એટલે કલેશ, કલહ, પાપના ધંધા, ને હિંસા થાય એવા કામની સલાહ તથા હિંસા-જૂઠ-ચોરી વગેરેની સલાહ આપવી નહિ. એમ કામોત્પાદક વચન, મોહચેષ્ટા, વાચાળતા અતિ કે ઊદ્ભટ ભોગ વગેરે આચરવા નહિ.

**(૪) પ્રમાદાચરણમાં :** સિનેમા, ટી.વી. વીડીયો, નાટક, ખેલ તમાશા, શૃંગારી ચિત્રો પ્રદર્શન, લડાઈ, મોટી ક્રિકેટ વગેરે રમતો ન જોવાની અને પત્તાબાજી વગેરે ન ખેલવાની પ્રતિજ્ઞા. સર્વથા શક્ય ન હોય તો અમુક પ્રમાણથી વધુ ન જોવાની પ્રતિજ્ઞા, એમ શોખ માટે પોપટ, કૂતરા વગેરે ન પાળવા, વિલાસી નોવેલ, છાપા વગેરે ન વાંચવા, તથા નદી, તળાવ, વાવ વગેરેમાં શોખના સ્નાન ન કરવાની



પ્રતિજ્ઞા. એવી બીજી પણ બિનજરૂરી બાબતો તજવાની.

સિનેમા, નાટક વગેરે ઉપરોક્ત પ્રમાદ-આચરણનો આત્માને કામવાસના, બાહ્યભાવ અને કષાયોમાં ખેંચી જનાર છે. શ્રાવક તો 'સર્વથા નિષ્પાપ જીવન ક્યારે મળે-' એવી ઝંખનાવાળો હોય છે. એટલે એવી ઉચ્ચ આત્મ-પ્રગતિને રુંધનારા બાહ્યભાવ તથા કષાયોને એ ન જ પોષે.

**૯ મું વ્રત : સામાયિક :** અનંત જીવોને અભયદાન દેનારી અહિંસા ને સત્યાદિવ્રતના તથા સમભાવના લાભ માટે સર્વ સાંસારિક પાપપ્રવૃત્તિ છોડી વિધિપૂર્વક પ્રતિજ્ઞા કરીને, કટાસન પર બેસી બે ઘડી માટે જ્ઞાન ધ્યાન કરવું, તે સામાયિક કહેવાય. 'રોજ આટલા.... સામાયિક, અગર દર મહિને કે દર વર્ષે આટલા... સામાયિક કરીશ' એવી પ્રતિજ્ઞા લેવાની.

**પ્રશ્ન : આવી પ્રતિજ્ઞાથી શું વિશેષ લાભ ? સામાયિક કરે ત્યારે લાભ તો થાય જ છે ને ?**

**ઉત્તર :-** એમ ને એમ સામાયિક કરે ત્યાં તો સામાયિકમાં બેસે ત્યારે જ લાભ મળે, અને મહિનો, વર્ષ કે જીવનભરની પ્રતિજ્ઞા લઈને કરે ત્યાં પ્રતિજ્ઞાનો સળંગ સતત લાભ મળે એ વધારામાં. **'જાવ મણે હોઈ નિયમસંજુત્તો, છિન્નઈ અસુહં કમ્મં.'** જીવ જ્યાં સુધી મનમાં નિયમના ઉપયોગવાળો હોય ત્યાં સુધી અશુભ કર્મ છેદાય છે.

સામાયિકમાં મન-વચન-કાયાની પાપપ્રવૃત્તિ, વિકથા, સામાયિકનું વિસ્મરણ... વગેરે ન થાય, એ સાવધાની રાખવી.

**૧૦ મું વ્રત : દેશાવકાશિક :** આમાં મુખ્યતયા અમુક સ્થાન નક્કી કરી 'એટલાથી બહાર જવું નહિ અને બહાર સાથે કંઈ વ્યવહાર કરવો નહિ. અને એમાં ધર્મધ્યાનમાં રહેવું' એની ૦। - ૦॥ - ૧... કલાક યા સૂર્યાસ્ત કે સૂર્યોદય સુધી વગેરે અમુક સમય માટે પ્રતિજ્ઞા હોય છે. એમાં બીજા વ્રતોની મર્યાદાનો સંક્ષેપ કરાય છે. આનો લાભ અપરંપાર.

ચાલુ પ્રણાલિકામાં એવી પ્રતિજ્ઞા કરાય છે કે 'ઓછામાં ઓછું એકાશનનો તપ રાખી દિવસ ભરમાં બે પ્રતિક્રમણ તથા આઠ સામાયિક કરવાનું દેશાવકાશિક વ્રત વર્ષમાં અમુક સંખ્યામાં કરીશ.' અલબત્ત આ વ્રતના મર્મને પાળવા માટે એ સામાયિકમાંથી બચેલા સમયમાં સાંસારિક પ્રવૃત્તિઓ ન કરતાં જ્ઞાન-ધ્યાન વગેરે ધર્મપ્રવૃત્તિમાં દિવસ પસાર કરવો હિતાવહ છે.

આ વ્રતના યથાર્થ પાલન માટે નક્કી કરેલી મર્યાદા બહારથી કોઈને ન બોલાવવો કે બહાર ન મોકલવો, વગેરે સાવધાની રાખવી.

**૧૧ મું વ્રત : પોષધ :** પોષધ એટલે ધર્મને પોષે તે. એમાં દિવસ, રાત્રિ કે અહોરાત્રિ માટે પૂર્ણ સામાયિક સાથે (૧) આહાર (૨) શરીર-સત્કાર તથા (૩) વ્યાપારના ત્યાગની અને (૪) બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરીને આવશ્યક ક્રિયાઓ તેમજ જ્ઞાનધ્યાનમાં રક્ત રહેવાનું. આ આંતર ધર્મને પોષે છે, માટે પોષધ કહેવાય છે. આમાં સમિતિ-ગુપ્તિ (જે આગળ સંવર પ્રકરણમાં કહેવાશે તે) નું પાલન કરવાનું હોય છે.

**૧૨ મું વ્રત : અતિથિ-સંવિભાગ :** અતિથિ એટલે કે સાધુ-સાધ્વીને સંવિભાગ (દાન) દેવાનું વ્રત. ચાલુ પ્રવૃત્તિ મુજબ ચોવિહાર કે તિવિહાર ઉપવાસ સાથે અહોરાત્રનો પોષધ કરી પારણે એકાશનમાં મુનિને વહોરાવ્યા પછી વાપરવાનું. ગામમાં સાધુ-સાધ્વીજી ન મળે તો સાધર્મિકભક્તિ કર્યા પછી વાપરવાનું. એ અતિથિસંવિભાગ વ્રત. વર્ષમાં આવા અતિથિસંવિભાગ આટલા.... કરીશ એવી પ્રતિજ્ઞા કરવી તે બારમું વ્રત. આના પાલન માટે મુનિને દાન દેવામાં માયા કપટ ન થાય, ભિક્ષા-સમયની બેદરકારી ન થાય, વગેરે સાવધાની રાખવી.

આ બારે વ્રતો પૂરા અગર ઓછા... યાવત્ એક વ્રત સુધી પણ લઈ શકાય. એમાં અભ્યાસ માટે અમુક અમુક અપવાદ રાખીને પણ લઈ શકાય, તેમજ અમુક સમય માટે પણ લેવાય.



**• પ્રશ્નો •**

**૧. દેશ વિરતિ-ધર્મ શા માટે લેવો ? એટલાથી જ મોક્ષ કેમ નહિ ?**

**૨. બાર વ્રતની સમજુતી લખો ?**

**૩. સમજાવો :-**

**૫ જુઠ્ઠાણાં કયા ? કઈ ચોરીનો ત્યાગ ? બીજા અને ત્રીજા વ્રતમાં સાવધાની કઈ રાખવાની ? ભોગ-ઉપભોગમાં શો ફરક ? અધિકરણ, પ્રમાદાચરણ શું ? દુર્ધ્યાન ૪ કયા ?**

**૪. સામાયિકથી શા લાભ ? પ્રતિજ્ઞા શા માટે ?**

**૫. અચિત્તમાં વધુ હિંસા છે તો આદરણીય કેમ ?**

**"દિવ્ય-દર્શન" "પ્રેરણા"** **વર્ષ-૪,અંક-૯,તા.૫-૧૧-૧૯૫૫**

જે વીરપ્રભુએ જન્મીને તરત અંગુઠાના સ્પર્શે લાખ જોજનનો મેરુ ચલાયમાન કર્યો હતો; એ પ્રભુએ પોતાના કાનમાં ખુશીથી ખીલા કેમ ઠોકવા દીધા ? ગોવાળીયા સામે આંખનું પોપચું સરખું ઊંચું કેમ ન કર્યું ? ઊલટું ભીંતની જેમ સ્થિર જે ઊભા રહ્યા; જેથી ખીલા ઝટ પેસી એક કાનથી બીજા કાન સુધી અંદરમાં વીંધીને રહ્યા !

મેરુને હલાવવાના બળનો ઉપયોગ ગોવળને ભગાડવામાં નહિ, પણ કર્મને ભગાડવામાં કર્યો ? ક્રોધને પ્રજ્વલિત કરવામાં નહિ, પણ ક્ષમાને પગભર રાખવામાં કર્યો ! શાતાને વહાલી કરવામાં નહિ, પણ આશાતાને વધાવી લેવામાં કયો ! શરીરના રક્ષણમાં નહિ, પણ આત્માના રક્ષણમાં કર્યો !

વાહરે મારા વીર ! વાહરે મારા આત્માના તારણહાર ! કેવા તમે સાચા બળીયા ! ધન્ય તમારું જીવન ! ધન્ય તમારો પુરુષાર્થ ! પ્રભુ ! હું શું કરી શકું ! મારામાં એ બધું કયારે આવશે ? પણ હા, આજે એ આપના આત્મિક પરાક્રમને આદર્શ બનાવી ચાલુ જીવનમાં એનો અંશ જરૂર ઉતારું ?

# ૨૨. અભક્ષ્ય એ કર્માદાન

અભક્ષ્ય પદાર્થો ખાધા વિના જીવી શકાય છે. આવા પદાર્થો હિંસામય છે. તે ખાવાથી તે પદાર્થોમાં રહેલા જીવોની હિંસા થાય છે. આ ઉપરાંત અભક્ષ્ય પદાર્થો વિકારોને પેદા કરે છે. આથી શ્રાવકે અભક્ષ્ય પદાર્થોનો તો જીવનભર માટે ત્યાગ જ કરવો જોઈએ. આવા અભક્ષ્ય પદાર્થો ૨૨ છે. તે આ પ્રમાણે -

(૧) રાત્રિભોજન, (૨-૫) ૪ મહાવિગઈ- માંસ, મદિરા (દારૂ), મધ, માખણ, આ ચારેયમાં તદ્વર્ણના અસંખ્ય જીવ જન્મે છે. એમ ઈતરોએ પણ કહ્યું છે. ઈંડાં, લોહીની ગોળીઓ, શક્તિની દવા દા.ત. હેમોગ્લોબીન કોડલીવર ઓઈલ, લીવરના ઈંજેક્ષન વગેરે પણ માંસમાં ગણાય. મધમાખી અશુચિપુદ્ગલ મધમાં ભરે છે. તેમજ મધ પેદા થાય ત્યારે એમાં અસંખ્ય ઊડતા જીવ ચોંટીને મરે છે તથા મધને મેળવતાં એમાં કેટલીય ભમરીઓ માખીઓ નાશ પામે છે. માખણમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. **(૬-૧૦)** ૫ ઉદુંબર પંચક (વડ-પીપળો-પારસપીપળો-ગલર-પ્લક્ષ-કાલુંબર) ના ટેટા, એમાં ઘણા જીવડાં હોય છે, **(૧૧-૧૫)** બરફ, કરા, અફીણ વગેરે વિષ, સર્વ માટી અને વેંગણ, એ પાંચ, **(૧૬)** બહુબીજ દા.ત. રીંગણ, કોઠિંબડા, ખસખસ, અંજીર, રાજગરો, પટોળાં આદિ, જેમાં અંતર-પડ વિના બહુ બી સાથે હોય, **(૧૭)** તુચ્છફળ-બોર, જાંબૂ, ગુંદા, મહુડાં, કોમળસીંગ વગેરે. **(૧૮)** અજાણ્યાં ફળ, **(૧૯)** સંધાન=બરાબર તડકા ખાધા વિનાનું કે પાકી ચાસણી વિનાનું બોળ અથાણું. **(૨૦)** ચલિત રસ, જેના રસ, વર્ણ, ગંધ, સ્પર્શ બગડી ગયા હોય તે, દા.ત. (૧) વાસી રાંધ્યું, બાફ્યું અન્ન-રોટલી-રોટલો-ભાત--નરમ પુરી, ભાખરી-માવો-પાકી ચાસણી વિનાના પેંડા વગેરે, (૨) બે રાત્રિ ઓળંઘેલાં દહીં-છાશ, (૩) અપક્વ દહીં, (૪) શિયાળામાં ૧ માસ, ઉનાળામાં ૨૦ દિન, ચોમાસામાં ૧૫ દિન ઉપરાંતની મીઠાઈ, (૫) ઉનાળા-ચોમાસામાં ભાજીપાલો-તલ-ખજૂર-ખારેક, (૬) ચોમાસામાં



સુકો મેવો, કાચી ખાંડ, કાષ્ઠ (કાચલા)માંથી બહાર કાઢેલ ટોપરાં ગોળા, બદામ પિસ્તા વગેરે બીજે દિવસે અભક્ષ્ય, (૭) આર્દ્રા પછી કેરી, (૮) બગડી ગયેલ મીઠાઈ-મુરબ્બો-અથાણા વગેરે. **(૨૧)** વિદળસંયુક્ત કાચાં (ગરમ નહિ કરેલ) દહીં દૂધ કે છાશ, એમાં અસંખ્ય ત્રસ જીવ ઉત્પન્ન થઈ જાય છે. 'વિદળ' એટલે તેલ ન નીકળે અને બે ફાડ થાય એવા કઠોળ, એની દાળ, લોટ કે ભાજી. મગફળીમાંથી તેલ નીકળે છે એ અહીં વિદળ નહિ, **(૨૨)** ૩૨ અનંતકાય, એ ૨૨મું અભક્ષ્ય છે.

**● ૩૨. અનંતકાય :**

જગતમાં સૌથી થોડા મનુષ્યો છે, એના કરતાં અસંખ્યગુણ નારકી, એનાથી અસંખ્યગુણ દેવો, એથી અસંખ્યગુણ પંચેન્દ્રિયતિર્યંચો છે. એથી અસંખ્યગુણ વિકલેંદ્રિયો, એથી અસંખ્યગુણ અગ્નિકાય, એના કરતાં પૃથ્વી-પાણી-વાયુકાય જીવો વિશેષાધિક, એના કરતાં પણ અનંત અનંતગુણા જીવો એકેક નિગોદમાં (અનંતકાય શરીરમાં) છે. કંદમુળના એકેક કણમાં આવા અસંખ્ય નિગોદ શરીર છે. તો એ કેમ જ ખવાય ?

**નરકના ૪ દ્વાર કહ્યા છે :-** પરસ્ત્રીસંગ, રાત્રિભોજન, સંધાન અને અનંતકાય. સેવાળ=લીલ ફૂગ અને બધાં કંદ અનંતકાયિક છે. દા.ત. સુરણ, વજ્રકંદ, લીલો કચૂરો, શતાવરી, વિરાલી (સોફાલી) કુંવરપાઠું, થોરિયાં, ગળો (લીમડા વગેરે પરની), લસણ, વંશકારેલાં, ગાજર, લુણી (જેને બાળી સાજીખાર કરે છે તે), લોઢક=પદ્મિનીનો કંદ, પોયણાં, ગિરિકર્ણિકા-ગરમર, કિસલય=પ્રારંભિક કોમળપાન, તથા સર્વે પહેલા અંકુર, ખરસઈઓ, થેગભાજી (જેમાં પોંખ થાય છે), લીલોમોથ, લવણ, વૃક્ષની છાલ, ખિલ્લુડ, અમૃતવેલ, મૂળો, ભૂમિફોડા (છત્રાકાર બિલાડીનો ટોપ), વિરૂઢ-પલાળેલા મગ આદિ કઠોળમાં ફૂટેલ અંકુર, કોમળ વત્થુલો શુકરવાલ, શક્કરિયાં, પાલખાની ભાજી, રતાળું, ડુંગળી, કુણી આંબલી, કાતરા, લીલી હળદર, લીલું આદુ, ઘોષાતકી કેરડો, તિંદુક, ગોટલી ન બાઝી હોય તેવા કોમળફળ, બટાટા (આલુ) વગેરે અનંતકાય છે.

**૧૫ કર્માદાન :**

શ્રાવકે મહારંભના કે મહાપાપના ધંધા નહિ કરવા જોઈએ. દા.ત. ૫ કર્મ + ૫ વાણિજ્ય + ૫ સામાન્ય એમ ૧૫ કર્માદાનના ધંધા, એમાં-

**૫ કર્મ :- (૧) અંગારકર્મ** - લુહાર, સોનાર, કુંભાર, ભાડભૂંજા, હોટલ, વીશી વગેરે ધંધા. (૨) **વનકર્મ** - વન કપાવવા, વાડી-બગીચા વગેરેના ધંધા. (૩) **શકટકર્મ** - ગાડા-ગાડી-મોટર બનાવવાના ધંધા. (૪) **ભાટકકર્મ** - ગાડા-મોટર વગેરે ભાડે આપવાના ધંધા. (૫) **સ્ફોટકકર્મ**-જમીન, ખાણ વગેરેને ફોડાવવાના ધંધા.

**૫ વાણિજ્ય :- (૧) દંતવાણિજ્ય :** હાથી વગેરેને મારીને દાંત, પીંછા, કેશ વગેરે જ્યાં ઉત્પન્ન થાય ત્યાંથી તે ખરીદી વેચવાના ધંધા. (૨) **લાખ વાણિજ્ય :** લાખ, રાળ, દારૂખાનું, કોલસા, બળતણ વગેરેનો વેપાર. (૩) **રસ વાણિજ્ય :** મધ, ઘી, તેલ વગેરે રસનો વેપાર. (૪) **વિષવાણિજ્ય :** સોમલ, વચ્છનાગ, તેજાબ વગેરેનો વેપાર.

**૫ સામાન્ય :- (૧) યંત્રપીલણ :** જિન, ખાંડણિયા, ઘંટી, યંત્ર વગેરેથી અનાજ, બીયાં, વગેરે ખાંડવા, પીસવાં, લોઢવાના ધંધા. (૨) **નિર્લાંછન કર્મ :** જીવના ગાત્ર કાપવા, છેદવા વગેરેના ધંધા. (૩) **દવદાન :** જંગલો બાળવા વગેરેના ધંધા. (૪) તળાવ વગેરે સુકવવાના ધંધા. (૫) **અસતી-પોષણ :** દાસ-દાસી, પશુ-પંખી વગેરેને પોષીને એના દુરાચાર વેચાણ વગેરેથી કરાતી કમાણી. હિંસક દુરાચારી વગેરેના નિષ્કારણ પોષણ.

આ ૧૫ કર્માદાનના ધંધા ન કરવા.

**• પ્રશ્નો •**

**૧. મધ-માખણ અભક્ષ્ય કેમ ? ૧૫ કર્માદાન કયા ?**

**૨. સમજાવો-સંધાન, ચલિત રસમાં શું શું ? વિદળ ?**

**૩. અનંતકાયમાં તુલનાથી જીવો કેટલા ?**



## ૨૩. ભાવશ્રાવક

ભાવ વિના કે દેખાવથી-કપટથી કે લાલચ વગેરેથી શ્રાવકપણાની ક્રિયા જે કરે તેને દ્રવ્ય-શ્રાવક કહેવાય, અને અંતરના શુદ્ધ ભાવથી શ્રાવકપણાની ક્રિયા કરે, તેને ભાવ-શ્રાવક કહેવાય છે.

ભાવશ્રાવક બનવા માટે પ્રવૃત્તિમાં ૬ લક્ષણ (ગુણ) અને હાર્દિક ભાવમાં ૧૭ લક્ષણ (ગુણ) જરૂરી છે તે આ પ્રમાણે....

**ભાવશ્રાવકના છ ગુણ :**

૧. કૃત-વ્રતકર્મ, ૨. શીલવાન, ૩. ગુણવાન, ૪. ઋજુવ્યવહારી ૫. ગુરુશુશ્રુષુ અને ૬. પ્રવચનકુશળ.

આ દરેકના જનક-સમર્થક અવાન્તર અનેક ગુણ છે. દા.ત. :-

**૧. કૃત-વ્રતકર્મા :-** વ્રતકર્મ કરનારો બનવા માટે ૧. ધર્મવ્રત-શ્રવણ, ૨. સાંભળીને વ્રતના પ્રકાર, અતિચાર વગેરે જાણકારી, ૩. યાવત્જીવ યા અલ્પકાલ માટે વ્રત-ધર્મ સ્વીકાર અને ૪. રોગ યા વિઘ્નમાં પણ દૃઢપણે ધર્મપાલન - આ ચારે કરવામાં ઉદ્યમી હોય તે કૃત-વ્રતકર્મા.

**૨. શીલવંત :-** ચારિત્રવાન-શીલવંત બનવા માટે ૧. આયતનસેવન અર્થાત્ સદાચારી, જ્ઞાની અને સુંદર શ્રાવકધર્મ પાળનારા સાધર્મિકના જ પડખા સેવવા, કેમકે એથી દોષો ઘટતા આવે ને ગુણો વધતા આવે. ૨. કામ સિવાય બીજા ઘરે ન જવું (તેમાંય જે પરઘરમાં એકલી સ્ત્રી હોય ત્યાં ન જવું, કેમકે એથી કલંકનો ભય છે.) ૩. કદી ઉદ્ભટ-અણછાજતો વેશ ન પહેરવો, કેમકે એ દિલની રાગ-વિહ્વળતા છે, અશાંતતા છે. ધર્માત્મા તો પ્રશાંત શોભે. ૪. વિકારી વચન ન બોલવાં, કેમકે એથી કામરાગ જાગે. ૫. બાલિશ ચેષ્ટા ન કરવી.

બાલક્રીડા-જુગાર, વ્યસન, ચોપાટ વગેરે ન રમવા, કેમકે એ મોહના લક્ષણ છે, અનર્થદંડ છે. ૬. બીજા પાસેથી મીઠા શબ્દે કામ લેવું, કેમકે શુદ્ધ ધર્મવાળાને કર્કશ વાણી શોભતી નથી.

**૩. ગુણવંત બનવા :-** ૧. વૈરાગ્યવર્ધક શાસ્ત્રસ્વાધ્યાય (અધ્યયન-ચિંતન-પૃચ્છા-વિચારણાદિ) માં ઉદ્યમી રહેવું. ૨. તપ, નિયમ, વંદન વગેરે ક્રિયામાં ઉજમાળ રહેવું. ૩. વડીલ, ગુણવાન વગેરેનો વિનય સાચવવો. (જેમ કે, આવે એટલે ઊભા થવું, સામા જવું, આસને બેસાડવા, કુશળ પૂછવું, વળાવવા જવું વગેરે). ૪. સર્વત્ર અભિનિવેશ-દુરાગ્રહ ન રાખવો. ભીતરથી શાસ્ત્રજ્ઞના વચન ખોટાં નહિ માનવા, અને ૫. જિનવાણી-શ્રવણ-આચરણમાં સદા તત્પર રહેવું, કેમકે એ વિના સમ્યક્ત્વ રત્નની શુદ્ધિ ક્યાંથી થાય ?

**૪. ઋજુવ્યવહારી** બનવા ખોટું, મિશ્ર કે વિસંવાદી ન બોલતાં યથાર્થ બોલવું, જેથી બીજાને અબોધિબીજ અને જેથી ભવવૃદ્ધિ ન જન્મે. શ્રાવકે સરળ વ્યવહારી જ બનવું ઘટે. ૨. પ્રવૃત્તિ કે વ્યવહાર બીજાને ઠગનારો નહિ, પણ નિષ્કપટ કરવો, ૩. ભૂલતા જીવોને ભૂલના અનર્થ બતાવવા, અને ૪. સૌની સાથે દિલનો મૈત્રીભાવ રાખવો.

**૫. ગુરુશુશ્રુષુ** બનવા, ૧. ગુરુને જ્ઞાનધ્યાનમાં વિઘ્ન ન થાય એ રીતે એમની તે તે કાળને ઉચિત અનુકૂળ સેવા જાતે કરવી. ૨. બીજાને ગુરુના ગુણાનુવાદ કરી સેવાકારી બનાવવા. ૩. ગુરુઓને સ્વતઃ પરતઃ જરૂરી દવા વગેરેનું સંપાદન કરવું, અને ૪. સદા બહુમાન રાખી ગુરુની ઈચ્છાને અનુસરવું.

**૬. પ્રવચનકુશળ** બનવા ૧-૬. સૂત્ર-અર્થ-ઉત્સર્ગ-અપવાદ-ભાવ અને વ્યવહારમાં કુશળ થવું. અર્થાત્ ૧. શ્રાવકને યોગ્ય સૂત્ર=શાસ્ત્રો ગોખવા-ભણવા. ૨. એનો અર્થ સાંભળવો-સમજવો, ૩-૪ ધર્મમાં



'ઉત્સર્ગ' એટલે કે મુખ્ય માર્ગ કયો ? તેમજ કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવમાં ક્યારે કયા વિષયમાં અપવાદ સેવાય ? એ જાણવું ૫. 'ભાવ' અર્થાત સર્વ ધર્મસાધના વિધિપૂર્વક કરવા પક્ષપાત રાખવો, અને ૬. કેવા કેવા દેશ-કાળને યોગ્ય શાસ્ત્રજ્ઞ ગુરુનો કેવો કેવો વ્યવહાર અર્થાત્ વર્તાવ હોય છે તે સમજવું. એના લાભાનુલાભ સમજવા.

**ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણ (ગુણ) :**

૧. સ્ત્રી ૨. ધન ૩. ઇંદ્રિય ૪. સંસાર ૫. વિષય ૬. આરંભ ૭. ગૃહ ૮. સમકિત ૯. લોકસંજ્ઞા ૧૦. જિનાગમ ૧૧. દાનાદિ ૧૨. ધર્મક્રિયા ૧૩. અરક્તદ્વિષ્ટ ૧૪. અનાગ્રહી ૧૫. અસંબદ્ધ ૧૬. પરાર્થભોગી ૧૭. વેશ્યાવત્ ગૃહવાસ વિચારે.

૧. સ્ત્રીને અનર્થકારી, ચલચિત્ત, રાગાદિ સંક્લેશકારી, દેવગુરુ વિસ્મરણકારી, અને નરકની દૂતી સમજી હિતાર્થીએ એને વશ પડવું નહિ, એમાં લપટાવું નહિ.

૨. 'ધન એ અનર્થ, કલેશ, કષાયો અને ઝઘડાની ખાણ છે,' એમ સમજી એનો લોભ ન કરવો.

૩. 'બધી ઈન્દ્રિયો આત્માની ભાવશત્રુ છે, જીવને દુર્ગતિમાં તાણી જનારી છે,' - એમ વિચારી એના પર અંકુશ મૂકવો.

૪. 'સંસાર પાપપ્રેરક છે, દુઃખરૂપ, દુઃખદાયી અને દુઃખની પરંપરા દેનારો છે,' - એ ભાવના કરી એમાંથી છૂટવા ઉતાવળ રાખવી.

૫. 'વિષયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ સત્ચૈતન્યમારક હોઈ વિષ (ઝેર) રૂપ છે,' - એમ ભાવી એમાં રાગ-દ્વેષ ન કરવા.

૬. 'સાંસારિક આરંભ-સમારંભો જીવઘાતભર્યા છે.' - એ વિચારી બહુ ઓછા આરંભોએ ચલાવવું.

૭. 'ઘરવાસ ષટ્કાય-જીવ-સંહારમય અને અઢાર પાપસ્થાનકભર્યો છે.' - એમ ચિંતવી એને પાપસેવનની પરાધીનતાની બેડીરૂપ જેલવાસ જેવો લેખવો અને એને દીક્ષાર્થે છોડવા મથવું.

૮. સમ્યક્ત્વને ચિંતામણિ-રત્ન કરતાં અધિક કિંમતી અને અતિ દુર્લભ સમજી, સતત શુભ ભાવના, શુભ કરણીથી ને શાસન-સેવા-પ્રભાવનાથી એને ટકાવવું, ને નિર્મળ કરતાં રહેવું. એની આગળ મોટા વૈભવ પણ તુચ્છ લેખવા.

૯. 'લોકસંજ્ઞા યાને ગતાનુગતિક લોકની પ્રવૃત્તિમાં તણાવું નહિ પણ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું.

૧૦. 'જિનાગમ વિના જગત અનાથ છે, કેમકે જિનાગમ સિવાય કોઈ પરલોકહિતનો સાચો માર્ગ બતાવનાર નથી.' - એવી દૃઢ શ્રદ્ધાથી જિનાગમ-કથિત જિનાજ્ઞાને પ્રધાન કરવી, અર્થાત્ સર્વકૃત્ય જિનાગમને આગળ કરીને કરવા.

૧૧. સુમતિજિનની જેમ દાનાદિ ધર્મને આત્માની પોતાની પરલોકાનુયાયી વસ્તુ સમજી, શક્તિ ગોપવ્યા વિના ખૂબ આચરતાં રહેવું.

૧૨. દુર્લભ અને ચિંતામણિ રત્નની જેમ એકાંત હિતકારી નિષ્પાપ ધર્મક્રિયાની અહીં સોનેરી તક મળી માની, એને બહુ સારી રીતે આચરતાં કદાચ અજ્ઞાનીઓ હાંસી-મશ્કરી કરે તો તેથી શરમાવું નહિ.

૧૩. ધન-સ્વજન-આહાર-ઘર આદિને માત્ર શરીર ટકાવવાના સાધન માની, એવા સંસારના પદાર્થો-પ્રસંગોમાં 'અરક્તદ્વિષ્ટ' યાને રાગદ્વેષ કર્યા વિના મધ્યસ્થ રહેવું.

૧૪. ઉપશમને જ સુખનો તથા પ્રવચનનો સાર સમજી



ઉપશમપ્રધાન વિચારોમાં જ રમતો શ્રાવક રાગ-દ્વેષથી પીડાય નહિ, અને મધ્યસ્થ તથા હિતકારી રહી દુરાગ્રહ કદી ન કરે, સત્યનો આગ્રહી રહે.

૧૫. સમસ્ત વસ્તુઓની ક્ષણભંગુરતા મનમાં સતત ભાવિત કરતો, ધન-સ્વજનાદિના સંયોગમાં બેઠો છતાં એને નાશવંત સમજી, પર માની, એના પર 'અસંબદ્ધ' રહે, અર્થાત્ આંતરિક મમતાનો સંબંધ ન કરે.

૧૬. સંસાર પ્રત્યે વિરક્ત મનવાળો બની, 'ભોગ-ઉપભોગ એ કદી તૃપ્તિનું કારણ નથી, એનાથી કદી તૃપ્તિ થતી નથી,' એમ સમજીને 'પરાર્થ-ભોગી' અર્થાત્ કામ ભોગમાં પ્રવર્તતું પડે તો તે માત્ર કુટુંબીઓનું મોં સાચવવા જ પ્રવર્તે, પણ નહિ કે 'એમાં' લહેર-મજા-આનંદ છે.' એમ સમજીને.

૧૭. ઘરવાસમાં નિરાશંસ બની વેશ્યાની જેમ ઘરવાસને પારકું માની નભાવે, અને એના પ્રત્યે શિથિલ ભાવવાળો બન્યો રહી 'આજે છોડું, કાલે છોડું,' એવી ભાવનામાં રમે.

**• પ્રશ્નો •**

**(૧) ભાવશ્રાવકના ક્રિયાગત ને ભાવગત લક્ષણ એટલે શું ? એ કયા કયા ?**

**(૨) ઉદ્ભટ વેશ, વિકારી વચન, અભિનિવેશ, એ કયા કયા નિષિદ્ધ છે ?**

**(૩) શીલવંત અને ગુણવંત બનવા શું શું જોઈએ ?**

**(૪) ઈન્દ્રિય, ગૃહ, જિનાગમ પ્રત્યે કેવા ભાવ રાખવા ?**





## ૨૪. શ્રાવકની દિનચર્યા અને પર્વકૃત્યો

**દિનચર્યા :** આચારથી વિચાર ઘડાય છે. સારા આચારથી સારા વિચાર ઘડાય, બાહ્ય ક્રિયાથી અંતરના તેવા ભાવ યાને દિલની તેવી પરિણતિ સરજાય છે. સારી ક્રિયાથી સારી પરિણતિ સરજાય. આ હિસાબે શ્રાવકપણાના સારા વિચાર, સારા ભાવ, સારી પરિણતિ સર્જવા અને પોષવા માટે સારા આચાર, સારી ક્રિયાઓ જરૂરી છે. એ માટે **'શ્રાદ્ધવિધિ'** વગેરે જૈનશાસ્ત્રોએ શ્રાવક જીવનનાં દિનકૃત્યો-પર્વકૃત્યો-ચોમાસી કર્તવ્યો,-પર્યુષણા કર્તવ્યો-વાર્ષિક કર્તવ્યો અને જીવન કૃત્યોનો વિચાર આપ્યો છે. એમાં પહેલાં દિનકૃત્યનો વિચાર આ પ્રમાણે :

**ઊઠતાં ધર્મજાગરિકા :** 'શ્રાવક તું ઊઠે પ્રભાત, ચાર ઘડી રહે પાછલી રાત.' આત્મહિતાર્થી શ્રાવકે પાછલી ચાર ઘડી રાત અર્થાત્ અંદાજ દોઢ કલાક બાકી રહેતાં નિદ્રામાંથી જાગ્રત થઈ જવું. જાગતાં જ 'નમો અરિહંતાણ' યાદ કરવું. પછી વિનય સચવાય એ માટે પથારી પર બેસીને નહિ, પણ પથારીમાંથી બહાર નીકળીને મનમાં પંચ પરમેષ્ઠીને નમન કરતાં ૭-૮ વાર ભાવથી નમસ્કાર મંત્ર ભણવો, હૃદયકમળની કર્ણિકા અને ૮ પાંખડીમાં ચિંતવી શકાય. પછી ધર્મજાગરિકા અર્થાત્ આત્મચિંતા કરવી કે 'હું કોણ ?' ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? મારું ધર્મસ્થાન કયું ? અહીં શું કર્તવ્ય છે ? આ કયો કેવો કેવો અવસર ? કેવા દેવ, કેવા ગુરુ મળ્યા છે ? અને એને સફળ કરવા માટે શું ઉચિત છે ?...'

**નવકારના લાભ : 'નવકાર'**- નમસ્કાર મહામંત્ર એમાં અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરાય છે. એ સમસ્ત મંત્રોમાં શિરોમણિ છે; કેમકે (૧) કોઈ પણ મંત્ર સાધતાં, કે શાસ્ત્ર ભણતાં પહેલાં, નવકાર-મંત્ર યાદ કરવાનો છે. (૨) નવકાર

એ જિનશાસનનો સાર છે; (૩) સંક્ષેપમાં ચૌદ પૂર્વના ઉદ્ધરણરૂપ છે; કેમકે પરમેષ્ઠી એટલે સામાયિક અને સામાયિક એ ચૌદ પૂર્વનો સંક્ષેપ છે. (૪) માત્ર અંતકાળે નવકાર પામેલાને પણ સદ્ગતિ મળી છે, અને (૫) અહીં પણ નવકાર યાદ કરનારની આપત્તિઓ મટી છે, એને સંપત્તિ પ્રાપ્ત થઈ છે. (૬) નવકાર અંતરાયો દૂર કરે છે અને શ્રેષ્ઠ મંગળરૂપ બને છે. (૭) એક જ નવકાર-સ્મરણમાં પાપકર્મની ૫૦૦ સાગરોપમ વર્ષની સ્થિતિ તૂટે છે; તથા (૮) પાંચે પરમેષ્ઠીના સર્વસુકૃત્યોની અનુમોદનાનો લાભ મળે છે.

માટે સૂતાં-જાગતાં-ઊઠતાં-બેસતાં-ભોજન કરતાં કે ધંધો કરતાં, ઘરમાં પેસતાં કે બહાર નીકળતાં, દરેક કાર્ય પ્રસંગે નવકારને પહેલો યાદ કરવો.

**પ્રભાતે :** પ્રભાતે જાગીને નવકાર-સ્મરણ અને આત્મચિંતા કરી ધર્મસ્ફૂર્તિ મેળવવી. પછી સામાયિક, પ્રતિક્રમણ કરવું. તે જો શક્ય ન જ હોય તો વિશ્વના સમસ્ત તીર્થો, જિનમંદિરો, પ્રતિમાઓને સ્થળવાર યાદ કરીને વંદના કરવી. વિચરતા ભગવાન અને શત્રુંજયને વંદના-સ્તુતિ કરવી, તથા મહાન સતા-સતીઓને યાદ કરી જવા, ઉપકારીઓના સ્મરણ કરવાં, મૈત્રી આદિ ભાવના ચિંતવવી. પછી પચ્ચક્ખાણ ધારી લેવું યા આત્મસાક્ષીએ કરી લેવું. પચ્ચક્ખાણ ઓછામાં ઓછું નવકારશીનું કરવાનું, એમાં સૂર્યોદય ઉપર બે ઘડી સુધી મોમાં પાણીનું ટીપું પણ નહિ નાખવાનું.

**નવકારશી આદિ પચ્ચક્ખાણના લાભ :** એક નવકારશીથી ૧૦૦ વર્ષની નરકવેદનાના પાપ નાશ પામે છે, પોરિસિથી ૧૦૦૦ વર્ષની, સાઢ પોરિસિથી ૧૦,૦૦૦, પુરિમઢ્ઢથી ૧ લાખ, એકાશનથી ૧૦ લાખ, લુખી નીવીથી ૧ ક્રોડ, એકાશનદત્તીથી ૧૦ ક્રોડ, એકલઠાણથી ૧૦૦ ક્રોડ, આંબેલથી ૧૦૦૦ ક્રોડ, ઉપવાસથી ૧૦,૦૦૦ ક્રોડ, છઠ્ઠથી લાખ ક્રોડ, અને અઠ્ઠમથી ૧૦ લાખ ક્રોડ વરસની નરકવેદનાના પાપ નષ્ટ થાય છે. પચ્ચક્ખાણ ધાર્યાં પછી જિનમંદિરે જઈ પરમાત્માના



દર્શન, પ્રણામ અને સ્તુતિ કરવી. પ્રભુદર્શન કરતાં 'આપણને ઉચ્ચ મનુષ્ય ભવ, ધર્મ-સામગ્રી તથા આવા પ્રભુની પ્રાપ્તિ વગેરે પુણ્યાઈ મળ્યામાં પ્રભુનો જ મહાન ઉપકાર છે,' એ યાદ કરી ગદ્ગદ થવું. ચિંતામણિથી ય અધિક દર્શન પ્રભુએ આપ્યું એનો એવો અતિહર્ષ થાય અને પ્રભુના અનુપમ ઉપકાર ઉપર કૃતજ્ઞભાવ યાદ કરાય કે રોમાંચ ખડા થાય ! આંખ અશ્રુભીની થાય. પછી ધૂપ, દીપ, વાસક્ષેપ વગેરે પૂજા તથા ચૈત્યવંદન-સ્તવના કરી પચ્ચક્ખાણ ઉચ્ચરવું. પછી ઉપાશ્રયે ગુરુ પાસે આવી વંદના કરી સુખશાતા પૂછવી અને એમની પાસેથી પચ્ચક્ખાણ લેવું. એમને ભાત-પાણી, વસ્ત્ર, પાત્ર, પુસ્તક, ઔષધનો લાભ આપવા વિનંતિ કરવી.

પછી ઘરે આવી જો નવકારશી પચ્ચક્ખાણ હોય તો જયણાપૂર્વક તે કાર્ય પતાવી, ગુરુમહારાજ પાસે આવી આત્મહિતકર અમૂલ્ય જિનવાણી સાંભળવી. કંઈક ને કંઈક વ્રત, નિયમ, અભિગ્રહ કરવો, જેથી સાંભળેવું લેખે લાગે અને જીવનમાં આગળ વધાય.

**મધ્યાહ્ન ને બપોરે :** ત્યારબાદ જીવજંતુ ન મરે એ કાળજી રાખી પરિમિત જળથી સ્નાન કરી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવી. પૂજામાં પોતાની શક્તિને ગોપવ્યા વિના પોતાના ઘરના દૂધ, ચંદન, કેસર, પુષ્પ, વરખ, અગરબત્તી, ધૂપ, દીપક, અક્ષત, ફળ, નૈવેદ્ય વગેરે દ્રવ્યસામગ્રીનો સદુપયોગ કરવો, કેમકે જિનેશ્વર ભગવાન જ પરમપાત્ર છે- સર્વોત્તમ પાત્ર છે. એમની ભક્તિમાં થોડી ય સમર્પેલી લક્ષ્મી અક્ષય લક્ષ્મી બની જાય છે. **પંચાશકશાસ્ત્ર કહે છે-** જેમ સમુદ્રમાં નાખેલું એક પાણીનું ટીપું પણ અક્ષય બની જાય છે એમ જિનેન્દ્રભગવાનના ચરણે ધરેલી થોડી પણ લક્ષ્મી અક્ષય લક્ષ્મી બને છે; આ દર્શન-પૂજાની વિધિ આગળ વિચારશું.

દ્રવ્યપૂજા પછી ભાવપૂજામાં ખૂબ ઉલ્લાસથી ગદ્ગદ સ્વરે હૈયું રડું રડું થતું હોય એ રીતે ચૈત્યવંદન કરવું. એમાં અંતે 'જયવીયરાય' સૂત્રથી ભવનિર્વેદ, માર્ગાનુસારિતા વગેરે ખાસ લક્ષ રાખી આજીજીપૂર્વક

માગવું; આપણને એમ લાગે કે મારે આ જોઈએ છે. સૂત્રનો માત્ર પોપટપાઠ નહિ કરી જવાનો.

પછી શ્રાવકે ઘરે આવી અભક્ષ્ય-ત્યાગ, દ્રવ્યસંકોચ અને વિગઈ (રસ)ના નિયમપૂર્વક ઊનોદરી રાખી ભોજન પતાવી, નમસ્કારમંત્રાદિ ધર્મમંગળ કરીને જીવન-નિર્વાહ માટે અર્થચિંતા કરવા જાય. ધર્મમંગળ એટલા માટે કરે કે ધર્મ-પુરુષાર્થ એજ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. તો બીજા પુરુષાર્થના મોખરે એને રાખવો જોઈએ. ધંધામાં જૂઠ, અનીતિ, દંભ, નિર્દયતા વગેરે ન આચરાઈ જાય, એની ખૂબ કાળજી રાખવી. લોભ ઓછો કરવો, કમાઈમાંથી અડધો ભાગ ઘરખર્ચમાં (૦I ભાગ ઘરખર્ચમાં, ૦I વેપારમાં) ૫I ભાગ બચત ખાતે અને ૫I ભાગ ધાર્મિક કાર્યમાં યોજવો.

સાંજના ભોજન એવી રીતે પતાવવું કે સૂર્યાસ્તની બે ઘડી પહેલાં (યા છેવટે સૂર્યાસ્ત પહેલાં) પાણી વાપરી લઈ રાત્રિભોજન-ત્યાગ રૂપ ચોવિહાર પચ્ચક્ખાણ થઈ જાય.

**સાંજે અને રાત્રે :** પછી જિનમંદિરે, ધૂપ, આરતિ, મંગળદીવો, ચૈત્યવંદન કરવું, પછી સાંજનું પ્રતિક્રમણ, એ ન બને તો સ્વાત્મનિરીક્ષણ, પાપગર્હા, શાંતિપાઠ કરી ગુરુમહારાજની સેવા ઉપાસના કરવી. ઘરે આવી કુટુંબને ધર્મશાસ્ત્રો, રાસ કે તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષના ચરિત્ર સંભળાવવા, પછી પોતે કાંઈક ને કાંઈક નવું અધ્યયન કરી તત્ત્વજ્ઞાન વધારવું. પછીથી અનિત્ય અશરણ વગેરે ભાવના ભાવવી.

સ્થૂલભદ્ર, સુદર્શનશેઠ, જંબૂકુમાર, વિજયશેઠ-વિજયા શેઠાણી વગેરેના બ્રહ્મચર્યના પરાક્રમ યાદ કરવા. અનંત સંસારમાં ભટકાવનારી અને કદી તૃપ્ત નહિ થનારી કામવાસનાની જુગુપ્સા ચિંતવવી, ઉંઘ આવે ત્યારે નવકારમંત્ર સ્મરણ કરી સૂઈ જવું. અને સૂતાં સૂતાં તીર્થોની યાત્રાનું વિસ્તારથી સ્મરણ કરવું. ઉંઘ્યા પછી વચમાં જાગી જવાય ત્યારે આ **૧૦ મુદ્દા પર ચિંતવના** કરી સંવેગ વધારવા :



૧. સૂક્ષ્મ પદાર્થ, ૨. ભવસ્થિતિ, ૩. અધિકરણશમન, ૪. આયુષ્યહાનિ, ૫. અનુચિતચેષ્ટા, ૬. ક્ષણલાભદીપન, ૭. ધર્મગુણો, ૮. બાધકદોષવિપક્ષ, ૯. ધર્માચાર્ય અને ૧૦. ઉદ્યતવિહાર. (સંવેગ એટલે દાનાદિ-ક્ષમાદિ ધર્મનો રંગ, મોક્ષતમન્ના, વૈરાગ્ય, દેવ-ગુરુ-સંઘ-શાસ્ત્રભક્તિ)ને આ રીતે વિચારવું,-

**રાત્રે જાગતાં શું વિચારવું (સંવેગવર્ધક ૧૦ ચિંતવના)**

**(૧) સૂક્ષ્મ પદાર્થ :** કર્મ, એના કારણ તથા વિપાક, આત્માનું શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપ, ષડ્-દ્રવ્ય વગેરે સૂક્ષ્મ પદાર્થોની વિચારણા.

**(૨) ભવસ્થિતિ :** એટલે કે સંસારસ્વરૂપ ચિંતવવું 'રાજા રંક થાય છે, રંક રાજા થાય છે, બેન પત્ની બને છે, પિતા પુત્ર બને છે...' વગેરે જોતાં સંસાર નિર્ગુણ છે.... ઈત્યાદિ સંસારનું વિચિત્ર સ્વરૂપ વિચારવું. અથવા ભવસ્થિતિ કેમ પાકે એ ચિંતવવું.

**(૩) અધિકરણ શમન :** અધિકરણ એટલે કે (૧) કજીયો અથવા (૨) કૃષિ-કર્મ આદિ તથા પાપસાધનો, 'હું એ ક્યારે શમાવીશ, અટકાવીશ' એ ભાવના કરવી.

**(૪) આયુષ્યહાનિ :** 'પ્રતિક્ષણ આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે, કાચા ઘડામાંના પાણીની જેમ નષ્ટ થઈ જવાનું છે, તો હું ક્યાં સુધી ધર્મ ભૂલી પ્રમાદમાં રહીશ...' એ વિચારવું.

**(૫) અનુચિત ચેષ્ટા :** જીવહિંસા, અસત્ય, કૂડ, કપટ વગેરે પાપ કાર્યો કેવા બીભત્સ છે, એના અહીં અને પરલોકમાં કેવા કેવા કટુ વિપાક આવે છે ! એ વિચારવું.

**(૬) ક્ષણલાભદીપના :** (૧) માનવ જીવનની અલ્પ ક્ષણોના પણ શુભ-અશુભ વિચાર કેવાં મહાન શુભ-અશુભ કર્મ બંધાવે છે !' અથવા (૨) 'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી મોક્ષ-સાધનાનો આ કેટલો સુંદર અવસર મળ્યો છે !' અથવા (૩) અંધારે દીવા જેવા કે સમુદ્રમાં દ્વીપ જેવા જિનધર્મનો આ કેવો સુંદર મોકો મળ્યો છે !' એમ વિચારવું.

**(૭) ધર્મ ગુણો :** શ્રુત ધર્મનો સાક્ષાત્ શમાનુભવકારી ગુણ અને

ચારિત્ર-ધર્મનો મદ-આશા-વિકારાદિના શમન દ્વારા ઇંદ્રાદિથી અધિક સુખાનુભવ ગુણ ચિંતવવો; અથવા ક્ષમાદિ ધર્મના કારણ-સ્વરૂપ અને ફળ વિચારવા.

(૮) **બાધકદોષ વિપક્ષ :** ધર્માધિકારી જીવ જે જે અર્થરાગ-કામરાગાદિ દોષથી પીડાતો હોય, તેનો પ્રતિપક્ષી વિચાર કરવો; દા.ત. 'પૈસા પાછળ કેવા સંક્લેશ તથા કેવા પાપ થાય છે અને ધર્મક્ષણની કેવી બરબાદી થાય છે !'....વગેરે વિચારવું.

(૯) **ધર્માચાર્ય :** 'ધર્મપ્રાપ્તિ-વૃદ્ધિમાં કારણભૂત ગુરુ કેવા નિઃસ્વાર્થ ઉપકારી ! કેવા ગુણિયલ ગુરુ ! એ ઉપકાર કેવો દુષ્પ્રતિકાર્ય !...' એ વિચારવું.

(૧૦) **ઉદ્યતવિહાર :** અનિયતવાસ, માધુકરી ભિક્ષા, એકાંતચર્યા, અલ્પ ઉપધિ, પંચાચાર-પાલન, ઉગ્ર વિહાર વગેરે કેવો સુંદર મુનિવિહાર ! 'હું ક્યારે એ પામીશ !....' આને વિસ્તારથી ચિંતવવું.

**પર્વકૃત્યો :** ધર્મની વિશેષ આરાધના માટે વિશિષ્ટ દિવસો નક્કી થયેલા છે, જેવા કે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચતુર્દશી, પૂનમ અમાવસ્યા, ૨૪ પ્રભુના કલ્યાણક દિવસો, કાર્તિક-ફાગણ-અષાઢની ૩ અઠ્ઠાઈ, ચૈત્ર-આસોની ઓળી તથા પર્યુષણ અઠ્ઠાઈના દિવસો; આ દિવસોમાં દળવું-ખાંડવું-પીસવું-કપડાં ધોવાં વગેરે આરંભ સમારંભો વર્જવા, લીલોતરી ત્યાગ રાખવો; બ્રહ્મચર્ય પાળવું, શક્ય સામાયિક, પ્રતિક્રમણ, પોષધ કરવો, વિશેષ જિનેન્દ્રભક્તિ કરવી, શક્ય તપસ્યા કરવી, વિશેષ વિગઈ ત્યાગ કરવો. પર્વો અંગે વિશેષ વિચાર આગળ પર્વોના પ્રકરણમાં કરાશે.

**• પ્રશ્નો •**

**(૧) સમજાવો, પ્રભાતની આત્મચિંતા, તપોથી વિવિધ પાપક્ષય, પ્રભુદર્શનમાં ભાવના, વેપારાર્થે જતાં નમસ્કાર કેમ ?**

**(૨) રાત્રે જાગેલો શ્રાવક શું શું વિચારે ? દિનચર્યાના હેતુ શા ?**



## ૨૫. નમસ્કાર (નવકાર) મંત્ર અને પંચપરમેષ્ઠી

નમસ્કારમંત્ર- નવકારમંત્ર એ પંચપરમેષ્ઠી નમસ્કાર કરવાનું સૂત્ર છે, એ સૂત્ર અને સૂત્રથી કરાતો નમસ્કાર મહામંગળરૂપ છે; સકલ વિઘ્નોને દૂર કરે છે અને અચિંત્ય સિદ્ધિઓ કરી આપે છે. એનાથી સદ્ગતિ મળે છે. વળી નમસ્કાર કરતી વખતે પરમેષ્ઠીના સુકૃતો તથા ગુણો પ્રત્યે અનુમોદના તથા આકર્ષણ રહે છે. અનુમોદના ઉત્કૃષ્ટ આવડે તો 'કરણ કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નીપજાયો.' આકર્ષણથી સુકૃત તથા ગુણની સિદ્ધિ કરવાની દિશામાં પહેલું પગલું મંડાય છે.

કોઈ પણ ધર્મ સિદ્ધ કરવા માટે આ પહેલું પગથિયું છે કે એનું આકર્ષણ ઊભું કરાય, એ ધર્મબીજ છે. બીજ પર વૃક્ષ ઊગે અને એના પર ફૂલ આવે. પરમેષ્ઠી-નમસ્કારમાં આ આકર્ષણ સક્રિય બને છે. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ આ પાંચ પરમેષ્ઠી છે.

(૧) **અરિહંત** એ પહેલા પરમેષ્ઠી છે, વિચરતા દેવાધિદેવ પરમાત્મા છે. અરિહંત એટલે જે દેવોની પણ પૂજાને અર્હ છે- યોગ્ય છે, એ અરિહંત ૧૮ દોષના ત્યાગી અને ૧૨ ગુણોથી ગુણવંતા છે. એમણે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મના નાશથી ક્રમશઃ અજ્ઞાન, નિંદ્રા અને દાનાદિ પાંચના અંતરાય એ ૭ દોષ તથા મોહનીય કર્મના નાશથી ૧૧ દોષ મિથ્યાત્વ, રાગ, દ્વેષ અવિરતિ અને કામ એ ૫ તેમજ હાસ્ય, શોક, હર્ષ ઉદ્વેગ, ભય અને જુગુપ્સા (દુગંછા) એ ૬ એમ ૫+૬=૧૧ અને ૭+૧૧= અઢાર દોષ ત્યજી દીધા છે, એથી એ વીતરાગ બન્યા છે.

**અરિહંતના ૧૨ ગુણ :** અરિહંતમાં ૩૪ અતિશયો યાને પુરુષોત્તમતા-પરમેશ્વરતાની વિશિષ્ટતાઓ છે. એમાં ૪ મુખ્ય અતિશય અને ૮ પ્રાતિહાર્યરૂપ અતિશય એમ ૧૨ ગુણ અરિહંતના છે. ૪.

અતિશયમાં ૧૮ દોષનો ત્યાગ એ એમનો 'અપાયાપગમ' અતિશય છે. (અપાય=દોષ-અનર્થ-ઉપદ્રવ) એ જ્યાં વિચરે ત્યાં ૧૨૫ યોજનમાંથી મારી-મરકી વગેરે ઉપદ્રવ દૂર થાય છે, એને પણ 'અપાયાપગમ-અતિશય' કહે છે. વીતરાગ બનવાથી પછી સર્વજ્ઞ બને છે. એ 'જ્ઞાનાતિશય' છે. ત્યાં જઘન્યથી ક્રોડ દેવતા સાથે રહે, દેવો ઈન્દ્રો પૂજા ભક્તિ કરે વગેરે એ 'પૂજાતિશય' છે. પ્રભુ ૩૫ ગુણવાળી દેશના આપે, એ 'વચનાતિશય' છે. આ ૪ મુખ્ય અતિશય છે. સાથે ૮ પ્રાતિહાર્ય ગણતાં અરિહંતના ૧૨ ગુણ કહેવાય છે. કુલ એમનામાં ૩૪ અતિશય (=વિશિષ્ટ વસ્તુ) ઉત્પન્ન થાય છે. એમાંનો એક ભાગ આઠ પ્રાતિહાર્ય, સિંહાસન-ચામર-ભામંડળ-૩ છત્ર-અશોકવૃક્ષ-પુષ્પવૃષ્ટિ-દિવ્યધ્વનિ-દેવદુંદુભિ-૮ છે. આ એમની સાથે રહે છે.

આ વિશિષ્ટતા ઉત્પન્ન થવામાં કારણભૂત એમણે પૂર્વભવમાં સાધેલ (૧) અરિહંત-સિદ્ધ-પ્રવચન વગેરે ૨૦ પદ પૈકી કોઈ એક યા બધા પદ (૨૦ સ્થાનક)ની તથા (૨) અત્યંત નિર્મળ સમ્યગ્દર્શનની ઉચ્ચકોટિની સાધના, તેમજ (૩) સંસારના કર્મપીડિત સર્વજીવોનો 'હું કેમ ઉદ્ધાર કરું' એવી કરુણા ભાવના છે.

અરિહંત બનવાના જીવનમાં પણ મોટી રાજ્યઋદ્ધિ, વૈભવવિલાસ વગેરેને તિલાંજલિ આપી, સર્વપાપ-પ્રવૃત્તિના ત્યાગ રૂપે અહિંસાદિના મહાવ્રત સ્વીકારે છે, પછી કઠોર સંયમ, તપસ્યા અને ધ્યાનની સાધના સાથે ઉપસર્ગ પરિષહને સહન કરે છે. એથી જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મનો નાશ કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. ત્યાં પૂર્વની પ્રચંડ સાધનાથી ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય પણ ઉદયમાં આવે છે, અને એ અરિહંત બને છે.

અરિહંત ધર્મશાસનની સ્થાપના કરે છે. એમાં એ જગતને યથાર્થ તત્ત્વ અને મોક્ષમાર્ગ આપે છે, તથા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ સ્થાપે છે. ક્રમશઃ આયુષ્ય સમાપ્ત થતાં બાકીના વેદનીય



આદિ અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષે પધારે છે, ત્યારે એ સિદ્ધ બને છે. અરિહંતમાં ૪ ઘાતી કર્મના ક્ષયથી ૪ ગુણ અને સિદ્ધમાં ૪ ઘાતી+૪ અઘાતી = ૮ કર્મના ક્ષયથી ૮ ગુણ હોય છે; છતાં અરિહંત પ્રથમ પદે અને સિદ્ધ બીજે પદે એટલા માટે છે કે શ્રી અરિહંતના ઉપદેશથી જ બીજા પણ ભવ્ય જીવો મોક્ષમાર્ગની આરાધના કરી સર્વકર્મ ક્ષય કરીને સિદ્ધ થાય છે. આથી સૌથી મોટા ઉપકારી હોવાથી તેમને પંચપરમેષ્ઠી પદમાં પ્રથમ પદે બિરાજિત કર્યા છે.

**૨. સિદ્ધ** બીજા પરમેષ્ઠી છે. સિદ્ધ એટલે કર્મથી મુક્ત, સંસારથી મુક્ત શુદ્ધ આત્મા. અરિહંત ન થઈ શકે એવા આત્મા પણ અરિહંતના ઉપદેશાનુસાર મોક્ષમાર્ગની સાધના કરી આઠે ય કર્મોનો નાશ કરીને મોક્ષ પામે છે. એ પછી તે તદ્દન શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર સ્થિતિ પ્રાપ્ત કરીને લોકના મથાળે સિદ્ધશિલા પર શાશ્વત કાળ માટે સ્થિર થાય છે. એમને સિદ્ધ પરમાત્મા કહે છે. આવા સિદ્ધ પરમાત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, વીતરાગતા, અનંત લબ્ધિ, અવ્યાબાધ અનંત સુખ, અક્ષય અજર અમર સ્થિતિ, અરૂપિપણું ને અગુરુલઘુતા એમ ૮ કર્મના નાશથી ૮ ગુણ હોય છે.

**૩. આચાર્ય** ત્રીજા પરમેષ્ઠી છે, એ અરિહંત પ્રભુની ગેરહાજરીમાં સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના અગ્રણી હોય છે. એ ઘરવાસ અને સંસારની મોહમાયાના સર્વબંધન ત્યજી દઈ મુનિ બનીને અરિહંતે કહેલા મોક્ષમાર્ગની સાધના કરી રહ્યા હોય છે, તથા જિનાગમોનું અધ્યયન કરવાપૂર્વક એ વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત કરી ગુરુ પાસેથી આચાર્યપદ પામેલા હોય છે.

આચાર્ય બની એ જગતમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પવિત્ર પંચાચારનો પ્રચાર કરે છે, તેમજ એ પંચાચાર પાળવા ઉદ્યત બનેલાને શરણું આપી પંચાચારનું નિર્મળ પાલન કરાવે છે. ૫ ઈન્દ્રિયનિગ્રહ + ૯ બ્રહ્મચર્યગુપ્તિ (વાડ) + ૪

કષાયત્યાગ + ૫ મહાવ્રત + ૫ આચાર + ૫ સમિતિ + ૩ ગુપ્તિ = ૩૬ ગુણો હોય છે. એવી ૩૬-૩૬ ગુણોની ૩૬ છત્રીશી છે.

**૪. ઉપાધ્યાય** એ ચોથા પરમેષ્ઠી છે. એ પણ મુનિ બનેલા હોય છે, અને જિનાગમનો અભ્યાસ કરી ગુરુ પાસેથી 'ઉપાધ્યાય પદ પામેલા હોય છે. રાજા-તુલ્ય આચાર્યના એ મંત્રી જેવા બની મુનિઓને જિનાગમ (સૂત્ર)નું અધ્યયન કરાવે છે. એમનામાં આચારાંગાદિ ૧૧ અંગ + ૧૨ ઉપાંગ તથા નંદિસૂત્ર, અનુયોગદ્વાર ૧૧ અંગ + ૧૪ પૂર્વ એમ પણ થાય = ૨૫નું પઠન - પાઠન હોવાથી ૨૫ ગુણ કહેવાય છે.'

**૫. સાધુ** એ પાંચમા પરમેષ્ઠી છે. એમણે મોહમાયાભર્યા સંસારનો ત્યાગ કરી જીવનભર માટે અહિંસાદિ મહાવ્રતો સ્વીકારેલ હોય છે, અને એ પવિત્ર પંચાચારનું પાલન કરે છે. એ પાલનમાં ઉપયોગી શરીરનો ટકાવ માધુકરી ભિક્ષાથી કરે છે. તે પણ સાધુ માટે નહિ બનાવેલ, નહિ ખરીદેલ નિર્દોષ આહાર જ ગ્રહણ કરે છે. એમાં પણ દાતાર ભિક્ષા દેતાં પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરેને સાક્ષાત્ કે પરંપરાએ પણ મુદ્દલ અડેલ ન હોય તો જ એની પાસેથી ભિક્ષા લેવાની,.... ઈત્યાદિ કેટલાય નિયમો સાચવે છે.

સાધુ સંસારત્યાગી હોવાથી એમને ઘરબાર હોતા નથી. એ કંચન-કામિનીના સર્વથા ત્યાગી હોય છે, એને અડતા સરખા નથી. એટલું ઊંચું અપરિગ્રહ અને બ્રહ્મચર્યવ્રત પાળે છે. એ વાહનમાં બેસતા નથી. ગામેગામ પગે ચાલીને વિહાર કરે છે, અને સ્થિરતા કરે ત્યાં સાધુચર્યાની આવશ્યક ક્રિયાઓ અને જ્ઞાન-ધ્યાનમાં દિનરાત મસ્ત રહે છે. દાઢી-મૂછ માથાના વાળ પણ હજામતથી ઉતરાવતા નથી, પણ હાથેથી ઉખેડી નાખે છે. લોકોને જીવ-અજીવ આદિ તત્ત્વ તથા અહિંસા, સત્ય, નીતિ, સદાચાર, દાન, શીલ, તપ, શુભભાવના, પરોપકાર વગેરે ધર્મનો ઉપદેશ કરે છે.



સાધુના ગુણ ૨૭ :- ૬ વ્રતપાલન, પૃથ્વીકાયાદિ ૬ કાયરક્ષા, ૫ ઇંદ્રિયજય, ૩ મનોવાક્કાય-સંયમ, -એમ ૨૦, (૨૧) ક્ષમા, (૨૨) લોભનિગ્રહ, (૨૩) ભાવવિશુદ્ધિ, (૨૪) પડિલેહણાદિમાં ઉપયોગ, (૨૫) અનુષ્ઠાનમાં રક્તતા, અને (૨૬-૨૭) પરીષહ-ઉપસર્ગસહન.

આ પાંચ પરમેષ્ઠી પૈકી દરેક પરમેષ્ઠી એટલા બધા પવિત્ર અને પ્રભાવશાળી છે કે એમના વારંવાર સ્મરણ અને વારંવાર નમસ્કારથી વિઘ્નો દૂર થાય છે, મહામંગળ થાય છે તથા ચિત્તને અનુપમ સ્વસ્થતા, તૃપ્તિ અને આધ્યાત્મિક બળ મળે છે.

પાંચ પરમેષ્ઠીનું સ્મરણ, નમસ્કાર, સ્તુતિ, પ્રશંસા, જાપ ધ્યાન અને લય સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ આપે છે. અલબત્ત એની સાથે, શ્રાવકપણે હોય ત્યાં સુધી શ્રાવકપણાને ઉચિત અને સાધુ થયા પછી સાધુપણાને ઉચિત આચાર-અનુષ્ઠાનોનું બરાબર પાલન જોઈએ.

**• પ્રશ્નો •**

**૧. નમસ્કારમંત્ર સર્વશિરોમણિ કેમ ?**

**૨. અરિહંતની ઓળખાણ કરાવો. સિદ્ધ કરતાં એ પહેલા કેમ ?**

**૩. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના ગુણો ગણાવો.**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪, અંક-૭, તા. ૨૨-૧૦-૧૯૫૫

- સંસાર કૂપમાં પડેલા જીવોને માટે સંસારના આલંબનો ઘાસના છુંછા જેવા છે. ઘડીભર માને કે ઊંચે આવી ગયો, પણ તે આલંબનો તો તરત તૂટી જવાના. કૂવાની બહાર રહેલા વીતરાગ દેવ જિનવાણી રૂપી દોરડું નાંખે છે. એને જે મજબૂત પકડે તે જ બહાર આવી શકે.
- નષ્ટ થયેલી વસ્તુ ઉપરનો રાગ પણ છોડવો મુશ્કેલ છે તો આંખ સામે આવતા ઢગલાબંધ વિષયોનો રાગ કેવી રીતે છૂટશે ?

# ૨૬. વ્રત-નિયમો

શ્રાવકની દિનચર્યામાં સવારે પચ્ચક્ખાણનો નિયમ કરવાની વાત કરી. વ્રત-નિયમ એ જીવનનો અલંકાર છે. એ પાપવૃત્તિ અને પ્રમાદની વૃત્તિ પર અંકુશ મૂકી જીવનને એવું સુશોભિત કરે છે કે એના પર પુણ્યાઈ અને સદ્‌ગતિ આકર્ષિત થાય છે. વ્રત-નિયમનો પ્રભાવ છે કે જ્યાં સુધી એ ચાલુ રહે ત્યાં સુધી પાપની અપેક્ષા છૂટી પાપકર્મ બંધાતા અટકે છે, ને પાપક્ષય અને પુણ્યબંધ ચાલુ રહે છે.

પૂર્વે જોયું કે પાપ નથી આચરતા છતાં જો નિયમ નથી, વિરતિ નથી, તો દિલમાં પાપની અપેક્ષા ઊભી રહેવાથી આત્મા પર કર્મ ચોંટે છે. નિયમ કરવાથી એ અટકે છે અને મન પણ બંધનમાં આવવાથી ભવિષ્યમાં નિયમ પહોંચે ત્યાં સુધી પાપ સેવવા મન થતું નથી. એમ પાપ-ત્યાગ નિશ્ચિત બનવાથી શુભ ભાવ અને શુભ પ્રવૃત્તિના દ્વાર ખુલ્લા થાય છે, એને સારો અવકાશ મળે છે. જૈનદર્શનમાં જ **'વિરતિ'**નું મહત્ત્વ મળે છે.

નિયમમાં અહીં ત્રણ પ્રકાર જોઈશું,- ૧. પચ્ચક્ખાણ ૨. ચૌદ નિયમ તથા ૩. ચાતુર્માસિક અને જીવનના નિયમો.

**૧. પચ્ચક્ખાણ :** દિવસ અને રાત્રિના આહારના અન્ન પાણીના ત્યાગના જુદા જુદા નિયમ, એ અહીં પચ્ચક્ખાણ સમજવાના છે. જીવને આહારની સંજ્ઞા યાને લત અનાદિ કાળથી લાગુ છે. એ એવી ખંધી છે કે ધ્યાન ન રાખે તો ઉપવાસના પચ્ચક્ખાણમાં રહ્યે પણ એના વિચાર આવે છે. આહારસંજ્ઞાથી (૧) જન્મે ત્યાં પહેલી વાત ખાવાની ! અને (૨) આહારસંજ્ઞાના વિચારમાં કેટલાય ધર્મધ્યાન તથા ત્યાગ-તપ ચૂકી જવાય છે. માટે એના પર કાપ મૂકતા રહેવું જોઈએ. તો ધર્મ-આરાધના સ્થિરતાથી થાય. અને આગળ વધતાં અંતે આત્માનો સ્વભાવ 'અનાહારીપણું' પ્રગટ થાય.



**આહાર ચાર પ્રકારનો છે :** અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. (૧) અશનમાં જેનાથી પેટ ભરાય તે આવે; દાત. અન્ન, મીઠાઈ, દૂધ, દહીં વગેરે... (૨) પાનમાં પાણી આવે. (૩) ખાદિમમાં ફળ, પોંક, ફરસાણ, શેકેલું, ભુંજેલું આવે (૪) સ્વાદિમમાં મુખવાસ, મસાલા, ઔષધિ આવે. આનો અનેક રીતે ત્યાગ કરાય છે.

આ ચાર સિવાય કેટલીય કડવી યા બેસ્વાદ ઔષધિ અથવા ભસ્મ હોય છે; જેને **અનાહારી દ્રવ્ય** કહેવાય છે, અને તે રોગ-પીડાના ખાસ કારણે પચ્ચક્ખાણના કાળમાં ખપે છે; પરંતુ તેની સાથે જો પાણી લેવાય તો આહારરૂપ બની જાય ! માટે પચ્ચક્ખાણમાં રહી પાણી વિના એ એકલા જ લેવાય છે.

એવી અનાહારી વસ્તુમાં ફટકડી, પાનની જડ, કસ્તૂરી, અંબર, ઝેરી, ગોટલી, અતિવિષ, અફીણ, સોનામુખી, એળિયો, વખળો, કડુ, કરિયાતુ, ઈંદ્રજવ, કડવો લીમડો વગેરે અત્યંત કડવાં દ્રવ્ય, ત્રિફળા, રાખ, ભસ્મો વગેરે ગણાય છે.

આહારના પચ્ચક્ખાણ ચાર રીતે-૧. દિવસના, ૨. રાત્રિના તથા ૩. અમુક સંકેતથી યા ઉપદ્રવાદિ પ્રસંગે અને ૪. અંતકાળે જીવે ત્યાં સુધીનું-એમ લેવાના હોય છે.

**(૧) દિવસના પચ્ચક્ખાણમાં** સૂર્યોદયથી બે ઘડી સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ રાખવા નવકારશી પચ્ચક્ખાણ કરવામાં આવે છે. સૂર્યોદયથી એક પ્રહર (૧/૪ દિનમાન) સુધીનો આહારત્યાગ પોરિસિ પચ્ચક્ખાણથી થાય છે. સાર્દ્ધ-પોરિસિ પચ્ચક્ખાણમાં ૧॥ પ્રહર, પુરિમઙ્ઢમાં ૨ પ્રહર (૦॥ દિવસ) અવઙ્ઢમાં ૩ પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ રહે છે. આ પચ્ચક્ખાણ પૂર્ણ થયે મૂઠી વાળી નમસ્કાર ગણીને જ ખાવા પીવાનું કરાય છે; કેમકે એ પચ્ચક્ખાણ સાથે 'મુઙ્ઢિસહિયં' પચ્ચક્ખાણ હોય છે. મુઙ્ઢિસહિયં એટલે જ્યાં સુધી મુઙ્ઢિવાળી નવકાર ન ગણું ત્યાં સુધી ચાર આહારનો ત્યાગ. દિવસમાં

વારંવાર એકલું આ મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કરવાથી ય અનશનનો બહુ લાભ મળે છે. એક મહિનામાં કુલ મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણના કલાકો ગણતા ૨૫ ઉપર ઉપવાસ જેટલો લાભ થાય.

આના ઉપરાંત શુકલ-કૃષ્ણ પક્ષની બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ અને પુનમ તથા અમાવસ્યા એ બાર તિથિએ ખાસ કરીને બિયાસણ (બેસણું=દ્વ્યશન), એકાસણ, નીવી, આયંબિલ, ઉપવાસ વગેરે તપ કરવામાં આવે છે.

બિઆસનમાં દિવસભરમાં બે બેઠકથી અધિક વાર ભોજન નહિ. બાકીના સમયમાં ચાર આહારના યા પાણી સિવાય ત્રણ આહારના ત્યાગના પચ્ચક્ખાણ હોય છે.

એકાસણામાં દિવસે માત્ર એક જ બેઠકે આહાર, બાકી દિવસે અને રાત્રે ત્યાગ.

લુખ્ખી નીવી-એકાસણામાં દૂધ-દહીં, ઘી, તેલ, ગોળ (સાકર) અને કઢા (કઢાઈમાં તળેલું વગેરે), એ છ વિગઈનો ત્યાગ તથા ફળ, મેવા લીલા શાકનો ત્યાગ.

આયંબિલમાં તે ઉપરાંત હળદર, મરચું, કોકમ, આંબલી, રાઈ, ધાણા, જીરૂં વગેરે મસાલાનો પણ ત્યાગ; એટલે પાણીમાં રાંધેલ લુખ્ખા ભાત, લુખ્ખી રોટલી, દાળ વગેરેથી એકાશન કરવાનું હોય છે.

ઉપવાસમાં દિવસ-રાત્રિભર માટે ભોજનનો ત્યાગ હોય છે, દિવસના કદાચ લેવું હોય તો માત્ર પાકું ઉકાળેલું પાણી લઈ શકાય.

આ બિયાસણાથી માંડીને ઉપવાસ સુધીના તપમાં પાણી માત્ર ત્રણ ઉકાળાવાળું જ વપરાય છે. અધિક તપ કરવો હોય તો એક સાથે બે ઉપવાસ અર્થાત્ છઠ્ઠ, ત્રણ ઉપવાસ એટલે અઠ્ઠમ, ૪-૫-૬-૭ ઉપવાસ. ઉપરાંત આઠ ઉપવાસ એટલે અઠ્ઠાઈ વગેરે કરાય છે. એમ વર્ધમાન આંબેલ તપ, નવપદજી ઓળી તપ, વીસસ્થાનક તપ, જ્ઞાનપંચમી તપ, ૨૪ ભગવાનના એકાશન, પંચકલ્યાણકનો તપ વગેરે



કરવામાં આવે છે.

**(૨) રાત્રિના પચ્ચક્ખાણમાં** દિવસના છૂટા હોય તો ચોવિહાર, તિવિહાર વગેરે કરાય છે. ચોવિહાર એટલે સૂર્યાસ્ત પહેલાંથી માંડીને રાત્રિભર માટે ચારે આહારનો ત્યાગ. તિવિહાર એટલે પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ. દુવિહાર અશન ખાદિમ એ બે આહારનો ત્યાગ. બિયાસણ વગેરે તપમાં તો સૂર્યાસ્ત પહેલાંથી પાણહાર પચ્ચક્ખાણ થાય છે; એમાં દિવસના છૂટું રાખેલ પાણી પણ બંધ કરવાનું છે.

## ૧૪ નિયમ

**૧૪ નિયમ યાને પળમાં પાપને પેલે પાર :**

રોજના જીવનમાં જગતની સઘળી વસ્તુ વાપરવામાં આવતી નથી, છતાં જો એ ન વાપરવાની વસ્તુનો ત્યાગ ન કર્યો હોય અર્થાત્ વિરતિ નહિ, અવિરતિ હોય, તો એના અંગે જીવને પાપનો બંધ ચાલુ રહે છે; ત્યારે વાપરવાની સંભવિત વસ્તુ સિવાય બીજી બધી વસ્તુના ત્યાગનો જો નિયમ કર્યો હોય તો અઢળક કર્મબંધનથી બચાય છે.

આ માટે સવારના જ દિવસ પૂરતા અને સાંજના રાત્રિ પૂરતા ૧૪ નિયમ કરી લેવાય છે. આ **બાર કલાકના નિયમ**માં મુશ્કેલી કાંઈ નથી. નિયમ ધારી લેવામાં અભ્યાસ પડી ગયા પછી ૧૪ નિયમ ધારવાનું ૧-૨ મિનિટનું યાને એક પળનું કામ અને ઘણાં પાપથી બહાર નીકળી જવાય છે. અર્થાત્ પળમાં પાપને પેલે પાર પહોંચી જવાય છે. વાપરવાનો સંભવ નથી એવી વસ્તુની અપેક્ષા છોડી દેવાનો મહાન લાભ ૧૪ નિયમમાં મળે છે. નિયમ કરવાથી સત્ત્વ ખીલે છે.

**૧૪ નિયમની ગાથા :**

**સચિત્ત-દવ્વ-વિગઈ, વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ,**
**વાહણ-સયણ-વિલેવણ, બંધ દિસી- ન્હાણભત્તેસુ.**

**(૧) સચિત્ત** = સજીવ કાચાં પાણી, કાચાં શાક, લૂણ, દાતણ,

લીલાં ફળ વગેરે. આમાંથી આજના દિવસે અમુક સંખ્યાથી દા.ત. ૩ થી વધુ નહિ વાપરવું એવો નિયમ. રંધાઈ સીજાઈ ગયેલું શાક, પાકુ મીઠું બલવણ, ઉકાળેલું પાણી, બે ઘડી પછી સાકરનું કે ત્રિફળાનું પાણી, તથા કાપેલાં ફળ કે કાઢેલો રસ બે ઘડી પછી અચિત્ત છે, સચિત્ત નહિ.

(૨) **દવ્વ = દ્રવ્ય :** 'ભિન્ન ભિન્ન નામ અને સ્વાદવાળી વસ્તુ. આજે ૫ કે ૧૦, ૧૨, ૧૫ વગેરે દ્રવ્યથી અધિક નહિ ખાઉં' મસાલા ભેગા રંધાય એ ૧ દ્રવ્ય, પણ ઉપરથી લે તે મરચું, મીઠું, ઘી, તેલ આદિ એ જુદું દ્રવ્ય.

(૩) **વિગઈ :** દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ-સાકર, કઢા (કઢાઈ કે લોઢીમાં તળેલું વગેરે) એ છ વિગઈમાંની અમુકનો અગર આટલીનો આજે ત્યાગ, એવી પ્રતિજ્ઞા. વિગઈમાં બે ભાગ છે.

**(i) કાચી વિગઈ :** ઠંડું યા ગરમ ૧. દૂધ, ૨. દહીં, છાશ, ૩. ઘી, ૪. તેલ, ૫. ગોળ અને ૬. કઢા વિગઈ યાને એક બે કે ત્રણ ઘાણવાળી તળેલી યા પોતું દીધેલ કે ઘી-તેલમાં શેકેલ વસ્તુ.

**(ii) પાકી વિગઈ :** નીવિયાતું એ કાચી વિગઈનું રૂપાંતર છે. દા.ત. (૧) દૂધમાં, દૂધની ચાહ, માવો, દૂધની વસ્તુ, બાસુંદી, દૂધપાક, ખીર વગેરે, (૨) દહીં છાશમાં-કઢી, વડાં, દહીં છાંટેલ શાક, શીખંડ, રાયતું વગેરે, (૩-૪) ઘી-તેલમાં ત્રણ ઘાણ તળાયા પછી વધેલું ઘી-તેલ તથા ઘી-તેલમાં વઘારેલું શાક વગેરે (૫) ગોળની પાકી વિગઈ સાકર, પતાસા, ખાંડ તથા રસોઈમાં નાખેલ ગોળ વગેરે. ઘી-ગોળ વિગઈ, બીજે દિવસે પાકી ગોળ અને પાકી ઘી વિગઈ. પરંતુ ઘીમાં આટો, સૂંઠ વગેરે શેકીને બનાવેલ એ હવે ઘીનું રૂપાંતર થઈ કઢા વિગઈ બની. તેથી એ ઘી વિગઈ નહીં. એવું તળેલી પૂરી વગેરેમાં પણ ઘી વિગઈ કે તેલ વિગઈ નહિ. (૬) પાકી કઢા વિગઈમાં-ત્રણ ઘાણ ઉપરના ઘાણમાં તળેલ વસ્તુ, પોતું દઈ કરેલ ઢેબરા વગેરે, ઘીમાં



આટો શેકી બનાવેલ શીરો, મોહનથાર, મેસૂર વગેરે. બને તેટલી કાચી-પાકી બંનેય યા અમુકનો ત્યાગ કરી શકાય છે.

(૪) **વાણહ :** પગરખાં- 'અમુક ૧-૨ જોડથી વધુ નહિ વાપરું.' ચંપલ, મોજાં આમાં આવે.

(૫) **તંબોલ :** 'પાન-સોપારી-વરીયાળી...' વગેરે મુખવાસ અમુક સંખ્યા યા વજનથી વધુ નહિ વાપરું.'

(૬) **વસ્ત્ર :** 'આજે અમુક સંખ્યાથી વધુ વસ્ત્ર નહિ પહેરું.'

(૭) **કુસુમ :** એમાં ફૂલ, અત્તર વગેરે સુંઘવાનું પ્રમાણ ધારવાનું.

(૮) **વાહન :** ફરતાં લિફ્ટ-ગાડી-મોટર-સાયકલ, તરતાં નાવ-વહાણ, પ્લેન, ચરતાં ઘોડો-હાથી-ઊંટસવારીનું પ્રમાણ.

(૯) **શયન :** પથારી, ખાટલા, પલંગ વગેરે.

(૧૦) **વિલેપન :** 'સાબુ, વેસેલાઈન, તેલ વગેરે અમુક પ્રમાણથી વધુ નહિ વાપરું.'

(૧૧) **બ્રહ્મચર્ય :** દા.ત. 'કાયાથી દિવસે સંપૂર્ણ પાળીશ.'

(૧૨) **દિશા :** 'આજે.... માઈલથી બહાર નહિ જાઉં.'

(૧૩) **ન્હાણ :** દા.ત. 'સંપૂર્ણ સ્નાન ૧ યા ૨ થી વધુ વાર નહિ કરું.'

(૧૪) **ભાતપાણી :** દા.ત. '૧૦ રતલથી વધુ નહિ વાપરું.'

આ ચૌદ નિયમ સાથે બહારના ઉપયોગમાં આવતી આરંભ-સમારંભની કેટલીક વસ્તુનો નિયમ થાય છે. દા.ત. **'પૃથ્વીકાય**માં માટી-સાબુ-સોડા, ખાર અમુક પ્રમાણથી વધુ નહિ વાપરું, એમ **અપકાય**માં ૧-૨-૩ બાલટીથી વધુ પાણી, **અગ્નિકાય**માં ૧-૨-૩ ચૂલાથી અધિકમાં બનેલ આજની વસ્તુ, **વાયુકાય**માં ૧-૨-૩ હિંચકા-પંખાથી અધિક, અને **વનસ્પતિકાય**માં લેપ વગેરે માટે કે ખાવામાં ભાજી, શાક વગેરે અમુકથી યા અમુક વજનથી વધુ નહિ વાપરું.'

**ત્રસકાય-** નિરપરાધી હાલતા ચાલતા જીવને જાણી જોઈને

નિરપેક્ષપણે મારીશ નહિ.

**અસિમાં** ચાકુ, કાતર, સૂડી, સોય વગેરે, **મસીમાં** ખડિયા-લેખન વગેરે અને કૃષિમાં કોશ, કુહાડા, પાવડા, ખોદવાનું વગેરે, એમાં અમુકથી વધુ નહિ વાપરું.

રાત્રિ માટે, સાંજના નિયમ સંકેલી (અર્થાત્ આટઆટલું રાખેલું, આટઆટલું વાપર્યું-એમ તપાસી) લઈ, નવા નિયમ ધારી લેવાના.

- **અન્ય નિયમો :**

'સંયોગ હોય અને ગુરુવંદન, વ્યાખ્યાન શ્રવણ ન કરું તો અમુક ત્યાગ.'

'વધુ પડતો ગુસ્સો, અભિમાન, કપટ થઈ જાય તો ઘી ત્યાગ, અગર પાંચથી વધુ દ્રવ્ય નહિ વાપરું.'

'જૂઠું બોલાઇ જાય તો શુભ ખાતામાં રૂપિયો ભરીશ.'

'મહિનામાં આટલા બિયાસણ, એકાસણ, આંબેલ, ઉપવાસ કરીશ.'

'રોજ (અથવા તિથિએ કે ઘરમાં) ઉકાળેલું જ પાણી પીશ.'

'વર્ધમાન તપનો પાયો ઓળી, નવ્વાણું યાત્રા, ઉપધાન વગેરે ન કરું ત્યાં સુધી કાચો ગોળ (કે અમુક) ત્યાગ.'

'ચારિત્ર ન લેવાય ત્યાં સુધી અમુક... ત્યાગ. (તેમજ રોજ નમો ચારિત્તસ્સ'ની ૧ નવકારવાળી ગણીશ.')

'વર્ષમાં ૧ તીર્થયાત્રા, ધાર્મિક ખાતે રૂા.... ખર્ચ, અમુક... સામાયિક, અમુક નવકારવાળી; ન થાય તો...દંડ.' પર્વતિથિએ લીલોતરી, સચિત્ત, ખાંડવું, દળવું, કપડાં ધોવાં વગેરે ત્યાગ તથા બ્રહ્મચર્ય,'

- **ચોમાસાના નિયમ :** ચોમાસામાં જીવોત્પત્તિ વધારે તથા વિકારોની પ્રબળતા હોય, વેપાર ધંધા-મંદ હોય, તથા ગુરુમહારાજનો સંયોગ



હોય, એટલે ધર્મ કરવાની મોસમ હોય છે તેથી ચોમાસા માટે ખાસ નિયમો કરાય છે.

૧૮ દેશના રાજા કુમારપાળ ચોમાસામાં રોજ એકાશન, ઘી સિવાય પાંચ વિગઈ ત્યાગ, લીલાં શાક ત્યાગ, ચારે માસ બ્રહ્મચર્ય, પાટણથી બહાર જવું નહિ.... વગેરે નિયમ રાખતા. એમ શક્ય રીતે નિયમ કરી લેવા જોઈએ.

દા.ત. ચોમાસામાં કોઈના મૃતકાર્ય કે અકસ્માત્ સિવાય બહારગામ જવું નહિ. શહેરોમાં પણ રાતના ફરવા તરીકે બહાર જવું નહિ. આટલા.... ઉપરાંત આંબેલ વગેરે, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક, સંપૂર્ણ યા અમુક દિવસ લીલોતરી ત્યાગ, અહિંસાદિ અણુવ્રતો, આટલી વિગઈ ત્યાગ વગેરે કરીશ.

- **જીવન નિયમો :** કેટલાક નિયમો જીવનભર માટે કરાય છે. દા.ત. 'જીવનમાં કદી ખેતી કરું નહિ. મોટાં યંત્રોની ફેકટરીનો ધંધો કરું નહિ. સાત વ્યસન સેવું નહિ. મિથ્યા દેવ, ગુરુ, ધર્મને માનું પૂજું નહિ. પરસ્રીગમન, ને અમુક ઉંમર પછી અબ્રહ્મ સેવું નહિ. ઘરે મોટર, ગાડી, પશુ, બંગલા, રેડિયો, શૃંગારી ચિત્ર વગેરે રાખું નહિ.' એમ અનેક પ્રકારે ત્યાગના નિયમ કરી શકાય, બાર વ્રત લઈ શકાય.

## • પ્રશ્નો •

**૧. જીવનમાં વ્રત-નિયમથી શા લાભ ? ૧૪ નિયમની વિશેષતા શી ?**

**૨. છ પૈકી દરેક વિગઈના નીવિયાતાં કયા ? મુટ્ઠિસહિયંના લાભ ?**

**૩. બીજા કયા કયા નિયમ લેવા યોગ્ય ?**

# ૨૭. જિનભક્તિ અને ગુરુવંદના

ભગવાન અરિહંત પરમાત્માનો આપણા પર અનંત ઉપકાર છે. (૧) એમના પ્રભાવે જ આવો સુંદર મનુષ્ય ભવ, ઊંચુ કુળ, આર્યપણું વગેરે અનેક પુણ્યાઈ મળી છે. તેમજ (૨) એમણે આપેલ મોક્ષ-માર્ગથી જ તરવાનું છે. તથા (૩) એ પ્રભુ જાપ-દર્શન-પૂજા સાધનાદિમાં ઊંચુ આલંબન છે.

તો એમની ભક્તિ, દર્શન, પૂજા વગેરે કૃતજ્ઞતા રૂપે પણ કર્યા વિના રહેવાય નહિ. રોજની બીજી પ્રવૃત્તિ જો જોઈએ, તો આ પ્રવૃત્તિ તો અવશ્ય જોઈએ. ભાણા પર માત્ર ભોજનના દર્શન કરીને ઊઠી જતા નથી; તો અહીં માત્ર પ્રભુદર્શનથી કેમ પતે ? પૂજા પણ અવશ્ય કરવી જોઈએ. એમની ભક્તિમાં કાંઈ ને કાંઈ રોજનો ખર્ચ- રોજ એમનાં સ્તવન, ગુણગાન, જાપ, સ્મરણ, ધ્યાન, પ્રાર્થના કરવી જ જોઈએ.

શ્રાવકને ખુમારી હોય કે 'હું જૈન છું.; મારા અનંત ઉપકારી નાથની ભક્તિ કર્યા વિના જમું નહિ,' અર્હદ્‌ભક્તિનો લાભ અપરંપાર છે. **'દહેરે જાવા મન કર્યે,** ચઉત્થ (૧ ઉપવાસનું) તણું ફળ હોય !' કુમારપાળ 'પાંચ કોડીના ફૂલડે પામ્યા દેશ અઢાર !' નાગકેતુ પુષ્પપુજા કરતાં કેવળજ્ઞાન પામ્યા !

• **મંદિરની વિધિ :** દેરાસરમાં દર્શન-પૂજાર્થે જતાં ૩-૩ પ્રકારે ૧૦ બાબત, એમાં ૧૦ ત્રિક સાચવવાના છે.

**૧૦ ત્રિક :** વીતરાગ પ્રભુના ગુણોની તથા પ્રભુના દર્શન આદિ ભક્તિની ખૂબ સુંદર ભાવના સાથે ઘરેથી નીકળી, રસ્તામાં નીચે જીવજંતુ ન મરે એ ખ્યાલ રાખી, મંદિરે જવું, મંદિરની બહારથી પ્રભુ દેખાતાં અંજલિ મસ્તકે લગાડી **'નમો જિણાણં'** બોલવું. પછી મંદિરમાં પેસતાં નિસીહિથી માંડી ચૈત્યવંદન સુધી ૧૦ ત્રિક (૩-૩ વસ્તુ)નું



પાલન કરવાનું છે.

પેસતા (૧) નિસીહિ, પછી (૨) પ્રદક્ષિણા, પછી (૩) પ્રભુ સામે ઊભા રહી પ્રણામ-સ્તુતિ; પછી (૪) પૂજા. પછી (૫) પ્રભુ સામે ઊભા રહી ભાવના (પ્રભુની અવસ્થાનું ચિંતન) એમ પાંચ ત્રિક સાચવવા. આ દરેક ૩-૩.

એ પછી ચૈત્યવંદન કરવાના ૫ ત્રિક, એમાં, (૬) પહેલાં તો ભગવાન સિવાયની બીજી દિશામાં જોવાનો ત્યાગ. પછી (૭) બેસવાની જમીન પર જીવજંતુ ન મરે માટે ખેસના છેડાથી પ્રમાર્જન; પછી (૮) ચિત્તના ૩ આલંબન સૂત્ર-અર્થ-પ્રતિમા નક્કી કરવાના, પછી (૯) સમ્યગ્ આસન માટે હાથ વગેરેની મુદ્રા યોજવાની, (૧૦) પ્રણિધાન યાને એકાગ્રતા જમાવવાની, અને ચૈત્યવંદન કરવાનું. આ દરેક ૩-૩ સાચવવાના.

• **૧૦ ત્રિકની સમજ :** નિસીહિ વગેરે ૧૦ વસ્તુ દરેક ત્રણ ત્રણ છે.

**(૧) નિસીહિ (=નિષેધ)** ૩, - પહેલી, મંદિરમાં પેસતાં સંસાર વ્યાપાર છોડવા માટે કહેવાની. બીજી નિસીહિ ગભારામાં પેસતા વખતે મંદિરના કાર્ય સાફસુફી-સલાટકાર્ય વગેરેની ભાળ-ભલામણ હવે ન કરવા માટે કહેવાની; અને ત્રીજી નિસીહિ ચૈત્યવંદન પહેલાં હવે દ્રવ્યપૂજાનું ધ્યાન બંધ કરવા માટે કહેવાની. કેમકે હવે ચૈત્યવંદન એટલે કે ભાવપૂજામાં મન રાખવાનું છે.

**(૨) પ્રદક્ષિણા** ૩, - સારી વસ્તુને હંમેશાં આપણી જમણી બાજુ રખાય; એટલે વીતરાગ પ્રભુજીના જમણેથી ડાબે ચારે બાજુ ત્રણ વાર ફરવાનું; જેથી વીતરાગ બનાય, ભવભ્રમણ ભાગે; કેમકે એમાં મનમાં વીતરાગનો ગુંજારવ રહે છે.

વીતરાગની આસપાસ પ્રભુના સ્તોત્ર યા નામ સાથે ઘૂમવાથી

મગજમાં વીતરાગતાનું ધ્યાન ગુંજે, વીતરાગતા ઉપર ભાવ ઊભો થાય. પ્રદક્ષિણા ત્રણ એટલા માટે કે ભવરોગ મિટાવનાર ઔષધ ત્રણ, દર્શનજ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થાય. ફરતી વખતે જાણે સમવસરણને પ્રદક્ષિણા દઈએ છીએ એવી ભાવના કરવાની.

(૩) **પ્રણામ** ૩, (૧) 'અંજલિબદ્ધ પ્રણામ', સહેજ નમેલા મસ્તકે અંજલિ લગાડી 'નમો જિણાણં' બોલવાનું, તે મંદિરે પહેલવહેલાં પ્રભુદર્શને, (૨) 'અર્ધાવનત પ્રણામ' - ગભારાના દ્વારે પ્રભુ સામે ઊભા રહેતાં શરીર અડધું નમાવી અંજલિબદ્ધ પ્રણામ કરવાનો તે. (૩) ત્રીજો 'પંચાંગ પ્રણિપાત' પ્રણામ, - ચૈત્યવંદન કરતાં પહેલાં બે ઢીંચણ, બે હાથ અને માથું જમીનને અડાડી કરાતો પ્રણામ. (ખમાસમણું.)

(૪) **પૂજા** ૩, - અંગપૂજા, અગ્રપૂજા, અને ભાવપૂજા. પ્રભુને અંગે અડાડીને કરાય તે અંગપૂજા, દા.ત. જલ, (દૂધ) ચંદન કેશર આદિ પુષ્પ (વરખ, બાદલું, અલંકાર). પ્રભુની આગળ કરાય તે અગ્રપૂજા : ધૂપ, દીપ, અક્ષત, ફળ તથા નૈવેદ્ય. અંગપૂજા ત્રણ અને અગ્રપૂજા પાંચ મળીને અષ્ટપ્રકારી કહેવાય. તે દ્રવ્યપૂજા છે. પછી સ્તુતિ, ચૈત્યવંદન, પ્રભુના ગુણગાન વગેરે ભાવભક્તિ કરાય તે ભાવપૂજા કહેવાય.

(૫) **અવસ્થાચિંતન** ૩, - દ્રવ્યપૂજા કર્યા પછી પ્રભુજીની સામે, પુરુષે પ્રભુની જમણી (અર્થાત્ પોતાની ડાબી) બાજુ અને સ્ત્રીએ પ્રભુની ડાબી (અર્થાત્ પોતાની જમણી બાજુ) ઊભા રહી પ્રભુની પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ એ ત્રણ અવસ્થા ચિંતવવાની. (એ અવસ્થાનું સ્વરૂપ અને એમાં પ્રભુના ગુણ વિચારવાના.)

**(A) 'પિંડસ્થ'** અવસ્થામાં જન્મ અવસ્થા, રાજ્ય અવસ્થા, શ્રમણઅવસ્થા- એમ ત્રણ અવસ્થા ચિંતવવાની. ચિંતવન આ રીતે



કરવાનું, પણ તે ગદ્ગદ હૃદયે અને ભારે અહોભાવ સાથે,-

• **જન્માવસ્થા** :- 'હે નાથ ! આપે પૂર્વના ત્રીજે ભવ ૨૦ સ્થાનક-સર્વજીવ ભાવકરુણા-વિશુદ્ધ સમ્યક્ત્વ આરાધ્યું. અહીં તીર્થંકરના ભવમાં જન્મ પામ્યા ત્યારે ૫૬ દિક્કુમારીઓ ને ૬૪ ઇંદ્રોએ આપનો જન્માભિષેક ઉત્સવ ઊજવ્યો ! જન્મ વખતે પણ આ કેવો આપનો મહિમા ! છતાં પ્રભુ આપે લેશ માત્ર સ્વોત્કર્ષ અભિમાન ન આણ્યું ! ધન્ય લઘુતા ! ધન્ય ગાંભીર્ય !'

• **રાજ્યાવસ્થા** :- 'હે તારક દેવ ! આપને મોટમોટી રાજ્યસંપત્તિ રાજ્યસિદ્ધિ મળી, છતાં આપ એમાં જરા ય રાગ-દ્વેષથી લેપાયા નહિ, અનાસક્ત યોગી જેવા રહ્યા. ધન્ય વૈરાગ્ય !'

• **શ્રમણાવસ્થા** :- 'હે વીરપ્રભુ ! મોટો વૈભવી સંસાર તૃણવત્ ફગાવી દઈ કર્મક્ષય અને આત્મકલ્યાણ અર્થે આપે સાધુજીવન સ્વીકારીને ઘોર પરીસહ અને ઉપસર્ગ સમતાભાવે સહ્યા ! સાથે અતુલ ત્યાગ તથા કઠોર તપસ્યા કરી ! અને રાત'દિ ખડે પગે ધ્યાન ધર્યા ! એમ કરી ઘનઘાતી કર્મના ભુક્કા ઉડાવ્યા ! ધન્ય સાધના ! ધન્ય પરાક્રમ ! ધન્ય સહિષ્ણુતા !

**(B) પદસ્થ અવસ્થા** એટલે કે તીર્થંકરપદ ભોગવવાની અવસ્થા. એને અંગે એ ભાવવાનું કે- 'હે નાથ ! આપે કેવા ૩૪ અતિશય ધારી અરિહંત તીર્થંકર બની (૧) ૩૫ વાણીગુણે ભરી તત્ત્વ-માર્ગ-સિદ્ધાંતની ધર્મદેશના રેલાવી ! તથા (૨) તીર્થ-ચતુર્વિધ સંઘ અને ધર્મશાસન સ્થાપી, તેમજ (૩) દર્શન-સ્મરણ-પૂજા-ધ્યાનાદિમાં આલંબન આપી,- જગત ઉપર કેટલો બધો ત્રિવિધે ઉપકાર કર્યો !

'જગતને આપે (૧) જીવ-અજીવ વગેરે સમ્યક્ તત્ત્વ આપ્યા ! (૨) સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર-તપનો મોક્ષમાર્ગ આપ્યો ! (૩) અનેકાંતવાદ, નયવાદ, વગેરે લોકોત્તર સિદ્ધાંત આપ્યા !

'હે ત્રિભુવનગુરુ ! આપની દેશના માટે સમવસરણ દેવો રચે છે ! આપ અષ્ટપ્રાતિહાર્યથી સેવાઓ છો ! ઇન્દ્રો જેવા પણ આપના ચરણે નમે છે ! મહાબુદ્ધિનિધાન ગણધરો આપની સેવા કરે છે ! કેવો આપનો વાણીપ્રભાવ કે જંગલી પશુ પણ પોતાના શિકાર સાથે મિત્રભાવે બેસી એ સાંભળે છે ! ચોવીસે કલાક ઓછામાં ઓછા ૧ ક્રોડ દેવતા સાથે રહી આપની ભક્તિ કરે છે.'

'અહો, આપ સ્મરણમાત્રથી કે દર્શનમાત્રથી પણ દાસના પાપનો નાશ કરો છો ! આપની ઉપાસના મોક્ષ આપે છે ! આપનો આ કેવો અચિંત્ય અને કેટલો અપરંપાર પ્રભાવભર્યો અનંત ઉપકાર ! છતાં પણ બદલામાં આપને કાંઈ જોઈતું નથી એ કેવી અકારણ-વત્સલતા ! આપે તો ઘોર અપકારી-અપરાધીને પણ તારવાનો અદ્ભુત ઉપકાર કર્યો ! તો હું ય આપનાથી જરૂર તરીશ !'

**(C) રૂપસ્થ** એટલે કે મોક્ષમાં પ્રભુની શુદ્ધ સ્વરૂપ-અવસ્થા અંગે વિચારવાનું; 'હે પરમાત્મન્ ! આપે સર્વ કર્મનો નિર્મૂળ નાશ કરી, અશરીરી-અરૂપી-શુદ્ધ-બુદ્ધ-મુક્ત-શાશ્વત સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરીને કેવું અનંત જ્ઞાન અનંત સુખમાં ઝીલવાનું કર્યું ! કેવા અનંત ગુણ ! કેવી ત્યાં સદા નિષ્કલંક, નિરાકાર, નિર્વિકાર, નિરાબાધ સ્થિતિ ! કેવીક ત્યાં જન્મ, મરણ, રોગ, શોક કે દારિદ્રય વગેરે પીડા જ નહિ. ધન્ય પ્રભુ !'

આ પાંચ ત્રિક થયા. હવે બીજા પાંચ ત્રિક.

**૬. દિશાત્યાગ** ૩,- હવે ચૈત્યવંદન કરવું છે, તો ત્યાં વંદન-યોગનો વ્યાઘાત ન થાય અર્થાત્ ચિત્તમાં પ્રારંભેલો વંદના-પરિણામ સહેજ પણ ઘવાય નહિ, ને ઠેઠ સુધી અખંડિત ચાલે, એ માટે પહેલાં આપણી બે બાજુ, અને પાછળની દિશામાં, અથવા ઉપર-નીચે અને આજુબાજુ, એમ ૩ દિશામાં જોવાનું બંધ કરવાનું, ને ચૈત્યવંદન પૂરું



થાય ત્યાં સુધી પ્રભુ સામે જ જોવાનું નક્કી કરી લેવાનું એ દિશાત્યાગ. આખું ચૈત્યવંદન એ સાચવવું.

**૭. પ્રમાર્જના** ૩,- બેસતાં પહેલાં ત્રણવાર ખેસના છેડાથી જગા પ્રમાર્જી લેવી, જેથી બરાબર જીવરક્ષા થાય.

**૮. આલંબન** ૩,- બેસીને મનને ત્રણ આલંબન આપવાના ૧. પ્રતિમા, ૨. આપણે બોલીએ તે સૂત્ર-શબ્દ, અને ૩. એનો અર્થ. એ ત્રણમાં જ આંખ-જીભ-ચિત્ત રાખવાનું.

**૯. મુદ્રા** ૩-, યોગના યમ-નિયમાદિ ૮ અંગોમાં ત્રીજું આસન નામનું અંગ છે. ચૈત્યવંદનનો મહાન યોગ સાધવા એની પણ જરૂર છે. તે શરીરની વિશિષ્ટ મુદ્રાથી સિદ્ધ થાય.

એમાં (૧) સૂત્રો, સ્તુતિ-સ્તવન, વગેરે બોલતી વખતે બે કોણી પેટ પર રાખી બે હાથ-હથેલી એવી રીતે સહેજ પોલી જોડવી કે એકેક આંગળીના ટેરવાની પછી સામી આંગળીનું ટેરવું આવે, એમ ૧૦ ટેરવાં ક્રમસર ગોઠવાય, એ **'યોગમુદ્રા'** કહેવાય. બધાં સૂત્ર-સ્તુતિ હાથ જોડી આ મુદ્રાથી જ બોલાય.

(૨) 'જાવંતિ ચેઈઆઈ,' 'જાવંત કેવિ સાહુ,' અને 'જયવીયરાય' સૂત્ર વખતે ટેરવાં **સામસામા** આવે, તથા વચમાં મોતીની છીપની જેમ પોલી રહે, એ રીતે હથેલી જોડવી, એ **'મુક્તાશુક્તિ-મુદ્રા'** કહેવાય.

અને (૩) કાયોત્સર્ગ વખતે ઊભા રહી બે પગની વચમાં આગળ ૪ આંગળ અને પાછળ એથી ન્યૂન રહે, હાથ લટકતા રહે, અને દૃષ્ટિ નાસિકા-અગ્રે રહે, એ **'જિનમુદ્રા'** કહેવાય.

**૧૦. પ્રણિધાન** ૩,- અર્થાત્ ઈન્દ્રિયો સહિત કાયા, વચન અને મનને બીજા ત્રીજા વર્તાવ, વાણી કે વિચારમાં ન જવા દેતાં પ્રસ્તુત ચૈત્યવંદનમાં બરાબર એકાગ્રપણે સ્થાપવા અને ચૈત્યવંદન કરવું.

• **પૂજામાં સાવધાની :**

(૧) 'જિનપડિમા જિન-સારિખી'-અરિહંતની મૂર્તિને 'આ સાક્ષાત્ ભગવાન છે' એમ સમજવાનું. તેથી ધાતુના બિંબ એક સ્થાનેથી બીજે લેવા હોય તો બહુમાનપૂર્વક બે હાથે ઝાલીને લેવાય.... વગેરે, મોટા ચક્રવર્તીની જેમ પ્રભુનો વિનય કરવો.

(૨) અહીં ધ્યાન રાખવાનું કે દ્રવ્યપૂજામાં આપણી શક્તિ અનુસાર આપણાં પૂજાદ્રવ્યો ઘરેથી લઈ જવા. કેમકે જિન-ચરણરૂપી સમુદ્રમાં અર્પેલ અલ્પ પણ દ્રવ્યરૂપી જળ-બિન્દુ અક્ષય લક્ષ્મી બને છે.

(૩) પુષ્પની કળિયો તોડાય નહિ, એનો હાર બનાવતા સોંયથી વિધાય નહિ, પુષ્પોને ધોવાય નહિ.

(૪) પ્રભુના અંગે વાળાકૂંચી વાપરતાં એનો સહેજ પણ અવાજ ન ઊઠે એ રીતે ચિકાશ કાઢવાની, તથા દાંતમાં ભરાયેલ કણી સળીથી સાચવીને લઈ લઈએ તેમ ખૂણે ભરાયેલ કેશર લઇ લેવાનું. બાકી તો મોટા પાણી-ભીનાં લચબચ કપડાથી જ કેસર સાફ કરવાનું, પણ વાળાકૂંચીથી ગોદા મારવાની જેમ ઘસાઘસ નહિ કરવાનું.

(૫) પ્રભુના અંગે લગાડવાના ફૂલ, દાગીના તથા અંગલૂછણાં વગેરે નીચે ભોંય ન પડવા જોઈએ. પડ્યા હોય તો ન વપરાય. એને ચોક્ખી થાળીમાં રાખવા.

(૬) કેશર વાટવાનું તે મોં બાંધી, હાથ, ઓરશિયો વગેરે ધોઈને.

(૭) ચૈત્યવંદન સ્તુતિ વગેરે એવી રીતે ન બોલાય કે જેથી બીજાને પોતાના ભક્તિયોગમાં વ્યાઘાત થાય.

(૮) તેમ એ વખતે સાથિયો કે બીજી કોઈ ક્રિયા ન થાય.

(૯) બહાર નીકળતાં પ્રભુને પૂંઠ ન થાય.... વગેરે વગેરે.



**ગુરુવંદન :** સુગુરુ પંચમહાવ્રતધારી જિનાજ્ઞા-પ્રતિબદ્ધ મુનિમહારાજ પાસે જઈને ત્યાં રહીએ ત્યાં સુધી સાંસારિક પ્રવૃત્તિનો મનમાં ત્યાગ ધારી લઈ, અંજલિ જોડી 'મત્થએણ વંદામિ' કહેવાનું. મહાન બ્રહ્મચારી સંયમી મુનિના દર્શન મળવા પર દિલમાં અપૂર્વ આલ્હાદ પ્રગટાવવાનો. બે ખમાસમણાં (પંચાંગ પ્રણિપાત) દઈ પછી હાથ જોડી 'ઇચ્છકાર સુહરાઈ' સૂત્ર બોલી સુખશાતા પૂછવાની અને ભાતપાણીનો લાભ આપવા વિનંતિ કરવાની. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ.. ઇચ્છં ખામેમિ રાઇયં' એટલું ઊભા ઊભા હાથ જોડીને બોલી પછી નીચે ઢીંચણિયે પડી બાકીનું અબ્ભુટ્ઠિઓ સૂત્ર જમીન પર માથું હાથ સ્થાપી બોલવું. એમાં ગુરુની અવજ્ઞા-આશાતનાનો 'મિચ્છામિ દુક્કડં' દેવાનો- 'મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ' એ કહેવાનું.

પછી પચ્ચક્ખાણ લેવાનું. પચ્ચક્ખાણ કે જ્ઞાન લેવાય તે વંદના કરીને જ લેવાય. વ્યાખ્યાન પણ પહેલા વંદન કરીને જ પછી સાંભળવાનું. ગુરુ આગળ અવિનય ન થાય, એમની બહાર નિંદા ન કરાય, ઘસાતું ન બોલાય. એ અવિનયાદિ મહાન પાપોથી બચવાનું.

**• પ્રશ્નો •**

**૧. અરિહંત પ્રભુનો આપણા પર ઉપકાર કઈ ૩ રીતે ?**

**૨. મંદિરમાં સાચવવાના ૧૦ ત્રિક વર્ણવો.**

**૩. સમજાવો.**

**(૧) પ્રદક્ષિણા કેમ અને ૩ શાથી ?**

**(૨) ૩ પ્રણામ.**

**(૩) ૩ પૂજા.**

**(૪) ૫ અવસ્થાચિંતન.**

**(૫) ૩ મુદ્રા.**

**(૬) પૂજામાં ૫ સાવધાની.**

# ૨૮. ચાતુર્માસિક-વાર્ષિક-જન્મકર્તવ્યો

શ્રાદ્ધવિધિ શાસ્ત્રમાં શ્રાવકે ચોમાસામાં, વર્ષમાં અને જીવન દરમિયાન કરવા યોગ્ય કર્તવ્યોની નોંધ છે.

**ચાતુર્માસિક કર્તવ્યો** શ્રાવકે અષાઢ ચોમાસીમાં વિશેષ પ્રકારે ધર્મની આરાધના કરવાની હોય છે. તેના ૪ પ્રયોજન છે :- ૧. વર્ષાની ઋતુ હોવાથી જીવોત્પત્તિ, તથા ૨. વિકાર-સંભવ વિશેષ હોય, તેથી જીવદયા અને વિકાર-નિગ્રહ ખાસ સાચવવા, તથા ૩. વેપાર ધંધા મંદ હોય, તેમજ ૪. મુનિઓનો સ્થિરવાસ હોય, એટલે ધર્મ કરવાની મોસમ-વિશેષ, તક મળી ગણાય, તે સફળ કરવી.

આ માટે શ્રાવકે ચાતુર્માસમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ-વૃદ્ધિ અર્થે અનેક પ્રકારના નિયમો ગ્રહણ કરવાના હોય છે; તેમજ આચાર અનુષ્ઠાન આદરવાના હોય છે. લીધેલાં ૧૨ વ્રત વગેરેમાં સંક્ષેપ થાય. વ્રત લીધાં ન હોય તો વ્રત અને નવા નિયમો કરવા.

જેમકે,- બે અથવા ત્રણ કાળે જિનપૂજા, પૂજામાં વિશેષ દ્રવ્ય, બૃહત્ દેવવંદન, સ્નાત્ર મહોત્સવ, નવું નવું જ્ઞાન ભણવું-વાચવું, ધોવું-ખાંડવું-દળવું-પીસવું વગેરેમાં સંકોચ, પાણી ઉકાળેલું પીવું, સચિત્ત વસ્તુનો સર્વથા ત્યાગ કરવો, વગેરે.

બીજું આંગણા ભીંતો-થાંભલા-ખાટલા-સીકાં, ઘી, તેલ, પાણી વગેરેનાં ભાજનો તથા સ્થાન, તેમજ અનાજ, કોલસા-છાણાં વગેરે સર્વ ચીજોમાં લીલ-ફૂગ કે કીડી, ઈયળ-ધનેરીયાં વગેરે જીવો ઉત્પન્ન ન થાય તે માટે સ્વચ્છતા રાખવી, ચુનો, રાખ વગેરેનો ઉપયોગ કરવો.

પાણી દિવસમાં બે અથવા ત્રણ વાર ગાળવું. ચૂલો, પાણિયારું, ખાંડણિયો તથા ઘંટી ઉપર, વલોણાના, સૂવાના, ન્હાવાના તથા જમવાના સ્થળે તેમજ દેરાસરે અને પૌષધશાળાએ એમ **દશ સ્થાને ચંદરવા** બાંધવા.



બ્રહ્મચર્ય પાળવું, અન્ય ગામે જવાનો ત્યાગ, તથા દાતણ, પગરખાં વગેરેનો ત્યાગ રાખવો, ખોદકામ, રંગકામ, ગાડાં ચલાવવાં વગેરે પાપ કાર્યો બંધ કરવા.

પાપડ-વડીઓ વગેરે તથા સુકાં શાક-ભાજી જેમાં ફુગ-જીવાતનો સંભવ છે તેનો, નાગરવેલના પાન, ખારેક-ખજૂર વગેરે ત્યાગ કરવો.

પંદર કર્માદાનોનો અને ઘણા આરંભવાળા કઠોર કર્મોનો ત્યાગ કરવો, સ્નાન કરવું, તેલ વગેરે ચોળવા ઈત્યાદિમાં પણ પરિમાણ કરવું.

શક્તિ પ્રમાણે બિયાસણાં-એકાસણાં-આંબેલ-નીવી, ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ, વર્ધમાન-આંબેલતપ, પંચરંગીતપ-અષ્ટમહાસિદ્ધિતપ-સિદ્ધિતપ-શ્રેણિતપ-સમવસરણતપ-ચોમાસીતપ-નવકારતપ-કર્મસૂદનતપ-૪૫ આગમતપ, સંસારતારણ તપ, ઉપધાન વગેરે તપશ્ચર્યા વિશેષતયા કરવી. રાત્રે ચોવિહાર, દુઃખીઓને સહાય, ઈત્યાદિ ચાતુર્માસિક કર્તવ્યો બજાવવાના હોય છે.

## ૧૧ વાર્ષિક કર્તવ્યો

| | | |
|---|---|---|
| **૧. સંઘપૂજા** | **૫. દેવદ્રવ્યવૃદ્ધિ** | **૯. ઉદ્યાપન** |
| **૨. સાધર્મિક ભક્તિ** | **૬. મહાપૂજા** | **૧૦. પ્રભાવના** |
| **૩. યાત્રાત્રિક** | **૭. ધર્મ-જાગરિકા** | **૧૧. શુદ્ધિ** |
| **૪. સ્નાત્ર** | **૮. શ્રુતપૂજા** | |

આ ૧૧ કર્તવ્ય શ્રાવકે પ્રતિવર્ષ કરવા જોઈએ. એમાં રથયાત્રાદિ કેટલાંક કાર્ય એકલે હાથે ન બને તો સામૂહિકમાં ફાળો આપી કરવા જોઈએ, આનું વિવરણ નીચે પ્રમાણે :-

**(૧) સંઘપૂજા :-** સંપત્તિ અનુસાર સાધુ-સાધ્વીની વસ્ત્ર-પાત્ર-પુસ્તક વગેરેથી તથા શ્રાવક-શ્રાવિકાની પહેરામણી વગેરેથી ભક્તિ-સન્માન કરવું....

(૨) **સાધર્મિક ભક્તિ :-** શ્રાવક-શ્રાવિકાને આમંત્રણપૂર્વક ઘરે લાવી સ્વાગત-વિનયાદિ કરી માનપૂર્વક જમાડવા, પહેરામણી પ્રભાવના કરવી, દુઃખી હોય તેનો ધન વગેરેથી ઉદ્ધાર કરવો; ધર્મકર્મની સગવડ દેવી, ધર્મમાં સ્થિર કરવા, ભૂલ કરનારને ઉદાર દિલે ભૂલથી બચાવવા, સન્માર્ગમાં પ્રોત્સાહિત કરવા, હાર્દિક વાત્સલ્ય ધરવું.

(૩) **યાત્રાત્રિક :-** ૧. અષ્ટાહ્નિકા યાત્રા,-અઠ્ઠાઈ મહોત્સવ, ગીત-વાજિંત્ર-ઉચિત દાન-વગેરેથી જિનેન્દ્ર ભક્તિ. ૨. રથયાત્રા,-ભગવાનને રથમાં પધરાવી ઠાઠથી વરઘોડો. ૩. તીર્થયાત્રા,-શત્રુંજયાદિ તીર્થની યાત્રા...

(૪) **સ્નાત્ર-મહોત્સવ :-** રોજ કે ન બને તો પર્વ દિવસે, બેસતે મહિને કે છેવટે ભારે ઠાઠથી વર્ષમાં એક વાર પ્રભુનો સ્નાત્ર મહોત્સવ ઊજવવો.

(૫) **દેવદ્રવ્ય-વૃદ્ધિ :-** બોલી દ્વારા તથા પ્રતિમાજી અર્થે આભૂષણ-પૂજાસાધન-રોકડ દાન વગેરે દ્વારા દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરવી....

(૬) **મહાપૂજા :-** પ્રભુની વિશિષ્ટ અંગરચના, આજુબાજુ શણગાર, મંદિર શણગારવું વગેરે....

(૭) **રાત્રિ-જાગરણ :-** ઉત્સવ પ્રસંગે અગર ગુરુનિર્વાણાદિ પ્રસંગે રાત્રિએ ધાર્મિક ગીતગાનાદિથી જાગરણ....

(૮) **શ્રુતપૂજા :-** શાસ્ત્રપુસ્તકોની પૂજા, ઉત્સવ, શાસ્ત્રો લખાવવા, છપાવવા વગેરે......

(૯) **ઉદ્યાપન :-** નવપદજી, વીસસ્થાનક વગેરે તપની પૂર્ણાહુતિ નિમિત્તે અગર બીજો પ્રસંગ પામીને જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણનું પ્રદર્શન અને સમર્પણ....

(૧૦) **તીર્થ પ્રભાવના :-** વિશિષ્ટ પૂજા, વરઘોડા, પદવી આદિ



ઉત્સવ, ગુરુના ભવ્ય પ્રવેશ-મહોત્સવાદિ અનુકંપાદાનાદિ પૂર્વક કરવા દ્વારા લોકોમાં જિનશાસનની પ્રભાવના કરવી....

(૧૧) **શુદ્ધિ :-** સામાન્ય રીતે જ્યારે પાપ સેવાય ત્યારે, યા દર પખવાડિયે, ચોમાસીએ કે છેવટે વર્ષમાં એકવાર ગુરુ પાસે પાપોની શુદ્ધિ કરવી અર્થાત્ ગુરુ આગળ બાળભાવે યથાશક્તિ જણાવી એનું પ્રાયશ્ચિત્ત માંગી લેવું, અને તે કરી આપવું.

## ૧૮ જન્મ કર્તવ્યો તથા ૧૧ પડિમા

ગૃહસ્થે આખા જીવનમાં એક વખત પણ આ કર્તવ્ય બજાવવા જેવાં છે.

(૧) **ચૈત્ય** અર્થાત્ જિનમંદિર બનાવવું. એ માટે દ્રવ્યશુદ્ધિ, ભૂમિ-શુદ્ધિ, શુદ્ધસામગ્રી, કારીગરો સાથે ઉદારતા-પ્રામાણિકતા, શુદ્ધ આશય અને જયણાનું લક્ષ રાખવું. કારીગરના ભાવોલ્લાસ વધારવા વગેરે.

(૨) **વિધિપૂર્વક જિનપ્રતિમા** ભરાવવી.

(૩) તે જિનબિંબની ઠાઠથી **પ્રતિષ્ઠા** કરાવવી.

(૪) પુત્રાદિને આડંબરપૂર્વક **દીક્ષા** અપાવવી.

(૫) ગુરુઓની ગણી, પંન્યાસ, આચાર્ય વગેરે **પદવીનો ઉત્સવ** કરવો.

(૬) **શાસ્ત્રો લખાવવાં,** શાસ્ત્રની વાચના કરાવવી.

(૭) **પૌષધશાળા** બંધાવવી.

(૮-૧૮) **શ્રાવકની ૧૧ પ્રતિમા** (પડિમા=વિશેષ અભિગ્રહ)ને વહન કરવી. આમાં સમ્યક્ત્વ વગેરે આ ૧૧ કડક અભિગ્રહનું ક્રમશઃ પાલન કરવાનું હોય છે- ૧. દર્શન, ૨. વ્રત, ૩. સામાયિક, ૪. પૌષધ, ૫. પ્રતિમા (કાયોત્સર્ગ), ૬. બ્રહ્મચર્ય, ૭. સચિત્તત્યાગ, ૮.

આરંભત્યાગ, ૯. પ્રેષ્ય (નોકર) ત્યાગ, ૧૦. ઉદ્દિષ્ટ (પોતાના નિમિત્તે કરેલ આહારાદિ) ત્યાગ, અને ૧૧. શ્રમણભૂત પ્રતિમા.

આ દરેક ક્રમશઃ પહેલી ૧ માસ, બીજી ૨ માસ, ત્રીજી ૩ માસ સુધી, યાવત્ ૧૧મી ૧૧ માસ સુધી આરાધવાની. એમાં ઉત્તરોત્તર પડિમાવહન વખતે પૂર્વની બધી પડિમાનું પાલન પણ હોય. કાર્તિક શેઠે સો વાર આ ૧૧ પડિમા વહી હતી.

શ્રાવકને પૂર્વોક્ત બધી આરાધના ઉપરાંત 'ધર્મબિન્દુ' શાસ્ત્રમાં કહેલ અનેક ગુણો અને 'પંચસૂત્ર' માં બીજા સૂત્રમાં કહેલ આંતરિક ઉચ્ચ પરિણતિઓ તથા વિધાનોનો ખપ કરવાનો હોય છે. તેમજ ચારિત્રને યોગ્ય ૧૬ ગુણો પ્રાપ્ત કરવાના હોય છે. તેથી એ સાધુ-ધર્મને યોગ્ય થાય છે.

**• પ્રશ્નો •**

**૧. ચોમાસામાં વિશેષ ધર્મપ્રવૃત્તિ શા માટે ? શું શું કરવું ?**

**૨. વાર્ષિક ૧૧ કર્તવ્યો સમજાવો.**

**૩. જીવનમાં એક વાર પણ કયા કર્તવ્ય કરવાના ?**

**૪. શ્રાવકની ૧૧ પ્રતિમા સમજાવો.**

**"દિવ્ય-દર્શન" "વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૫૫

ઇન્દ્રિયોનો વિજય એટલે અનાદિ કાળથી ઇન્દ્રિયો બહારના મનગમતા વિષયોમાં જઈને જે ક્ષણભર શાંત પડવાના, ઠરવાના, ને આનંદ માનવાના સ્વભાવવાળી બનેલી છે તેને બદલે તે ઇન્દ્રિયોને અંતરઆત્મામાં ચિરકાલ ઠરવાના સ્વભાવવાળી બનાવવી તે. ઇન્દ્રિયો વાસ્તવિક રીતે વિષયોમાં ઠરતી નથી, શાંત પડતી નથી પરંતુ ઊલટ એનો ઉકળાટ વધતો જાય છે. સક્રિય રહેવા ટેવાયેલી ઇન્દ્રિયો અંતરઆત્મામાં ઠરે એ માટે એને પ્રશસ્ત વિષયોમાં જોડવા યોગ્ય છે. અર્થાત્ પ્રભુ દર્શન, ધર્મ શ્રવણ વગેરે આત્મહિતના વિષયમાં જોડવા જેવી છે.



# ૨૯. પર્વો અને આરાધના

ચાલુ દિવસ કરતાં પર્વ દિવસોમાં વિશેષ પ્રકારે ધર્મની આરાધના કરવી જોઈએ. કેમકે જેમ વ્યવહારમાં દિવાળી વગેરેના ખાસ દિવસોમાં લોકો વિશિષ્ટ ભોજન અને આનંદ પ્રમોદ કરે છે, તો સાંસારિક ઉલ્લાસ વધે છે, એવી રીતે પર્વ-આરાધના વિશેષ પ્રકારે કરવાથી ધર્મનો ઉલ્લાસ વધે છે.

**પર્વ દિવસોની નોંધ**

| | | | |
|---|---|---|---|
| દરેક માસની<br>૨ બીજ<br>૨ પાંચમ<br>૨ આઠમ<br>૨ અગિયારસ<br>૨ ચૌદશ<br>૨ પૂનમ/અમાસ<br>**કુલ-૧૨ તિથિ** | • કા. સુ. ૫<br>= જ્ઞાન પાંચમ<br>• ૩ ચોમાસી ચૌદશ<br>• મા.સુ. ૧૧ =<br>મૌન અગિયારસ<br>• મા.વ. ૧૦<br>= પોષ દસમ<br>• પો.વ. ૧૩<br>= મેરુ તેરસ<br>• ફાગણ વ. ૮=<br>વર્ષીતપ પ્રારંભ | વર્ષની જુદી જુદી તિથિઓમાં ૨૪ **તીર્થંકરોના ૧૨૦ કલ્યાણક**૦ ખાસ કરીને વીર પ્રભુનું<br>• ચ્યવન કલ્યાણક૦<br>અષાડ સુદ-૬<br>• જન્મ કલ્યાણક૦<br>ચૈત્ર સુદ-૧૩<br>• દીક્ષા કલ્યાણક<br>કારતક વદ-૧૦<br>• કેવળજ્ઞાન ક૦<br>વૈ. સુ. ૧૦<br>• મોક્ષ ક૦ દિવાળી | ૬ **અટ્ઠાઈ**<br>* કારતક-ફાગણ<br>- અષાઢમાં ૩ **અટ્ઠાઈ** દિવસો સુદ-૭ થી ૧૪<br>* ચૈત્ર-આસોમાં નવપદજીની **ઓળીની** બે અટ્ઠાઈ<br>* **પર્યુષણ** અટ્ઠાઈ |

**સામાન્ય પર્વ દિવસોમાં** તપસ્યા, અર્હત્ પ્રભુની વિશેષ ભક્તિ, દેવવંદન, ચૈત્યપરિપાટી (ગામના મંદિરોમાં દર્શન), સમસ્ત સાધુને વંદના, પૌષધ, સામાયિક, બ્રહ્મચર્ય તથા બે વાર પ્રતિક્રમણ આદિ કરવું. સચિત્તજલ-ત્યાગ, વિગઈ-ત્યાગ, લીલોતરી-ત્યાગ, દળવું-ખાંડવું-

કપડાં ધોવાં-રંગવું-ખોદવું....વગેરે આરંભ-સમારંભનો ત્યાગ, કલેશ-કલહનો ત્યાગ કરવો.

પ્રાયઃ પરભવનું આયુષ્ય પર્વતિથિએ બંધાય છે, તેથી પર્વદિવસ ધર્મમય જાય તો દુર્ગતિનું આયુષ્ય ન બંધાય. દર માસે બીજ વગેરે બાર તિથિ આરાધવી. તે ન બની શકે તો કમમાં કમ પાંચ તિથિ-સુદ ૫, બે ૮, બે ૧૪ તો અવશ્ય આરાધવી. બાકી બારમાંની એકાદ તિથિ પણ તે તે ઉદ્દેશથી ઉપવાસ વગેરેથી ખાસ આરાધવામાં આવે છે; જેમકે અગિયારસ ૧૧ ગણધરની તથા ૧૧ અંગની આરાધના માટે આરાધાય.

બધી પર્વતિથિઓ ઉચ્ચ રીતે કદાચ ન આરાધી શકાય, તો પણ શક્ય પ્રમાણમાં કાંઈને કાંઈ વિશેષ ત્યાગ, જિનભક્તિ, દાન, પ્રતિક્રમણ, આરંભ-સંકોચ વગેરે આરાધવું.

કલ્યાણક તિથિઓમાં બીજું ન બંને તો કમમાં કમ તે તે પ્રભુના નામની તે તે કલ્યાણકની નવકારવાળી ગણવી તેથી અર્હદ્ભક્તિનો ભાવ જાગતો અને વધતો રહે છે.

**ચોમાસી :** અગિયારસ અને ચોમાસી ચૌદશે ઉપવાસ, પૌષધ, ચોમાસી દેવવંદન વગેરે કરાય છે. આરાધક આત્માએ પક્ખી (પાક્ષિક) ચૌદશે ઉપવાસ, ચોમાસી ચૌદશે છઠ્ઠ (૨ ઉપવાસ) અને સંવત્સરીનો અઠ્ઠમ અવશ્ય કરવો જોઈએ. એમાં ચૌદશે છઠ્ઠની શક્તિ ન હોય તો અગિયારસ-ચૌદશ બેના છૂટા ઉપવાસ કરવાથી પણ એ ચોમાસી પર્વનો તપ પૂરો થાય.

**કારતક સુદ ૧ :** સવારે વર્ષ આખું ય ચઢતા ધર્મરંગે, સારી ધર્મસાધનાથી અને સુંદર ચિત્ત-સમાધિથી પસાર થાય એ માટે નવસ્મરણ, ગૌતમસ્વામીરાસ સાંભળવાનો,પછી ચૈત્યપરિપાટી, પછી સ્નાત્ર-ઉત્સવ સાથે વિશેષ પ્રભુભક્તિ કરવી.

**કારતક સુદ ૫ :** સૌભાગ્ય પંચમી છે. એ દિવસે જ્ઞાનની આરાધના



માટે ઉપવાસ, પૌષધ, જ્ઞાનપંચમીના દેવવંદન, 'નમો નાણસ્સ' ની ૨૦ માળાના ૨૦૦૦ જાપ કરાય છે.

**માગશર સુદ ૧૧ :** મૌન અગિયારસ છે; માટે આખો દિવસ-રાત મૌન રાખી ઉપવાસ સહ પૌષધ કરવો, મૌન અગિયારસના દેવવંદન, તથા તે દિવસે થયેલ ૯૦ ભગવાનના ૧૫૦ કલ્યાણકની ૧૫૦ માળા ગણવાની....

**માગશર વદ ૧૦ :** પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક હોઈ એ દિવસે ખીરનું એકાશન અગર આયંબિલ કરી, પાર્શ્વપ્રભુની સ્નાત્રાદિથી ભક્તિ તથા ત્રિકાળ દેવવંદન અને 'ૐ હ્રીઁ શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ' ની ૨૦ માળા ગણાય છે. વિશેષમાં મા. વદ ૯ એકા., તથા મા. વદ ૧૧ પાર્શ્વ દીક્ષા કલ્યાણક હોઈ એકાસણું કરાય છે. પછી દર મહિનાની વદ દશમે આ આરાધના કરવાની.

**મેરુ તેરસ : પોષ વદ-૧૩** આ યુગના પ્રથમ ધર્મપ્રવર્તક શ્રી ઋષભદેવ તીર્થંકર પ્રભુનો મોક્ષ-ગમન દિવસ છે. આ દિવસે ઉપવાસ કરી પાંચ મેરુની રચના તથા ઘીના દીવા કરી 'શ્રી ઋષભદેવ પારંગતાય નમઃ' ના ૨૦૦૦ જાપ કરાય છે....

**ફાગણ વદ ૮ :** ઋષભદેવ પ્રભુના જન્મ અને દીક્ષા-કલ્યાણકનો દિવસ છે. અહીં આગલા દિવસથી છઠ્ઠ યા અઠ્ઠમ કરી **વર્ષીતપ** શરૂ કરાય છે. એમાં એકાંતરે ઉપવાસ-બિયાસણ સતત ચાલે છે. વચમાં ચૌદશ આવે ત્યાં ઉપવાસ જ કરવો, ચોમાસીનો છઠ્ઠ કરવો. એમ સળંગ ચાલતાં બીજા વર્ષના વૈશાખ સુદ બીજ સુધી તપ ચાલે છે.

**વૈશાખ સુદ ૩ : અક્ષય તૃતીયા**ના દિવસે વર્ષીતપનું માત્ર શેરડીના રસથી પારણું થાય છે. ઋષભદેવ પ્રભુએ તો સળંગ એકલા ચોવિહાર ઉપવાસ લગભગ ૪૦૦ દિવસ કરેલા અને શ્રેયાંસકુમારે વૈશાખ સુદ ત્રીજે પારણું કરાવેલું. એનો આ વર્ષીતપ સૂચક છે.

**વૈશાખ સુદ ૧૧ :** મહાવીર પ્રભુએ પાવાપુરીમાં શાસનની સ્થાપના

કરી, ૧૧ ગણધરદીક્ષા, દ્વાદશાંગી આગમ-રચના, ને ચતુર્વિધ સંઘરચના આ દિવસે થયેલ. આની સકલસંઘમાં ખાસ સમૂહ-ઉપાસના થવી જોઈએ... (આજે ૧૫મી ઓગસ્ટ આખો દેશ ઊજવે છે ને ?)

**દિવાળીએ :** પ્રભુ મહાવીરદેવે આગલા દિવસે સવારથી ધર્મદેશના શરૂ કરેલી તે સળંગ ઠેઠ દિવાળીની પાછલી રાત સુધી એટલે કે ૧૬ પહોર દેશના ચાલી, પછી પ્રભુ નિર્વાણ પામ્યા. લોકોએ ભાવદીપક ગયાની સ્મૃતિરૂપે દીવા કર્યા તેથી દિવાળીપર્વ ચાલ્યું.

નિર્વાણ પછી પ્રભાતે ગૌતમસ્વામીજીને કેવળજ્ઞાન થયું. છઠ્ઠ કરીને દિવાળીની રાત્રે પહેલાં 'શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમઃ'ની ૨૦ માળા, પાછલી રાત્રે વીર નિર્વાણનું દેવવંદન તથા 'શ્રી મહાવીરસ્વામી પારંગતાય નમઃ'ની ૨૦ માળા, પછી ગૌતમસ્વામીજીના દેવવંદન અને 'શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ'ની ૨૦ માળા ગણવાની...

**શ્રી મહાવીર ભગવાનના પાંચ કલ્યાણકના** દિવસોએ વિશેષમાં વરઘોડો, સમૂહ વીરગુણ-ગાન, પૂજા-ભાવના અને તપ સાથે ૨૦-૨૦ માળા ગણવાની, વર્ષમાં માળા ક્રમશઃ કારતક વદ ૧૦ દીક્ષા કલ્યાણકના થાય. શ્રી મહાવીરસ્વામી નાથાય નમઃ', ચૈત્ર સુદ ૧૩ જન્મ કલ્યાણક 'શ્રી મહાવીરસ્વામી અર્હતે નમઃ', વૈશાખ સુદ ૧૦ કેવળજ્ઞાન. 'શ્રી મહાવીરસ્વામી-સર્વજ્ઞાય નમઃ', અષાડ સુદ ૬ ચ્યવનકલ્યાણક 'શ્રી મહાવીરસ્વામી પરમેષ્ઠિને નમઃ', દિવાળીએ નિર્વાણ 'શ્રી મહાવીરસ્વામી-પારંગતાય નમઃ'.

**ચોવીશે તીર્થંકર ભગવાનના કલ્યાણક** દિવસે તપ, જપ, જિનભક્તિ આદિથી આરાધના કરવામાં અદ્‌ભૂત લાભ છે.

તપમાં એક જ દિવસે ૧, ૨, ૩, ૪ યા ૫ કલ્યાણકો હોય તો ક્રમશઃ એકાશન-નીવી-આંબેલ-ઉપવાસ અને ઉપવાસ સાથે એકાશન કરવું. પ્રભુના ચરિત્ર વાંચવા. અરિહંત પદ આરાધનાર્થે ૧૨ લોગસ્સનો



કાઉસ્સગ્ગ, ૧૨ ખમાસમણાં, ૧૨ સાથિયા, ત્રિકાળ દેવવંદન, ઉભયકાળ પ્રતિક્રમણ, બ્રહ્મચર્ય.... વગેરે કરવું. બધું શક્ય ન હોય તો ઓછામાં ઓછું છેવટે તે તે કલ્યાણકની એક માળા ગણીને પણ કલ્યાણકની સ્મૃતિ કરવી........

**૬ અઠ્ઠાઈ** : કારતક-ફાગણ-અષાઢની ૩ અઠ્ઠાઈ, ૮ દિન સુદ ૧૪ સુધી, ૨ અઠ્ઠાઈ ચૈત્ર અને આસો સુદ ૭ થી ૧૫ સુધી શાશ્વતી ઓળીમાં અને એક અઠ્ઠાઈ પર્યુષણાની શ્રાવણ વદ ૧૨ થી ભા. સુદ ૪ સુધી એમ છ અઠ્ઠાઈ પર્વ આરાધવા. એમાં ખાસ કરીને લીલોતરીત્યાગ, આરંભ સંકોચાદિ કરવું.

**શાશ્વતી ઓળીમાં** ખાસ કરીને નવપદ, (૫ પરમેષ્ઠી અને દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ)ની આરાધના કરાય છે. ૧-૧ દિવસે ૧-૧ પદ. તેમાં નવે દિવસ આયંબિલ કરવાના હોય છે. અને તે તે પદની ૨૦-૨૦ માળા, પ્રદક્ષિણા-ખમાસમણ અને સાથિયા, નવ મંદિરે નવ ચૈત્યવંદન કરવાના.

**પર્યુષણમાં** આઠેય દિવસ અમારી પ્રવર્તન (જીવોને અભયદાન), સાધર્મિક વાત્સલ્ય, કલ્પસૂત્રનાં શ્રવણ સાથે અઠ્ઠમનો તપ, બારસાસૂત્ર શ્રવણ, સર્વ જીવોને ક્ષમાપના, ચૈત્યપરિપાટી અને સાંવત્સરિક પ્રતિક્રમણ, આ ખાસ કરવાનું હોય છે.

**• પ્રશ્નો •**

**૧. વૈશાખ સુદ ૩, અષાઢ સુદ ૬, કાતરક વદ ૧૦, માગશર સુદ ૧૧, વદ ૧૦ ના મહત્ત્વ સમજાવો.**

**૨. મહાવીર પ્રભુના પાંચ કલ્યાણક કયા દિવસે આવે છે ?**

**૩. પર્વોની આરાધના શા માટે ?**

**૪. કલ્યાણકોની આરાધના કેવી રીતે કરાય ?**

**૫. શાશ્વતી ઓળી અને પર્યુષણના કર્તવ્ય કયા ?**

# ૩૦. સાધુ ધર્મ (સાધ્વાચાર)

**પ્રવેશક્રમ :-** સાચી ધર્મસાધના કરવાના મૂળમાં કારણભૂત સંસારના જન્મ-મરણ, ઈષ્ટ વિયોગ, અનિષ્ટ-સંયોગ, રોગ-શોક, આધિ-વ્યાધિ-ઉપાધિ અને પાપસેવન તથા કર્મની કારમી ગુલામી પર કંટાળો છે, અને એથી છૂટી મોક્ષ પામવાની તમન્ના હોય છે. આ કંટાળો એ વૈરાગ્ય છે.

વૈરાગ્ય હોવા છતાં હજી મોહની પરવશતા અને કમતાકાત હોઈ ઘરવાસ રાખીને ધર્મ સાધવાનું બને છે. પરંતુ ઘરવાસે રોજીંદા જીવનમાં થતા ષટ્કાય (પૂર્વોક્ત પૃથ્વીકાયથી માંડી ત્રસકાય સુધી) જીવોના સંહાર, તથા સત્તર પાપસ્થાનકના સેવન એને ખૂબ ખૂંચે છે. તેથી એ વૈરાગ્ય-વૃદ્ધિ અને વીર્યોલ્લાસના પ્રયત્નમાં રહે છે. એ વધતાં ઘરવાસ, કુટુંબ-પરિવાર, માલ-મિલકત અને આરંભ-સમારંભના જીવન પ્રત્યેથી અત્યન્ત ઊભગી જઈ એનો ત્યાગ કરી દે છે, અને યોગ્ય સદ્ગુરુના ચરણે પોતાનું જીવન ધરી દે છે, અહિંસા, સંયમ અને તપનું કઠોર જીવન જીવવા તૈયાર રહે છે.

ગુરુ પણ એને ચકાસી જોઈ અરિહંત પરમાત્માની સાક્ષીએ મુનિદીક્ષા આપી જીવનભરના સાવદ્ય વ્યાપાર (પાપ પ્રવૃત્તિ)ના ત્યાગરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરાવે છે. હવે એને પૂર્વનું કાંઈ જ યાદ ન આવે માટે એનું નામ પણ નવું સ્થાપિત કરે છે. આ **નાની દીક્ષા** થઈ, 'સામાયિક ચારિત્ર' થયું.

એ પછી એને સાધ્વાચાર અને પૃથ્વીકાયાદિ ષડ્જીવનિકાયની રક્ષાની સમજ તથા તાલીમ અપાય છે. ત્યારબાદ એને તપ સાથે સૂત્રના યોગોદ્વહન કરાવાય છે. બાદ યોગ્ય જણાતા એને સૂક્ષ્મપણે હિંસાદિપાપ મન, વચન, કાયાથી કરું નહિ, કરાવું નહિ ને અનુમોદું



નહિ, એવી ત્રિવિધ ત્રિવિધે પ્રતિજ્ઞા કરાવાય છે. આ અહિંસાદી મહાવ્રતોનું ઉચ્ચારણ એ **વડીદીક્ષા** કહેવાય છે. એ 'છેદોપસ્થાપનીય ચારિત્ર' છે. એમાં પૂર્વ-સ્ખલિત ચારિત્ર-પર્યાયના છેદ સાથે મહાવ્રતોમાં ઉપસ્થાપન છે.

**સાધુની દિનચર્યામાં** રાત્રિનો છેલ્લો પહોર શરૂ થતાં નિદ્રા છોડી પંચપરમેષ્ઠી-સ્મરણ, આત્મનિરીક્ષણ તથા ગુરુચરણે નમસ્કાર કરે છે. પછી ઈરિયાવહિયં કરી કુસ્વપ્નશુદ્ધિનો કાયોત્સર્ગ કરવાપૂર્વક ચૈત્યવંદન કરી સ્વાધ્યાય-ધ્યાન કરે છે. પ્રહરના અંતે પ્રતિક્રમણ કરી વસ્ત્ર રજોહરણાદિની પ્રતિલેખના કરે છે, ત્યાં સૂર્યોદય થાય છે.

પછી સૂત્રપોરિસિમાં સૂત્રાધ્યયન કરી ૬ ઘડી દિન ચઢ્યે પાત્રપ્રતિલેખના કરે છે. પછી મંદિરે દર્શન ચૈત્યવંદન કરી આવી અર્થપોરિસિમાં સૂત્રાર્થનું અધ્યયન કરે છે. ગામમાં ભિક્ષાના અવસરે ગોચરી (ગાય કોઈને કિલામણા ન પહોંચાડતી ચરે એ રીતની ભિક્ષા) લેવા માટે જાય છે. એમાં ૪૨ દોષ ત્યજી અનેક ફરતા-ફરતી ઘરોમાંથી ભિક્ષા લાવી ગુરુને દેખાડતાં ગોચરી લીધાની વિગત રજુ કરે છે. પછી પચ્ચક્ખાણ પાળી સજ્ઝાય-ધ્યાન કરી આચાર્ય, ઉપાધ્યાય, બાળ-ગ્લાન, તપસ્વી-મહેમાન વગેરેની ભક્તિ કરી, રાગ-દ્વેષાદિ પાંચ દોષ ટાળીને આહાર વાપરે છે.

પછી ગામ બહાર સ્થંડિલ (નિર્જીવ એકાંત ભૂમિએ) શૌચાર્થ જઈ આવી ત્રીજા પહોરના અંતે-વસ્ત્ર-પાત્રાદિની પ્રતિલેખના કરે છે. પછી ચોથો પહોર સ્વાધ્યાય કરી ગુરુવંદન પચ્ચક્ખાણ કરીને રાત્રિના લઘુશંકાદિ અર્થે જવું પડે તેની નિર્જીવ જગા જોઈ કરી પ્રતિક્રમણ કરે છે. ત્યારબાદ ગુરુની ઉપાસના કરી રાત્રિના પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કરીને સંથારાપોરિસિ ભણાવી શયન કરે છે.





**સાધુમર્યાદા :**

(૧) સાધુજીવનમાં બધું જ ગુરુને પૂછીને કરવાનું હોય છે, (૨) બીમાર મુનિની સેવા પર ખાસ લક્ષ રાખવાનું હોય છે, તે સિવાય (૩) આચાર્યાદિની સેવા તથા ગુર્વાદિકનો વિનય ભક્તિ કરવાની, (૪) દરેકે દરેક સ્ખલનાઓનું ગુરુ આગળ બાળભાવે આલોચન-પ્રકાશનપૂર્વક પ્રાયશ્ચિત્ત લેવાનું હોય છે, (૫) શક્યતાએ રોજ એકાશન અને વિગઈઓનો ત્યાગ, (૬) પર્વ તિથિએ વિશેષ તપ, (૭) વર્ષમાં ત્રણ યા બે વાર કેશનો હાથેથી લોચ, (૮) શેષકાળમાં ગામેગામ પાદ વિહાર, (૯) સૂત્ર-અર્થનું ખૂબ ખૂબ પારાયણ.... વગેરે કરવાનું હોય છે. પરિગ્રહ અને સ્ત્રીઓથી તદ્દન નિરાળા રહેવાનું, કોઈ પરિચય, વાતોચીતો, નિકટવાસ વગેરે કરાય નહિ. એમ સ્ત્રી, ભોજન, દેશ કે રાજ્ય સંબંધી વાતો કરાય નહિ. ટૂંકમાં મનને આંતરભાવથી બાહ્યભાવમાં લઈ જાય એવા કોઈ પણ વાણી, વિચાર કે વર્તાવ કરવાનો નહિ. માટે જ ગૃહસ્થ-પુરુષોનો પણ ખાસ સંસર્ગ નહિ રાખવાનો.

સાધુ જીવનમાં ઈચ્છાકાર આદિ દશ પ્રકારની સમાચારી, બીજા અનેક પ્રકારના આચાર, અષ્ટ પ્રવચનમાતા (સમિતિ-ગુપ્તિ) સંવર, નિર્જરા અને પંચાચારનું પાલન કરવાનું હોય છે.

**૧૦-સમાચારી**

**(૧) ઈચ્છાકાર-** સાધુએ પોતાનું કાર્ય મુખ્યતયા જાતે જ કરવાનું છે, પરંતુ કારણવશ બીજા સાધુ પાસે કરાવવું પડે તો 'તમે આ કરશો ? એમ સામાની ઈચ્છા પૂછીને કરાવવું...'

**(૨) મિથ્યાકાર-** ભૂલ થઈ જાય તો તરત મિચ્છામિ દુક્કડં (મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ) કહેવું....

(૩) **તથાકાર-** ગુરુ કાંઈ ફરમાવે કે તરત 'તહત્તિ' (તેમ હો) કહેવું...

(૪) **આવશ્યકી-** બહાર જતાં પહેલાં આવશ્યક લઘુશંકા-વડીશંકા પતાવી 'આવસ્સહી' કહીને નીકળવું....

(૫) **નૈષેધિકી-** મુકામમાં પેસતાં 'નિસીહિ' કહેવું...

(૬) **પૃચ્છના-** કાંઈ કામ કરતાં પહેલાં ગુરુને પૂછવું....

(૭) **પ્રતિપૃચ્છના-** કામ માટે બહાર જવાના અવસરે ગુરુને ફરીથી પૂછવું...

(૮) **છંદના-** આહાર વાપરતાં પહેલાં મુનિઓને છંદ અર્થાત્ ઈચ્છા પૂછવી કે 'આમાંથી લાભ આપશો ?'

(૯) **નિમંત્રણા-** ભિક્ષા, લેવા જતાં પહેલા મુનિઓને નિમંત્રણા કે 'આપના માટે હું શું લાવું ?'

(૧૦) **ઉપસંપદા-** તપ, વિનય, શ્રુત વગેરેની તાલીમ માટે તેને યોગ્ય આચાર્યનું સાંનિધ્ય સ્વીકારવું.

બીજા પણ આવશ્યક, સ્વાધ્યાય વગેરે આચારો છે. ઉપરાંત સંવર, પ્રવચનમાતા, પંચાચાર અને નિર્જરા માર્ગની પણ આરાધના કરવાની હોય છે, જેનું વર્ણન હવે પછીના પ્રકરણમાં કરવામાં આવશે.

**• પ્રશ્નો •**

**૧. સાધુધર્મ લેવા માટે શી તૈયારી હોય ? વડીદીક્ષા એટલે શું ?**

**૨. સાધુની દિનચર્યા લખો.**

**૩. ૧૦ સમાચારી સમજાવો.**





# ૩૧. સંવર

સંવરણ એટલે ઢાંકણ. આશ્રવ પર ઢાંકણ કરી જે કર્મ આવતાં અટકાવે, આશ્રવને રોકે, તેનું નામ સંવર. એના મુખ્ય છ ભેદ છે :- સમિતિ, ગુપ્તિ, પરીસહ, યતિધર્મ, ભાવના અને ચારિત્ર.

**આ દરેકથી કયા આશ્રવ અટકે ?**

આ બધા વાસ્તવિક સંવર તો જ બને કે એ જિનાજ્ઞાને વળગીને સેવાય, તેથી સમ્યક્ત્વ આ સંવરોમાં અનુસ્યુત યાને વણાયેલું છે, જેના વડે મિથ્યાત્વ આશ્રવ અટકે છે. ચારિત્ર ને યતિધર્મથી અવિરતિ અને ઈન્દ્રિય આશ્રવ અટકે છે, કષાયો અટકે છે. સમિતિ-ગુપ્તિ અને પરીસહ વગેરેથી યોગ(ક્રિયા) અને પ્રમાદ આશ્રવ અટકે છે. આમ સંવરથી આશ્રવ-નિરોધ થાય છે.

● **પાંચ સમિતિ**-સમિતિ એટલે પ્રવૃત્તિમાં સમ્+ઈતિ= સમ્યગ્ ઉપયોગ, લક્ષ, જાગૃતિ, તકેદારી, સાવધાની. આવી પાંચ સમિતિ છે.

**૧. ઈર્યાસમિતિ** એટલે ગમનાગમનમાં કોઈ જીવને કિલામણા ન થાય એ માટે ઉપયોગ રાખીને નીચે ધૂંસરી પ્રમાણ દૃષ્ટિ રાખી ચાલવું તે તકેદારી.

**૨. ભાષાસમિતિ** એટલે ઉઘાડે મોઢે અથવા સાવદ્ય (સપાપ હિંસાદિપ્રેરક-પ્રશંસક, નિંદા વિકથાદિરૂપ) યા અપ્રિય, અવિચારિત, સંદિગ્ધ, જિનાજ્ઞાવિરુદ્ધ, મિથ્યાત્વાદિપ્રેરક, કે સ્વપર-અહિતકારી ન બોલાઈ જાય એ રીતની વાણીમાં સાવધાની.

**૩. એષણા સમિતિ** એટલે મુનિને આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિ (મુકામ) ની ગવેષણા-ગ્રહણૈષણામાં ક્યાંય આધાકર્મિક (મુનિ માટે બનાવેલું) વગેરે દોષ ન લાગે એ રીતની સાચવણી; તથા ગ્રાસેષણામાં વાપરતાં રાગાદિ દોષ ટાળવાની કાળજી.

**૪. આદાનભંડ મત્તનિક્ષેપ-સમિતિ** એટલે પાત્ર વગેરે લેવા-



મૂકવામાં જીવ ન મરે એ માટે જોવા પ્રમાર્જવાનું લક્ષ.

**૫. પારિષ્ઠાપનિકા-સમિતિ** એટલે મળ-મૂત્ર વગેરેને નિર્જીવ-નિર્દોષ જગા પર ત્યજવાની તકેદારી.

● **ત્રણ ગુપ્તિ** ગુપ્તિ એટલે સંગોપન, સંયમન. એ બે રીતે,- (૧) મન-વચન કાયાને અશુભ વિષયોમાં જતા અટકાવવા, અને (૨) શુભમાં પ્રવર્તાવવા. તાત્પર્ય ગુપ્તિ=અકુશળ યોગનો નિરોધ ને કુશળ યોગનું પ્રવર્તન અર્થાત્ નરસા વિચાર-વાણી-વર્તાવ અટકાવી શુભ આચરવા તે. આમ ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયરૂપે હોઈ બહુ મહત્ત્વની છે.

● **૨૨ પરીસહ :** પરીસહ એટલે (૧) રત્નત્રયીની નિશ્ચળતા, (૨) આત્મસત્ત્વ-વિકાસ અને (૩) કર્મનિર્જરાના હેતુએ અસંયમની ઈચ્છા કર્યા વિના સમતા-સમાધિથી સહન કરાય તે. એમાં (૧ થી ૧૨) ૧. ભૂખ- ૨. તરસ-૩. ઠંડી-૪. ગરમી- ૫. દંશ (મચ્છરાદિની)- ૬. ખાડા-ખચ્ચાદિવાળી વસતિ (મુકામ)- ૭. આક્રોશ=અનિષ્ટવચન- ૮. લાત વગેરેના પ્રહાર-૯. રોગ-૧૦. દર્ભના સંથારો- ૧૧. શરીર પર મેલ- ૧૨. અલ્પ જીર્ણ વસ્ત્ર,-આને કર્મક્ષયમાં સહાયક તથા સત્ત્વવર્ધક માની દીન-દુખિયારા ન બનતાં સમ્યક્ સહર્ષ સહન કરવા.

એમ,- ૧૩. ઘર-ઘર ભિક્ષાચર્યાએ જવામાં શરમ-ગર્વ-દીનતા નહિ;- ૧૪. આહારાદિ પ્રાપ્ત ન થાય તો અવિકૃત ચિત્તવાળા રહી તપોવૃદ્ધિ માનવી; ૧૫. સ્ત્રી અનિચ્છાએ દેખાઈ જાય તો રાગ, ક્રીડાસ્મરણ વગેરે ન કરતાં નિર્વિકાર આત્મસ્વરૂપ વિચારવું. ૧૬. નિષદ્યા = (i) શ્મશાનાદિમાં કાયોત્સર્ગ વગેરે વખતે નિર્ભીક રહેવું, ને (ii) સ્ત્રી-પશુ-નપુંસકરહિત સ્થાન સેવવું.- ૧૭. અરતિ (ઉદ્વેગ) થઈ જતાં ધર્મ ધૈર્ય ધારણ કરવું, 'મને અણમોલ સંયમ સંપત્તિ મળી છે, પછી મારે બીજી શી ખોટ છે તે અરતિ કરું ?' - એમ વિચારી અરતિ રોકવી.- ૧૮. આહાર-વસ્ત્રાદિથી સત્કાર, અને - ૧૯. વંદન-

પ્રશંસાદિથી પુરસ્કાર થતાં રાગ, ગર્વ કે સ્પૃહા ન કરવી;- ૨૦. સારી પ્રજ્ઞા (બુદ્ધિ) પર ફૂલાઈ ન જવું, - ૨૧. અજ્ઞાન પર (ભણતા ન આવડે તો) દીન ન બનતાં કર્મ-ઉદય વિચારી જ્ઞાનોદ્યમ ચાલુ રાખવો; અને- ૨૨. અશ્રદ્ધા, તત્ત્વશંકા કે અતત્ત્વકાંક્ષા ઊઠતાં 'સર્વજ્ઞે કહેલામાં મીનમેખ ફરક હોય નહિ.' એમ વિચારી એને રોકવી.

● **દસ યતિધર્મ** : ૧. ક્ષમા (સમતા-સહિષ્ણુતા), ૨. નમ્રતા=લઘુતા-મૃદુતા, ૩. નિખાલતા-સરળતા-ભદ્રકતા, ૪. નિર્લોભતા, ૫. તપ (બાહ્ય આભ્યંતર), ૬. સંયમ (પ્રાણી-દયા અને ઇન્દ્રિય-નિગ્રહ), ૭. સત્ય (નિરવદ્ય ભાષા), ૮. શૌચ (માનસિક પવિત્રતા, અચૌર્ય-ધર્મસામગ્રી પર પણ નિર્મોહતા,) ૯. અપરિગ્રહ, અને ૧૦. બ્રહ્મચર્ય, આનું પૂર્ણ પાલન કરવું.

● **બાર ભાવના** : વારંવાર ચિંતવીને આત્માને જેનાથી ભાવિત કરાય તે ભાવના. આવી ભાવના બાર પ્રકારની છે.

**(૧) અનિત્ય** : સર્વ બાહ્ય આભ્યંતર સંયોગ અનિત્ય છે, વિનશ્વર છે. હું અવિનાશી, માટે એના મોહ શા ?

**(૨) અશરણ** :- 'ભૂખ્યા સિંહ આગળ અશરણ હરણિયાની જેમ અશાતાદિ પાપના ઉદય, મૃત્યુ કે પરલોક ગમન વખતે અશરણ-અનાથ જીવને ધન, કુટુંબ વગેરે કોઈ જ બચાવનાર નથી;' એમ વિચારી શરણભૂત ધર્મને જ વળગે.

**(૩) સંસાર** :- 'ભવચક્રમાં માતા પત્ની થાય છે, પત્ની માતા થાય છે ! શત્રુ મિત્ર થાય છે ! મિત્ર શત્રુ થાય છે ! કેવો બેહૂદો સંસાર ! ત્યાં મમતા શી ? અહો જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક, વધ-બંધ, ઇષ્ટ-અનિષ્ટ વગેરેથી દુઃખભર્યો સંસાર !' એમ વૈરાગ્ય વધારવો.

**(૪) એકત્વ** :- 'હું એકલો છું. એકલો જન્મું-મરું છું, એકલો રોગી-દુઃખી થાઉં છું, મારા જ ઉપાર્જેલા કર્મના ફળ મારે એકલાને જ ભોગ્ય છે. તો હવે સાવધાન બની રાગદ્વેષ ટાળી નિઃસંગ બનું.'



**(૫) અન્યત્વ** : 'અનિત્ય-અબુઝ- (જડ) પ્રત્યક્ષ શરીર જુદું છે, નિત્ય-સંજ્ઞાન-અદૃશ્ય હું આત્મા તદ્દન જુદો છું. ધન, કુટુંબ વગેરે ય મારાથી તદ્દન જુદા છે.' એમ ભાવીને એ બધાની મમતા મૂકે.

**(૬) અશુચિત્વ** : 'આ શરીર ગંદા પદાર્થમાં પેદા થયું, ગંદાથી પોષાયું, વર્તમાનમાં ય અંદર બધે ગંદુ છે. અને વધારામાં ખાનપાન, વિલેપનને ગંદુ કરનારું છે. એનો મોહ છોડી દમન-ત્યાગ-તપ સાધી લઉં.'- વિચારી કાયાનો કસ ખેંચે.

**(૭) આશ્રવ** :- આમાં એકેક આશ્રવના કેવા અનર્થ છે તે વિચારે; અને ભાવે કે, 'જેમ નદી ઘાસને, તેમ ઇન્દ્રિયાદિ આશ્રવ જીવને ઊન્માર્ગે અને દુર્ગતિમાં તાણી જાય છે. એ કેટકેટલાં કર્મ બંધાવે છે ! એને હવે છોડું.' શક્ય ત્યાગ કરે.

**(૮) સંવર** :- આમાં એકેક સંવરના મહાલાભ વિચારી ભાવે કે 'અહો સમિતિ-ગુપ્તિ-યતિધર્મ વગેરે કેવા સુંદર આશ્રવ-વિરોધી ! એને સેવી કર્મ-બંધનથી બચું.

**(૯) નિર્જરા** :- આમાં નિર્જરાના એટલે કે ૧૨ પ્રકારના તપમાંના એકેક તપના લાભ વિચારી ભાવે કે 'પરાધીનપણે અને અનિચ્છાએ તિર્યંચાદિ ગતિમાં સહાતી પીડાથી બહુ કર્મ નથી ખપતા, બાહ્યઅભ્યંતર તપથી એ બહુ ખપે છે. એ અલૌકિક તપ સેવું.'

**(૧૦) લોકસ્વભાવ** :- આ ભાવનામા જીવો-પુદ્ગલો વગેરેથી વ્યાપ્ત અધો-મધ્ય-ઉર્ધ્વલોકનું સ્વરૂપ વિચારે, લોકના ભાવો, ઉત્પત્તિ-સ્થિતિ-નાશ, સંસાર-મોક્ષ વગેરે વિચારી તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યને નિર્મળ કરે.

**(૧૧) બોધિદુર્લભ** :- ચારે ગતિમાં ભટકતા, અનેક દુઃખોમાં ડૂબતા અને અજ્ઞાન આદિથી પીડાતા જીવને બોધિ અર્થાત્ જૈનધર્મની પ્રાપ્તિ કેવી અતિ દુર્લભ છે ? એ વિચારે; ને ભાવે કે 'જો એ બોધિ અહીં મળી છે, તો પ્રમાદ જરાય ન સેવું, ને ધર્મ આરાધી લઉં' સમ્યક્ત્વાદિ ધર્મમાં વેગ વધારે.

(૧૨) **ધર્મસ્વાખ્યાત :-** 'અહો ! સર્વજ્ઞ અરિહંત ભગવાને કેવો સુંદર શ્રુતધર્મ અને ચારિત્ર-ધર્મ ફરમાવ્યો છે ! માટે એમાં ખૂબ ઉદ્યત અને સ્થિર થાઉં.' આ ભાવનાઓ કરવાની. તે તે પ્રસંગે તેવી તેવી ભાવના ઝળકાવવાની. આને અનુપ્રેક્ષા પણ કહે છે.

- **૫ ચારિત્ર**

**૧. સામાયિક :-** પ્રતિજ્ઞાપૂર્વક સર્વસાવદ્ય પ્રવૃત્તિનો જીવનભર ત્યાગ અને પંચાચાર-પાલન દ્વારા સમભાવમાં રમણતા.

**૨. છેદોપસ્થાપનીય :-** સડેલા અંગની જેમ દૂષિત પૂર્વચારિત્ર-પર્યાયના છેદપૂર્વક અહિંસાદિ મહાવ્રતમાં સ્થાપન, મહાવ્રતારોપણ....

**૩. પરિહાર-વિશુદ્ધિ :-** નવ સાધુથી ત્રણ વિભાગે ૧૮ માસ સુધી વહન કરાતા પરિહાર વિશુદ્ધિ નામના તપમાં પળાતું ઉત્કૃષ્ટ ચારિત્ર.

**૪. સૂક્ષ્મસંપરાય :-** ૧૦ માં ગુણસ્થાનકનું અંતિમ અત્યલ્પ રાગવાળું ચારિત્ર.

**૫. યથાખ્યાત :-** વીતરાગ મહર્ષિનું ચારિત્ર.

**પંચાચાર :** સાધુજીવનમાં જેમ અહિંસાદિ મહાવ્રતો એ નિવૃત્તિમાર્ગ છે, એમ જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ માટે પંચાચારનું પાલન એ પ્રવૃત્તિમાર્ગ છે. તે આ,- જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન. એથી આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપગુણ તથા સત્વ વિકસે છે.

**જ્ઞાનાચાર :-** ૮ પ્રકારે :- (૧) **'કાળ'** બે સંધ્યા, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિ વગેરે અસ્વાધ્યાયનો સમય ટાળીને યોગ્ય કાળે ભણવું. (૨) **વિનય,** - ગુરુ-જ્ઞાની-જ્ઞાનસાધનોનો વિનય કરવો. (૩) **બહુમાન,**- ગુરુ વગેરે પર હૃદયમાં અત્યંત બહુમાન ધરવું. (૪) **ઉપધાન,**- તે તે સૂત્રનો અધિકાર મેળવવા તેના તેના તપ આદિવાળા ઉપધાન, યોગોદ્વહન કરવા. (૫) **અનિન્હવ,** - જ્ઞાનદાતા અને જ્ઞાનનો અપલાપ ન કરવો. (૬. ૭. ૮.) - **વ્યંજન-અર્થ-ઉભય,**- સૂત્રના અક્ષર-પદ-આલાવા, તેનો અર્થ-ભાવાર્થ-તાત્પર્યાર્થ, અને સૂત્ર-અર્થ બંને યથાસ્થિત શુદ્ધ અને સ્પષ્ટ રીતે ભણવા, યાદ કરવા, એનું ચિંતન-મનન કરવું.

**દર્શનાચાર** ૮ પ્રકારે..... (૧) **નિઃશંકિત,**- જિનોક્ત વચન લેશ પણ શંકા રાખ્યા વિના સર્વેસર્વા માનવું. (૨) **નિઃકાંક્ષિત,** - મિથ્યા ધર્મ, મિથ્યા માર્ગ-તત્ત્વ-પર્વ-ઉત્સવાદિ તરફ જરાય આકર્ષાવું નહિ. (૩) **નિર્વિચિકિત્સા,**- ધર્મનાં ફળ પર લેશ પણ સંદેહ ન કરતાં તે સાધવો. (૪) **અમૂઢદૃષ્ટિ,**- મિથ્યાદૃષ્ટિના ચમત્કાર-પૂજા-પ્રભાવના દેખી મૂઢ ન બનવું, પણ એમ વિચારવું કે જ્યાં મૂળ સમ્યગ્દર્શનનાં ઠેકાણાં નથી એની શી કિંમત ? (૫) **ઉપબૃંહણા,**- સમ્યગ્દૃષ્ટિ આદિના સમ્યગ્દર્શન વગેરે ગુણ અને તપ આદિ ધર્મની પ્રશંસા-પ્રોત્સાહન કરવા. (૬) **સ્થિરીકરણ-** ધર્મમાં સીદાતાને તન-મન-ધનથી સહાય કરી સ્થિર કરવા. (૭) **વાત્સલ્ય,**- સાધર્મિક ઉપર માતા કે બંધુની જેમ હેત ધરવું. (૮) **પ્રભાવના,**- જૈન ધર્મની ઈતરોમાં પ્રભાવના, પ્રશંસા થાય એવા સુકૃત કરવા.

**ચારિત્રાચાર :** ૮ પ્રકારે-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન.

**તપાચાર :** ૧૨ પ્રકારે, ૬ બ્રાહ્યતપ + ૬ આભ્યંતર તપ (આનું વર્ણન આગળ 'નિર્જરા' તત્ત્વમાં કરાશે.)

**વીર્યાચાર** ૩૬ પ્રકારે : જ્ઞાનાચારાદિ ચારેયના ૮+૮+૮+૧૨=૩૬ ભેદોના પાલનમાં મન-વચન-કાયાની શક્તિ જરાય ન ગોપવતાં, ભરપૂર ઉત્સાહ-ઉછરંગની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા સાથે અધિકાધિક આત્મવીર્ય ફોરવવું તે વીર્યાચાર.

**• પ્રશ્નો •**

**૧. જીવનમાં સંવરનું મહત્ત્વ સમજાવો.**
**૨. દરેક પરિષહ સહવા શું વિચારવું ?**
**૩. અશરણ સંસાર અને એકત્વ ભાવના વર્ણવો.**
**૪. સમજાવો. ૨૨ પરીષહ, ૧૦ યતિધર્મ....**

# ૩૨. નિર્જરા

નિર્જરા એટલે કર્મનું અત્યંત જર્જરિત થઇ જવું, થાકીને આત્મા પરથી ખરી જવું. તે કર્મનું પાકવાનું આંબાની જેમ સ્વતઃ થાય, અથવા ઉપાય દ્વારા થાય. એ પાકીને ખરી પડે.

આવી પડેલી પીડા અનિચ્છાએ ભોગવતાં કર્મ સ્વતઃ ખરી જાય તે અકામ-નિર્જરા કહેવાય; અને કર્મક્ષયની કામનાથી પીડા સહર્ષ સહી લેતાં અથવા તપસ્યાદિ કરતાં કર્મ ખરી જાય તે સકામ-નિર્જરા કહેવાય. કર્મ એની સ્થિતિ પાકે એટલે ઉદયમાં આવી ભોગવાઈને ખરી જાય તે સ્વતઃ નિર્જરા થઈ; અને તપના દ્વારા નાશ પામે તે ઉપાય દ્વારા નિર્જરા થઈ.

પ્રસ્તુતમાં તપથી નિર્જરાની વાત છે, માટે તપને જ નિર્જરા-તત્ત્વ તરીકે કહેવામાં આવે છે. (એટલું ધ્યાનમાં રહે કે અનિચ્છાએ ભૂખ-તરસ, મારપીટ વગેરે કષ્ટ સહવામાં આવે અને તેથી અલ્પ કર્મ સ્વતઃ ભોગવાઈ નાશ પામે તેને અકામનિર્જરા કહે છે. ત્યારે સહિષ્ણુતા દ્વારા સત્ત્વ-વિકાસ, કર્મક્ષય અને આત્મશુદ્ધિ કરવાની કામનાથી કર્મોદય સહીને યા અનશન વગેરે તપ સેવીને જે અઢળક કર્મક્ષય થાય તેને સકામ નિર્જરા કહે છે.)

**તપ બે પ્રકારે,** ૧. બાહ્ય અને ૨. આભ્યન્તર, બાહ્ય એટલે બહારથી કષ્ટરૂપે દેખાય તે, અથવા બહાર લોકમાંય પ્રસિદ્ધ છે તે, અને આભ્યન્તર એટલે આંતરિક મલિન વૃત્તિઓને કચરવા રૂપે કરાય તે, યા જૈનદર્શનમાં જ જે તપ બતાવ્યો છે તે. બાહ્ય અને આભ્યન્તર બંને તપ દરેકના ૬-૬ પ્રકાર છે, તેથી તપના અર્થાત્ નિર્જરાના કુલ ૧૨ ભેદ છે.

- **૬ બાહ્ય તપ**

**બાહ્ય તપના ૬ પ્રકાર છે :-**



અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા.

(૧) **અનશન** = આહારનો ત્યાગ, તે ઉપવાસ, એકાસણું, બિયાસણું, ચોવિહાર-તિવિહાર-અભિગ્રહ વગેરથી થઈ શકે.

(૨) **ઉનોદરિકા** = તપની બુદ્ધિથી ભોજન વખતે બે-પાંચ કોળિયા જેટલું ઓછું ખાવામાં આવે તે, આટલો ત્યાગ પણ તપ છે.

(૩) **વૃત્તિસંક્ષેપ** = ભોજનમાં વાપરવાના દ્રવ્યો (ચીજો) નો સંકોચ રાખવામાં આવે કે 'આટલાથી વધુ યા અમુક વસ્તુ નહિ ખાઉં' તે.

(૪) **રસત્યાગ** = ૬ વિગઈઓમાંથી ત્યાગ, ફ્રુટ-મેવા વગેરેનો ત્યાગ.

(૫) **કાયક્લેશ** = કેશનો લોચ, ઉગ્ર વિહાર, પરીસહ, ઉપસર્ગ વગેરેના કષ્ટ સહવા તે. (ઉપસર્ગ=દેવ, મનુષ્ય યા તિર્યંચથી કરાતા ભારે ઉપદ્રવ.)

(૬) **સંલીનતા** = શરીરના અવયવ, વાણી અને ઇન્દ્રિયો તથા મનની અસત્ પ્રવૃત્તિ અટકાવી એને ગોપવી રાખવા તે. આ બાહ્ય તપના છ પ્રકાર થયા.

- **૬ આભ્યન્તર તપ**

**આભ્યન્તર તપના પણ છ પ્રકાર છે.** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ.

**(A) પ્રાયશ્ચિત્ત :**

'પ્રાયશ્ચિત્ત' = પ્રાયઃ ચિત્તને વિશુદ્ધ કરનાર અને 'પચ્છિત્ત' = કર્મનો છેદ કરનાર આલોચના વગેરે ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત છે.

**૧. આલોચના** = ગુરુની આગળ પોતાના પાપ યા કરવા ધારેલી પ્રવૃત્તિ પ્રગટ કરવી તે.

૨. **પ્રતિક્રમણ** = પાપનો પશ્ચાત્તાપપૂર્વક મિથ્યાદુષ્કૃત કરી પાપથી પાછા હટવું તે.

૩. **ઉભય** = ગુરુ આગળ પાપનું પ્રકાશન કરી પશ્ચાત્તાપપૂર્વક મિથ્યાદુષ્કૃત કરી પાપથી પાછા હટવું તે.

૪. **વિવેક** = બિનજરૂરી યા અકલ્પ્ય આહાર-ઉપકરણનો ત્યાગ કરવો તે.

૫. **વ્યુત્સર્ગ** = સૂત્રાધ્યયનવિધિ યા પ્રતિક્રમણવિધિમાં કે જ્ઞાનાદિ આરાધનાર્થ યા ઉપદ્રવ પ્રસંગે કાયોત્સર્ગ કરાય તે, કાયાની મમતા વોસિરાવી સ્થિર ધ્યાનમાં ખડા રહેવું.

૬. **તપ** = પાપના પ્રાયશ્ચિત્ત રૂપે ગુરુએ કહેલ ઉપવાસ વગેરે તપ કરાય તે.

૭. **છેદ** = અતિચાર (વ્રતસ્ખલના)ની શુદ્ધિ અર્થે ચારિત્ર-પર્યાયમાંથી કાપ મૂકાય તે.

૮. **મૂળ** = અનાચાર સેવવાને લીધે મૂળથી સર્વ ચારિત્ર-પર્યાયનો ઉચ્છેદ કરી ફરીથી મહાવ્રતારોપણ કરવામાં આવે તે.

૯. **અનવસ્થાપ્ય** = ગચ્છની સાથેના વાતચીત સુદ્ધાંના વ્યવહાર બંધ કરાવી અમુક સમય ગચ્છમાં જ વિશિષ્ટ મર્યાદાબદ્ધ રખાય તે.

૧૦. **પારાંચિત** = ગચ્છબહાર મુનિવેશ વિના ગુપ્ત રીતે અમુક સમય સંયમમાં જ રખાય તે.

**(B) વિનય :**

૧. બાહ્ય સેવારૂપ ભક્તિ, ૨. આંતર પ્રીતિરૂપ બહુમાન, ૩. પ્રશંસા, ૪. નિંદાનો પ્રતિકાર, અને ૫. આશાતના-ત્યાગ,-એમ સામાન્ય પાંચ રીતે વિનય કરવામાં આવે, તે પણ તપ છે. આ વિનય



૩ જ્ઞાન-દર્શન-ચારિત્રનો, ૪-૫-૬ મન-વચન-કાયયોગનો અને ૭ લોકોપચાર (ઉપચાર) વિનય, એમ સાત પ્રકાર છે. વિશેષ વિનય તરીકે-

**વિનયના ૭ પ્રકાર :-**

(૧) **જ્ઞાનવિનયમાં** જ્ઞાન - જ્ઞાનીની ૧. ભક્તિ, ૨. બહુમાન, ૩. સર્વજ્ઞકથિત પદાર્થનું સમ્યગ્ મનન. ૪. યોગ ઉપધાન આદિ જ્ઞાનાચારોના પાલનપૂર્વક જ્ઞાનગ્રહણ, ને ૫. એનો અભ્યાસ (પુનરાવર્તનાદિ),- એમ પાંચ પ્રકાર છે.

**(૨) દર્શનવિનયમાં** સમ્યગ્દર્શન ગુણે અધિકની (૧) શુશ્રૂષા અને (૨) અનાશાતનાદિ આવે.

(i) **શુશ્રૂષાવિનય** ૧૦ પ્રકારે :- ૧ સત્કાર (નમસ્કાર-આવકાર 'પધારો'), ૨. અભ્યુત્થાન (આસને ઊભા થવું), ૩. સન્માન (હાથમાંની વસ્તુ ઊંચકી લેવી વગેરે), ૪. આસન-પરિગ્રહ (એમના આસન વગેરે સંભાળી લેવાં.) ૫. આસનદાન, ૬. વંદના, ૭. અંજલિ જોડવી, ૮. એ આવતી વખતે સામે લેવા જવું. ૯. બેઠા હોય ત્યારે ઉપાસના, અને ૧૦. જતી વખતે વળાવવા જવું.

(ii) **અનાશાતનાદિ વિનય** ૪૫ પ્રકારે : (૧) તીર્થંકર, (૨) ધર્મ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય, (૫) વય-શ્રુત-પર્યાયથી સ્થવિર, (૬) કુળ (એક આચાર્યની સંતતિ), (૭) ગણ (અનેક કુલસમૂહ), (૮) સંઘ (અનેક ગણસમૂહ), (૯) સાંભોગિક (જેમની સાથે ગોચરી વગેરે વ્યવહાર ચાલતો હોય તેવા સાધુ), (૧૦) ક્રિયા (પરલોક છે, આત્મા છે વગેરે પ્રરૂપણા), અને (૧૧-૧૫) મતિજ્ઞાનાદિ પાંચ,- એમ પંદરની (૧) આશાતનાનો ત્યાગ. (૨) ભક્તિ-બહુમાન તથા, (૩) અદ્ભુત ગુણ પ્રશંસા દ્વારા યશોવૃદ્ધિ કુલ ૧૫x૩=૪૫.

(૩) **ચારિત્ર-વિનયમાં** ૧૫ પ્રકાર :- પાંચેય પ્રકારના ચારિત્રની ૧. શ્રદ્ધા ૨. પાલન અને ૩. યથાવસ્થિત પ્રરૂપણા.

(૪-૫-૬) **ત્રિવિધયોગ વિનયમાં** આચાર્યાદિની પ્રત્યે અશુભ વાણી-વિચાર-વર્તનનો ત્યાગ, અને શુભ વાણી આદિનું પ્રવર્તન.

(૭) **લોકોપચાર વિનયમાં** ગુર્વાદિ પ્રત્યે લોકોમાં પ્રસિદ્ધ એવા ૭ વિનય-પ્રકાર છે. તે આ પ્રમાણે :- ૧. એમની નજીકમાં રહેવું; ૨. તેમની ઈચ્છાને અનુસરવું; ૩. એમના ઉપકારનો સારો બદલો વાળવાનો પ્રયત્ન; ૪. જ્ઞાનાદિ ગુણ નિમિત્તે જ એમની આહારાદિથી ભક્તિ; ૫. એમની પીડા-તકલીફની તપાસ રાખવી, અને તે નિવારવા પ્રયત્નશીલ રહેવું; ૬. એમની સેવા-ભક્તિમાં ઉચિત દેશ-કાળનો ખ્યાલ રાખવો; અને ૭. એમને સર્વ વાતે અનુકૂળ રહેવું.

**(C) વૈયાવચ્ચ :**

આચાર્ય - ઉપાધ્યાય - સ્થવિર - તપસ્વી - બીમાર - શૈક્ષક (નૂતન મુનિ) સાધર્મિક-કુલ-ગણ-સંઘ-એ દશની સેવાશુશ્રૂષા કરવી એ ૧૦ પ્રકારે વૈયાવચ્ચ છે.

**(D) સ્વાધ્યાય :**

સ્વાધ્યાય એટલે જ્ઞાન-ધ્યાનમાં રમણતા. તે પાંચ પ્રકારે, ૧. વાચના=સૂત્ર-અર્થનું અધ્યયન, અધ્યાપન, ૨. પૃચ્છા = ન સમજાયેલું અથવા શંકા પડેલી પૂછવી, ૩. પરાવર્તન = ભણેલ સૂત્ર અને અર્થની પુનરાવૃત્તિ કરવી, ૪. અનુપ્રેક્ષા = સૂત્રનું માનસિક ચિંતન યા અર્થ ઉપર ચિંતન કરવું, અને ૫. ધર્મકથા = તાત્ત્વિક ચર્ચા-વિચારણા-ઉપદેશ.

**(E) ધ્યાન :**

એ આર્ત-રૌદ્ર-ધર્મ-શુકલ,એમ ચાર પ્રકારે છે. આનું વર્ણન હવે



પછીના પ્રકરણમાં કરાશે.

**(F) કાયોત્સર્ગ - વ્યુત્સર્ગ :**

કાયોત્સર્ગ એ ઉત્કૃષ્ટ આભ્યન્તર તપ છે. એમાં અન્નત્થ સૂત્ર બોલી કાયાને સ્થાનથી, વાણીને મૌનથી અને મનને ચોક્કસ કરેલા ધ્યાનથી સ્થિર કરવામાં આવે છે. આમાં અખંડ ધ્યાન તો છે જ, પરંતુ તે ઉપરાંત પ્રતિજ્ઞાપૂર્વક કાયા અને વાણીને ક્રિયારહિત-સ્થિર કરવામાં આવે છે. એ એકલા ધ્યાન કરતાં વિશેષતા છે. એથી અંતરાયાદિ સર્વ પાપ કર્મોનો અપૂર્વ ક્ષય થાય છે.

કાયોત્સર્ગ એ એક પ્રકારનો વ્યુત્સર્ગ (ત્યાગ) છે. વ્યુત્સર્ગ બે પ્રકારે - ૧. દ્રવ્યથી અને ૨. ભાવથી.

**દ્રવ્યથી વ્યુત્સર્ગ ૪ પ્રકારે - ૧. ગણત્યાગ=**વિશિષ્ટ જ્ઞાન તપસ્યાદિ અર્થે આચાર્યની અનુજ્ઞાથી એક સમુદાય મૂકી બીજા ગચ્છમાં જવું તે; અથવા જિનકલ્પ આદિ સાધનાર્થે ગણને છોડી જવું તે. **૨. દેહત્યાગ=**કાયોત્સર્ગ, અંતિમ પાદપોપગન અનશન, યા સજીવ-નિર્જીવનો યોગ્ય સ્થળે ત્યાગ. **૩-૪ ઉપધિઆહાર-ત્યાગ=**સદોષ કે અધિક વસ્ત્ર-પાત્ર તથા આહારનો, વિધિ મુજબ, નિર્જીવ એકાંત સ્થળે ત્યાગ.

**ભાવવ્યુત્સર્ગ** = કષાયો, કર્મ અને સંસારનો ત્યાગ.

**• પ્રશ્નો •**

**૧. અકામ-સકામ નિર્જરા સમજાવો.**

**૨. જીવનમાં બાહ્ય-આભ્યન્તર તપથી શો લાભ ?**

**૩. સ્પષ્ટ કરો :**

**વૃત્તિસંક્ષેપ, સંલીનતા, ૧૦ પ્રાયશ્ચિત્ત, ૭ લોકોપચાર વિનય, ૪૫ અનાશાતના વિનય, ૨ વ્યુત્સર્ગ, અને ૫ સ્વાધ્યાય.**

# 33. ધ્યાન

ધ્યાન એટલે એક વિષય પર એકાગ્ર ચિત્તે ચિંતન. તે બે પ્રકારે- ૧. શુભ ધ્યાન, અને ૨. અશુભ ધ્યાન. આમાં અશુભ ધ્યાન એ તપ નથી, કર્મનાશક નથી. એ તો કર્મનો આશ્રવ છે. શુભ ધ્યાન એ તપ છે. એ અપૂર્વ કર્મનાશ કરે છે. આવા ધ્યાનથી કર્મો ખૂબ વેગથી કપાય છે.

પ્રસંગવશાત્ અશુભ ધ્યાનની પણ વિચારણા કરીશું, જેથી એનાથી બચીએ તો શુભ ધ્યાન કરી શકાય; કેમકે મનમાં એક વખતે એક જ ધ્યાન રહે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ એ દુર્ધ્યાનમાં પડ્યા તો શુભ ધ્યાન ગયું, ને ૭મી નરકના પાપ ભેગાં કરવા સુધી પહોંચેલા ! પણ પછી શુભ ધ્યાનથી એ રદ કરી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

● **અશુભધ્યાન બે પ્રકારે :-** ૧. આર્તધ્યાન ને ૨. રૌદ્રધ્યાન. આ દરેકના ૪-૪ પ્રકાર છે, એને ચાર પાયા પણ કહે છે.

**આર્તધ્યાનમાં ૧. ઈષ્ટસંયોગ** કેમ મળે અથવા ટકે, યાને જાય નહિ એનું ચિંતન. **૨. અનિષ્ટવિયોગ** કેમ થાય, અગર અનિષ્ટ કેમ ન આવે એનું ચિંતન. **૩. વેદના** - વ્યાધિના નાશ અને એના ઉપચારનું ચિંતન, **૪. નિદાન-** અર્થાત્ પૌદ્ગલિક સુખની ચોંટભરી આશંસા.

**રૌદ્રધ્યાનમાં** ૧. હિંસાનુબંધી, ૨. મૃષાનુબંધી. ૩. સ્તેયાનુબંધી- રૌદ્રધ્યાન, અર્થાત્ હિંસા, જૂઠ અને ચોરી (અનીતિ, લૂંટ વગેરે) કરવા સંબંધી ક્રૂર ચિંતન કરવું તે. ૪. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન, ધન, કીર્તિ વગેરેના રક્ષણ અર્થે ક્રૂર ચિંતન કરવું તે.

● **શુભધ્યાન ૨ પ્રકારે :-** ૧. ધર્મધ્યાન ને ૨. શુક્લધ્યાન.

**ધર્મધ્યાનના** ૪ પ્રકારમાં ૧. આજ્ઞાવિચય, ૨. અપાયવિચય, ૩. વિપાકવિચય, અને ૪. સંસ્થાનવિચય.

**૧. આજ્ઞાવિચય** = જિનાજ્ઞા, જિનવચન કેટલા બધા અદ્ભુત,



લોકોત્તર અને સર્વજીવ-હિતકર તથા અનંત કલ્યાણદાયી છે તેનું ચિંતન.

**૨. અપાયવિચય** = રાગ-દ્વેષ-પ્રમાદ-અજ્ઞાન-અવિરતિ વગેરેના કેવા ભયંકર અનર્થ નીપજે છે તેનું ચિંતન.

**૩. વિપાકવિચય** = સુખ-દુઃખ એ કેવા કેવા પોતાના જ શુભાશુભ કર્મના વિપાક છે, અને એ કર્મોનો નિકાલ કરનારા છે, એનું ચિંતન.

**૪. સંસ્થાનવિચય** = ૧૪ રાજલોકનું સંસ્થાન યાને ઊર્ધ્વ - અધો - મધ્યલોકમાંની તે તે પરિસ્થિતિ એકાગ્રતાથી ચિંતવવી તે.

**શુક્લધ્યાનના ૪ પ્રકાર -**

**૧. પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર :- પૃથક્ત્વ** = અન્યાન્ય પદાર્થો પર ધ્યાન જવાથી વિવિધતા; **વિતર્ક** = ૧૪ પૂર્વગતશ્રુત; વિચાર = પદાર્થ, શબ્દ અને ત્રિવિધ યોગમાં પરસ્પર સંચરણ, આ ત્રણ ખાસિયતવાળું તે પૃથક્ત્વવિતર્ક સવિચાર શુક્લધ્યાન કહેવાય.

**૨. એકત્વ-વિતર્ક-અવિચાર** ધ્યાન. આમાં **એકત્વ** = અન્યાન્ય નહિ પણ એક જ પદાર્થનું આલંબન હોય છે, તથા **અવિચાર** અર્થાત્ પૂર્વોક્તવિચાર (= સંચરણ) થી રહિત હોય છે, આ બંને ધ્યાન સીધું કેવળજ્ઞાન અપાવે.

**૩. સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી** અર્થાત્ મોક્ષે જતાં સંસારને અંતે બાદર મન-વચન-કાયયોગના અને સૂક્ષ્મ વચનયોગ-મનોયોગના નિરોધ કરનાર અને જેમાં સૂક્ષ્મ કાયયોગ 'અપ્રતિપાતી' એટલે કે હજી નષ્ટ નહિ, ઊભો છે, એવી એકાગ્ર આત્મ-પ્રક્રિયા. અહીં ધ્યાન એટલે ચિંતવન નથી, પણ યોગની એકાગ્રતા છે. કેવળજ્ઞાનીને બધું પ્રત્યક્ષ હોવાથી ધ્યાન કરવા જેવું કશું હોતું નથી.

**૪. વ્યુચ્છિન્નક્રિયા-અનિવર્તી** ધ્યાન અર્થાત્ જેમાં સૂક્ષ્મ કાયયોગ પણ નષ્ટ થઈ ગયો છે, એવી શૈલેશી અવસ્થા. અહીં સર્વ કર્મનો નાશ થઈ મોક્ષ થાય છે.

### ● ધર્મધ્યાનના દશ પ્રકારો

આવશ્યકસૂત્રના 'ચઉહિં ઝાણેહિં' પદના ભાષ્યમાં ધ્યાનના પ્રસંગમાં વિશેષરૂપે 'ધ્યાનશતક'માં ઉપરોક્ત આર્ત-રૌદ્ર વગેરે ચાર પ્રકારના ધ્યાન પૈકી દરેક ઉપર ૧૦-૧૨ મુદ્દાઓના આધારે સુંદર પ્રતિપાદન કરેલું છે. એમાં તે ધ્યાનના અધિકારી, લિંગ, લક્ષણ, ફળ વગેરે અને વિશેષે કરીને શુભ ધ્યાનનો વિષય વિસ્તારથી વિચારવામાં આવેલ છે. એથી તે તે અશુભ ધ્યાનના પ્રસંગને કેવી રીતે શુભ ધ્યાનમાં ફેરવી નખાય એ જાણવા મળે છે.

શ્રી **'સન્મતિતર્કની'** ટીકા, **'શાસ્ત્રવાર્તા'** ટીકા અને **'અધ્યાત્મસાર'માં** ધર્મધ્યાનને દશ પ્રકારે બતાવવામાં આવ્યું છે કે જેમાંનો ઘટતો પ્રકાર લઈ, આર્ત-રૌદ્રના ઉપસ્થિત પ્રકારમાંથી શુભ ધ્યાનમાં જઈ શકાય.

**દશ પ્રકાર**

૧-૨, અપાયોપાય. ૩-૪. જીવાજીવ, ૫. વિપાક, ૬. વિરાગ, ૭. ભાવ, ૮. સંસ્થાન, ૯. આજ્ઞા ૧૦. હેતુવિચય. તે ધ્યાવવા માટે તે તે અપાય આદિ પર મન કેન્દ્રિત કરવાનું, ને આ રીતે ચિંતવવાનું.

**(૧) અપાયવિચય** 'અહો ! અશુભ મન-વચન-કાયા અને ઇન્દ્રિયોની વિશેષ પ્રવૃત્તિઓથી અર્થાત્ વિશેષ કોટિના અશુભ વિચારવાણી-વર્તાવથી અને ઇન્દ્રિય-વિષય સંપર્કથી નીપજતા ભયંકર અનર્થ હું શા માટે વહોરું ? જેમ કોઈને મોટું રાજ્ય હાથવેંતમાં હોય છતાં જુગાર રમવાની બાલિશતા કરે, તેમ મોક્ષ મારા હાથવેંતમાં છતાં વિષયોમાં રખડવાની મૂર્ખતા શા માટે કરું ?' આવી શુભ વિચારધારાથી દુષ્ટ યોગોના ત્યાગના પરિણામ જાગે છે.

**(૨) ઉપાયવિચય** - 'અહો ! શુભ વિચાર-વાણી-વર્તાવને હું કેમ વિસ્તારું કે જેથી મારા આત્માની મોહ પિશાચથી રક્ષા થાય !' આ સંકલ્પધારાથી શુભ પ્રવૃત્તિના સ્વીકારની પરિણતિ જાગે છે.

**(૩) જીવવિચયમાં** જીવની અનાદિતા, અસંખ્યપ્રદેશ, સાકાર,



અનાકાર (જ્ઞાન-દર્શન) ઉપયોગ, કરેલાં કર્મનું ભોગવવાપણું,..વગેરે સ્વરૂપનું સ્થિર ચિંતન કરાય છે, તે જડ કાયાદિ છોડીને માત્ર સ્વાત્મા પર મમત્વ કરાવવામાં ઉપયોગી છે.

**(૪) અજીવવિચયમાં** ધર્મ - અધર્મ - આકાશ - કાલ અને પુદ્ગલ દ્રવ્યોના અનુક્રમે ગતિસહાય - સ્થિતિસહાય - અવગાહના - વર્તના તથા રૂપરસાદિ ગુણો અને અનંત પર્યાયરૂપતાનું ચિંતન કરવું. એથી શોક, રોગ, વ્યાકુળતા, નિયાણું, દેહાત્મ-અભેદભ્રમ, વગેરે દૂર થાય.

**(૫) વિપાકવિચયમાં** કર્મની મૂળ-ઉત્તર પ્રકૃતિના મધુર અને કટુ ફળનો વિચાર, શુભ-અશુભ કર્મના વિપાકમાં ઠેઠ અરિહંત પ્રભુની સમવસરણાદિ સંપત્તિથી માંડીને નરકની ઘોર વેદનાઓ નીપજવાનો વિચાર કરવો. તેથી કર્મફળની અભિલાષા દૂર થાય.

**(૬) વિરાગવિચયમાં** કાયા-કુટુંબ-વિષયો અને ઘરવાસ ઉપર વૈરાગ્યની વિચારણા આવે. (૧) ''અહો ! આ કેવું કથિરનું શરીર કે જે ગંદા રજોવીર્યમાંથી બન્યું ! માતૃઆહારની રસીમાંથી પોષાયું, મળમૂત્રાદિ અશુચિએ ભર્યું ! પાછું દારૂના ઘડાની જેમ એમાં જે નાખો તેને અશુચિ કરનારું ! દા.ત. મિષ્ટાન્નને વિષ્ટા અને પાણીને તો શું પણ અમૃતને ય પેસાબ બનાવનારું છે ! આવું ય શરીર પાછું સતત નવ દ્વારોમાંથી અશુચિ વહેવડાવનારું છે ! વળી તે વિનશ્વર છે, સ્વયં રક્ષણહીન છે, ને આત્માને ય રક્ષણરૂપ નથી ! (૨) કુટુંબમાં પણ, મૃત્યુ કે રોગના હુમલા વખતે, માતા-પિતા-ભાઈ, બેન-પત્ની-પુત્ર-પૌત્રી, કોઈ જ એને બચાવી શકતું નથી ! ત્યારે આમાં કોણ મનોહર રહ્યું ? વળી (૩) શબ્દ-રૂપ-રસ વગેરે વિષયો જોવા જઈએ તો એના ભોગવટા ઝેરી કિંપાકફળ ખાવા સમાન, પરિણામે કટુ છે ! અવશ્ય સહજ-વિનાશી છે ! પાછા પરાધીન છે ! સંતોષરૂપી અમૃતઆસ્વાદના વિરોધી છે ! સત્પુરુષો એને એવા જ ઓળખાવે છે ! વિષયોથી

લાગતું સુખ પણ બાળકને લાળ ચાટવામાં લાગતા દૂધના સ્વાદના સુખની જેમ કલ્પિત છે. વિવેકીને આમાં આસ્થા હોય નહિ. વિરતિ જ શ્રેયસ્કરી છે. (૪) ઘરવાસ એ તો સળગી ઊઠેલ ઘરના મધ્યભાગ જેવો છે, જ્યાં જાજ્વલ્યમાન ઇન્દ્રિયો પુણ્યરૂપી કાષ્ઠને સળગાવી દે છે! અને અજ્ઞાન-પરંપરાનો ધુમાડો ફેલાવે છે ! આ આગને ધર્મમેઘ જ બુઝાવી શકે. માટે ધર્મમાં જ પ્રયત્ન કરવા યોગ્ય છે..." વગેરે રાગના કારણોમાં કલ્યાણવિરોધ હોવાનું ચિંતન કરવું. એથી પરમ આનંદનો અનુભવ થાય છે.

(૭) **ભવવિચયમાં** 'અહો કેવો દુઃખદ આ સંસાર ! કે જ્યાં (૧) સ્વકૃત કર્મના ફળ ભોગવવા વારંવાર જન્મવું પડે છે. (૨) અરઘટની ઘડીની જેમ, મળમૂત્રાદિ અશુચિભર્યા માતાના પેટના બખોલમાં કેઈ ગમનાગમન કરવા પડે છે. વળી (૩) સ્વકૃત કર્મના દારુણ દુઃખભર્યા ભોગવટામાં કોઈ સહાય કરતું નથી. એમજ (૪) સંસારમાં સંબંધો વિચિત્ર બને છે. માતા પત્ની થાય ! ને પત્ની માતા થાય ! ધિક્કાર છે આવા સંસાર-ભ્રમણને !' એવા ચિંતન સંસારખેદને અને સત્પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે.

(૮) **સંસ્થાનવિચયમાં** ચૌદ રાજલોકનું સંસ્થાન=વ્યવસ્થા ચિંતવવાની; એમાં અધોલોક ઊંધી પડેલી બાલટી યા ઊંધી નેતરની બાસ્કેટ જેવો, મધ્યલોક ખંજરી જેવો, અને ઉર્ધ્વલોક ઊભો ઢોલક યા શરાવ-સંપુટ જેવો છે. અધોલોકમાં પરમાધામી આદિના તીવ્ર ત્રાસભરી સાત નરકપૃથ્વીઓ છે. મધ્યલોકમાં **'મત્સ્યગલાગલ'** ન્યાયના પ્રદર્શન-ભૂત અસંખ્ય દ્વીપસમુદ્રો છે; અને ઉર્ધ્વલોકમાં શુભ પુદ્ગલોની વિવિધ ઘટનાઓ છે. એનું તથા સકલ વિશ્વમાં રહેલ શાશ્વત-અશાશ્વત અનેકવિધ પદાર્થો, ષડ્દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા, પુદ્ગલના વિચિત્ર પરિણામ, જીવોની કર્મવશ વિટંબણા.... વગેરે વગેરેનું ચિંતન આવે છે. આ ધ્યાનથી ચિત્તને વિષયાન્તરોમાં જતું ને ચંચળ તથા વિહ્વળ થતું અટકાવી શકાય.



(૯) **આજ્ઞાવિચયમાં** એ ચિંતવવાનું કે 'અહો ! આ જગતમાં હેતુ-ઉદાહરણ-તર્ક વગરે હોવા છતાં અમારા જેવા જીવો પાસે બુદ્ધિનો તેવો અતિશય નથી. તેથી આત્માને લાગતો કર્મબંધ, પરલોક, મોક્ષ, ધર્મ અધર્મ વગેરે અતીન્દ્રિય હોઈ સ્વતઃ નજરે જોવા જાણવા સમજવા બહુ મુશ્કેલ પડે છે. છતાં એ આપ્ત પુરુષના વચનથી જાણી શકાય છે. એનો પરમ આપ્ત પુરુષ વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનના વચને કેવો સુંદર પ્રકાશ આપ્યો છે ! એમને જૂઠ બોલવાને હવે કોઈ જ કારણ નથી. તેથી એમના વચન સત્ય જ છે, એમનું કહેવું યથાસ્થિત જ છે.' અહો ! કેવો એમનો અનન્ય ઉપકાર !

'અહો ! કેવી કેવી અનંત-કલ્યાણસાધક, વિદ્વજ્જનમાન્ય અને સુરાસુર-પૂજિત એમની આજ્ઞા !' આ ચિંતન-અનુચિંતનથી સકલ સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો પ્રવાહ અખંડ વહેતો રહે છે.

(૧૦) **હેતુવિચયમાં** જ્યાં આગમના હેતુગમ્ય વિષમ પદાર્થ પર વિવાદ ખડો થાય ત્યાં કેવા તર્કનું અનુસરણ કરવા દ્વારા સ્યાદ્વાદ-નિરૂપક આગમનો આશ્રય કરવો, ને તે પણ કષ-છેદ-તાપની કેવી પરીક્ષાપૂર્વક આશ્રય કરવો લાભદાયી છે એ ચિંતવવાનું.

કોઈપણ શાસ્ત્રની સચ્ચાઇ જોવા સુવર્ણની જેમ

(૧) **કષ-કસોટી-પરીક્ષા** એટલે એ જોવાનું કે એ શાસ્ત્રમાં યોગ્ય વિધિનિષેધો છે ? તો જિનાગમમાં દા.ત. કહ્યું તપ-સ્વાધ્યાય-ધ્યાન કરવું, હિંસાદિ પાપ ન કરવું.

(૨) **છેદપરીક્ષા** માટે એ જોવાનું કે એમાં વિધિ નિષેધને જરા ય બાધક નહિ પણ સાધક આચાર કહેલા છે ? તો જિનાગમમાં (દા.ત.) કહ્યું : સમિતિ-ગુપ્તિ આદિ પંચાચાર પાળવા; તો એમાં લેશમાત્ર હિંસાદિ નથી અને તપ-ધ્યાનાદિ-વિધિપાલનને અનુકૂળતા છે.

(૩) **તાપપરીક્ષા** માટે એ જોવું કે એમાં વિધિનિષેધ અને જિનાગમના આચારને અનુકૂળ તત્ત્વવ્યવસ્થા છે ? તો દા.ત.

અનેકાંતવાદના સિદ્ધાન્તની શૈલીએ આત્માદિ દ્રવ્યોની નિત્યાનિત્યતા, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-પર્યાયનો ભેદાભેદભાવ વગેરે તત્ત્વવ્યવસ્થા બતાવી, જે વિધિ-નિષેધ તથા આચારને સંગત થાય એવી છે. આ ચિંતનથી વિશિષ્ટ શ્રદ્ધા-સમ્યગ્દર્શનની સંગીન વૃદ્ધિ થાય છે.

## ધ્યાનના વિષયના કેટલાક નમૂના

જૈન ધર્મમાં ધ્યાનનું મહત્ત્વ એ રીતે છે કે દરેક શુભ યોગમાં ધ્યાન વણાયેલું જોઈએ. એ માટે દરેક સાધના-ક્રિયા-પ્રવૃત્તિ પ્રણિધાનપૂર્વક કરવાની છે.

**પ્રણિધાન** એટલે વિશુદ્ધ ભાવનાના બળ સાથે, તે તે ક્રિયાના કે બોલાતા સૂત્રના અર્થમાં સમર્પિત મન. આવું સમર્પિત મન એ ધ્યાન જ છે. માટે સાધુ કે શ્રાવકે પોતપોતાના ઉચિત સર્વયોગો અનુષ્ઠાનો તો પહેલા બજાવવાના છે. એમાં ધ્યાન અંતર્ગત જ છે. એ બજાવ્યા પછી એકલા ધ્યાનને અવકાશ છે.

આ **ધ્યાનના પ્રાથમિક અભ્યાસ માટે** પહેલાં એકાગ્રતા કેળવવા વિવિધ જાતના અભ્યાસ જોઈએ : દા. ત.-

(૧) ધ્યાનમાં પ્રભુનો ૧-૧ પ્રાતિહાર્ય ક્રમસર વધારી જોતા રહેવાનું. જેમકે, પહેલાં સુવર્ણગૌર કાયાના પ્રભુને રત્નસિંહાસન પર જોયા, એમાં ચામર પ્રગટ્યા, મુખ પાછળ ભામંડલ પ્રગટ્યું. પછી માથે ૩ છત્ર પ્રગટ્યા; આવા ૪ પ્રાતિહાર્ય-યુક્ત પ્રભુના માથે વિશાળ અશોકવૃક્ષ જોવાનું. ત્યાં ઉપર દેવદુંદુભિ બજે છે, નીચે પ્રભુની વાણીમાં દિવ્ય ધ્વનિ બંસરી સૂર પૂરે છે. ચારે બાજુ ઉપરથી પુષ્પવૃષ્ટિ ચાલુ છે, એમ અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અરિહંત પ્રભુને મનની સામે લાવી પછી હૃદય-કમળની કર્ણિકા પર બિરાજમાન કરી. **'ૐ હ્રીઁ અર્હં નમઃ'** એ મૃત્યુંજય જપ જપ્યે જવાનો. એમાં એ જોતા રહેવાનું કે વચમાં લેશ પણ બીજો વિચાર આવ્યા વિના કેટલી સંખ્યા અગર કેટલા સમય સુધી જાપ અખંડ ચાલે છે. એવા વારંવાર અભ્યાસથી



અખંડ જાપનું પ્રમાણ વધે છે.

(૨) હૃદય-કમળમાં શ્રીનવકારમંત્રના નવપદના ઉજ્જવલ રત્નશા સફેદ ચમકતા અક્ષર વાંચી, અખંડ જાપ વધારવાનો. આ અંતર્દર્શનનો પ્રયોગ છે.

(૩) ભાષ્ય-ઉપાંશુ-માનસ એમ ત્રણ પ્રકારના જાપમાં, આંખ બંધ રાખી પહેલાં મોઢેથી ઉચ્ચારણ (ભાષ્ય જાપ), અને અભ્યાસ વધતાં પછી માનસિક ઉચ્ચારણ (ઉપાંશુ જાપ) કરીને 'ઋષભદેવ,' 'અજિતનાથ,' 'સંભવનાથ'.... એમ ૨૪ ભગવાનના નામ બોલવાના. એકવાર પૂરા થાય કે તરત ફરી બીજીવાર, ત્રીજીવાર... એમાં વચમાં બીજો કોઈ જ વિચાર ન આવે, અને બોલાતા અક્ષર જાણે સામે પાટિયા પર લખેલા વાંચવા પર બરાબર લક્ષ રહે. એ રીતે આગળ વધતાં માપ જોયા કરવાનું કે અખંડ ૨૪, ૪૮, ૭૨, ૯૬, અર્થાત્ ૧ વાર ૨ વાર... ચોવીશી નામ ચાલે છે ને ? ત્રીજા પ્રકારના માનસ જાપ માટે આંતરિક ઉચ્ચારણ પણ નહિ. કિન્તુ અંદરમાં જાણે વિના બોલ્યે અક્ષર શું લખ્યા છે તે સ્પષ્ટ દેખીએ છીએ, એ રીતે જાપ કરવાનો, અલબત્ત આમાં ઉતાવળ કામ નહિ લાગે, પરંતુ એકાગ્રતા એવી કેળવાશે કે ધ્યાન કરવાની શક્તિ આવશે.

(૪) એક પ્રકાર એ છે કે આપણા હૃદયમાં યા બે આંખ વચ્ચેના અંતરમાં જાણે કોઈ આપણને પરિચિત સ્વરવાળા ગુરુ મહારાજ વગેરે બોલી રહ્યા દેખાય છે, ને એમાંય આપણને એમના હોઠ હાલતા દેખાય છે અને એમના ઉચ્ચારણ પર બરાબર અંદરમાં આપણે કાન ધરીને સ્ફુટ અક્ષર સાંભળી રહ્યા છીએ. આ અંતરઃશ્રવણનો પ્રયોગ છે.

(૫) નજર સામે જાણે અનંત સમવસરણ છે. એના પર અનંતા અરિહંતદેવ છે, એમના મસ્તક પર અનંતા સિદ્ધ-ભગવાન છે, ને અરિહંતદેવની આગળ જમણી બાજુ અનંતા આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ છે. એ ધારણા કરીને એમને ક્રમસર નમસ્કાર કરતા હોઈએ એ રીતે

નમસ્કારમંત્રનો જાપ થઈ શકે. ઉપરોક્ત નંબર ૨ એ પદસ્થ-અક્ષર-જાપનો પ્રયોગ અને આ રૂપસ્થ જાપ-પદાર્થજાપનો પ્રયોગ છે.

(૬) પછી જાપમાંથી ધ્યાનમાં જવા માટે સકલાર્હત્ વગેરે સ્તુતિઓ તથા સ્તવનોની એકેક ગાથા લઇ એના આધાર પર એના ભાવોને જાણે નજર સામે ચિત્રાત્મક હૂબહૂ ખડા કરી અરિહંતનું ધ્યાન કરવાનું. એમાં પણ એકેક કડીએ પછીની કડીના પદાર્થ સાથે સાંકળ જોડવાની.

(૭) ચૈત્યવંદન તથા પ્રતિક્રમણ ક્રિયા વખતે પણ, તે તે સૂત્રની દરેક ગાથાના ભાવનું ચિત્ર, જે પહેલાં કલ્પી રાખ્યું હોય, તેને મનમાં નજર સામે લાવવાનું, અને તેના પર હૃદયના ભાવ ગાથા બોલતાં ઉતારવા. દા.ત. 'જે અ અઈયા સિદ્ધા....' ગાથા બોલતાં જાણે ડાબી બાજુએ અનંતા અતીત તીર્થંકર, એમ જમણી બાજુએ અનંતા ભાવી તીર્થંકર, અને સામે વીસ વિચરતા ભગવાન સમવસરણ પર યા અષ્ટ-પ્રાતિહાર્ય સહિત બિરાજમાન છે એમ નજર સામે આવે. એમને મન-વચન-કાયાથી નમસ્કાર કરવાનો. ગાથાનો અર્થ ન આવડે ત્યાં મનમાં ઊભા કોલમમાં ઉપરથી નીચે ગાથાની ચાર લીટી લખેલી દેખાય, તે વાંચવાની. આ પાંચમું 'ધ્યાન' તપ થયું. ૬ ઠું કાયોત્સર્ગ-તપ પૂર્વે કહ્યું છે. એમ આઠમા નિર્જરાતત્ત્વની વાત થઈ. હવે મોક્ષતત્ત્વ.

### • પ્રશ્નો •

**૧. ધ્યાનના ૪ પ્રકાર સમજાવો.**

**૨. વિરાગવિચય, ભવવિચય, ઉપાયવિચય, અને હેતુવિચયમાં શું ચિંતવવાનું ?**

**૩. રૂપસ્થધ્યાન, પદસ્થધ્યાન, અંતર્દર્શન-અંતઃશ્રવણ કેવી રીતે કરવું ?**



## ૩૪. મોક્ષ

અહીં સુધી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા, એમ આઠ તત્વની વિચારણા થઈ. હવે નવમું 'મોક્ષ' તત્ત્વ જોઈએ.

આત્માનું કર્મમલિન સ્વરૂપ તે સંસાર, સકલ કર્મના ક્ષય તે મોક્ષ, એ થઈને પ્રગટ થતું આત્માનું સર્વથા શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ. ધર્મપુરુષાર્થનું સાધ્ય મોક્ષ-પુરુષાર્થ છે. બધો જ ધર્મ એ માટે કરવાનો છે. મોક્ષ થયો એટલે પછી જન્મ નહિ, શરીર નહિ, કર્મો નહિ, કોઈ વિટંબણા-પરાધીનતા-નાલેશી નહિ.

**પ્રશ્ન :- પણ મોક્ષમાં જો શરીર આદિ જ નહિ, તો સુખ શું ? તેમ, અનાદિ સંસાર હટે જ શી રીતે ? મોક્ષ શે થાય ?**

**ઉત્તર :-** એકાદ રોગ હટે, શત્રુ મટે, ઇષ્ટ વસ્તુ મળે, કે કોઈ ઈચ્છા પૂરી થાય, તો સુખ લાગે છે; ત્યારે સર્વ રોગ મટે, સર્વ શત્રુ ટળે, સર્વ ઇષ્ટ મળે, સર્વ ઈચ્છા પૂર્ણ થાય, તો કેટલો બધો આનંદ !

મોક્ષમાં એથી પણ અનંતગુણ આનંદ છે. એ અસંયોગનું સુખ છે. દુન્યવી સંયોગના તુચ્છ સુખમાં ટેવાયેલાને એની ગમ નથી પડતી; પરંતુ એ સહજ સુખ અને સુખમય મોક્ષ અવશ્ય છે. મોક્ષસુખની વાનગી ત્યાગીઓ અનુભવી શકે છે. મા બાપને ત્રાસ આપનારા છોકરા પરદેશ ચાલ્યા જાય, તો મા બાપને સુખ લાગે છે.

એ મોક્ષ થવો શક્ય પણ છે, કેમકે જે કારણોએ સંસાર છે, તેનાથી વિપરીત કારણો સેવતાં સંસારનો અંત આવી શકે છે. જેમ સુવર્ણ અને માટીનો મૂળથી સંયોગ છતાં ખાર આદિ પ્રયોગથી સુવર્ણ સર્વથા શુદ્ધ થઇ શકે છે; તેમ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની આરાધનાથી અનાદિ પણ કર્મસંયોગનો નાશ થઈ ભવ્ય આત્મા સર્વથા શુદ્ધ-સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ શકે છે.

મુક્ત થયેલાને ફરી કદી કર્મનો સંયોગ થતો નથી, એટલે હવે અક્ષય-અવ્યાબાધ-અનંત સુખ, અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતવીર્ય એ ચાર અનંતાની નિત્ય સ્થિતિ હોય છે. એમ તો આઠ કર્મના નાશથી શાશ્વત કાળ માટે મૂળ આઠ ગુણ પ્રગટ થાય છે. અને તેથી હવે કદી ય એમને સંસાર નહિ, ગતિભ્રમણ નહિ, શરીર-ઈન્દ્રિયાદિ નહિ, શાતા-અશાતા, હર્ષ-ખેદ, યશ-અપયશ વગેરે વિટંબણાકારી દ્વન્દ્વો નહિ.

## ૬૨ માર્ગણાઓમાં સત્પદાદિ પ્રરૂપણા

મોક્ષતત્ત્વ અને બીજા પણ તત્ત્વોનો વિસ્તારથી વિચાર કરવો હોય તો એને લઈને સત્પદાદિ નવનો ૬૨ માર્ગણા દ્વારોમાં વિચાર (વ્યાખ્યાન) થઈ શકે છે.

'સત્પદાદિ' એટલે વસ્તુ સત્ છે ? વસ્તુનું દ્રવ્યપ્રમાણ કેટલું ? વસ્તુનું ક્ષેત્ર કેટલું ?.....' વગેરે. 'પ્રરૂપણા' એટલે વિચારણા. 'માર્ગણાદ્વાર' એટલે વસ્તુ વિચારવા માટેના મુદ્દા (Points). એ કયા છે તે જોવા પહેલાં સત્પદ આદિ પ્રરૂપણા જોઈએ. એની ગાથા-

**'संतपयपरुवणया दव्वपमाणं च खित्त फुसणा य ।**
**कालो अ अंतरं भाग भावे अप्पाबहुं चेव ॥'**

**૧. સત્પદ પ્રરૂપણા** - એટલે તે તે પદ (=નામ) વાળી વસ્તુની સત્તાને ગતિ, ઈન્દ્રિય વગેરે માર્ગણાદ્વારો (સ્થાનો)માં પ્રરૂપવી તે.

પ્રરૂપણા=કથન, વિચારણા કરાય તે. દા.ત. સમ્યગ્દર્શન નરકગતિમાં છે ? પૃથ્વીકાયમાં છે ? કાયયોગમાં છે ? વગેરે...

**૨. દ્રવ્યપ્રમાણ**-એ વસ્તુ સંખ્યા કે માપ યાને પ્રમાણમાં કેટલી છે?

**૩. ક્ષેત્ર** - વસ્તુ કઈ કે કેટલી જગામાં રહી છે ?

**૪. સ્પર્શના** - વસ્તુ સાથે કેટલા આકાશ પ્રદેશનો સ્પર્શ છે ? દા.ત. પરમાણુનું 'ક્ષેત્ર' એક આકાશપ્રદેશ, 'સ્પર્શના' ૭ આકાશપ્રદેશની. (ચાર દિશાના ૪ પ્રદેશ + ઉપર નીચેની બે દિશાના ૨ પ્રદેશ + ૧ પરમાણુએ ખુદે રોકેલ ૧ પ્રદેશ = ૭.)



**૫. કાળ** - એની કેટલી સ્થિતિ છે ? કેટલો સમય ટકે ?

**૬. અંતર** - એ વસ્તુ ફરી બનવામાં વચ્ચે કેટલા કાળનું આંતરું પડી વિરહ પડે ?

**૭. ભાગ** - તે વસ્તુ સ્વજાતીયની કે પરની અપેક્ષાએ કેટલામે ભાગે છે ?

**૮. ભાવ** - ઔદયિક વગેરે પાંચ ભાવમાંથી કયા ભાવે એ વસ્તુ વર્તે છે? વસ્તુનો એ પાંચમાંથી કયો ભાવ છે ?

**૯. અલ્પબહુત્વ** - વસ્તુના પ્રકારોમાં પરસ્પર ન્યૂનાધિકતા કેટલી? કોણ ઓછું, કોણ વધારે ? કેટલું વધારે ?

### ભાવ ૫ :-

અહીં ભાવ એટલે કે વસ્તુમાં રહેતો પરિણામ એ પાંચ પ્રકારે છે.

(૧) **ઔદયિકભાવ=** આત્મામાં કર્મના ઉદયથી થતો પરિણામ. જેમકે અજ્ઞાન, નિદ્રા, ગતિ, શરીર વગેરે એ ઔદયિક ભાવે છે. (૨) **પારિણામિકભાવ=** અનાદિનો તેવો પરિણામ દા.ત. જીવત્વ, ભવ્યત્વ, વગેરે. (૩) **ઔપશમિકભાવ=** મોહનીય કર્મના ઉપશમથી થતો ભાવ છે. દા.ત. સમ્યક્ત્વ અને ચારિત્ર ભાવ. (૪) **ક્ષાયોપશમિક=**ઘાતી કર્મના ક્ષયોપશમથી થતો ભાવ છે. દા.ત. જ્ઞાનાવરણ આદિ કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા જ્ઞાન, દર્શન, ક્ષમા, દાન, વગેરે, એ ક્ષાયોપશમિક ભાવે છે. (૫) **ક્ષાયિક=**કર્મના ક્ષયથી થતો પરિણામ, દા.ત., ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, સિદ્ધત્વ વગેરે... એ ક્ષાયિક ભાવે છે.

'મોક્ષ' શબ્દ એ શુદ્ધ ( =એક, અસમસ્ત) અને વ્યુત્પત્તિસિદ્ધ પદ છે, માટે મોક્ષ સત્ છે, વિદ્યમાન છે, પરંતુ બે પદવાળા 'આકાશ-પુષ્પ' પદની જેમ એ અસત્ નથી. વ્યુત્પત્તિવાળું એક પદ કોઈ સત્ વસ્તુને જ કહેનારું હોય છે. ત્યારે 'આકાશપુષ્પ' પદ તો આકાશ અને પુષ્પ એ બે પદથી બનેલું છે. અનેક પદથી બનેલનું વાચ્ય સત્ જ હોય યાને એવી કોઈ વસ્તુ હોય જ એવો નિયમ નથી, અસત્ પણ હોઈ શકે.

**૬૨. માર્ગણાદ્વાર :-** આની ગાથા,-

**'गइ-इंदिय-काये, जोए-वेऐ-कसाय-नाणे अ ।**
**संजम-दंसण-लेसा, भव-सम्मे-सन्नी-आहारे ॥**

માર્ગણા=શોધન કરવાના મુદ્દા. મોક્ષની વિચારણા ૧૪ માર્ગણા-દ્વારોથી થાય છે. એ ૧૪ના ઉત્તર ભેદ ૬૨ છે. **૧૪ માર્ગણા** (૧) ગતિ ૪, (૨) ઈન્દ્રિય ૫, (૩) કાય ૬, પૃથ્વીકાયાદિ, (૪) યોગ ૩ મનોયોગાદિ. (૫) વેદ ૩, પુરુષવેદ-સ્ત્રીવેદ-નપુંસકવેદ, (૬) કષાય ૪, (૭) ૫ જ્ઞાન + ૩ અજ્ઞાન (૮) સંયમ ૭, (૯) દર્શન ૪, (૧૦) લેશ્યા ૬, (૧૧) ભવ્યત્વ અભવ્યત્વ ૨, (૧૨) સમ્યક્ત્વ ૬, (૧૩) સંજ્ઞી-અસંજ્ઞી ૨. અને (૧૪) આહારક-અનાહારક ૨. (આમાં ૭ સંયમ=સામાયિકાદિ ૫ + દેશવિરતિ અને અવિરતિ ત્યારે ૬ સમ્યક્ત્વ=ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઓપશમિક, મિશ્રમોહનીય, સાસ્વાદન, અને મિથ્યાત્વ૦) એમ કુલ ૬૨ માર્ગણા.

હવે આ દરેક માર્ગણામાં મોક્ષને સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ વગેરેથી વિચારીએ.

આમાંથી મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, ભવ્યત્વ, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહારક, કેવલજ્ઞાન-કેવળદર્શન આટલી માર્ગણાએ મોક્ષ થાય. બાકીમાં નહિ. દા.ત. ગતિમાર્ગણામાં દેવાદિગતિએ મોક્ષ નહિ; ઈન્દ્રિયમાં એકેન્દ્રિયાદિને મોક્ષ નહિ.

યોગ, વેદ વગેરે શૈલેશી વખતે છે જ નહિ, માટે એ માર્ગણાદ્વારોમાં મોક્ષ નથી થતો. આ તો મોક્ષ 'સત્' એટલે હોવાની વિચારણા થઈ. એ પ્રમાણે ૬૨ માર્ગણાઓમાં દરેકમાં દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર..... વગેરેની વિચારણા કરવાની, અર્થાત્ કેટલી સંખ્યામાં જીવો મોક્ષે જાય, કેટલા ક્ષેત્રમાં,.... વગેરે વિચારવાનું.

**મોક્ષ અંગે સત્પદ આદિની વિચારણા**

**(૧) સત્પદ૦-** 'મોક્ષ' પદ સત્ પદ છે; કેમકે અસત્ નહિ, કલ્પિત નહિ, પણ ખરેખર સત્ મોક્ષનું એ વાચક પદ છે.



**(૨) દ્રવ્યપ્રમાણ-** દા.ત. સિદ્ધો અનંતા છે, સર્વજીવથી અનંતમે ભાગે છે, અને સર્વ અભવ્યોથી અનંતગુણ છે.

**(૩-૪) ક્ષેત્ર અને સ્પર્શના -** એક કે સર્વ સિદ્ધો લોકાકાશક્ષેત્રના અસંખ્યાતમાં ભાગની અવગાહના તથા સ્પર્શવાળા છે. અવગાહના-'ક્ષેત્ર' કરતાં 'સ્પર્શના' એ આજુબાજુએ સ્પૃષ્ટ આકાશ-પ્રદેશોથી અધિક છે.

**(૫) કાળ -** એક સિદ્ધની અપેક્ષાએ સાદિ-અનંત કાળ છે. 'સાદિ' એટલે કોઈ એક જીવની અપેક્ષાએ મોક્ષની શરૂઆત છે, પરંતુ 'અનંત' એટલે પછી એ મોક્ષનો નાશ નથી. સિદ્ધપ્રવાહની અપેક્ષાએ અનાદિ-અનંત કાળ છે. અનાદિ કાળથી સિદ્ધ થતા આવ્યા છે.

**(૬) અંતર -** સિદ્ધપણામાંથી ચ્યવી, બીજે જઈ આવી, ફરીથી સિદ્ધ થાય, તો વચમાં આંતરું પડ્યું કહેવાય. પણ સિદ્ધ થયેલાને કદી ચ્યવવાનું નથી, અસિદ્ધ થઈ ફરી સિદ્ધ થવાનું નથી, માટે અંતર નથી.

**(૭) ભાગ -** સિદ્ધો સર્વ જીવોના અનંતમાં ભાગે છે.

**(૮) ભાવ -** સિદ્ધોનું કેવલજ્ઞાન-દર્શન અને સિદ્ધભાવ ક્ષાયિક ભાવે છે.

**(૯) અલ્પબહુત્વ -** સૌથી થોડા નપુંસકપણે થયેલા સિદ્ધ છે, (નપુંસક તે જન્મથી નહિ, પણ કૃત્રિમ, પાછળથી થયેલા). તેના કરતાં સંખ્યાતગુણ સ્ત્રીપણે થયેલા સિદ્ધ છે; અને એના કરતાં સંખ્યાતગુણ પુરુષપણે થયેલા સિદ્ધ છે.

**વધુમાં વધુ કેટલા આત્મા સતત કયાં સુધી સિદ્ધ થાય ?**

| | |
|---|---|
| ૧ થી ૩૨......૮ સમય સુધી | ૭૩ થી ૮૪.....૪ સમય સુધી |
| ૩૩ થી ૪૮....૭ સમય સુધી | ૮૫ થી ૯૬.....૩ સમય સુધી |
| ૪૮ થી ૬૦....૬ સમય સુધી | ૯૭ થી ૧૦૨....૨ સમય સુધી |
| ૬૧ થી ૭૨....૫ સમય સુધી | ૧૦૩ થી ૧૦૮...૧ સમય સુધી |

એટલા સમય પછી આંતરું પડે, યાને જઘન્ય એક સમય કોઈપણ મોક્ષે ન જાય.

૪૫ લાખ યોજનપ્રમાણ મનુષ્યલોકમાંથી જ, (૧) મનુષ્ય જ મોક્ષે જાય, લોકની ટોચે સિદ્ધશિલા પણ તેટલા માપની છે. (૨) ભરત-ઐરવતમાં ૩જા ૪થા આરામાં જ જન્મેલા મોક્ષે જાય. મહાવિદેહમાં સદા મોક્ષે જઈ શકે... (૩) યથાખ્યાત ચારિત્રી કેવળી જ મોક્ષે જાય, (૪) કોઈ જીવ સિદ્ધિ પામ્યા પછી વધુમાં વધુ છ માસે તો બીજા આત્માની સિદ્ધિ થાય જ. (૫) જેટલા આત્મા સિદ્ધ થાય તેટલા જીવ અનાદિ નિગોદમાંથી યાને અવ્યવહારિયા જીવ બહાર નીકળે....

હવે બીજી રીતે અલ્પબહુત્વ જોઈએ. કોઈ દેવથી ક્ષેત્રાન્તરમાં સંહરણ કરાઈને સિદ્ધ બનેલા કરતાં જન્મક્ષેત્રે સિદ્ધ, ઊર્ધ્વ કરતાં અધોલોકે, તે કરતાં તિર્ચ્છાલોકે સિદ્ધ, સમુદ્ર કરતાં દ્વીપોમાંથી, ઉત્સર્પિણી-અવસર્પિણી કરતાં મહાવિદેહમાંથી, (ઉત્સર્પિણી કરતાં અવસર્પિણીમાં વિશેષાધિક), તિર્યંચમાંથી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા કરતાં મનુષ્યમાંથી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા, તે કરતાં નરકમાંથી...તે કરતાં દેવમાંથી મનુષ્ય થઇ સિદ્ધ, અતીર્થસિદ્ધ કરતાં તીર્થસિદ્ધ અસંખ્યગુણા હોય.

### સિદ્ધના ૧૫ ભેદ

અહીં 'સિદ્ધ' = વિદેહસિદ્ધ યા કૈવલ્યસિદ્ધ, તે ચરમભવની અપેક્ષાએ સિદ્ધના ૧૫ ભેદ છે. ૧. કોઈ જિનસિદ્ધ (તીર્થંકર થઈને સિદ્ધ), ૨. કોઈ (સંખ્યાતગુણ) અજિનસિદ્ધ, ૩. કોઈ તીર્થસિદ્ધ (તીર્થ સ્થપાયા પછી મોક્ષે ગયેલા), ૪. કોઈ અતીર્થસિદ્ધ (તીર્થ સ્થપાયા પહેલાં સિદ્ધ દા.ત. મરુદેવા અથવા તીર્થ નષ્ટ થયા પછી સિદ્ધ), ૫. ગૃહસ્થલિંગ સિદ્ધ (ગૃહસ્થ વેશે કેવલજ્ઞાન પામેલા ભરતચક્રી વગેરે), ૬. અન્યલિંગ-સિદ્ધ (તાપસાદિ વલ્કલચીરી), ૭. સ્વલિંગ સિદ્ધ (સાધુ વેશે), ૮.-૯.- ૧૦. સ્ત્રી-પુરુષ-નપુંસકલિંગે સિદ્ધ (નપું૰ ગાંગેય), ૧૧. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ (વૈરાગ્યજનક નિમિત્ત પામી વિરાગી અને કેવળી થયેલ, કરકંડુ), ૧૨. સ્વયંબુદ્ધ સિદ્ધ (કર્મસ્થિતિ લઘુ થવાથી બુદ્ધ, કપિલવિપ્ર), ૧૩. બુદ્ધબોધિત સિદ્ધ (ગુરુથી ઉપદેશ પામી સિદ્ધ), ૧૪. એકસિદ્ધ (એક એક સમયમાં એક જ સિદ્ધ, શ્રી વીરવિભુ), અને



૧૫. અનેકસિદ્ધ: (એક સમયમાં અનેક સિદ્ધ બનેલા તે).

૫ મા-૬ઠ્ઠા અંગે ધ્યાનમાં રાખવું કે પૂર્વભવમાં ચારિત્રની ખૂબ સાધના કરી હોય છે.

### નવતત્ત્વનો પ્રભાવ

જીવ અજીવ વગેરે નવ તત્ત્વોને જાણવાથી સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એટલું જ નહિ પણ નવ તત્ત્વના વિસ્તૃત સ્વરૂપને ન જાણતો છતાં 'આ તત્ત્વો જ સાચા' એવા ભાવથી શ્રદ્ધા કરનારો પણ સમ્યક્ત્વ પામે છે, કારણ કે, 'સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરદેવોના સર્વ વચન સત્ય જ હોય છે; પણ એકેય વચન મિથ્યા નથી હોતું,'- આ બુદ્ધિ જેના મનમાં છે, તેનામાં સમ્યક્ત્વ કહ્યું છે. રાગ દ્વેષ કે અજ્ઞાનને લીધે જૂઠું બોલાય, તે તો સર્વજ્ઞમાં છે નહિ, માટે એમનું કોઈ પણ વચન જરા ય અસત્ય નહિ, પણ બધુંય સાચું જ છે.

એક અંતર્મુહૂર્ત પણ જેને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તે સંસારમાં અર્ધ પુદ્ગલપરાવર્તથી અધિક કાળ ન જ રહે; વધુમાં વધુ એટલા કાળમાં મોક્ષે જાય જ. અનંતા કાળચક્રો=એક પુદ્ગલ-પરાવર્ત થાય. એવા અનંતાનંત પુદ્ગલ-પરાવર્તનો અતીત કાળ પસાર થઈ ગયો. એમાં અનંતાનંત જીવ મોક્ષે ગયા. જ્યારે જ્યારે પણ પ્રશ્ન થાય કે 'અત્યાર સુધીમાં કેટલા જીવ મોક્ષે ગયા ?' ત્યારે ત્યારે જૈનદર્શનને વિષે એનો ઉત્તર એક જ છે કે એક નિગોદમાં પહેલા અનંતાનંત જીવોની સંખ્યાના અનંતમાં ભાગ જેટલી જ સંખ્યા મોક્ષે ગયેલાની છે.

### • પ્રશ્નો •

**૧. મોક્ષમાં કશું કરવાનું નહિ, તો સુખ શું ?**
**૨. 'મોક્ષ' પર સત્ પદાદિ ૯ મુદ્દાથી નિબંધ લખો ?**
**૩. ભૂખ, લાભ, દીનતા, સમતા, દર્શન પાંચ ભાવમાંથી કયા કયા ભાવમાં આવે ?**
**૪. કોણ, ક્યાંથી, ક્યારે, કેવી રીતે સિદ્ધ થાય ?**
**૫. સિદ્ધના ૧૫ ભેદ સમજાવો ?**

## ૩૫. આત્માનો વિકાસક્રમ : ૧૪ ગુણસ્થાનક

પૂર્વે જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપી આશ્રવો બતાવ્યા, તે આત્માના અભ્યન્તર દોષો છે. એનાથી આત્મા નીચી સ્થિતિમાં રહે છે. એ દોષો ઓછા થતા આવે તેમ તેમ આત્મામાં ગુણ પ્રગટ થતા જાય છે, આત્મા ગુણસ્થાનકમાં આગળ વધે છે, ઊંચી ઊંચી સ્થિતિ પામે છે.

જૈન ધર્મમાં ગુણસ્થાનક (૧૪ ગુણઠાણાં)ની યોજના બતાવવામાં આવી છે. તેના નામ આ પ્રમાણે છે :-

૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪. અવિરત-સમ્યગ્દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્ત (સર્વવિરતિ), ૭. અપ્રમત્ત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃતિબાદર, ૧૦. સૂક્ષ્મસંપરાય, ૧૧. ઉપશાંતમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગીકેવળી, ૧૪. અયોગીકેવળી.

આમાં 'મિથ્યાત્વ' ના ઉદય વિનાનો પણ અનંતાનુબંધી કષાયવાળો જીવ બીજે ગુણઠાણે હોય, એ કષાય વિના મિશ્રમોહનીયના ઉદયવાળો જીવ ૩જા ગુણઠાણે હોય. 'અવિરતિ' થોડી પડતી મૂકનારો પાંચમે અને સર્વથા અવિરતિ છોડનારો છઠ્ઠે કે ઉપર હોય, 'પ્રમાદ' ટાળનારો સાતમે યા ઉપરના ગુણઠાણે, 'કષાય' સર્વથા રોકનારો અગીયારમે કે ઉપર, અને 'યોગ' અટકાવનાર ચૌદમે ગુણઠાણે ચડી મોક્ષ પામે. આમ જોઈએ તો દેખાય છે કે મિથ્યાત્વાદિ દોષ જેમ જેમ ટાળો તેમ તેમ ઉપર ઉપરના ગુણઠાણે ચડાય.

**૧. મિથ્યાત્વ** એ દોષરૂપ હોવા છતાં ગુણસ્થાનક કેમ ? તો કે (૧) ગુણની દૃષ્ટિએ જીવની નીચામાં નીચી કક્ષા બતાવાની અપેક્ષાએ, તેમજ (૨) મિથ્યાત્વ હ્રાસ પામ્યું હોય ત્યારે પ્રગટ થતા પ્રાથમિક ગુણની અપેક્ષાએ, અહીં મિથ્યાત્વ-અવસ્થાને **પહેલું** ગુણસ્થાન તરીકે કહેવામાં આવ્યું છે.



આમાં પહેલી અપેક્ષામાં, બધા જ એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો તથા ભવાભિનંદી યાને કેવળ પુદ્ગલરસિક સંજ્ઞી પંચેન્દ્રિય જીવો આવે.

બીજી અપેક્ષામાં, વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનના વચનની શ્રદ્ધા નહિ પામેલા છતાં જે મોક્ષાભિલાષી, સંસારથી ઉદ્વિગ્ન માર્ગાનુસારી જીવ હોય, જે અપુનર્બન્ધક જીવ હોય, જે અહિંસા-સત્ય વગેરે પાંચ **યમ** અને શૌચ-સંતોષ-ઈશ્વરપ્રણિધાન-તપ-સ્વાધ્યાયસ્વરૂપ પાંચ **નિયમ** પાળવાવાળા હોય, તે બધા આવે. એમને મિથ્યાત્વની મંદતાથી આ ગુણ પ્રગટેલા છે.

**૨. સાસ્વાદન ગુણસ્થાનક :** એ પહેલા ગુણસ્થાનક કરતાં એટલું વિકાસવાળું છે કે એમાં મિથ્યાત્વદોષ ઉદયમાં નથી. છતાં આ ગુણસ્થાનક પહેલેથી ચઢીને નથી પ્રાપ્ત થતું, કિન્તુ ચોથા ગુણસ્થાનકેથી પડતાં આવે છે. તે આ રીતે જીવ જ્યારે સમ્યક્ત્વ-અવસ્થામાં ઢીલો પડે છે, અને મિથ્યાત્વ ઉદય પામ્યા પહેલાં એના અનંતાનુબંધી રાગાદિ કષાયો ઉદયમાં આવે છે, ત્યારે આ કષાયો સમકિતના ઘાતક હોવાથી એ એનો સમ્યક્ત્વ-ગુણ નષ્ટ કરે છે; એટલે એ ચોથે ગુણઠાણેથી નીચે પડે છે. છતાં હજુ મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું, એટલે જીવ ચોથેથી પડી બીજે સાસ્વાદન ગુણઠાણે આવે છે. અહીં ઊલટી કરી નાખેલા સમ્યક્ત્વ કંઈક લેશ આસ્વાદન કરે છે, તેથી એ સાસ્વાદન કહેવાય છે. આ અવસ્થા અતિ અલ્પ કાળ (વધુમાં વધુ ૬ આવલિકા કાળ) ટકે છે, કેમકે ત્યાં અનંતાનુબંધી કષાયનું જોર મિથ્યાત્વને ઝટ ઉદયમાં ખેંચી લાવે છે; એટલે જીવ પહેલા ગુણસ્થાનકે ચાલ્યો જાય છે. ('અસંખ્ય સમય=૧ આવલિકા, ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા = ૪૮ મિનિટ અર્થાત્ ૧ સેકંડની લગભગ ૫૮૦૦ આવલિકા થાય.')

**૩. મિશ્ર ગુણસ્થાનક** - પહેલા ગુણસ્થાનકવાળો જીવ મિથ્યાત્વ અને અનંતાનુબંધી રોકી મિશ્રમોહ વેદે છે, ત્યારે આ ગુણસ્થાનક પામે

છે. તેમજ ચોથાવાળો પણ સમ્યક્ત્વ ગુમાવીને મિશ્રમોહ અનુભવે છે, ત્યારે અહીં આવે છે.

મિશ્ર એટલે જેમ નારિયેળી દ્વીપના વાસીને નાળિયેરનો જ ખોરાક હોઈ અન્ન ઉપર રુચિ-અરુચિ કાંઈ નથી, તેમ જીવને સત્ય તત્ત્વ ઉપર રુચિ-અરુચિ કાંઈ નહિ, સ્થૂલ અહિંસાદિ વ્રત નહિ, ત્યારે આ ગુણસ્થાનકે આવે છે. સમ્યક્ત્વ ત્રણ રીતે પમાય છે,-

(૧) મિથ્યાત્વકર્મનો તદ્દન ઉપશમ કરાય અર્થાત્ વિશિષ્ટ શુભ અધ્યવસાયના બળે અંતર્મુહૂર્ત કાળના એ કર્મના દળિયાંને આગળ-પાછળ ઉદયવશ કરી દઈ એટલો કાળ મિથ્યાત્વના સર્વથા ઉદય વિનાનો કરી દેવાય, ત્યારે **ઉપશમ સમ્યક્ત્વ** પમાય છે.

(૨) મિથ્યાત્વ કર્મના દળિયાંનું સંશોધન કરી અશુદ્ધ અને અર્ધ શુદ્ધ દળિયાંનો ઉદય રોકી શુદ્ધ દળિયાંનો ઉદય ભોગવાય ત્યારે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** પમાય છે.

(૩) સમસ્ત શુદ્ધ-અર્ધશુદ્ધ-અશુદ્ધ મિથ્યાત્વ-કર્મપુદ્ગલોનો, અનંતાનુબંધી કષાયોના સર્વનાશપૂર્વક નાશ કરાય ત્યારે **ક્ષાયિક સમકિત** પમાય છે.

ત્રણેયમાં શ્રદ્ધા તો એ જ જિનવચન પર જ હોય છે, જિનોક્ત નવ તત્ત્વ અને મોક્ષમાર્ગ તથા અરિહંતદેવ, નિર્ગ્રંથ મુનિ ગુરુ, ને જિનોક્તધર્મ પર એકમાત્ર શ્રદ્ધા હોય છે. અહીં હિંસાદિ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ 'વિરતિ' નથી કરી, માટે એ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

**૫. દેશવિરતિ ગુણસ્થાનક** - સમ્યક્ત્વ પામ્યા પછી જેવી શ્રદ્ધા કરી કે 'હિંસા-જૂઠ વગેરે પાપો ત્યાજ્ય છે.' એ પ્રમાણે એના આંશિક ત્યાગની પ્રતિજ્ઞા કરાય, ત્યારે એ અંશે વિરતિ અર્થાત્ દેશવિરતિ શ્રાવકનું ગુણસ્થાનક પ્રાપ્ત થયું ગણાય.

**૬. પ્રમત્ત (સર્વવિરતિ) ગુણસ્થાનક** - વૈરાગ્ય ભરપૂર થઈ



વીર્યોલ્લાસ વિકસાવતાં હિંસાદિ સર્વ પાપોનો સર્વથા (સૂક્ષ્મ રીતે પણ) ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક કરાય, ત્યારે સર્વવિરતિ સાધુપણું આવ્યું કહેવાય. અહીં હજી પ્રમાદ નડી જાય છે તેથી પ્રમત્ત અવસ્થા છે માટે એને પ્રમત્ત ગુણસ્થાનક કહે છે.

**૭. અપ્રમત્ત ગુણસ્થાનક** - છઠ્ઠા ગુણસ્થાનકની અવસ્થામાંથી પ્રમાદનો ત્યાગ કરાય ત્યારે અહીં અવાય છે. પરંત વિસ્મૃતિ ભ્રમ વગેરે પ્રમાદ એવા નાજુક છે કે એને ક્ષણભર ટાળ્યા હોય છતાં પાછા ઊભા થાય છે, એટલે ૭મું ગુણસ્થાનક જીવને અંતર્મુહૂર્તથી વધુ સમય ટકવા દેતું નથી અને એને ૬ઠ્ઠા ગુણસ્થાનકે તાણી જાય છે. પરંતુ સાધક આત્માની પ્રમાદની સામે સતત લડાઈ ચાલુ છે, એટલે પાછો ઉપર સાતમે ચઢે છે, વળી પડે છે, પાછો ચઢે છે. એમાં જો અધિક વીર્યોલ્લાસ ફોરવે તો ૮મે ગુણઠાણે ચડી જાય છે. **૭ મે થી ૮ મે ન ચડે તો નીચો પડે.**

**૮. અપૂર્વકરણ ગુણસ્થાનક** - મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદને અને કષાયની ૩ ચોકડીના ઉદયને ટાળવાથી ૭મે ગુણસ્થાનકે અવાયું. હવે સંજ્વલન કષાયનો રસ મંદ કરાય અને પાંચ અપૂર્વ કરવામાં આવે ત્યારે આ આઠમે ગુણસ્થાનકે અવાય છે.

અહીં ખાસ કરીને મોહનીય કર્મનો ઉપશમ કરનારી ઉપશમ શ્રેણિ અથવા ક્ષય કરનારી ક્ષપકશ્રેણિએ ચઢાય છે. એ ચઢાવનાર અદ્ભુત ધ્યાનમાં લીન બનાય છે. એના ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયના બળે ૧. અપૂર્વ સ્થિતિઘાત, ૨. અપૂર્વરસઘાત, ૩. અપૂર્વ ગુણશ્રેણિ (અસંખ્યગુણ-અસંખ્યગુણ-ક્રમથી કર્મરચના). એમજ ૪. અપૂર્વ ગુણસંક્રમ (પ્રાગ્બદ્ધ કર્મનું બંધાતા કર્મમાં અસંખ્યગુણ વૃદ્ધિએ સંક્રમણ), અને ૫. અપૂર્વ સ્થિતિબંધ એ પાંચ અપૂર્વ સાધવામાં આવે છે.

**૯. અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક** - આઠમાને અને સૂક્ષ્મ પણ હાસ્યમોહનીય આદિ કર્મને જ્યારે સર્વથા ઉપશાન્ત યા ક્ષીણ કરી દે

છે, ને શુભ ભાવમાં આગળવધે છે, ત્યારે આ નવમું ગુણસ્થાનક પામે છે. અહીં એક સાથે પ્રવેશ કરનાર અનેકના આંતરિક ભાવ આખા ગુસ્થાનક-કાળમાં એકસરખી ચઢતી કક્ષાએ આગળ વધે છે. પણ તેમાં તફાવત-તરતમતા યાને 'નિવૃત્તિ' નથી હોતી, તેથી આને 'અનિવૃત્તિ' બાદર ગુણસ્થાનક કહે છે 'બાદર' એ દૃષ્ટિએ કે હજી અહીં ઉપરના ૧૦મા ગુણસ્થાનકની અપેક્ષાએ સ્થૂલ કષાય ઉદયમાં છે.

**૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક** - એ બાદર કષાયને ઉપશમાવી યા ક્ષીણ કરી દઈને હવે 'સંપરાય' એટલે કે કષાય, તે પણ માત્ર લોભ (રાગ) સૂક્ષ્મ કોટિનો ઉદયમાં રહે ત્યારે આ ગુસ્થાનકે અવાય છે.

**૧૧. ઉપશાન્ત મોહ ગુણસ્થાનક** - ઉક્ત સૂક્ષ્મ લોભને પણ તદ્દન ઉપશાંત કરી દેવાય ત્યારે ઉપશાંત મોહનું આ ગુણસ્થાનક પમાય છે.

અહીં જીવ વીતરાગ બને છે. મોહનીય કર્મ ઉપશાંત કર્યા એટલે એનો તત્કાલ ઉદય અંતર્મુહૂર્ત માટે સર્વથા રોકયો; પરંતુ સિલિકમાં તો એ પડ્યા છે, તેથી અંતર્મુહૂર્તમાં જ એ પાછા ઉદયમાં આવી જીવને નીચેના ગુણસ્થાનકોમાં ઘસડે છે. એટલે અહીં સર્વથા ઉપશાન્ત થઈને જે વીતરાગ-દશા અને યથાખ્યાત ચારિત્ર મળ્યું હતું, તે અંતર્મુહૂર્તમાં લુપ્ત થઇ જાય છે, તેથી નીચેના ૧૦મા વગેરે ગુણઠાણે ઊતરી જાય છે.

**૧૨. ક્ષીણમોહ ગુણસ્થાનક** - જેમણે મોહનીય કર્મની 'ઉપશમના' કરતાં રહેવાનું કર્યું, તે તો ૧૧મું ગુણસ્થાનક પામે છે, પરંતુ જેમણે પહેલેથી જ 'ક્ષપણા' (ક્ષય) કરવા માંડી, તે ૧૦માને અંતે મોહ સર્વથા ક્ષીણ થઈ જતા તરત ૧૨મે આવી ક્ષીણમોહ વીતરાગ બને છે. હજી અહીં જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાય નામના ઘાતીકર્મ ઉદયમાં વર્તે છે, તેથી એ સર્વજ્ઞ નથી બન્યા, પણ છદ્મસ્થ વીતરાગ છે. છદ્મ=જ્ઞાનાવરણ કર્મનું આવરણ.

**૧૩. સયોગી કેવળી ગુણસ્થાનક** - બારમાને અંતે જ્યારે સમસ્ત ઘાતી કર્મોનો નાશ કરે છે, ત્યારે અહીં આવી કેવળજ્ઞાન-કેવળદર્શન



પામે છે. એ સર્વજ્ઞ બને છે, એથી લોકાલોકના ત્રણે ય કાળના સમસ્ત ભાવોને પ્રત્યક્ષ જુએ છે.

હજી અહીં ઉપદેશ, વિહાર, આહારપાણી વગેરે પ્રવૃત્તિ ચાલુ છે, એ વચન-કાયાના યોગ છે, તેથી એ સયોગી કેવળી કહેવાય છે, ૧૧-૧૨-૧૩મે ગુણસ્થાનકે માત્ર યોગ નામનો આશ્રવ બાકી છે, તેથી માત્ર શાતાવેદનીય કર્મ બાંધે છે, પછી મોક્ષે જવાની તૈયારી હોય, ત્યારે શુકલધ્યાનના ત્રીજા-ચોથા પ્રકારમાં ચડતાં બાદર અને સૂક્ષ્મ મન-વચન-કાયાના યોગોને અટકાવે છે.

**૧૪. અયોગી કેવળી ગુણસ્થાનક** - ૧૩માને અંતે સર્વ યોગોને સર્વથા અટકાવી દે છે, ત્યારે આત્મપ્રદેશ જે પૂર્વે યોગથી કંપનશીલ હતા તે હવે સ્થિર શૈલેષ-મેરુ જેવા બની જાય છે. એને શૈલેશીકરણ કહે છે.

૧૪મા ગુણઠાણે પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલો જ કાળ રહે છે. એમાં સમસ્ત અઘાતી કર્મનો નાશ કરી અંતે સર્વકર્મરહિત અરૂપી, શુદ્ધ, અનંત જ્ઞાન દર્શન-સુખમય બની આત્મા મોક્ષ પામે છે; અને એક જ સમયમાં ૧૪ રાજલોકના મથાળે સિદ્ધશિલાની ઉપર જઈ શાશ્વત કાળ માટે સ્થિર થાય છે.

(૧) આ મિથ્યાત્વાદિ સંસાર-કારણો, અને (૨) એના બરાબર પ્રતિપક્ષી સમ્યક્ત્વાદિ મોક્ષકારણો, તથા (૩) એ મોક્ષકારણો સેવવામાં આત્માનું ૧૪ ગુણસ્થાનકની પાયરીએ થતું ઊર્ધ્વીકરણ જૈન શાસનમાં જ બતાવ્યું છે.

**• પ્રશ્નો •**

**૧. ૧૪ ગુણસ્થાનકની પ્રક્રિયા સમજાવો.**

**૨. મિથ્યાત્વ એ ગુણસ્થાનક શાથી ? સાસ્વાદન કેમ પડતાં જ હોય ?**

**૩. સમ્યક્ત્વના ૩ પ્રકાર, ૭મા ગુણઠાણાની નાજુકતા, અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક, શૈલેશી, ૫ અપૂર્વકરણ સમજાવો.**

# ૩૬. પ્રમાણો અને જૈન શાસ્ત્રો

વસ્તુનો બોધ બે રીતે થાય છે- એક, કોઈ અપેક્ષા રાખ્યા વિના વસ્તુને સમગ્ર રૂપે જોવાય તે, અને બીજો, અમુક અપેક્ષાએ અંશે જોવાય તે. આંખ ખોલી, ઘડો જોયો, એ ઘડાનો સમગ્ર રૂપે બોધ થયો કહેવાય. પણ શહેર બહાર ગયા અને યાદ આવ્યું કે 'ઘડો શહેરમાં રહ્યો,' એ અંશે બોધ કર્યો ગણાય, કેમકે એમ તો 'ઘડો ઘરમાં રહ્યો છે,' પાણિયારામાં રહ્યો છે,.... યાવત્ પોતાના અવયવમાં રહ્યો છે.' એવા પણ ઘડામાં અંશો છે, પરંતુ અમુક અપેક્ષા યાને દૃષ્ટિ રાખીને બોધ કર્યો કે 'શહેરમાં રહ્યો,' તેથી એ અંશે બોધ થયો કહેવાય.

સમગ્ર રૂપે થતા બોધને **સકલાદેશ** અર્થાત્ **'પ્રમાણ'** કહેવાય છે. અંશે થતા બોધને **વિકલાદેશ** અર્થાત્ **'નય'** કહેવામાં આવે છે. પ્રમાણ અને નય એ જ્ઞાનના જ બે પ્રકાર છે.

પ્રમાણજ્ઞાન સમગ્ર રૂપે થતું હોઈ એમાં 'અમુક અપેક્ષાએ આમ છે' એવું નથી. જીભથી સાકર મીઠી જાણી, કે શાસ્ત્રથી નિગોદમાં અનંત જીવ જાણ્યા, એમાં કાંઈ વચમાં અપેક્ષા ન આવી.

પરંતુ ઘડો રામલાલનો હોવાનું જાણ્યું એમાં અપેક્ષા છે કે માલિકીની દૃષ્ટિએ રામલાલનો છે, અગર બનાવટની દૃષ્ટિએ, યા સંગ્રાહકપણાની દૃષ્ટિએ અર્થાત્ 'ઘડો' રામલાલ નામના માલિકનો કે બનાવનારનો અથવા સંગ્રાહકનો છે.' એવું જ્ઞાન, આ અપેક્ષાએ અંશે થતું જ્ઞાન એ નય છે.

**પાંચ પ્રમાણ**

પ્રમાણજ્ઞાન બે પ્રકારે છે,- ૧. પ્રત્યક્ષ, અને ૨. પરોક્ષ. પ્રત્યક્ષજ્ઞાન એટલે જે જ્ઞાન 'અક્ષ' (આત્મા) ને 'પ્રતિ' અર્થાત્ સાક્ષાત્ (બાહ્ય સાધન વિના) થાય તે. પરોક્ષજ્ઞાન એટલે આત્માને 'પર' એટલે કે ઇન્દ્રિય વગેરે કોઈ સાધન દ્વારા થાય તે જ્ઞાન.



પરોક્ષજ્ઞાનના બે પ્રકાર છે. ૧. મતિજ્ઞાન અને ૨. શ્રુતજ્ઞાન.

પ્રત્યક્ષજ્ઞાનના ત્રણ પ્રકાર છે. ૧.અવધિજ્ઞાન, ૨. મનઃપર્યાયજ્ઞાન, અને ૩. કેવળજ્ઞાન. આમ પ્રમાણજ્ઞાનના પાંચ પ્રકાર થયા,- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, અને કેવળજ્ઞાન.

**૧. મતિજ્ઞાન :-** મતિજ્ઞાન ઇન્દ્રિયો અને મનથી થાય છે. ચક્ષુઇન્દ્રિયથી રૂપી દ્રવ્ય અને રૂપ (વર્ણ), સંખ્યા, આકૃતિ વગેરેનું જ્ઞાન થાય. દા.ત. જોયું - 'આ ઘડો છે, લાલ છે, એક જ છે, ગોળ છે,'... ઇત્યાદિ, ઘ્રાણેન્દ્રિયથી ગંધનું ભાન થાય,-' આ સુગંધિ ક્યાંથી આવી ?' રસનેંદ્રિયથી રસનું,- 'આમાં મીઠાશ સારી છે.' સ્પર્શનેન્દ્રિયથી સ્પર્શનું,- 'આ સુંવાળું છે.' શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું 'વાહ કેવો મધુર શબ્દ !' અને મનથી ચિંતન, સ્મરણ, અનુમાન, તર્ક વગેરે થાય તે દા.ત. 'કાલે જઈશ,' 'પેલો માર્ગમાં મળેલો,' 'ધુમાડો દેખાય છે માટે અગ્નિ સળગતો હશે,' વગેરે સ્મરણ કલ્પના થાય એ બધું મતિજ્ઞાન છે.

**મતિજ્ઞાનમાં ચાર કક્ષા છે**

પહેલાં 'કંઈક' એવું ભાન થાય છે એ 'અવગ્રહ.' પછી,
'આ શું હશે ? અમુક નહિ, અમુક સંભવે છે,' - એ **'ઈહા.'** બાદ.
'આ અમુક જ છે,' - એવો નિર્ણય એ **'અપાય.'** અને પછી,
એ ભૂલી ન જવાય એવી ચોકસાઈ, એ **'ધારણા.'**

આમ મતિજ્ઞાન ક્રમશઃ ચાર પ્રકારે થયું, - અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા.

દા.ત (૧) સ્વર કાને આવતા 'કંઈક વાગે છે,' - એમ શ્રોત્રેન્દ્રિયથી અવગ્રહ થયો. (૨) 'એ અવાજ તબલાનો છે કે ઢોલકનો ? વિશેષતાએ ઢોલકનો લાગે છે,'- એ **ઈહા** થઈ. (૩) 'બરાબર ઢોલકનો જ અવાજ છે,' એ **અપાય** મતિજ્ઞાન કર્યું. પછી મનમાં એ અવાજ ચોક્કસ ધારી રાખ્યો, તે **ધારણા** મતિજ્ઞાન થયું.

અવગ્રહમાં પણ બે પ્રકાર છે,- એક, 'કંઈક' એવો વ્યક્ત ભાસ થવા માટે પહેલાં પદાર્થ ઇન્દ્રિયના સંપર્કમાં જોડાતો જાય અને અવ્યક્ત

અત્યન્ત આછી ચેતના જગાડે, તે **વ્યંજનાવગ્રહ** કહેવાય; અને પછી 'કંઈક' એવો પદાર્થનો ભાસ થાય તે **અર્થાવગ્રહ** કહેવાય. ઊંઘતા માણસને કેટલોક વખત એના નામના શબ્દ કાને અથડાયા કરે છે, પછી એને કંઈક અવાજ ભાસે છે. ત્યાં શબ્દ અથડાવામાં અવ્યક્ત ચેતના જાગ્રત થઈ રહે છે. તેથી એને પણ (વ્યંજનાવગ્રહ) જ્ઞાન કહેવામાં આવે છે. ભીંત પર પણ શબ્દ અથડાય છે, છતાં એને આવું કાંઈ નથી થતું. માટે અજીવને અથડાવાનું જુદું અને સજીવ ઈન્દ્રિઓને અથડાવાનું જુદું. એ માત્ર સંપર્ક નહિ, કિંતુ અવ્યક્ત ચૈતન્યસ્ફુરણનું કારણ છે, અવ્યક્ત જ્ઞાન જગાવે છે. એ વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન સિવાય ચાર ઈન્દ્રિયોને જ હોય છે; કેમકે ચક્ષુ અને મનને પોતાના વિષયનો સંપર્ક થતો નથી. એ થવાની જરૂર હોતી નથી. માત્ર યોગ્ય દેશમાં આવેલી વસ્તુને અડ્યા વિના ચક્ષુ પકડી લે છે. એમ મન પણ વિષયને અડ્યા વિના ચિંતવી લે છે.

**માનસ-મતિજ્ઞાનના રૂપકો**

(૧) મનથી ભાવિનો વિચાર થાય તે **ચિંતા.** (૨) ભૂતકાળનું યાદ આવે તે **સ્મૃતિ.** (૩) વર્તમાનનો વિચાર આવે તે **મતિ** યા **સંજ્ઞા.** (૪) 'આ એજ માણસ છે.' એમ વર્તમાન સાથે ભૂતકાળનું અનુસંધાન થાય તે **પ્રત્યભિજ્ઞા.** (૫) 'અમુક હોય તો અમુક હોવું જ જોઈએ.'- એવો વિકલ્પ તે **તર્ક.** (૬) હેતુ જોઈને કલ્પના થાય તે **અનુમાન.** દા.ત. નદીમાં પૂર જોઈને લાગે કે 'ઉપર વરસાદ પડ્યો હશે.' (૭) દેખાતી કે સંભળાતી વસ્તુ અમુક વિના ન ઘટે, માટે એ અમુકની કલ્પના તે **અર્થાપત્તિ.** દા.ત. કોઈ સશક્ત માણસ છે, ને 'તે દિવસે ખાતો નથી,' -એમ જાણ્યા પછી થાય કે જરૂર તે રાત્રે ખાતો હશે,- આ અર્થાપત્તિ મતિજ્ઞાન.

**૨. શ્રુતજ્ઞાન :** એ ઉપદેશ સાંભળીને કે લખાણ વાંચીને થાય છે. અમુક શબ્દ સાંભળ્યા તે તો શ્રોત્રથી **શબ્દનું મતિજ્ઞાન** થયું. એ તો ભાષા ન જાણતો હોય એને પણ થાય. પરંતુ શબ્દ-શ્રવણ પછી એના પરથી ભાષાના જાણકારને પદાર્થબોધ થાય, કહેવાની વસ્તુ સમજાય, તે શ્રુતજ્ઞાન છે. એ શાસ્ત્રથી થાય, કોઈના ઉપદેશથી યા સલાહ કે શિખામણથી પણ



થાય. જ્યાં જ્યાં ઉપદેશ આગમ વગેરે અનુસરીને જ્ઞાન થાય, ત્યાં ત્યાં તે શ્રુતજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે.**

**૧. અક્ષરશ્રુત**=અક્ષરથી બોધ થાય તે. **૨. અનક્ષરશ્રુત**=ખુંખારો કે માથું, આંગળી આદિની ચેષ્ટા વગેરેથી બોધ થાય તે. **૩. સંજ્ઞિશ્રુત** = મનસંજ્ઞા વાળાને થાય તે. **૪. અસંજ્ઞિશ્રુત**=એકેન્દ્રિયાદિ જીવોને થાય તે. **૫. સમ્યક્શ્રુત**=સમકિતીનો શ્રુતબોધ. **૬. મિથ્યાશ્રુત**= મિથ્યાત્વીનો શાસ્ત્રબોધ. **૭. સાદિશ્રુત**=ભરતાદિ ક્ષેત્રમાં આદિ પામનારું શ્રુત. **૮. અનાદિશ્રુત**=મહાવિદેહમાં અનાદિથી ચાલ્યું આવતું શ્રુત. **૯. સપર્યવસિત શ્રુત**= નાશ પામનારું શ્રુતજ્ઞાન. **૧૦. અપર્યવસિતશ્રુત**= અવિનાશી શ્રુતધારા. **૧૧. ગમિકશ્રુત** = સરખા ગમ યાને આલાવા (ફકરા)વાળું શ્રુત, **૧૨. અગમિકશ્રુત**= એથી ઊલટું, **૧૩. અંગપ્રવિષ્ટશ્રુત**= અંગનામક આગમશાસ્ત્રોમાં આવેલું જ્ઞાન. **૧૪. અનંગપ્રવિષ્ટશ્રુત**= અંગ બહારના 'આવશ્યક', 'દશવૈકાલિક' આદિ શાસ્ત્રનું શ્રુતજ્ઞાન.

સમ્યક્શ્રુતમાં જિનાગમો તથા જૈનશાસ્ત્રો આવે. મૂળ એ સર્વજ્ઞ શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવની વાણીમાંથી પ્રગટેલા છે, માટે સમ્યક્ છે. હવે આગમો અને શાસ્ત્રો જોઈએ.

**૪૫ આગમ**

તીર્થંકર ભગવાન સંસારવાસ તજી નિષ્કલંક ચારિત્ર અને બાહ્ય-આભ્યંતર તપની સાધના કરીને વીતરાગ સર્વજ્ઞ બને છે. પછી એ ગણધર શિષ્યોને **'ઉપ્પનેઈ વા, વિગમેઈ વા, ધુવેઈવા'** એ ત્રણ પદ (ત્રિપદી) આપે છે. ત્યાં એના શ્રવણ ઉપર એમની પૂર્વજન્મની વિશિષ્ટ સાધના, બુદ્ધિકૌશલ્ય, તીર્થંકર ભગવાનનો યોગ, ચારિત્ર વગેરે કારણો આવી મળવાથી, એ ગણધરદેવોને શ્રુતજ્ઞાનાવરણ કર્મનો અપૂર્વ ક્ષયોપશમ યાને અમુક રીતનો નાશ થાય છે. એથી વિશ્વના તત્ત્વનો પ્રકાશ થવાથી એ બાર અંગ (દ્વાદશાંગી) આગમની રચના કરે છે, ને સર્વજ્ઞ પ્રભુ એને પ્રમાણિત કરે છે.

તે બાર અંગ આ- આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાગ, સમવાયાંગ, ભગવતી (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ), જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાતિક-દશાંગ, પ્રશ્ન-વ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ.

આ ૧૨માં અંગ **'દૃષ્ટિવાદ'માં ૧૪ પૂર્વ** નામના મહાશાસ્ત્રોનો સમાવેશ છે. વીરપ્રભુના નિર્વાણ પછી હજારેક વર્ષે એ 'દૃષ્ટિવાદ'-આગમ વિચ્છેદ પામી ગયું, અર્થાત્ ભૂલાઈ ગયું છે. એટલે બાકી રહ્યા ૧૧ અંગ, એ ૧૧+'ઔપપાતિક' વગેરે ૧૨ ઉપાંગ + બૃહત્કલ્પ વગેરે ૬ છેદસૂત્ર + આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, ઓઘનિર્યુક્તિ, એ ૪ મૂળસૂત્ર + નંદીસૂત્ર અને અનુયોગદ્વાર એ ૨ + ૧૦ પ્રકીર્ણકશાસ્ત્ર (ગચ્છાચાર પયન્ના વગેરે) = એમ કુલ ૪૫ આગમ આજે ઉપલબ્ધ છે. આમાં 'આવશ્યક' પણ ગણધરરચિત, બાકી પૂર્વધરરચિત હોય છે.

**પંચાંગી આગમ :-**

દશ આગમસૂત્ર પર શ્રુતકેવલી ચૌદપૂર્વધર આચાર્ય ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્લોકબદ્ધ ટૂંકી વિવેચના લખી છે, તે-'નિર્યુક્તિ'. એના પર પૂર્વધર મહર્ષિએ શ્લોકબદ્ધ વધુ વિવેચન કર્યું છે તે 'ભાષ્ય' અને ત્રણેયના ઉપર આચાર્ય ભગવંતોએ પ્રાકૃત-સંસ્કૃત વિવેચન કર્યા છે, તે 'ચૂર્ણિ', અને 'ટીકા' કહેવાય છે. એમ સૂત્ર-નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ અને ટીકા, એ પંચાંગી આગમ કહેવાય છે.

## અન્ય જૈન શાસ્ત્રો

આ સિવાય તત્ત્વાર્થ મહાશાસ્ત્ર, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, સંગ્રહણી, ક્ષેત્રસમાસ, છ કર્મગ્રંથ, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ, ચૈત્યવંદનાદિ ભાષ્ય, લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધાર વગેરે અનેકાનેક **પ્રકરણ-શાસ્ત્રો** બહુશ્રુત આચાર્યોએ રચ્યા છે.

**ઉપદેશશાસ્ત્રોમાં** ઉપદેશમાળા, ઉપદેશ-પદ, પુષ્પમાળા, ભવભાવના, ઉપદેશતરંગિણી, અધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ, ૩૨ અષ્ટક, ઉપમિતિભવપ્રપંચા- કથા વગેરે શાસ્ત્રો છે.

**આચારગ્રન્થોમાં** શ્રાવકધર્મપ્રજ્ઞપ્તિ, શ્રાદ્ધવિધિ, ધર્મરત્નપ્રકરણ,



શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ, આચારપ્રદીપ ધર્મબિંદુ, પંચાશક, ૨૦ વીશી, ષોડશક, ધર્મસંગ્રહ, સંઘાચારભાષ્ય વગેરે છે.

**યોગગ્રન્થોમાં** ધ્યાનશતક, યોગશતક, યોગબિંદુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગશાસ્ત્ર, અધ્યાત્મસાર, ૩૨ બત્રીશી, યોગસાર વગેરે છે.

**દર્શનશાસ્ત્રોમાં** સન્મતિતર્ક, અનેકાંતવાદ, લલિતવિસ્તરા, ધર્મસંગ્રહણી, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય, સ્યાદ્વાદરત્નાકર, ઉત્પાદાદિસિદ્ધિ, નયોપદેશ, અનેકાંતવ્યવસ્થા, પ્રમાણમીમાંસા, ન્યાયાવતાર, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, સપ્તભંગી, તર્કપરિભાષા સ્યાદ્વાદમંજરી, રત્નાકરાવતારિકા... વગેરે છે.

**ચરિત્રગ્રન્થોમાં :-** વસુદેવહીંડી, ત્રિપષ્ઠિશલાકાપુરુષચરિત્ર, કુવલયમાળા, સમરાઈચ્ચકહા, ભવિસયત્તચરિય, પુહવીચંદ-ગુણસાગર ચરિય, તરંગવતી, અમમચરિત્ર, જયાનંદકેવળી ચરિત્ર... વગેરે અનેક ચરિત્રો છે.

**શબ્દશાસ્ત્રમાં :-** સિદ્ધહેમવ્યાકરણ, બુદ્ધિસાગર વ્યાકરણ, અભિધાન-ચિંતામણિ, અનેકાર્થનામમાલા, કાવ્યાનુશાસન, લિંગાનુશાસન, છંદાનુશાસન, વૃત્તરત્નાકર, ન્યાયસંગ્રહ, દેશીનામમાળા, હેમપ્રકાશ, લઘુહેમપ્રક્રિયા ઉણાદિપ્રકરણ... વગેરે છે.

**કાવ્યશાસ્ત્રોમાં :-** તિલકમંજરી, દ્વાશ્રયકાવ્ય, શાલિભદ્રચરિત્ર, હીરસૌભાગ્ય, જૈનમેઘદૂત, ગૌતમીયકાવ્ય, વિજયપ્રશસ્તિ, કુમારપાળચરિત્ર, શાંતિનાથ મહાકાવ્ય... વગેરે.

**જ્યોતિષશાસ્ત્રાદિ :-** આરંભસિદ્ધિ, નારચંદ્ર, લગ્નશુદ્ધિ. આ સિવાય વાસ્તુસાર વગેરે શિલ્પશાસ્ત્ર તથા બીજા શાસ્ત્રો, ગુજરાતી રાસા ઈત્યાદિ અનેકાનેક વિષયોના અનેક શાસ્ત્રો છે.

## અવધિ - મનઃપર્યાય - કેવળજ્ઞાન

**૩. અવધિજ્ઞાન :-**

અવધિ એટલે મર્યાદા અર્થાત્ રૂપી દ્રવ્ય-પૂરતું અને ઈન્દ્રિય વગેરેની સહાય વિના આત્માને સીધું જ પ્રત્યક્ષ થાય તે અવધિજ્ઞાન છે. દેવ અને

નારકને આ જન્મસિદ્ધ હોય છે, અને મનુષ્ય તિર્યંચને તપ વગેરે ગુણથી પ્રગટે છે. એમ એ એક ભવપ્રત્યયિક છે. એ કેટલાય દૂર દેશકાળના રૂપી પદાર્થ પ્રત્યક્ષ જોઈ શકે છે.

અવધિજ્ઞાન પ્રતિપાતી, અપ્રતિપાતી,... વગેરે છ પ્રકારે છે. અવધિજ્ઞાન કોઈ નાશ પામે છે, અગર કોઈ ટકી રહે છે, તે **પ્રતિપાતી** અને **અપ્રતિપાતી;** વળી કોઈ ઉત્પત્તિક્ષેત્રની બહાર જીવની સાથે જઈ શકે છે, તો કોઈ નથી જઈ શકતું, તે **અનુગામી,** ને **અનનુગામી;** વળી કોઈ વધતું ચાલે છે, તો કોઈ ઘટતું, તે **વર્ધમાન** અને **હીયમાન.** એમ છ પ્રકારે અવધિજ્ઞાન હોય છે.

**૪. મનઃપર્યાયજ્ઞાન :-**

અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોએ ચિંતવન માટે મનોવર્ગણામાંથી જે મન બનાવેલ હોય, તે મનનું પ્રત્યક્ષ કરવાનું ખાસ કાર્ય મનઃપર્યાયજ્ઞાન કરે છે. એ અપ્રમાદી મુનિમહર્ષિને થાય છે. એના બે પ્રકાર છે, **૧. ઋજુમતિ,** ને **૨. વિપુલમતિ.** ઋજુમતિ મનને સામાન્ય રૂપે જુએ છે, દા.ત. 'આ માણસ ઘડો ચિંતવી રહ્યો છે; ત્યારે, વિપુલમતિ વિશેષ જાણે છે, જેમકે 'આ પાટલીપુત્રનગરનો અને અમુક કાળે તથા અમુકે બનાવેલો ઘડો વિચારી રહ્યો છે.'

**૫. કેવળજ્ઞાન :-**

ત્રણેય કાળના સર્વદ્રવ્યોના સર્વપર્યાયને પ્રત્યક્ષ જોઈ શકે તે કેવળજ્ઞાન. ત્યાં હવે વિશ્વની કોઈ કાળની કોઈ જ વસ્તુનું અજ્ઞાન નથી, માત્ર જ્ઞાન જ છે; માટે એ કેવળજ્ઞાન કહેવાય. આત્મા સમ્યક્ત્વ સહિત સર્વવિરતિ-ચારિત્ર, અપ્રમત્ત, અપૂર્વકરણ વગેરે ગુણસ્થાનકે ચઢતો આગળ જઈ શુક્લધ્યાનથી સર્વ મોહનીય કર્મનો નાશ કરીને પછી સર્વ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાય કર્મનો નાશ કરે, ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન નવું કોઈ બહારથી નથી આવતું, આત્માના સ્વરૂપમાં બેઠું જ છે. માત્ર ઉપર આવરણ લાગ્યા છે, એ જેમ જેમ તૂટે તેમ તેમ જ્ઞાન પ્રગટતું આવે છે. સર્વ આવરણ નષ્ટ થયે સમસ્ત લોકાલોકને પ્રત્યક્ષ કરતું



કેવળજ્ઞાન ૧૩મા ગુણસ્થાનકે પ્રગટે છે.

*** સર્વજ્ઞતા શાથી ?**

આત્મા જડથી જુદો પડે છે તે જ્ઞાન સ્વભાવને લઈને. એના પરના આવરણ ખસે તેમ તેમ એ જ્ઞાન પ્રગટ થાય. હવે જ્ઞાનનો સ્વભાવ દર્પણની જેમ જ્ઞેયને પકડવાનો છે, જ્ઞેય પ્રમાણે પરિણમવાનો છે. જો કોઈ આવરણ હવે બાકી નથી તો સહજ છે કે એ સર્વ જ્ઞેય પદાર્થને વિષય કરે. 'જ્ઞાન આટલું જ જાણે, વધુ નહિ,'- એમ જ્ઞાનની લિમિટ બાંધવામાં કોઈ યુક્તિ નથી. મન કેટલું ચિંતવી શકે એની લિમિટ ક્યાં બંધાય છે ? માટે કેવળજ્ઞાનમાં અતીત-અનાગત-વર્તમાન, સૂક્ષ્મ-સ્થૂલ, સમસ્ત લોકાલોકવર્તી જ્ઞેય પ્રત્યક્ષ છે.

આવું સર્વપ્રત્યક્ષ જ્ઞાન જેને થાય, એ જ જગતને સત્ય તત્ત્વ અને સાચો મોક્ષમાર્ગ બતાવી શકે, એ જ પરમ આપ્ત પુરુષ કહેવાય, અને એમનું જ વચન અર્થાત્ 'આગમ' પ્રમાણભૂત હોઈ શકે. પછી એમના વચનને બરાબર અનુસરનારા પણ આપ્ત કહી શકાય. દા.ત. ગણધર મહર્ષિ, એમના આગમ પ્રમાણ છે.

પાંચે જ્ઞાન એ પ્રમાણ છે. એમાં અવધિજ્ઞાનાદિ ત્રણને પ્રત્યક્ષપ્રમાણમાં અને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનને પરોક્ષ-પ્રમાણમાં ગણ્યાં, તે **પારમાર્થિક** દૃષ્ટિએ ગણ્યાં. બાકી વ્યાવહારિક દૃષ્ટિએ ઈન્દ્રિયથી સાક્ષાત્ થતું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે, તે **સાંવ્યવહારિક** પ્રત્યક્ષ છે. મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ વગેરે પ્રમાણોનો સમાવેશ થઈ જાય છે. વાદીની સભામાં મુખ્યત્વે પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણનો આશ્રય કરાય છે.

## અનુમાન - પ્રમાણ

**અનુમાન પ્રમાણમાં** એક પ્રત્યક્ષ દેખાતી યા સંભળાયેલી વસ્તુ (યાને હેતુ) ઉપરથી બીજી એની સાથે અવશ્ય સંબદ્ધ વસ્તુ હોવાનો નિર્ણય કરવામાં આવે છે.

દા. ત. દૂરથી ધજા કે શિખર જોઈ મંદિરનો નિર્ણય થાય એ

અનુમાન છે. ધજા-શિખર સાથે મંદિરનો અવિનાભાવી (અવશ્ય) સંબંધ છે; તેથી ધજા હોય ત્યાં અવશ્ય મંદિર હોય એ હિસાબે ધજા પરથી મંદિરનું અનુમાન થાય છે. અનુમાનમાં પંચાવયવ-વાક્ય હોય છે. પ્રતિજ્ઞા - હેતુ - ઉદાહરણ - ઉપનય - નિગમન એ પાંચ અવયવ છે. પાંચના વાક્યોને પંચાવયવ-વાક્ય કહેવાય. એમાં,-

(૧) વાદ ચાલે ત્યાં પહેલી સ્થાપના કરાય તે **પ્રતિજ્ઞાવાક્ય;** જેમકે 'પર્વત પર અગ્નિ છે.'

(૨) એને સિદ્ધ કરવા માટે હેતુ આપવામાં આવે છે, દા.ત. 'કેમકે ત્યાં ધુમાડો દેખાય છે;' એ **હેતુવાક્ય.**

(૩) પછી **વ્યાપ્તિ** અને **ઉદાહરણ** બતાવવામાં આવે છે, દા.ત. 'જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ અવશ્ય હોય; જેમકે રસોડામાં. આ ઉદાહરણ વાક્ય છે.'

આમાં 'વ્યાપ્તિ' એટલે (૧) અવિનાભાવ, (૨) અન્યથાનુપપન્નત્વ. દા.ત. (૧) 'સાધ્ય' - અગ્નિ, અને 'હેતુ' - ધુમાડાનો અવિનાભાવ છે. અગ્નિ વિના ધુમાડાનો ભાવ નહિ, સદ્ભાવ નહિ. માટે ધુમાડો અગ્નિનો અવિનાભાવી થયો. અમુકના વિના ન હોઈ શકે એ અવિનાભાવી. (૨) એમ ધુમાડો અગ્નિનો **અન્યથાનુપપન્ન.** આમાં 'અન્યથા=વિના, 'અનુપપન્ન' એટલે ન ઘટી શકનાર. ધુમાડો અગ્નિ વિના ન ઘટી શકનાર છે, અન્યથાનુપપન્ન છે. આ અવિનાભાવ કે અન્યથાનુપપન્નત્વને વ્યાપ્તિ કહે છે. અવિનાભાવીને વ્યાપ્ય અને બીજા સંબંધીને વ્યાપક કહે છે. ધુમાડો વ્યાપ્ય છે, અને અગ્નિ વ્યાપક છે. ધૂમાડામાં અગ્નિની વ્યાપ્યતા છે, વ્યાપ્તિ છે. જ્યાં ધૂમનો સદ્ભાવ=અન્વય, ત્યાં અગ્નિનો અવશ્ય સદ્ભાવ હોય એ ધૂમમાં અગ્નિની અન્વયવ્યાપ્તિ કહેવાય.

વ્યાપ્ય-વ્યાપકની વચ્ચે રહેલ વ્યાપ્તિની ખબર હોય તો (૧) વ્યાપ્ય પરથી વ્યાપકનું અનુમાન થઇ શકે; એ અન્વયી વ્યાપ્તિથી થયું કહેવાય; અને (૧) વ્યાપકના અભાવ પરથી વ્યાપ્યના અભાવનું જ્ઞાન થઇ શકે; એ જ્ઞાન વ્યતિરેકી વ્યાપ્તિથી થયું ગણાય. 'અન્વય' = સંબંધ સદ્ભાવ



'વ્યતિરેક' = તેનાથી ઊલટું.

(૪) વ્યાપ્તિ ને **ઉદાહરણ** જાણ્યા પછી ઉપસંહાર કરાય તેને **ઉપનય** કહેવાય દા.ત. 'પર્વતમાં અગ્નિ-વ્યાપ્ય ધુમાડો છે,' એ ઉપનયવાક્ય કહેવાય.

(૫) પછી નિર્ણય થાય એ નિગમન. દા.ત. કે 'પર્વતમાં અગ્નિ છે,' એને **નિગમનવાક્ય** કહે છે.

આ પ્રતિજ્ઞા, હેતુ વગેરે પાંચ અવયવ 'પરાર્થ અનુમાન' માં યાને બીજાને અનુમાન કરાવવામાં જરૂરી છે. સ્વાર્થાનુમાન તો હેતુ અને નિગમન બેથી ય થાય.

આત્મા, પરલોક, કર્મ, વગેરે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાન-પ્રમાણથી થઈ શકે છે.

બીજાં **દર્શનો પ્રમા** (યથાર્થજ્ઞાન) ના કરણને-સાધનને પ્રમાણ કહે છે. જો કરણ એ પ્રમાણ, તો કરણમાં પ્રામાણ્ય આવ્યું, પરંતુ પ્રામાણ્યની વાત આવે ત્યારે એને પ્રમાકરણનો નહિ, પણ પ્રમાનો ધર્મ માને છે ! પણ એ કેમ બને ? પ્રામાણ્ય તો પ્રમાણનો **ધર્મ** હોય. માટે પ્રમાણ એ જ્ઞાનકરણ નહિ, પણ ખુદ જ્ઞાન છે. તેથી જૈન દર્શન કહે છે,- **'સ્વ-પર-વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણં.'**

**• પ્રશ્નો •**

**૧. 'પ્રમાણ' અને 'નય'માં શો તફાવત ? પ્રમાણને પ્રમાકરણ કેમ ન કહેવાય ? 'પ્રત્યક્ષ' 'પરોક્ષ' એટલે ?**

**૨. મતિજ્ઞાનના ૪ પ્રકાર સમજાવો. 'ઈહા' અને 'સંશય'માં શો ફેર ? વ્યંજનાવગ્રહ એટલે ?**

**૩. સમજાવો-ગમિકશ્રુત, અનક્ષરશ્રુત, અપર્યવસિતશ્રુત, અનનુગામી અવધિજ્ઞાન, વિપુલમતિ.**

**૪. સર્વજ્ઞતા સાબિત કરો ?**

**૫. અજ્ઞાન પહેલાં મોહને કેમ કાઢવો પડે ?**

# ૩૭. નય અને નિક્ષેપ

વસ્તુમાં ભિન્નાભિન્નપણે અર્થાત્ ભેદાભેદ-સંબંધથી અનંતા ધર્મ રહેલા છે, એટલે વસ્તુ અનંતધર્માત્મક છે, કેમકે વસ્તુમાં અનેકાનેક 'ગુણો' અને ખાસિયતો વગેરે 'પર્યાયો' તન્મયભાવે છે. ઉપરાંત એ વસ્તુ જગતના અનંત પદાર્થો સાથે કારણતા, અકારણતા, અકાર્યતા, સહભાવિતા, વિરોધિતા, સમાનતા, અસમાનતા વગેરેની દૃષ્ટિએ સબદ્ધ હોઈ, તે તે અપેક્ષાએ તેવા તેવા અનેક ધર્મ આ વસ્તુમાં છે. દા.ત. દીવાનો પ્રકાશ, એમાં તેજ (ઝગમગાટ), પીળાશ વગેરે એ ગુણ છે. દીવો 'તેલનો', 'મણિલાલનો', 'ઘરમાં રહેલો',.... વગેરે ખાસિયતો એ પર્યાય છે. તેમ દીવામાં અંધકારની વિરોધિતા, તેલવાટની કાર્યતા, વસ્તુદર્શનની કારણતા,... વગેરે અપરંપાર ધર્મ એનામાં છે. આ **અન્વયી ધર્મો છે;** વસ્તુમાં અસ્તિત્વ સંબંધથી જોડાયેલા એ અન્વયી ધર્મ. એને **સ્વપર્યાય** કહે છે. એમ દીવામાં પાણીની કાર્યતા નથી, શ્યામ રૂપ નથી, શીત કે કઠિન સ્પર્શ નથી... વગેરે **વ્યતિરેકીધર્મ** છે. નાસ્તિત્વ સંબંધથી જોડાયેલા, તે વ્યતિરેકી ધર્મ કહેવાય. એને **પરપર્યાય** કહે છે.

આ ધર્મોમાંથી તેવી તેવી અપેક્ષાએ કોઈ ધર્મને-અંશને આગળ કરી વસ્તુનું જ્ઞાન કરાય તે **નયજ્ઞાન** છે. દા.ત. 'મનુ અમદાવાદમાં રહે છે.' જો કે એ ભારતમાં ય રહે છે, ગુજરાતમાં ય રહે છે, અને અમદાવાદમાં પણ અમુક પોળમાં રહે છે. છતાં અહીં બીજા શહેરોની અપેક્ષાએ ખાસ અમદાવાદનો ઉલ્લેખ કરી જ્ઞાન કર્યું.

એમ મનુના બીજા ધર્મો,- ઉંમર, ઉંચાઇ, આરોગ્ય, ભણતર, વગેરેને પણ અહીં લક્ષમાં ન લીધા. નહિતર એમ કહેવાય કે 'કુમાર મનુ' યા '૧૪ વર્ષનો કે ૧૩ વર્ષ ૬ મહિનાનો મનુ'......ઇત્યાદિ.

વસ્તુમાં અમુક અપેક્ષાએ નિશ્ચિત થતા અંશથી વસ્તુનો થતો બોધ યા શાબ્દિક વ્યવહાર તે નય કહેવાય છે. નય ૭ છે.



## ૭ નય

નય જ્યારે વસ્તુનું અંશે જ્ઞાન કરે છે, ત્યારે એ સમજાય એવું છે કે, તે તે અંશનું જ્ઞાન કોઈ દૃષ્ટિબિંદુના હિસાબે કરશે. માટે નયને દૃષ્ટિ પણ કહેવામાં આવે છે. આના ભેદ તો જેટલા વચનપ્રકાર તેટલા બની શકે; પરંતુ બહુ પ્રચલિત સંગ્રાહક ભેદ સાત છે,- નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દ (સાંપ્રત) નય, સમભિરૂઢનય, અને એવંભૂતનય.

**૧. નૈગમનય :** પ્રમાણ એ વસ્તુને સમગ્રતાએ જુએ છે, તેથી કોઈ અપેક્ષા તરફ એની દૃષ્ટિ નથી. ત્યારે નય વસ્તુને એના અનેક અંશોમાંથી એક અંશ રૂપે જુએ છે, તેથી એને અપેક્ષા તરફ દૃષ્ટિ હોય છે. ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન નયજ્ઞાન થાય છે. સ્થૂલ અપેક્ષાથી પ્રારંભનું નૈગમનયજ્ઞાન થાય; અને સૂક્ષ્મ અપેક્ષાએ પછીના નયોનું જ્ઞાન હોય છે.

વસ્તુમાત્રમાં બે અંશ, સામાન્ય અંશ અને વિશેષ અંશ હોય છે. દા.ત. વસ્ત્ર, બીજા વસ્ત્રની જેમ વસ્ત્રસામાન્ય છે, પણ એક ડગલા તરીકે એ વસ્ત્રવિશેષ છે, એમાં ય પાછું એ બીજા ડગલાની હારોહાર ડગલો સામાન્ય છે અને સફેદ હોઈ બીજા રંગીન ડગલા કરતા ડગલો-વિશેષ છે. આમ એકેક વસ્તુ સામાન્યરૂપ પણ છે અને વિશેષરૂપ પણ છે. એ જ સફેદ ડગલો વિશેષરૂપ જોયો. પરંતુ **સુતરાઉ** તરીકે બીજા રંગીન ડગલા સાથે સામાન્યરૂપ છે.

કિન્તુ સુતરાઉ તરીકે રેશમી ડગલા કરતાં ડગલો-વિશેષ છે; એમાં ય વળી બીજા સુતરાઉ ડગલાના હિસાબે એ સામાન્ય છે; પણ ખાસ સિલાઈવાળા તરીકે વિશેષ છે. આમ વસ્તુમાં કેઈ સામાન્ય વિશેષો છે; ને તે તે અપેક્ષાએ વસ્તુ અનેક સામાન્યરૂપે અને વિશેષરૂપે જણાય છે. આ કાર્ય નૈગમનય કરે છે. નૈગમ=નેકગમ. ગમ=બોધ. નૈગમી=અનેક બોધ, અર્થાત્ અનેક સામાન્ય અને અનેક વિશેષરૂપે

જ્ઞાન. નૈગમનયથી જ્ઞાન અલબત્ત એક વખતે અમુક સામાન્ય યા અમુક વિશેષરૂપે જ નૈગમનય જ્ઞાન થવાનું.

**૨. સંગ્રહનય :** એ વસ્તુને માત્ર સામાન્યરૂપે જાણે છે; દા.ત. 'મોહ શું કરો છો ? બધું ય અંતે નાશવંત છે.' અહીં સમગ્રને એક સત્ કે નાશવંત-સામાન્ય તરીકે જાણ્યું, તે સંગ્રહનય જ્ઞાન. દા.ત. 'જીવ કહો કે અજીવ, બધું ય સત્ છે.' 'તિજોરી શું, કે બંગલા શું, બધું ય નાશવંત છે.' એમ અવાંતર સામાન્યમાં દા.ત. 'વડ કહો કે પીપળો કહો, બધું ય વન છે.' આમ આ સંગ્રહનય વિશેષને નગણ્ય ગણે છે.

**૩. વ્યવહારનય :** લોકવ્યવહાર મુજબ વસ્તુને માત્ર વિશેષ રૂપે જાણે છે. એ કહે છે કે એકલા સામાન્ય તરીકે કોઈ સત્ વસ્તુ જ નથી. જે વ્યવહારમાં છે, જે ઉપયોગમાં આવે છે, તે વિશેષ જ સત્ છે. વડ, પીપળો, બાવળ વગેરેમાંનું કશું ન હોય એવી વૃક્ષ જેવી કોઈ ચીજ છે ? ના, જે છે તે કાં વડ છે, કાં પીપળો છે, કાં બાવળ છે,... માટે વિશેષ એ જ વસ્તુ છે.

**૪. ઋજુસૂત્રનય :** એથી ઊંડે જઈને ઋજુ એટલે સરળ સૂત્રથી વસ્તુને જાણે છે; અર્થાત્ વર્તમાન અને પોતાની જે વસ્તુ હોય તેને જ વસ્તુ તરીકે જાણે છે. દા.ત. ખોવાઈ કે ખેંચાઈ ગયેલું નહિ, કિંતુ હાલમાં **'મોજૂદ'** હોય તેટલા ધન પર કહેવાય છે કે 'મારી પાસે આટલું ધન છે.' એમ કોઈનું સાચવતો હોય, તેના પર નહિ કિંતુ **'પોતાની'** માલિકીનું હોય તેના પર કહેવાય છે કે 'હું હજારપતિ છું' કે 'લાખપતિ છું,'....વગેરે. આ ઋજુસૂત્ર નયનું જ્ઞાન છે.

**૫. શબ્દ (સાંપ્રત) નયઃ** એથી ઊંડે જઈને વસ્તુને સમાન લિંગ-વચનવાળી હોય ત્યાં સુધી જ એને એ રૂપે જાણે છે. લિંગ-વચન જુદાં પડતાં વસ્તુને જુદી કહે છે; દા.ત. ઘડો, કળશ, કુંભ એ સમાન વસ્તુ છે. ઘડી, લોટી, ગાગર એ પેલાથી જુદી વસ્તુ છે. પ્રસંગે આ



વિવક્ષાથી બોધ કે વ્યવહાર થાય છે; ને તે શબ્દનયના ઘરનો છે. દા.ત. આ પત્ની નથી, દાર છે; કેમકે પુરુષ જેવી છે. એમ, ઘડી એ નાનો ઘડો જ છે. છતાં કહેવાય છે કે 'આ ઘડો શું લાવ્યા ? મારે તો ઘડી જોઈએ છે.'

**૬. સમભિરૂઢનય :** એથી ય ઊંડે જઈ વસ્તુમાં શબ્દાર્થ ઘટે તો જ તેને એ વસ્તુ તરીકે માને. દા.ત. વકીલનો દીકરો 'વકીલ'ની અટકવાળો, છતાં કહેવાય છે કે 'આ કોઈ વકીલ નથી.' એમ, ગોવાળિયાનું નામ ઈન્દ્ર પડ્યું છે, પરંતુ તે કાંઈ ખરેખર ઈન્દ્ર નથી. ખરેખર ઈન્દ્ર તો દેવનો સ્વામી છે, કેમકે ઈન્દ્ર શબ્દનો અર્થ ઈન્દનવાળો એટલે ઐશ્વર્યવાળો; તે એમાં જ ઘટે છે. 'ઈન્દ્ર પ્રભુને મેરુશિખર પર લઈ જાય છે,' આ 'ઈન્દ્રનું જ્ઞાન કે વ્યવહાર એ સમભિરૂઢ નયનો છે.

**૭. એવંભૂતનય :** એથી પણ ઊંડે જઈને જણાવે છે કે શબ્દાર્થ પણ વર્તમાનમાં ઘટતો હોય તો જ તે વસ્તુ તરીકે તેને સંબોધી શકાય, નહિ કે પૂર્વે ઘટતો હતો તેટલા માત્રથી દા.ત. 'ઈન્દ્ર ચક્રવર્તી કરતાંય અધિક વૈભવી સમ્રાટ છે.' આમાં ઈન્દ્રનું જ્ઞાન એવંભૂત નયનું થઈ રહ્યું છે; કેમકે દેવસભામાં સિંહાસન પર ઈન્દ્રપણાના ઐશ્વર્ય સાથે બિરાજમાન દેવરાજાને જ ઈન્દ્ર તરીકે સમજી રહ્યો છે. એમ રસોઈ વખતે 'ઘીનો ડબ્બો લાવો' (એટલે કે ઘી ભરેલો ડબ્બો લાવો) એમ કહેવાય છે, તે એવંભૂત નયથી, કેમકે ત્યાં ઘીનો ભરેલો ડબ્બો કહેવો છે, ઘીનો ખાલી ડબ્બો નહિ (પૂર્વે ઘી ભરતા હતા પણ અત્યારે ખાલી છે, તે ઘડાનો બોધ જો એમ કરાય કે 'એ ઘીનો ઘડો નાનો છે,' 'મોટો છે' તો તે સમભિરૂઢ નયનું જ્ઞાન થયું.)

આમ વસ્તુ એની એ છતાં એનો જુદી જુદી અપેક્ષાએ અમુક અમુક ચોક્કસ પ્રકારે બોધ થાય છે, અને એ રીતે વ્યવહાર કરવામાં આવે છે, તે ભિન્ન ભિન્ન નયના ઘરના છે. એમ પદાર્થ ઉપર, દ્રવ્ય ઉપર, પર્યાય ઉપર, બાહ્ય વ્યવહાર ઉપર, કે આંતરિક ભાવ ઉપર

દૃષ્ટિ રાખી ભિન્ન ભિન્ન નયોનું પ્રવર્તન થાય છે. તેથી ઉક્ત સાત નયોનો સંક્ષેપ શબ્દનય-અર્થનય, કે દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિકનય, યા નિશ્ચયનય-વ્યવહારનય ઇત્યાદિરૂપે થઈ શકે છે.

## નિક્ષેપ

એક જ નામ જુદા જુદા પદાર્થમાં વપરાય છે. દા.ત. (૧) કોઈ છોકરાનું નામ રાજાભાઈ પાડ્યું છે, તો તે રાજા તરીકે સંબોધાય છે. એમ (૨) કોઈ રાજાના ચિત્રને પણ રાજા કહેવાય છે. વળી (૩) ક્યારેક રાજપુત્રને રાજા કહેવાય છે, 'આ બાપથી સવાયો રાજા છે,' અને (૪) ખરેખર રાજા પણ રાજા કહેવાય છે. આમ 'રાજા'નું સ્થાપન કેવળ નામમાં, કે આકૃતિમાં કે કારણી-ભૂત દ્રવ્યમાં પણ થાય છે, અને રાજાપણાના ભાવમાં તો થાય જ છે. જૈન શાસ્ત્રમાં એને નિક્ષેપ કહે છે, ન્યાસ કહે છે.

નિક્ષેપ એ વસ્તુના એક જાતના વિભાગ છે. દરેક વસ્તુના ઓછામાં ઓછા ૪ નિક્ષેપ થાય, ૪ વિભાગ પડે; જેમકે નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ દ્રવ્યનિક્ષેપ, અને ભાવનિક્ષેપ.

(૧) **નામનિક્ષેપ** એટલે ખાલી નામથી વસ્તુ, યા નામ, દા.ત. ઇંદ્ર નામનો છોકરો, યા ઇન્દ્ર એવું નામ. એમ જૈનપણાના કોઈ પણ ગુણ વિનાનો નામમાત્રથી જૈન યા 'જૈન' એવું નામ.

(૨) **સ્થાપનાનિક્ષેપ** એટલે મૂળ વ્યક્તિની મૂર્તિ, ચિત્ર, ફોટો વગેરે, યા આકૃતિ. એ મૂર્તિ આદિમાં 'મૂળ વસ્તુની સ્થાપના' અર્થાત્ ધારણા કરવામાં આવે છે. ત્યાં દા.ત. મૂર્તિને ઉદ્દેશીને 'આ મહાવીરસ્વામી છે,' એમ કહેવાય છે. નકશામાં 'આ ભારત દેશ છે, આ અમેરિકા છે,' વગેરે કહેવાય છે.

(૩) **દ્રવ્યનિક્ષેપ** એટલે મૂળ વસ્તુની પૂર્વભૂમિકા, કારણ-અવસ્થા, કે ઉત્તર અવસ્થાની ઉપાદાન (આધાર) વસ્તુ, યા ચિત્તોપયોગ વિનાની ક્રિયા દા.ત. ભવિષ્યમાં રાજા થનાર રાજપુત્રને અવસરે રાજા કહેવાય



એ દ્રવ્યરાજા છે. તીર્થંકર થનાર આત્માને તીર્થંકર થવા પૂર્વે પણ 'મેરુ પર **તીર્થંકરનો** અભિષેક થાય છે.' ઇત્યાદિ કહેવાય છે, અથવા સમવસરણ પર બેસી તીર્થ નથી પ્રવર્તાવી રહ્યા, કિંતુ વિહાર કરી રહ્યા છે, ત્યારે પણ એમને તીર્થંકર તરીકે સંબોધવામાં આવે છે. તીર્થંકર-અવસ્થાની એ ઉપાદાન યા આધારભૂત વસ્તુ છે, એમ રખડતા ચિત્તે કરાતું પ્રતિક્રમણ એ દ્રવ્ય-પ્રતિક્રમણ છે, દ્રવ્ય-આવશ્યક છે.

(૪) **ભાવનિક્ષેપ** તે તે નામનો અર્થ યાને ભાવ વસ્તુની જે અવસ્થામાં બરાબર લાગુ થાય તે અવસ્થામાં ભાવનિક્ષેપે વસ્તુ કહેવાય. દા.ત. સમવસરણ પર દેશના દેતા હોય, ત્યારે 'તીર્થંકર' શબ્દનો અર્થ-ભાવ 'તીર્થને કરનાર, દેશના આપી તીર્થને-શાસનને ચલાવનાર' એ લાગુ થાય છે. તેથી એ તીર્થંકર ભાવ-નિક્ષેપ ગણાય. 'સાધુતાના ગુણોવાળા સાધુ' દેવસભામાં સિંહાસન પર ઐશ્વર્ય સમૃદ્ધિએ શોભતો ઇન્દ્ર'....વગેરે ભાવ-નિક્ષેપે છે.

અહીં દ્રવ્ય-નિક્ષેપ, જેમ કારણભૂત વસ્તુમાં યોજાય છે, તેમ મુદ્દલ કારણભૂત નહિ કિન્તુ અંશે દેખાવમાં સમાન અને તે નામથી સંબોધાતી ગુણરહિત ભળતી વસ્તુમાં પણ યોજાય છે. દા.ત. અભવ્ય આચાર્ય એ પણ દ્રવ્ય-આચાર્ય છે. સવારે કરાતા દાતણપાણી, સ્નાન એ પણ દ્રવ્ય-આવશ્યક છે. ચારે નિક્ષેપા એક જ વ્યક્તિમાં પણ ઘટી શકે છે. ત્યાં શબ્દાત્મક નામ એ નામ-નિક્ષેપ, આકૃતિ એ સ્થાપના-નિક્ષેપ, કારણભૂત અવસ્થા એ દ્રવ્ય-નિક્ષેપ, અને તે નામની ભાવ-અવસ્થા એ ભાવ-નિક્ષેપ.

દરેક વસ્તુના ૪ નિક્ષેપ (૪ વિભાગ) તો પડે જ. પણ કેટલીક વસ્તુના વધારે પણ પડે છે. દા.ત. 'લોક' ના ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક વગેરે પણ નિક્ષેપા હોય છે. કહેવાય કે 'જીવ અને જડ પદાર્થ લોકમાં રહે છે, અલોકમાં નહિ,' ત્યાં 'લોક' એટલે ક્ષેત્રલોક. 'જીવ અજ્ઞાનતાથી લોકમાં રખડે છે,' ત્યાં લોક એટલે ભવો.

# ૩૮. અનેકાન્તવાદ (સ્યાદ્વાદ) સપ્તભંગી અનુયોગ

જૈનદર્શન અનેકાંતવાદી દર્શન છે; પણ બીજા દર્શનોની જેમ એકાંતવાદી નથી.

**એકાંત** એટલે વસ્તુમાં જે ધર્મની વાત પ્રસ્તુત હોય, એટલો એ જ ધર્મ હોવાનો નિર્ણય યા સિદ્ધાંત, અને સત્ એવા પણ એના પ્રતિપક્ષી ધર્મનો ઇન્કાર, નિષેધ. દા.ત. અહીં પૂર્વજન્મનું સ્મરણ થાય છે, એ સૂચવે છે કે ગત જન્મમાં જે આત્મા હતો એ જ અહીં છે. માટે દેહ નાશવંત, પણ આત્મા નિત્ય છે. બસ, એકાન્તવાદી હવે આત્માને અનિત્ય નહિ માને, પછી ભલે પૂર્વનો માનવઆત્મા હવે દેવઆત્મા થયો.

**અનેકાંત** એટલે એ ધર્મ હોવાનો, અને બીજી અપેક્ષાએ ઘટતો એનો પ્રતિપક્ષી ધર્મ પણ હોવાનો નિર્ણય યા સિદ્ધાન્ત, દા.ત. એકાંત મતે આત્મા નિત્ય છે, એટલે કે નિત્ય જ છે, અનિત્ય નહિ જ. અનેકાંત મતે નિત્ય પણ છે, અનિત્ય પણ છે, અર્થાત્ નિત્યાનિત્ય છે. આ અનેકાંતવાદી પરિસ્થિતિ એ કાંઈ સંશય-અવસ્થા કે અચોક્કસ અવસ્થા નથી, પણ ચોક્કસ અસંદિગ્ધ અવસ્થા જ છે કેમકે બંને પૈકી, 'નિત્ય છે' તે નિશ્ચિતપણે અને ચોક્કસ રૂપે નિત્ય છે જ. એમ 'અનિત્ય પણ છે' તે ય નિશ્ચિત અને ચોક્કસ અનિત્ય છે જ.

**પ્રશ્ન - એની એ વસ્તુ નિત્ય પણ ખરી, અને અનિત્ય પણ ખરી, એ પરસ્પર વિરુદ્ધ નથી ? વિરુદ્ધ ધર્મો એક સાથે કેમ રહી શકે ?**

**ઉત્તર** - વસ્તુના બે રૂપ છે - ૧. મૂળરૂપ અને ૨. અવસ્થારૂપ. વસ્તુ મૂળરૂપે કાયમ રહે છે, યાને નિત્ય છે, સ્થિર છે. છતાં અવસ્થારૂપે કાયમ નથી, સ્થિર નથી, અનિત્ય છે. દા.ત. સોનું સોનારૂપે કાયમ રહે છે, છતાં લગડીરૂપે કે કડારૂપે કાયમ નથી હોતું, એ સ્પષ્ટ દેખાય છે. એ અવસ્થારૂપે પરિવર્તન પામ્યા કરે છે, અર્થાત્ અવસ્થારૂપે અનિત્ય છે. અલબત્ત નિત્યત્વ અને અનિત્યત્વ વિરુદ્ધ છે, સાથે ન



રહી શકે; પણ તે એક જ અપેક્ષાએ વિરુદ્ધ હોઈને સાથે ન રહી શકે; કિંતુ જુદી જુદી અપેક્ષાએ એક જ ઠેકાણે સાથે રહી શકે છે, માટે વિરુદ્ધ નથી.

દા.ત. પિતાપણું અને પુત્રપણું આમ વિરુદ્ધ છે. પિતા તે પુત્ર નહિ. અર્થાત્ તે પિતૃત્વ-પુત્રત્વ એક જ વ્યક્તિની અપેક્ષાએ સાથે ન હોઈ શકે. પરંતુ ભિન્ન ભિન્ન વ્યક્તિ અપેક્ષાએ તો એ એકમાં જ સાથે રહી શકે છે.

દા.ત. રામ એકલા દશરથની અપેક્ષાએ પુત્ર અને પિતા બંને નહોતા, પરંતુ દશરથની અપેક્ષાએ તો પુત્ર હતા ને ? અને લવ-કુશની અપેક્ષાએ પિતા હતા જ ને ? એટલે રામમાં પુત્રત્વ-પિતૃત્વ બંને સાથે હતું. એમ સુવર્ણ મૂળ સુવર્ણદ્રવ્યની અપેક્ષાએ નિત્ય=કાયમ છે; કિન્તુ કડાપણું-કંઠીપણું વગેરેની અપેક્ષાએ કાયમ નહિ, પણ અનિત્ય છે. આમ સુવર્ણમાં નિત્યત્વ અનિત્યત્વ બંને છે.

વસ્તુમાં અમુક અમુક અપેક્ષાએ જ તેવા તેવા ધર્મ રહે છે. તેથી તે તે ધર્મનું દર્શન કે પ્રતિપાદન તે તે અપેક્ષાએ જ સાચું થઈ શકે; પણ તેથી બીજી જ ભળતી અપેક્ષાએ સાચું નહિ. બીજી અપેક્ષાએ તો બીજો જ ધર્મ કહેવો પડે.

દા.ત. આત્મા એ જીવ તરીકે જ નિત્ય છે, પણ મનુષ્ય તરીકે નિત્ય નહિ, કાયમ નહિ, મનુષ્ય તરીકે તો એને અસ્થિર-અનિત્ય જ કહેવો પડે. આમ જુદી જુદી અપેક્ષાથી જુદા જુદા ધર્મ એક જ વસ્તુમાં રહી શકે છે, તેમાં પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મ પણ હોય.

દા.ત. પાણીથી અર્ધો ભરેલ ગ્લાસ ભરેલો પણ છે, ને ખાલી પણ છે. ત્રીજી આંગળી નાની ય છે, તેમ મોટી ય છે. એટલે એકાંતે એક જ ધર્મ હોવાનો આગ્રહ રખાય, તો તે ખોટું છે.

તાત્પર્ય, વસ્તુ નિત્ય છે, એક છે, વગેરે; તે નિરપેક્ષપણે કે સર્વ અપેક્ષાએ નહિ, પણ કથંચિત્ એટલે કે અમુક અપેક્ષાએ, આ

અનેકાંતવાદ સિદ્ધાંતને કથંચિદ્વાદ, સ્યાદ્વાદ, સાપેક્ષવાદ પણ કહે છે.

સ્યાદ્ એટલે કથંચિદ્ અર્થાત્ અમુક અપેક્ષાએ તે તે ધર્મ યા પરિસ્થિતિનું પ્રતિપાદન એ સ્યાદ્વાદ. એકાંત દૃષ્ટિથી નહિ, પણ અનેકાંત દૃષ્ટિથી જ જોવું કે બોલવું પ્રામાણિક બને છે. માટે અનેકાંતવાદનો જ સિદ્ધાંત પ્રામાણિક છે. જૈન દર્શન અનેકાંતવાદી છે, સ્યાદ્વાદી છે, સાપેક્ષતાનો સિદ્ધાંત ધરાવે છે. નજીકના કાળમાં થયેલા વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને પણ બહુ તપાસને અંતે Principle of Relativity સાપેક્ષતાનો સિદ્ધાંત અંકિત કરવો પડ્યો છે.

## ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય

વસ્તુમાત્રને સાપેક્ષ રીતે જોઈએ તો જ યથાર્થ દર્શન થાય, કેમકે વસ્તુ અનેકની સાથે સંબંધ ધરાવે છે, તેમજ એમાં મૂળ સ્વરૂપ અને નવનવી અવસ્થા એટલે કે દ્રવ્યપણું અને પર્યાય, એમ બે સ્થિતિ હોય છે. દ્રવ્યરૂપે એ ધ્રુવ (કાયમ) રહે છે અને પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે.

વસ્ત્રનો પહેલાં તાકો હતો, હવે કોટ-ખમીશ વગેરે કપડા સીવડાવ્યાં, ત્યાં વસ્ત્ર વસ્ત્રદ્રવ્યરૂપે તો કાયમ રહ્યું, પરંતુ તાકા-પર્યાયરૂપે નાશ પામ્યું, અને કોટ-પર્યાય વગેરે રૂપે ઉત્પન્ન થયું.

માણસ કારકુન-પર્યાયરૂપે મટી અમલદાર-પર્યાયરૂપે થયો, ત્યાંય માણસ માનવ દ્રવ્યરૂપે કાયમ રહ્યો, માત્ર પર્યાયરૂપે ફર્યો. વસ્તુ નવી બીજી ક્ષણે આ ક્ષણની મટી જુની અતીત રૂપે થઈ પણ વસ્તુરૂપે તો રહી જ. આમ વસ્તુમાં પર્યાયરૂપે ઉત્પત્તિ, વિનાશ રહે છે, અને દ્રવ્યરૂપે ધ્રૌવ્ય સ્થૈર્ય રહે છે.

આ સાધારણ દૃષ્ટાંતો છે. ખરી રીતે દરેક પદાર્થ ક્ષણભંગુર છે, આ વાત પ્રભુએ કેવળજ્ઞાનથી જોઈ, અને ધ્યાનથી અનુભવેલી. આજનું વિજ્ઞાન પણ આ બતાવે છે. દરેક અણુની અંદર રહેલા પરમાણુ દર ક્ષણે ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે; છતાં વસ્તુ સ્વરૂપે તે આપણને



તેવી જ દેખાય છે. એ બાહ્ય દેખાય તે ધ્રૌવ્ય અને અંદરથી ભાંગવું અને ઉત્પન્ન થવું તે ઉત્પાદવ્યય.

આખા વિશ્વમાં આ સ્થિતિ છે. સદાનું કાયમ ગણાતું આકાશ પણ એકાંતે એકલું નિત્ય જ છે એવું નથી; કિન્તુ અનિત્ય પણ છે. દા.ત. આકાશ ઘટાકાશરૂપે પરબ-આકાશરૂપે અનિત્ય છે. પરબની ઝુંપડી બનાવી ત્યારે એટલું પરબાકાશ નવું ઉત્પન્ન થયું. વળી એ તૂટી ગઈ ત્યારે એ પરબાકાશ નષ્ટ થયું. આ પરબાકાશ કાંઈ આકાશથી જુદી ચીજ નથી. માટે આકાશ જ તે રૂપે ઉત્પન્ન અને નષ્ટ થયું કહેવાય; જ્યારે તે આકાશરૂપે કાયમ છે. વિશ્વની વસ્તુમાત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા વ્યાપેલી છે.

## સપ્તભંગી

વસ્તુદ્રવ્યમાં અનંત પર્યાય, અનંત ધર્મ રહે છે. તેથી વસ્તુ અનંત-પર્યાયાત્મક અનંત-ધર્માત્મક હોય છે. એમાં તે તે ધર્મ તે તે અપેક્ષાએ હોય છે, અને બીજી અપેક્ષાએ નથી હોતા. આ અપેક્ષા પર સાત જાતના પ્રશ્ન ઊઠે છે અને તેનું સમાધાન સાત પ્રકારે કરવામાં આવે છે. આ સાત પ્રકારને સપ્તભંગી કહે છે.

અહીં પહેલાં વસ્તુનું પોતાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અર્થાત્ દળ, સ્થાન, સમય અને ગુણધર્મ એ વિધેય સ્વરૂપે જોઈએ, અને એથી વિપરીત નિષેધ્ય સ્વરૂપે જોઈએ. બંને ય સ્વરૂપ વસ્તુ સાથે સંકળાયેલ છે.

દા.ત. ઘડો એક વસ્તુ છે. એની સાથે સ્વદ્રવ્ય (ઉપાદાન)-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવનો સંબંધ છે, પણ તે દ્રવ્ય સાથે વિધેયરૂપ, અસ્તિત્વરૂપે, પરસ્પર સંકળાયેલા રૂપે, અનુવૃત્તિરૂપે સંબદ્ધ છે; અર્થાત્ એ સ્વદ્રવ્ય માટી વગેરે ઘડામય છે. ત્યારે ઘડા સાથે પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-પરભાવનો ય સંબંધ છે, પરંતુ તે દ્રવ્ય સાથે નાસ્તિત્વરૂપે, નિષેધ્યરૂપે, જુદાઈરૂપે, વ્યાવૃત્તિરૂપે, અર્થાત્ એ ઘડાથી તદ્દન અલગ છે.

કોઈ એક ઘડાનું સ્વદ્રવ્ય માટી છે, સ્વક્ષેત્ર રસોડું છે, સ્વકાળ

કારતક માસ છે, સ્વભાવ લાલ, મોટો કિંમતી વગેરે છે.

એથી ઊલટું, ઘડાનું પરદ્રવ્ય સૂતર છે, પરક્ષેત્ર અગાશી છે, પરકાળ માગશર માસ છે, પરભાવ કાળો, નાનો, સસ્તો વગેરે છે. કેમકે ઘડો માટીમય છે, રસોડામાં છે, કારતક માસમાં મોજૂદ છે, અને ઘડો એ પોતે લાલ છે, મોટો છે, વગેરે, આ બધા સ્વદ્રવ્યાદિ વિધેય થયા.

ત્યારે ઘડો સુતરનો નથી જ, અગાશીમાં નથી જ; માગશર માસમાં નથી જ, કાળો-નાનો વગેરે નથી જ. આ સૂતરાદિ ઘડાના પરદ્રવ્યાદિ નિષેધ્ય સંબંધથી થયા.

હવે આ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ એ ઘડાના જ વિધેય અને નિષેધ્ય સંબંધથી ધર્મ બન્યા. એના બે જાતના સંબંધીઓની અપેક્ષાએ સાત પ્રશ્ન ખડા થાય છે,-

૧. ઘડો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કહેવાય કે 'અસ્તિ' અર્થાત્ **'સત્.'**

૨. ઘડો પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કહેવાય કે **'અસત્.'**

૩. ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ એને પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કે 'અસ્તિ અને નાસ્તિ' **'સદસત્.'**

૪. ઘડો એક સાથે બંને અપેક્ષાએ કેવો ?- **'અવકતવ્ય'** અર્થાત્ ન ઓળખાવી શકાય એવો; કેમકે જો સત્ કહીએ તો તે કાંઇ બંને અપેક્ષાએ સત્ નથી. એ જ રીતે અસત્ પણ બંને અપેક્ષાએ નથી. તેમ સત્-અસત્ પણ ન કહી શકાય; કેમકે શું સ્વદ્રવ્ય પરદ્રવ્ય બંને અપેક્ષાએ સત્ છે ? ના, અસત્ છે ? ના. અર્થાત્ બંને સંયુક્ત અપેક્ષાએ નથી તો સત્ કે નથી અસત્, તથા એકલા પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ સદસત્ નથી. એટલે એક સાથે ઉભયની અપેક્ષાએ શું કહેવું, એ વિચારણીય બને છે, અકથ્ય છે, અવાચ્ય છે, અવક્તવ્ય છે.

૫. ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો ? તો



કહેવાય કે **અસ્તિ (સત્) અને અવક્તવ્ય.**

૬. ઘડો ક્રમશઃ પરદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો ? તો કે **નાસ્તિ** (અસત્) **ને અવક્તવ્ય.**

૭. ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ, પરદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો ? તો કે **અસ્તિ નાસ્તિક (સત્-અસત્) અને અવક્તવ્ય.**

સારાંશ, ઘડામાં અસ્તિત્વ, નાસ્તિત્વ (સત્ત્વ, અસત્ત્વ) બંને ધર્મ રહે છે. પણ જુદી જુદી અપેક્ષાએ રહે છે. જે કાળે સત્ છે તે જ કાળે અસત્ પણ છે, ભલે પ્રસંગવશ એકલો સત્ કહીએ તો પણ તે સમજી મૂકીને કે એ અસત્ પણ છે જ. એનો અર્થ એ કે સત્ કહીએ છીએ તે અમુક અપેક્ષાએ.

આ 'અપેક્ષાએ'નો ભાવ સૂચવવા 'સ્યાત્' પદ વપરાય છે, એટલે કહેવાય કે 'ઘડો સ્યાત્ સત્ છે,' પરંતુ સત્ તો નિશ્ચિત છે જ. એ નિશ્ચિતતા સૂચવવા **'एव'** પદ વપરાય છે. ( **'एव'**=જ) એટલે અંતિમ પ્રતિપાદન આ કે 'ઘટઃ સ્યાત્ અસત્ એવ '=' ઘડો કથંચિત્ (યાને અપેક્ષાએ) અસત્ છે જ.' એમ બાકીનાં પ્રતિપાદન થાય. આને સપ્તભંગી કહે છે.

એવી સપ્તભંગી સત્-અસત્‌ની જેમ 'નિત્ય-અનિત્ય' 'મોટો-નાનો,' 'ઉપયોગી-નિરુપયોગી,' 'કિંમતી-મામૂલી,' વગેરેને લઇને ય થાય, ત્યાં બધે જુદી જુદી અપેક્ષાઓ કામ કરે છે.

દા.ત. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય ને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે જ, એમ ઘડીની અપેક્ષાએ મોટો અને કોઠીની અપેક્ષાએ નાનો છે જ. પાણી ભરવાની અપેક્ષાએ ઉપયોગી અને ઘી કે દૂધ ભરવાની અપેક્ષાએ નિરુપયોગી છે જ.

અપેક્ષાનો ઉલ્લેખ ન પણ કરીએ તો ય તે અપેક્ષા અધ્યાહારથી સમજવાની છે. માટે સાપેક્ષ કથન સાચું ઠરે, નિરપેક્ષ નહિ. કહ્યું છે,- **'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો'.**

જિનવચનની પરવા વિનાનો વ્યવહાર, ક્રિયા એ અસત્ય; જિનવચનની પરવા અપેક્ષા રાખનારો વ્યવહાર, ક્રિયા એ સત્ય.

જિનવચન અનેકાંતવાદી છે, માટે અનેકાંતવાદ-સાપેક્ષવાદને અનુસરતું જ કથન સાચું.

## અનુયોગ

અનુયોગ એટલે વ્યાખ્યા, વર્ણન, નિરૂપણ. જૈનશાસ્ત્રોમાં અનેક વિષયો પર વ્યાખ્યા મળે છે. એને ચાર વિભાગમાં વહેંચી શકાય છે; માટે મુખ્ય ચાર પ્રકારના અનુયોગ છે.

**૧. દ્રવ્યાનુયોગ :-** અર્થાત્ જેમાં જીવ, પુદ્ગલ વગેરે દ્રવ્યનું નિરૂપણ છે. દા.ત. કર્મશાસ્ત્રો, સન્મતિતર્ક આદિ દર્શનશાસ્ત્ર, સ્થાનાંગસૂત્ર, લોકપ્રકાશ, પ્રજ્ઞાપનાસૂત્ર, તત્ત્વાર્થ મહાશાસ્ત્ર, વિશેષાવશ્યક ભાષ્ય, વગેરે.

**૨. ગણિતાનુયોગ :-** એટલે કે જેમાં ગણતરીઓ, ભાંગા, માપ વગેરેનું વર્ણન છે. દા.ત. સૂર્યપ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસાદિ.

**૩. ચરણ-કરણાનુયોગ :-** અર્થાત્ જેમાં ચારિત્ર અને એના આચાર વિચારનું વર્ણન છે. દા.ત. આચારાંગ-નિશીથ, ધર્મબિંદુ-ધર્મસંગ્રહ-શ્રાદ્ધવિધિ-આચારપ્રદીપ...વગેરે.

**૪. ધર્મકથાનુયોગ :-** એટલે કે જેમાં ધર્મ પ્રેરક કથાઓ દૃષ્ટાન્તોનું વર્ણન છે. દા.ત. જ્ઞાતાધ્યયન-આગમ, સમરાદિત્ય ચરિત્ર, ત્રિષષ્ઠી-શલાકાપુરુષ-ચરિત્ર વગેરે.

### • પ્રકરણ ૩૭-૩૮ ના પ્રશ્નો •

**૧. પરસ્પર વિરુદ્ધ ધર્મનું જ્ઞાન સાચું અને ખોટું કેમ ?**

**૨. સાત નયો દૃષ્ટાન્તથી સમજાવો ?**

**૩. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા વિશ્વવ્યાપી શી રીતે ?**

**૪. 'તીર્થંકર' માં ૪ નિપેક્ષા ઘટાવો.**

**૫. જૈનશાસ્ત્રોના વિભાગ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરો ?.**